Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર કૃત

ચારિત્રપૂજા



કમલ પ્રકાશન મંદિર
કોચરબનો પહેલો ઢાળ, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

aj Foundation C

m. Gurukul Kang

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સાત ચરિત્રો.

લે. નગીનદાસ પારેખ

ફુંગ-ફુત્ઝે, તાનસેન, દાદાભાઈ નવરોજજી, રામકૃષ્ણ પરમહંસ, આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય, સાહસવીર અમુંડસેન અને સોરાબજી પોચખાનાવાળા એમ જીવનનાં સાત ક્ષેત્રોમાં દીપી ઊઠેલ સાત કર્મવીરોનાં જીવનચરિત્રો.

કિં. ૧-૧૨-૦ ટ. ખ. ૦-૪-૦

૬. રાજકહાણી ભાગ ૧ લો

લે. અવનીન્દ્રનાથ ઠાકુર

રાજસ્થાનના ઇતિહાસનાં ત્રણ પાત્રો શિલાદિત્ય, ગુહાદિત્ય અને બાપાદિત્યની જીવનકથાઓ.

કિંમત ૧-૨-૦ ટ. ખ. ૦-૩-૦

૭. રાજકહાણી ભાગ ૨ જો.

લે. અવનીન્દ્રનાથ ઠાકુર

રાજસ્થાનના ઇતિહાસનાં પાંચ પાત્રો પદ્મિની, હમીર, ચંડ, રાણાકુંભ અને પૃથ્વીરાજની આંદોલિત કરે એ રીતે લખાયેલી જીવનકથાઓ.

કિં. ૨-૪-૦ ટ. ખ. ૦-૪-૦

૮. સીતાવનવાસ ૯. શકુંતલા

બંનેના લેખક:

શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

સંસ્કૃત સાહિત્યમાં અને ભારતીય જીવનમાં અમર થયેલ બે સતીઓની કથાઓ દરેકની કિંમત ૧-૪-૦

ટ. ખ. ૦-૩-૦

/૬૬
निशानियां
दिन से
नहीं रख
त: आज्ञा

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ४.३.ग./८६
आगत सं० २४८५१...
तिथि०....................
गुरुकुल पुस्तकालय कांगड़ी.

CHECKED 1973
Initial

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિશોર ગ્રંથમાળા : : વર્ષ બીજું : પુસ્તક ત્રીજું

શ્રી રવીન્દ્રનાથ ઠાકુરકૃત

ચારિત્રપૂજા

: અનુવાદકો :

નગીનદાસ પારેખ

રમણલાલ સોની

કમલ પ્રકાશન મંદિર,

કોચરબનો પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ–૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
ગોવિંદરાવ ભાગવત,
કમલ પ્રકાશન મંદિર,
અ મ દા વા દ — ૭

કિંમત: ૨–૪–૦

મુદ્રક:
જયંતી ઘેલાભાઇ દલાલ
વસંત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

કિશોર ગ્રંથમાળાનું ત્રીજું પુસ્તક વાચકોના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

પહેલું પુસ્તક : રાજકાહિની ભાગ બીજો
બીજું પુસ્તક : મૃગરાજ
ત્રીજું પુસ્તક : ચારિત્રપૂજા

સામાન્ય ભણેલાં સ્ત્રીપુરુષોને તેમજ માધ્યમિક શિક્ષણ લેતાં વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને જીવનમાં પ્રેરણા, બળ અને ઉત્સાહ આપી શકે અને સાથોસાથ તેમને સંસ્કારી વાચનનો આનંદ મળી રહે તે હેતુથી અમે અમારી ગૃહિણી અને કિશોર ગ્રંથમાળાઓ શરૂ કરી હતી. આ–ચારિત્રપૂજા–પુસ્તકથી તેનું ત્રીજું વર્ષ પૂરું થાય છે.

આ 'ચારિત્રપૂજા' પુસ્તકમાં કવિ શ્રી રવીન્દ્રનાથે લખેલ ભારતની છ મહાન વિભૂતિઓ વિશેના આલોચનાત્મક નિબંધોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ નિબંધો વાચકોને જેટલા પ્રેરક નીવડશે તેટલાજ પ્રિય થઈ પડશે એવો અમને વિશ્વાસ છે.

ગૃહિણી અને કિશોર ગ્રંથમાળા એ પરસ્પરને પોષક છે. બંને ગ્રંથમાળાઓનાં પુસ્તકો માધ્યમિક શિક્ષણ લેતાં તરુણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીઓને અથવા તરુણ સ્ત્રીપુરુષોને સરખાં જ ઉપયોગી નીવડે એવાં હોય છે. આશા છે કે આ બંને ગ્રંથમાળાઓ ગૂજરાતનાં સંસ્કારી કુટુંબોમાં તેમજ શિક્ષણ–સંસ્થાઓમાં ગયા વર્ષની જેમ ઉપયોગી નીવડશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

		પૃષ્ઠ
૧.	ચારિત્રપૂજા	૬
૨.	ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર	૨૩
૩.	રાજા રામમોહન રાય	૬૯
૪.	મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર	૧૦૦
૫.	ભગિની નિવેદિતા	૧૨૯
૬.	મહાત્મા ગાંધી	૧૪૩
૭.	સ્વામી શ્રદ્ધાનંદ	૧૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચારિત્રપૂજા

એ તો કબૂલ કરવુંજ પડશે કે મૃત માન્ય વ્યક્તિને માટે પથ્થરની મૂર્તિ ઘડવાનો રિવાજ આપણા દેશમાં પ્રચલિત નહોતો; એવી આરસના પથ્થરના પિંડ અર્પણ કરવાની પ્રથાને આપણે ટેવાયેલા નથી. આપણે હાહાકાર કરતા, અશ્રુપાત કરતા, 'હાય, દેશનો આવો મોટો માણસ પણ ચાલ્યો ગયો' એમ કહેતા પરંતુ કમિટિ ઉપર સ્મૃતિ જાળવવાનો ભાર નાખતા નહોતા.

આજે આપણે શીખ્યા છીએ કે એમ જ કરવું જોઈએ. તેમ છતાં એ વસ્તુ આપણા સંસ્કારમાં ઊતરી નથી, એટલે એ કર્તવ્ય ન પળાય તો મોઢેથી લ્યાનત વર્ષાવીએ છીએ પણ હૃદયને આઘાત થતો નથી.

જુદા જુદા માણસોની હૃદયની વૃત્તિ એક પ્રકારની હોવા છતાં તેની બાહ્ય અભિવ્યક્તિ જુદા જુદા કારણસર જુદા જુદા પ્રકારની હોય છે. અંગ્રેજો પ્રિયજનના મૃતદેહને જમીનમાં ઢાંકીને તેને પથ્થરે દબાવી રાખે છે, તેના ઉપર નામઠામ તારીખ લખી રાખે છે, અને તેની ચારે બાજુએ ફૂલછોડ રોપે છે. આપણે પરમ આત્મીય જનના મૃતદેહને સ્મશાનમાં ફૂંકીને ચાલ્યા આવીએ છીએ. પણ તેથી શું પ્રિયજનનું પ્રિયત્વ આપણે મન લગારે ઓછું છે? પ્રેમ કરતાં અને શોક કરતાં આપણને આવડતું નથી, અંગ્રેજોને આવડે છે, એ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કબર અને સ્મશાનની સાક્ષી આપીને જાહેર કરવામાં આવે તો યે હૃદય તેમાં સંમતિ આપી શકે એમ નથી.

એને જ મળતી એક દલીલ એ છે કે, 'થેંક્ યુ'નું પ્રતિવાક્ય આપણે બંગાળીમાં વાપરતા નથી, એટલે આપણે અકૃતજ્ઞ છીએ.

'થેંક્ યુ' શબ્દ વડે હાથોહાથ કૃતજ્ઞતા ખંખેરી નાખવાનો પ્રયત્ન પણ થાય છે, તે આપણે જવાબ તરીકે કહી શકીએ. યુરોપ કોઈનું ઓશિયાળું રહેવા ઇચ્છતું નથી–તે સ્વતંત્ર છે. કોઈની ઉપર તેનો કશો હક નથી, આથી જે કંઈ મળે છે તેને તે શરીર ઉપર રાખતું નથી. તરત જ તેનો બદલો વાળી દઈને તે છૂટું થઈ જવા ઇચ્છે છે.

જ્યારે આપણા સમાજનું બંધારણ જ એવા પ્રકારનું છે કે આપણો પરસ્પર ઉપર હક્ક છે. આપણા સમાજમાં જે ધનવાન હોય તે દાન કરે; જે ગૃહસ્થ હોય તે આતિથ્ય કરે; જે જ્ઞાની હોય તે અધ્યાપન કરે; જે જ્યેષ્ઠ હોય તે પાલન કરે; જે કનિષ્ઠ હોય તે સેવા કરે; એવો જ નિયમ છે. પરસ્પર હકથી આપણે પરસ્પર બંધાયેલા ઓશિયાળા છીએ. એને જ આપણે મંગળ સમજીએ છીએ. માગનાર જો પાછો જાય, તો તે ધનવાનને માટે જ અશુભ છે, અતિથિ જો પાછો જાય, તો તે ગૃહસ્થને માટે જ અકલ્યાણકર છે. શુભ કર્મ કર્મ કરનારને માટે જ શુભ છે. એટલા માટે નિમંત્રણ કરનાર જ નિમંત્રણ સ્વીકારનારનો આભાર માને છે. નિમંત્રિતોના સંતોષથી જે એક મંગળ જ્યોતિ આખા ઘરમાં ફેલાઈને ઝગમગતી હોય છે, તે નિમંત્રણ કરનારને માટે જ પુરસ્કારરૂપ હોય છે. આપણા દેશમાં નિમંત્રણનું મુખ્ય ફળ નિમંત્રિતને મળતું નથી, નિમંત્રણ કરનારને જ મળે છે–એ ફળ તે મંગળ કર્મ સાંગોપાંગ પાર ઉતારવાનો આનંદ. તે રસના–તૃપ્તિ કરતાં અધિક છે.

એ મંગળ જો આપણા સમાજનું મુખ્ય અવલંબન ન હોત, તો સમાજની પ્રકૃતિ અને તેનાં કર્મો જુદા જ પ્રકારનાં હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાર્થને અને સ્વાતંત્ર્યને જેઓ મહત્ત્વનાં માને છે, તેઓને પારકાને માટે કામ કરવા સદા ઉત્તેજનાની જરૂર રહે છે. તે જે કાંઈ આપે તેની, ઓછામાં ઓછું એકાદ રસીદ લખાવી રાખવા ઇચ્છે છે. તેનામાં જે શક્તિ છે, તે શક્તિદ્વારા બીજા ઉપર તે જો પ્રભાવ ન ફેલાવી શકે તો તે શક્તિનો ઉપયોગ કરવાનો તેને ઝાઝો ઉત્સાહ નહિ રહે એ બનવાજોગ છે. એટલા માટે સ્વાતંત્ર્યપ્રિય સમાજને શક્તિશાળી વ્યક્તિઓ પાસેથી કામ કઢાવવા માટે હમેશાં શાબાશી આપવી પડે છે. તે જેવી ધામધૂમ કરે છે, તેવી જ ધામધૂમ જે દાન લે છે તેણે પણ કરવી પડે છે. દરેક સમાજ પોતાની વિશેષ પ્રકૃતિ અને વિશેષ આવશ્યકતા અનુસાર પોતાના નિયમ પ્રમાણે કામ કરવાને પ્રવૃત્ત થાય છે. દાતા દાન કરે એમાં જ તેની કૃતાર્થતા છે એ ભાવ ઉપર આપણે ખૂબ ભાર દઈએ છીએ; અને દાન લેનાર દાન લઈને કૃતાર્થ થાય છે એ ભાવ ઉપર જ યુરોપ વધારે ભાર દે છે. સ્વાર્થની દૃષ્ટિએ જોઈએ તો જે દાન લે છે તેની ગરજ વધારે હોય છે. આથી આદર્શભેદને કારણે ભિન્ન ભિન્ન સમાજ ભિન્ન ભિન્ન માર્ગે પોતાનું કામ પાર ઉતારે છે.

પરંતુ માનવ સ્વભાવમાં સ્વાર્થની ઉત્તેજના મંગળની ઉત્તેજના કરતાં સહજ અને પ્રબળ છે એમાં શંકા નથી. અર્થશાસ્ત્રમાં કહ્યું છે કે ડિમાન્ડ પ્રમાણે સપ્લાય એટલે કે માંગ પ્રમાણે માલ પૂરો પાડવામાં આવે છે. ખરીદનારાઓ જેની જ્યાં વધારે કિંમત આપવા તૈયાર હોય ત્યાં જ તે માલના વેપારીઓ તરફથી માલના ગંજ ખડકાય છે. જે સમાજમાં શક્તિનું મૂલ્ય વધારે હોય છે તે સમાજમાં જ શક્તિશાળીઓ વધારે પ્રયત્નશીલ બને છે, એ કુદરતી નિયમ છે.

પરંતુ આપણો ભારતવર્ષ હમેશાં સહજ પ્રકૃતિના નિયમ ઉપર વિજયી થવા પ્રયત્ન કરતો આવ્યો છે. અર્થશાસ્ત્ર મોટા ભાગના દેશોમાં લાગુ પડે છે, પણ ભારતવર્ષમાં તે ઊલટપાલટ થઈ જાય છે. નાની મોટી બધી જ બાબતોમાં ભારતવર્ષ માનવ સ્વભાવને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહજ સ્વભાવથી ઊંચે રાખવાનો પ્રયત્ન કરતો આવ્યો છે. ભૂખ તરસથી માંડીને ધન, માન, સંભોગ સુધીનાં કોઈ પણ વિષયમાં તેનું આચરણ સ્વાભાવિક નથી. બીજું કંઈ ન મળે તો છેવટ તિથિ નક્ષત્રનું નામ દઈને પણ તે આપણી અત્યંત સ્વાભાવિક વૃત્તિઓને ડગલે ને પગલે રોકયા કરે છે. આ દુઃસાધ્ય કાર્યમાં તેણે ઘણી વાર મૂઢતાની મદદ લીધી છે અને આખરે તે મૂઢતા દ્વારા પોતાનો સર્વનાશ કર્યો છે. આ ઉપરથી ઓછામાં ઓછું એટલું તો સમજાય છે કે તેના પ્રયત્નનું અંતિમ લક્ષ્ય કયું છે.

કમભાગ્યે માણસની દૃષ્ટિ સંકુચિત છે. એથી તેના પ્રબળ પ્રયત્નો એવા ઉપાય અખત્યાર કરે છે જેને લીધે આખરે તે ઉપાયો જ તેના વિનાશનું કારણ થઈ પડે છે. આખા સમાજને નિષ્કામ મંગળકર્મની દીક્ષા આપવાના પ્રબળ જુસ્સામાં ભારતવર્ષે અંધતાને પણ શ્રેય માની લીધી છે. તે એ ભૂલી ગયો છે કે કદાચ સ્વાર્થનું કામ અંધતાથી ચાલી શકે. પણ મંગલનું કામ નહિ ચાલી શકે. સજ્ઞાન ઇચ્છા ઉપર જ મંગળના મંગલત્વનો આધાર છે. કળથી હો કે બળથી હો, ઉપયોગી કામ કરાવી લીધું એટલે સ્વાર્થ સધાઈ જાય છે, પરંતુ પૂરેપૂરા વિવેકપૂર્વક કામ ન કરીએ તો કેવળ કામ સાધવાથી મંગળ સધાતું નથી. તિથિ નક્ષત્રનો ભય અને જન્મ જન્માંતરની સદ્‌ગતિનો લોભ બતાવીને મંગળ કાર્ય કરાવવાનો પ્રયત્ન કરવાથી કેવળ કામ જ કરાવાય છે, મંગળ કરાવાતું નથી. કારણ, મંગળ સ્વાર્થની પેઠે બીજા લક્ષ્યની અપેક્ષા રાખતું નથી, મંગળમાં જ મંગળની પૂર્ણતા રહેલી હોય છે.

પરંતુ વિશાળ જનસમાજને એક આદર્શમાં બાંધતી વખતે માણસની ધીરજ રહેતી નથી. તે વખતે ફલ લાભ વિશે જેમ જેમ તેનો આગ્રહ વધતો જાય છે તેમ તેમ ઉપાયો વિશે તે બેદરકાર બનતો જાય છે. રાષ્ટ્રહિતૈષા જે બધા દેશોનો ઉચ્ચતમ આદર્શ છે, તે દેશોમાં પણ અંધતા જોવામાં આવે છે. રાષ્ટ્રહિતૈષાનો પુરુષાર્થ વેગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ જેમ વધતો જાય છે, તેમ તેમ સાચાજૂઠાની, ન્યાય અન્યાયની લાગણી ઘટતી જાય છે. જૂઠો ઇતિહાસ રચીને, પ્રતિજ્ઞાનો ભંગ કરીને, ભદ્રનીતિની ઉપેક્ષા કરીને, રાષ્ટ્રમહિમાને મહત્ત્વ આપવાનો પ્રયત્ન થાય છે, અંધ અહંકારને રોજ રોજ ગગનભેદી બનાવતા જવું એ પણ શ્રેય લાગે છે--અંતે જે સૌનું ધારણ કરીને રક્ષણ કરે છે, તે ધર્મ ઉપર પણ બળપૂર્વક આઘાત કરીને પોતાની બેસવાની ડાળ કાપવામાં આવે છે. ધર્મ કળમાં યે વિનાશ પામે છે, બળથી પણ વિક્ષિપ્ત થતો જાય છે. આપણે આપણા ધર્મને કળમાં પકડી રાખવા જતાં મારી નાખ્યો છે, યુરોપ સ્વાર્થોન્નતિને બળપૂર્વક ખેંચી લાવવા જતાં રોજ રોજ તેનો વિનાશ કરી રહ્યું છે.

આથી આપણો પ્રાચીન સમાજ આજ પોતાનું મંગળ ખોઈ બેઠો છે, દુર્ગતિની વિશાળ જાળમાં તેનાં અંગ પ્રત્યંગ જકડાઈ ગયેલાં છે, એ આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ ખરા; તેમ છતાં કહેવું પડશે કે મંગળને જ મેળવવા માટે ભારતવર્ષનો સર્વાંગીણ પ્રયત્ન હતો. સ્વાર્થ સાધવાનો પ્રયાસ કરવો એ જ જો કુદરતનો નિયમ હોય, તો તે નિયમની ભારતવર્ષે ઉપેક્ષા કરી હતી. તે નિયમની ઉપેક્ષા કરવાને કારણે જ તેની દુર્ગતિ થઈ છે એમ નથી; કારણ, તે નિયમને વશ વર્તવાથી પણ એનાથી યે મોટી દુર્ગતિ થાય છે. પરંતુ સમાજને બધી બાજુએથી મંગળની જાળમાં જકડવાના પ્રબળ પ્રયાસમાં અંધ બનીને, તેણે પોતાના પ્રયાસને પોતે જ વ્યર્થ બનાવી મૂક્યો છે. ધીરજ પૂર્વક જો આપણે એ મંગળની જ્ઞાન ઉપર પ્રતિષ્ઠા કરવાનો પ્રયાસ કરીએ, તો આપણો સમાજિક આદર્શ સભ્ય જગતના આદર્શોમાં ઉચ્ચ સ્થાન પામશે. અર્થાત્ આપણા વડવાઓની શુભ ઇચ્છાને જો કળ દ્વારા સફળ બનાવવાનો પ્રયત્ન કરીએ, તો ધર્મ આપણને સહાય કરશે.

પણ કળ વસ્તુ એવી છે કે એને તદ્દન કાઢી મૂકી શકાય એમ નથી. દરેક દેવતાને એક એક વાહન હોય છે-સંપ્રદાય દેવતાનું વાહન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કળ છે. ઘણા માણસોને એક જ આદર્શ પ્રમાણે ઘડવા જતાં, મને લાગે છે કે, પોણા ભાગના માણસોને અંધ અભ્યાસના વશવર્તી બનાવવા પડે છે. દુનિયામાં જેટલા ધર્મ સંપ્રદાયો છે તે બધામાં સજ્ઞાન નિષ્ઠાસંપન્ન માણસો ઝાઝા જોવામાં આવતા નથી. ખ્રિસ્તી પ્રજાઓમાં સાચા દિલના ખ્રિસ્તીઓ કેટલા ઓછા છે, તે કમનસીબે આપણે જાણીએ છીએ, અને હિંદુઓમાં અંધ સંસ્કારમુક્ત સાચા જ્ઞાની હિંદુ કેવા વિરલ છે તે આપણે લાંબા કાળની ટેવને કારણે બરાબર જાણી પણ શકતા નથી. બધા માણસોનો સ્વભાવ જ્યારે એકસરખો હોતો નથી, ત્યારે એક આદર્શ સ્થાપવા જતાં પુષ્કળ નકામો માલ આવી પડે છે. જે બધા ચુનંદા માણસો તે આદર્શને અનુસરનારા હોય છે તેઓ સાંપ્રદાયિક કળને પોતાના પ્રાણ વડે ઢાંકી દે છે. પણ કળ જ જો વિરાટરૂપ ધારણ કરીને પ્રાણને પીસી નાખે, પ્રાણને ખેલવાની સગવડ ન આપે, તો આફત. બધા જ દેશોમાં અવારનવાર મહાપુરુષો જન્મે છે અને સામાજિક કળની વિરુદ્ધ બધાને સાવચેત બનાવવાનો પ્રયત્ન કરે છે. સૌને સાવધ કરીને કહે છે કે કળની અંધ ગતિને જ પ્રાણની ગતિ માની ન લેશો. આથી વાહન જ જ્યારે સમાજદેવતાની ખાંધ ઉપર ચડી બેસવાનો પ્રયત્ન કરે છે ત્યારે સમાજ અને સમાજની કળ વચ્ચે ખેંચાતાણ જામે છે. માણસ જો એ યુદ્ધમાં કળ ઉપર વિજયી નીવડે તો તો સારું, અને કળ જો માણસને હરાવીને તેને પૈડા નીચે દબાવી રાખે, તો સર્વનાશ.

આપણા સમાજના પ્રાચીન યંત્રે પોતાના સચેતન આદર્શને ઢાંકી દીધો છે તેથી જડ અનુષ્ઠાનમાં જ્ઞાનને તેણે અધમૂઉં કરીને પાંજરામાં પૂરી રાખ્યું છે. તેથી, આપણે યુરોપિયન આદર્શની સાથે આપણા આદર્શની સરખામણી કરીને ગૌરવ અનુભવવાનો પ્રસંગ પામતા નથી. આપણે વાતવાતમાં શરમાઈએ છીએ. આપણા સમાજનો દુર્ભેદ્ય જડસ્તૂપ કંઈ હિંદુ સભ્યતાનો કીર્તિસ્થંભ નથી—એનો ઘણો મોટો ભાગ લાંબા વખતની બેદરકારીને કારણે ભેગી થયેલી કેવળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂળનો બનેલો છે. ઘણી વાર યુરોપિયન સભ્યતા તરફથી ધિક્કાર પામીને આપણે એ ધૂળના ઢગલા વિષે જ બેજો બેજો અભિમાન લઈએ છીએ, કાળના એ બધા વણનોતર્યા ઉકરડાને જ આપણે પોતાનો કરીને અભિમાન લઈએ છીએ. એની અંદર જ્યાં આપણા સાચા ગર્વના ધનરૂપી હિંદુ સભ્યતાનો પ્રાચીન આદર્શ, પ્રકાશ અને હવાના અભાવે મૂર્છાવશ થઈને પડેલો છે, ત્યાં નજર નાખવાનો આપણને માર્ગ મળતો નથી.

પ્રાચીન ભારતવર્ષે સુખ સ્વાર્થ એટલું જ નહિ ઐશ્વર્યને સુદ્ધાં ગૌણ ગણીને મંગળને જ સમાજમાં પ્રતિષ્ઠિત કરવાનો જેવો પ્રયત્ન કર્યો હતો તેવો બીજે ક્યાંય થયો જાણ્યો નથી. બીજા દેશમાં ધનમાનને ખાતર સત્તા મેળવવા માટે મારામારી ખેંચાખેંચી કરવા માટે સમાજ દરેક જણને ઉત્સાહ આપે છે. ભારતવર્ષ તે ઉત્સાહને બધી રીતે ઠંડો પાડતો આવ્યો છે; કારણ સ્વાર્થોન્નતિ તેનું લક્ષ્ય નહોતું. મંગળ જ તેનું લક્ષ્ય હતું. આપણે અંગ્રેજોના શિષ્યો આજ કહીએ છીએ કે આ હરીફાઈના, આ મારામારીના અભાવે આજે આપણી દુર્દશા થઈ છે. હરીફાઇને ઉત્તરોતર ઉત્તેજન આપવાને કારણે ઈંગ્લેંડ, ફ્રાંસ, જર્મની, રશિયા, અમેરિકા ધીમે ધીમે કેવી ઉગ્ર હિંસા તરફ તણાતાં જાય છે, કેવી પ્રચંડ અથડામણની અણી ઉપર પહોંચી ગયાં છે, સત્યનીતિને રોજ રોજ કેવાં ઉલટાવી રહ્યાં છે, તે જોઈએ છીએ ત્યારે હરીફાઈપ્રધાન સંસ્કૃતિને જ ચરમ સંસ્કૃતિ કહેવાનું કેમે કર્યું મન થતું નથી. બળ, બુદ્ધિ અને ઐશ્વર્ય એ મનુષ્યત્વનું એક અંગ હોઈ શકે. પરંતુ શાંતિ, સામંજસ્ય અને મંગલ પણ શું તેના કરતાં ઉચ્ચ પ્રકારનાં અંગ નથી? તેનો આદર્શ આજે ક્યાં છે? આજના કયા વેપારીની ઑફિસમાં, અથવા કયા રણક્ષેત્રમાં તે આદર્શ જોવા મળે એમ છે? કયા કાળા ખમીસમાં, લાલ ખમીસમાં કે ખાખી ખમીસમાં તે રજૂ થયેલો છે? તે પ્રાચીન ભારતવર્ષની કુટીરના પ્રાંગણમાં શુભ્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તરીય પહેરીને રહેતો હતો, તે બ્રહ્મપરાયણ તપસ્વીના અચલ ધ્યાનાસનમાં, ધર્મપરાયણ આર્યગૃહસ્થની કર્મમુખરિત યજ્ઞશાળામાં વિરાજમાન હતો.

જૂથ રચીને પૂજા કરવી, કમિટી રચીને શોક કરવો, અથવા ફાળો કરીને કૃતજ્ઞતા દર્શાવવી, એ આપણા લોકોની પ્રકૃતિમાં નથી, એ વાત આપણે કબૂલ કરવી જ પડશે. એ ગૌરવના આપણે અધિકારી નથી—પરંતુ તે કારણે આપણે લજવાવા તૈયાર નથી. દુનિયામાં સર્વત્ર હરણ–પૂરણનો નિયમ પ્રવર્તે છે. આપણે ડાબે હાથે કમી હોય તોય જમણે હાથે જાસ્તી હોઈ શકે છે. જે ઊડે છે, તેની પાંખ મોટી હોય છે, પણ પગ નાના હોય છે; જે દોડે છે, તેના પગ મોટા હોય છે, પણ તેને પાંખ નથી હોતી.

આપણા દેશમાં આપણે એમ કહીએ છીએ કે, મહાત્માઓનાં નામ પ્રાતઃસ્મરણીય છે. એ કંઈ કૃતજ્ઞતાનુ ઋણુ ફેડવાને માટે નથી. ભક્તિભાજનને દિવસના પ્રારંભે જે વ્યક્તિ ભક્તિભાવથી સ્મરે છે, તેનું મંગળ થાય છે–મહાપુરુષોના ઉત્સાહમાં તેથી વધારો થતો નથી. જે ભક્તિ કરે છે તે સારો થાય છે. ભક્તિ કરવી એ દરેકનું નિત્ય કર્તવ્ય છે.

પણ તો તો પછી નામોની એક લાંબી માળા ગૂંથીને રોજ ગગડાવી જવી પડે અને તે માળા દિવસે દિવસે વધતી જ જાય. તેમ નથી થતું. જ્યાં સાચી ભક્તિ એ જ ઉદ્દેશ્ય હોય છે, ત્યાં માળા બહુ મોટી થઈ શકતી નથી. ભક્તિ જો નિર્જીવ ન હોય, તો તે જીવનના ધર્મ અનુસાર ગ્રહણ–વર્જન કર્યા કરે છે, કેવળ સંચય કર્યા નથી કરતી.

મારી પ્રકૃતિ જે મહાત્માઓને પ્રાતઃસ્મરણીય ગણીને તેમની ભક્તિ કરે છે, તેમનાં નામનું જો ઉચ્ચારણ કરું તો તેમાં કેટલો વખત લાગે? દરેક વાચક જો પોતાના મનમાં વિચાર કરી જુએ, તો કેટલાં નામો તેમને મોઢે આવે? ભક્તિ જેમને હૃદયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સજીવ રાખતી નથી, તેમની પથ્થરની મૂર્તિ બહાર ઘડી રાખીએ તેમાં આપણને લાભ શો ?

તેમને એથી લાભ છે એવું કોઈ કહે પણ ખરા. લોકો જૂથ રચીને મૂર્તિ સ્થાપે, અથવા મૃતદેહ અમુક સ્થાને ભંડારાઈને ગૌરવ પામે, એવી આશા સ્પષ્ટ રીતે અથવા ખબર ન પડે એ રીતે મનને ઉત્સાહ આપે પણ ખરી. કબરદ્વારા ખ્યાતિ મેળવવાનો એક પ્રકારનો લોભ હોય છે, એ વાત તાજમહાલ વગેરેના ઇતિહાસથી જાણી શકાય છે.

પરંતુ આપણા સમાજે મહાત્માઓને એવું વેતન આપીને વિદાય કરવાની ઇચ્છા પણ સેવી નથી. આપણા સમાજમાં માહાત્મ્ય સંપૂર્ણપણે વેતન વગરનું હોય છે. ભારતવર્ષમાં અધ્યાપક સમાજ પાસેથી બ્રાહ્મણને મળવાં જોઇતાં દાનદક્ષિણા સ્વીકાર્યા કરે છે, પરંતુ અધ્યાપનનું વેતન ચૂકવી દઈને આપણો સમાજ તેમનું અપમાન કરતો નથી. મેં પહેલાં જ કહ્યું છે કે, મંગળ કર્મ જેઓ કરે તેઓ પોતાના મંગળને માટે જ કરે, એ જ ભારતવર્ષનો આદર્શ છે.

જૂથનો એક પ્રકારનો ઉત્સાહ હોય છે, તે ચેપી હોય છે–તે મૂઢભાવે પરસ્પરમાં સંચાર પામે છે. તેનો મોટો ભાગ ખોટો હોય છે. "ગોલે હરિ બોલ"*માં જેટલા 'હરિબોલ' હોય છે તેના કરતાં ગોલ (ધાંધલ–અવ્યવસ્થા)નું પ્રમાણ ઘણું વધી જાય છે. જૂથના આંદોલનથી ઘણીવાર તુચ્છ કારણે પણ ભક્તિનો ઝંઝાવાત જાગે છે–તેનું તે સમય પૂરતું બળ ગમે તેટલું હોય તોયે ઝંઝાવાત કદી કાયમી હોતો નથી. દુનિયામાં એમ કેટલીયવાર સેંકડો જૂથોના દેવ એકાએક પેદા થયા છે અને વિજયડંકા બજાવતા બજાવતા અથાગ વિસ્મૃતિમાં તેઓનું વિસર્જન થયું છે. પથ્થરની મૂર્તિ બનાવીને જબરદસ્તીએ શું કોઈને કદી યાદ રાખી શકાય ખરું ? વેસ્ટ મિન્સ્ટર ઍબીમાં શું એવા અનેક માણસોનાં નામ પથ્થર ઉપર

*તાત્પર્ય સમજ્યા વગર રટવું તે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોતરેલાં નથી, જેમનાં નામના અક્ષર ઇતિહાસમાં રોજ રોજ ક્ષુદ્ર અને મ્લાન થતા જાય છે ? એ બધા ક્ષણિક દેવોને જૂથના ઉત્સાહથી ચિરકાળના આસન ઉપર બેસાડવાનો પ્રયત્ન કરવો, એમાં ન તો દેવોનું ભલું છે, ન તો જૂથનું કલ્યાણ છે. જૂથગત પ્રબળ ઉત્તેજના યુદ્ધવિગ્રહમાં, અને પ્રમોદઉત્સવમાં ઉપયોગી થઈ પડે, કારણ એની પ્રકૃતિ જ ક્ષણિક છે—પરંતુ ભક્તિને તો સંયત સમાહિત શાંતિ જ શોભે અને અનુકૂળ પડે, કારણ, તે અકૃત્રિમતા અને ધ્રુવતા ઇચ્છે છે, ઉન્મત્તતામાં તે પોતાને વેડફી નાખવા માગતી નથી.

યુરોપમાં પણ આપણે શું જોવા પામીએ છીએ? ત્યાં જૂથ બાંધીને જે ભક્તિ ઊભરાય છે તે શું યથાર્થ ભક્તિભાજનનો વિચાર કરે છે ખરી? તે શું તાત્કાલિક લાભને ચિરંતન લાભ કરતાં મોટો માનતી નથી? તે શું ગ્રામદેવતાને વિશ્વદેવતા કરતાં ઊંચે આસને બેસાડતી નથી? તે મુખર દલપતિઓ—પક્ષના આગેવાનો—ને જેટલું સન્માન આપે છે, તેટલું એકાંતવાસી મહાતપસ્વીઓને આપે છે ખરી? સાંભળ્યું છે કે લોર્ડ પામરસ્ટનના અવસાન પ્રસંગે જેવા વિરાટ સન્માનનો સમારંભ થયો હતો તેવો જવેલ્લેજ થાય છે. દૂર રહેલા આપણા મનમાં એમ થાય છે કે આ ભક્તિમાંજ શું શ્રેય રહેલું છે? ઇંગ્લંડના પ્રાતઃસ્મરણીય અને સર્વાગ્રગણનીય વ્યક્તિઓમાં પામરસ્ટનનું નામ જ સ્થાન પામ્યું? જૂથના પ્રયત્નથી જો કૃત્રિમ ઉપાયે તે હેતુ કેટલેક અંશે સાધી શકાતો હોય તો તે બૃહત આડંબરમાં વિશેષ ગૌરવ લેવા જેવું એવું શું છે?

જેમનું નામસ્મરણ આપણા આખા દિવસના નાનાવિધ મંગળ કાર્યોની યોગ્ય ઉપક્રમણિકા ગણી શકાય, તેઓજ આપણા પ્રાતઃ-સ્મરણીય ગણાય. એ ઉપરાંત વધુ નામો લાદવાની કોઈ જરૂર નથી. ચમડી તૂટે પણ દમડી ન છૂટે એવા કૃપણના ધનની પેઠે, નાનાં, મોટાં, વચલાં, ક્ષણિક અને ચિરંતન, બધા પ્રકારનાં માહાત્મ્યને જ સફેદ પથ્થર વડે દબાવી રાખવાની પ્રવૃત્તિ જો આપણામાં ન હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તેટલા ખાતર ન શરમાઈએ તોયે ચાલે. ભક્તિને જો રોજના ઉપયોગ લાયક બનાવવી હોય તો તેમાંથી રોજરોજના બહારથી આવેલા અનાવશ્યક બોજા દૂર કરવાનો ઉપાય રાખવો જોઈએ, એથી ઊલટી રીતે બધી જ વસ્તુઓના ગંજ ખડકી રાખવાનો પ્રયત્ન ન કરવો એ જ સારું.

જે નાશ પામનાર છે તેને નાશ પામવા દો, જે અગ્નિમાં બળી જવાનું છે તે ભલે ભસ્મ થઈ જતું ! મૃતદેહ જો નાશ ન પામતો હોત તો પૃથ્વીમાં જીવતાં પ્રાણીઓને માટે જગ્યા રહેત નહિ, આખી ધરતી એક મોટું કબરસ્તાન બની જાત. આપણા હૃદયની ભક્તિને પૃથ્વીનાં નાનાં અને મોટાં, સાચાં અને જૂઠાં, બધાં જ મહત્ત્વોના કબરસ્તાનમાં ફેરવી નાખી શકાય એમ નથી. જે ચિરંજીવી હોય તે જ ભલે રહેતું; જે મૃતદેહ છે, આજ જતાં કાલે જેને કીડાઓ ખાઈ જવાના છે, તેને મુગ્ધ સ્નેહપૂર્વક પકડી રાખવાનો પ્રયત્ન ન કરતાં શોક સહિત છતાં વૈરાગ્ય સહિત સ્મશાનમાં બાળી આવવું એ જ યોગ્ય છે. રખેને ભૂલી જઈએ એવી આશંકાથી પોતાને ઉત્તેજિત રાખવાને માટે યંત્ર બનાવવા કરતાં ભૂલી જવું એ જ સારું. ઈશ્વરે આપણા ઉપર દયા કરીને જ વિસ્મરણશક્તિ આપેલી છે.

સંચય જ્યારે અત્યંત વધી જાય છે ત્યારે પસંદગી કરવી મુસ્કેલ થઈ પડે છે. તે ઉપરાંત સંચયનો નશો ભારે દુર્જય નશો છે. એકવાર જો હાથમાં કંઈ ભેગું થઈ ગયું, તો પછી ભેગું કરવાની વૃત્તિને રોકી શકાતી નથી. આપણા દેશમાં એને જ નવ્વાણુંનો ધક્કો કહે છે. યુરોપે એકવાર મહાપુરુષોને ભેગા કરવાનું શરૂ કર્યું, એટલે તે આ નવ્વાણુંના વમળમાં ફસાઈ ગયું છે. યુરોપમાં આપણે જોઈએ છીએ કે કોઈ વળી ટપાલની ટિકિટો ભેગી કરે છે તો કોઈ વળી દીવાસળીની પેટીની છબીઓ ભેગી કરે છે, કોઈ વળી જૂના જોડા ભેગા કરે છે તો કોઈ વળી જાહેરાતનાં ચિત્રો ભેગાં કરે છે. એ નશાનો વેગ જેમ જેમ વધતો જાય છે તેમ તેમ એ બધી વસ્તુઓની એક પ્રકારની કૃત્રિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમત અસંભવપણે વધી જાય છે. તે જ પ્રમાણે યુરોપમાં મૃત મહાપુરુષોને ભેગા કરવાનો જે એક પ્રચંડ નશો છે, તેમાં પછી મૂલ્યનો વિચાર રહેતો નથી. કોઈને પણ છોડી દેવાની ઇચ્છા થતી નથી. જ્યાં સહેજ પણ ઉચ્ચતા કે વિશેષતા હોય છે ત્યાં ત્યાં યુરોપ દોડી જઈને સિંદૂર ચોપડી દઈને ઘંટ વગાડવા બેસી જાય છે. અને જોતજોતામાં જૂથ જામી જાય છે.

ખરું જોતાં, માહાત્મ્યમાં અને શક્તિ કે પ્રતિભામાં ફેર છે. મહાત્માઓ આપણી આગળ એવો એક આદર્શ મૂકતા જાય છે કે જેથી તેમનું ભક્તિપૂર્વક સ્મરણ કરવાથી જીવન મહત્ત્વને માર્ગે આકર્ષાય છે, પરંતુ શક્તિશાળીનું સ્મરણ કરવાથી આપણે શક્તિ પામી શકીએ છીએ, એમ નથી. ભક્તિભાવે શેકસપિયરનું સ્મરણ કરવા માત્રથી આપણે શેકસપિયરના ગુણના અધિકારી બની જતા નથી, પરંતુ યથાર્થ ભાવે કોઈ પણ સાધુનું કે વીરનું સ્મરણ કરીએ તો આપણે માટે સાધુત્વ અથવા વીરત્વ કંઇક અંશે પણ સરળ બની જાય છે.

તો ગુણીજનો વિશે આપણું કર્તવ્ય શું? ગુણીનું તેમના ગુણ દ્વારા સ્મરણ કરવું એ જ આપણું સ્વાભાવિક કર્તવ્ય છે. શ્રદ્ધાપૂર્વક તાનસેનના ગાયનનો અભ્યાસ કરીને જ ગુણમુગ્ધ ગાયકો તાનસેનનું સાચું સ્મરણ કરે છે. ધ્રુપદ સાંભળતાં જેને તાવ ચડે, તે પણ તાનસેનની પ્રતિમા બનાવવા માટે ફાળો આપીને ઐહિક કે આમુષ્મિક કોઈ પણ પ્રકારનું ફળ પામે છે એવું હું કલ્પી શકતો નથી. બધાએ જ સંગીતમાં ઉસ્તાદ થવું જોઈએ એવી કંઈ ફરજ નથી. પરંતુ વીરતા અને સાધુતા તો સૌને માટે આદર્શરૂપ છે. સાધુઓનું અને મહાન કાર્યોમાં પ્રાણ પાથરનાર વીરોનું સ્મરણ સૌને માટે જ મંગલકારી છે. પરંતુ જૂથ બાંધીને ઋણ ફેડયું એટલે સ્મૃતિ મેળવી એમ ન કહેવાય; સ્મરણની ક્રિયા દરેકે દરરોજ કરવાની વસ્તુ છે.

યુરોપમાં આ શક્તિ અને માહાત્મ્યનો ભેદ લગભગ ભૂંસાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલો છે. બંનેના વિજયધ્વજ એક સરખા છે, એટલું જ નહિ, માહાત્મ્યની પતાકા જ કેમ જાણે કંઈક નીચી છે. વાચકો ધ્યાન-પૂર્વક જોશે તો સમજી શકશે કે વિલાયતમાં નટ અર્વિંગનું સન્માન પરમ સાધુના સન્માન કરતાં ઓછું નથી. રામમોહનરાય આજે જો ઇંગ્લંડ ગયા હોત તો તેમનું ગૌરવ ક્રિકેટખેલાડી રણજિતસિંહના ગૌરવ આગળ ઝાંખું પડી જાત.

અમે કવિચરિત નામના નિબંધમાં એ વાતનો ઉલ્લેખ કર્યો છે કે, યુરોપમાં શક્તિશાળી માણસોનાં જીવનચરિત લખવાનો જબરો ઉદ્યમ જોવામાં આવે છે. યુરોપને ચરિત–વાયુ–ગ્રસ્ત કહી શકાય. કોઈ પણ રીતે કોઈ પણ પ્રકારની મોટાઈની દૂરથી પણ ગંધ આવતાં, તેના બધા કાગળપત્રો, વાતચીત, રોજબરોજના જીવનની ઘટનાઓનો બધો કચરો ભેગો કરીને મોટા મોટા બે ખંડોમાં લખાયેલા જીવન-ચરિત્રને માટે લોકો મોં ફાડીને બેસી રહે છે. જે નાચતો હોય તેનું યે જીવનચરિત્ર, જે ગાયન ગાતો હોય તેનું યે જીવનચરિત્ર, જે હસાવી શકતો હોય તેનું યે જીવનચરિત્ર–જીવન ભલે ગમે તેવું હોય, પણ જે માણસ કંઈ પણ કરી શકતો હોય તેનું જીવનચરિત્ર ખરું જ! પરંતુ જે મહાત્માએ જીવનયાત્રાનો આદર્શ બતાવ્યો છે, તેમનું જ જીવનચરિત્ર સાર્થક છે, જેમણે સમગ્ર જીવનદ્વારા કંઈક કામ કર્યું છે, તેમનું જ જીવન આલોચના કરવા જેવું છે, જેમણે કવિતા લખી છે, ગીતો રચ્યાં છે, તેઓ તો કવિતા અને ગીત જ આપી ગયા છે. તેઓ કંઈ જીવન આપી ગયા નથી, તેના જીવનચરિત્રની કોને શી જરૂર છે? ટેનિસનની કવિતા વાંચીને આપણને ટેનિસન જેટલા મોટા લાગ્યા હતા, તેના કરતાં તેમનું જીવનચરિત્ર વાંચ્યા પછી તે ઘણા નાના લાગ્યા છે.

કૃત્રિમ આદર્શ માણસને આવો નિર્વિવેક બનાવી મૂકે છે: બનાવટી અને સાચાની કિંમત એક થઈ જાય છે. આપણા દેશમાં આધુનિક કાળમાં પાપપુણ્યનો આદર્શ કૃત્રિમ હોવાને કારણે તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિણામ શું આવ્યું છે? બ્રાહ્મણની ચરણરજ લેવી, અને ગંગામાં સ્નાન કરવું એ પણ પુણ્ય ગણાય છે. તેમ વળી, ચોરી ન કરવી અને સત્યપરાયણ રહેવું એ પણ પુણ્ય ગણાય છે, પરંતુ કૃત્રિમ અને સાચા પુણ્ય વચ્ચે કશો ભેદ ન રાખવાને કારણે જે વ્યક્તિ દરરોજ ગંગાસ્નાન અને આચાર પાલન કરે છે તેના પુણ્યનું સન્માન સમાજમાં નિર્લોભ અને સત્યપરાયણ વ્યક્તિના પુણ્ય કરતાં ઓછું નથી હોતું, બલકે વધારે હોય છે. જે માણસે યવનનું અન્ન ખાધું છે, અને જે માણસે ખોટા મુકદ્દમા દ્વારા યવનના મોંમાંનો કોળિયો હરી લીધો છે, તે બંને પાપી ગણાતા હોઈ, પહેલા પાપી પ્રત્યે ઘૃણા અને દંડનું પ્રમાણ કેમ જાણે વધી જતું હોય એમ લાગે છે.

એ જ પ્રમાણે યુરોપમાં માહાત્મ્યની બાબતમાં પ્રકારભેદ રહ્યો નથી. જે માણસ ક્રિકેટ રમવામાં શ્રેષ્ઠ હોય, જે અભિનયમાં શ્રેષ્ઠ હોય, જે દાનમાં શ્રેષ્ઠ હોય, જે સાધુતામાં શ્રેષ્ઠ હોય, તે બધા જ મહાપુરુષ–ગ્રેટ મેન ગણાય છે. બધાની જ એક જ પ્રકારના સન્માન-સ્વર્ગમાં સદ્‌ગતિ થાય છે. એને લીધે ક્રમે ક્રમે કેમ જાણે શક્તિને ચડતો અર્ઘ્ય માહાત્મ્યના અર્ઘ્ય કરતાં વધી ગયો છે. જૂથના હાથમાં ન્યાય તોલવાની જવાબદારી હોય ત્યારે એવું બને એ અનિવાર્ય છે. જે આચારપરાયણ હોય છે તે ધર્મપરાયણની સમાન થઈ બેસે છે, એટલું જ નહિ, મોટો થઈ બેસે છે; જે શક્તિશાળી હોય છે તે મહાત્માઓની સમાન થઈ પડે છે, એટલું જ નહિ તેમના કરતાં મોટો દેખાય છે.

સાચી ભક્તિ ઉપર પૂજાનો ભાર સોંપવાને બદલે લોકારણ્ય ઉપર પૂજાનો ભાર નાખવાથી દેવપૂજામાં અડચણ ઊભી થાય છે. ગામઈ દેવતાની જેટલી ધામધૂમ હોય છે તેટલી ગૃહદેવતાની–ઇષ્ટ દેવતાની હોતી નથી. પરંતુ ગ્રામદેવતા મુખત્વે કરીને નકામી ઉત્તેજનાનું ઉપલક્ષમાત્ર નથી શું? એમાં ભક્તિ કરતાં ભક્તિનું અપમાન વધારે નથી હોતું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં આધુનિક સમયના જાહેર શોકમાં—જાહેર સ્મૃતિ સંરક્ષણના પ્રયત્નમાં ભારે શૂન્યતા જોઈને આપણે ડગલે ને પગલે ક્ષોભ પામીએ છીએ. પોતાના દેવને આવી કૃત્રિમ સભામાં ખડા કરી પૂજાનો અભિનય કરતાં જીવ શી રીતે ચાલે છે, એ જ મને સમજાતું નથી. એ અભિનયની તૈયારીમાં જો સામગ્રીની સહેજ ઊણપ રહે તો આપણે પરસ્પરની નિંદા કરીએ છીએ, પરંતુ શરમાવાનું હોય તો એના મૂળમાં જ રહેલું છે. જે ભક્ત હોય, તે મહાપુરુષના માહાત્મ્યનું કીર્તન કરે એ સ્વાભાવિક છે, અને તે સૌને માટે શુભ ફળ દેનાર છે; પરંતુ મહાત્માને નામે બધાએ મળીને એક દહાડો જાહેર કોલાહલ મચાવી કર્તવ્ય બજાવવાનો પ્રયત્ન કરવો એ લજ્જાસ્પદ અને નિષ્ફળ છે.

વિદ્યાસાગરે આપણા સમાજનો ભક્તિભાવ મેળવ્યો નથી એમ કોઈ હિસાબે કહી શકાય નહિ. બંગાળી માત્રને તેમના પ્રત્યે અકૃત્રિમ ભક્તિભાવ છે. પરંતુ જેઓ વર્ષે વર્ષે વિદ્યાસાગરની સ્મૃતિસભા બોલાવે છે તેઓ વિદ્યાસાગરની સ્મૃતિ રાખવા યોગ્ય પ્રયત્ન થતો નથી એવો આક્ષેપ કરતા રહે છે. આ ઉપરથી શું એવું સિદ્ધ થાય છે કે વિદ્યાસાગરનું જીવન આપણા દેશમાં નિષ્ફળ ગયું છે? ના, એવું નથી. વિદ્યાસાગરે પોતાના મહત્ત્વદ્વારા દેશના હૃદયમાં અમરસ્થાન પ્રાપ્ત કરેલું છે એ વિષે શંકા નથી. નિષ્ફળ તો નીવડી છે તેમની સ્મૃતિસભા. પોતાના જીવનનો જે ઉદ્દેશ હતો તે વિદ્યાસાગરે તો પોતાની શક્તિના બળે જ પાર પાડ્યો હતો—સ્મૃતિસભાનો જે ઉદ્દેશ્ય છે તે પાર પાડવાની શક્તિ સ્મૃતિસભામાં નથી, ઉપાયની એને ખબર નથી.

મંગળભાવ સ્વાભાવિક રીતે જ આપણી આગળ કેટલો પૂજ્ય છે તેનું વિદ્યાસાગર દૃષ્ટાન્ત છે. તેમનામાં અસાધારણ શક્તિઓ ઘણી હતી, પરંતુ એ બધી શક્તિઓથી તેમણે આપણું આકર્ષણ કર્યું નથી. તેમની દયાએ, તેમની અકૃત્રિમ અથાક લોકહિતૈષણાએ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને બંગાળદેશના આબાલવૃદ્ધવનિતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કર્યા છે. નવી ફેશનમાં ખેંચાઈને આપણે ગમે તેટલો આડંબર કરી ગમે તેટલી કોશિશ કેમ ન કરીએ, પણ આપણાં અંતઃકરણ સ્વભાવે જ એવાં છે કે તે શક્તિની ઉપાસના પાછળ ઘેલાં થતાં નથી. શક્તિ આપણી આરાધ્ય નથી, મંગળ આપણું આરાધ્ય છે, આપણી ભક્તિ શક્તિના ગગનભેદી સિંહદ્વારે નહિ પણ પુણ્યના સ્નિગ્ધ–નિભૃત દેવમંદિરમાં જ મસ્તક નમાવીને ઊભેલી છે.

આપણે કહીએ છીએ કે **कीर्तिर्यस्य स जीवति ।** જે શક્તિ-શાળી માણસ છે તે પોતાની કીર્તિથી જ જીવતો રહે છે; તેને પોતાને તે જીવતો ન રાખી શકે તો તેને જિવાડવાનો આપણો પ્રયત્ન હાસ્યજનક નીવડે. બંકિમને શું આપણે આપણા હાથની ઘડેલી પાષાણની મૂર્તિદ્વારા અમરતા મેળવવામાં સહાય કરવાના છીએ? આપણા કરતાં તેમની શક્તિ શું વધારે નહોતી? તેઓ શું પોતાની કીર્તિને ચિરંજીવ કરી ગયા નથી? હિમાલયનું સ્મરણ રાખવા માટે શું ફાળો કરીને તેનો કોઈ કીર્તિસ્તંભ ઊભો કરવાની જરૂર છે? હિમાલયનાં દર્શન કરવા જઈએ કે તરત તેનાં દર્શન થશે—બીજે તેની યાદગીરી ઊભી કરવાનું કરવું એ મૂઢતા છે. કૃત્તિવાસના જન્મ-સ્થાનમાં બંગાળીઓએ કોઈપણ જાતની કંઈ ધામધૂમ કરી નહિ એટલે બંગાળીઓએ કૃત્તિવાસની અવજ્ઞા કરી છે એવું આપણે કેવી રીતે કહીશું? જેમ 'ગંગા પૂજીએ ગંગાજળથી' તેમ બંગાળ દેશમાં મોદીની દુકાનથી માંડી રાજાના મહેલ સુધી કૃત્તિવાસની કીર્તિ દ્વારા જ કૃત્તિવાસ કેટલાં સૈકાઓ થયાં રોજ પૂજાતો આવ્યો છે. આવી પ્રત્યક્ષ પૂજા બીજા શા વાડે થઈ શકે?

યુરોપમાં જૂથ બનાવવાની વૃત્તિ હોય છે તે નકામી છે એમ કહેવું એ મૂર્ખતા છે. જે કામો બળસાધ્ય હોય છે–ઘણા માણસોના પ્રયત્નથી સાધ્ય હોય છે, તે કામોમાં જૂથ બાંધ્યા વિના ચાલતું નથી. જૂથ રચવાથી યૂરોપ યુદ્ધમાં, વિગ્રહમાં, વાણિજ્યમાં અને રાજકરણમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ વધી ગયો છે એમાં શંકા નહિ. મધમાખ મધપૂડો બાંધે એ જેમ સ્વભાવસિદ્ધ છે તેમ યૂરોપ જૂથ બાંધે એ સ્વભાવસિદ્ધ છે. તેથી યૂરોપ જૂથ બાંધીને દયા કરે છે;–વ્યક્તિગત દયાને ત્યાં સ્થાન નથી; જૂથ રચીને પૂજા કરવા જાય છે–વ્યક્તિગત પૂજાહિતક તરફ તેનું ધ્યાન નથી; જૂથ રચીને ત્યાગસ્વીકાર કરે છે,–વ્યક્તિગત ત્યાગમાં તેને શ્રદ્ધા નથી. આ રીતે યૂરોપે એક પ્રકારનું મહત્ત્વ પ્રાપ્ત કર્યું છે, બીજા પ્રકારનું મહત્ત્વ ખોયું છે. એકાકી કર્તવ્યકર્મ કરવાનો તેનામાં ઉત્સાહ નથી. આપણો સમાજ દરેકની દરરોજ પ્રહરે પ્રહરે ધર્મપાલન કરવાની ફરજ સમજે છે. યૂરોપમાં ધર્મપાલન કરવું હોય તો કમિ-ટીમાં કે ધર્મસભામાં જવું પડે છે. ત્યાં સંપ્રદાય–ગણ જ સદનુષ્ઠાનમાં રત હોય છે, સાધારણ લોકો સ્વાર્થસાધનામાં લાગેલા હોય છે. કૃત્રિમ ઉત્તેજનાનો દોષ એ છે કે તેના અભાવે માણસ અસહાય બની જાય છે, જૂથ બાંધે તો બધા પરસ્પર એકબીજાને ધકેલીને ઊભો રાખી શકે, પરંતુ જૂથ ન હોય તો પડી જાય.

આપણા દેશમાં દરેકનું દરરોજનું કર્તવ્ય ધર્મકર્મરૂપે નક્કી થયેલું હોવાથી બાળકથી માંડીને વૃદ્ધ સુધી દરેક સ્ત્રીપુરુષે યથાશક્તિ પોતાની સ્વાર્થપ્રવૃત્તિ અને પશુપ્રવૃત્તિને સંયમમાં રાખી, પરની ખાતર પોતાનો ભોગ આપવો પડે છે–આ જ આપણો આદર્શ છે. આને માટે સભા ભરવી પડતી નથી કે છાપામાં રિપોર્ટ મોકલવો પડતો નથી. આને લીધે સાધારણતઃ આખા હિંદુ સમાજમાં એક સાત્ત્વિક ભાવ વિરાજમાન છે–અહીં નાનાં મોટાં બધાં જ કલ્યાણ કામનામાં રત છે, કારણ કે ઘર જ તેમનું કલ્યાણ–કામનાનું સ્થાન છે. આ આપણા વ્યક્તિગત મંગલ–ભાવને આપણે શિક્ષણ દ્વારા ઉન્નત, અનુભવ દ્વારા વિસ્તૃત, અને જ્ઞાન દ્વારા અધિક ઉજ્જવળ કરી શકીએ છીએ; પરંતુ એને નષ્ટ થવા દઈ શકતા નથી, એની અવજ્ઞા કરી શકતા નથી;–યૂરોપમાં એનો પ્રાદુર્ભાવ નથી કહી એને શરમાવી શકતા નથી કે એનાથી શરમિંદા બની શકતા નથી– જૂથને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ એકમાત્ર દેવ સમજી તેની આગળ એને ધૂળમાં રગદોળી શકતાં નથી. જ્યાં જૂથ બાંધવાની ખરી આવશ્યકતા છે ત્યાં જૂથ બાંધી શકીએ તો સારું છે, પણ જ્યાં તેની જરૂર નથી, એટલું જ નહિ, પણ એ અસંગત છે, ત્યાં પણ જૂથ બાંધવાનો પ્રયત્ન કરવામાં છેવટે જૂથનો ઉગ્ર નશો કરવાની ટેવ ન પડી જાય એ સંભાળવાનું છે. સૌથી આગળ, સૌથી પહેલું, પોતાનું વ્યક્તિગત કર્મ છે, તે રોજનું છે, તે ચિરંતન છે; તે પછી જૂથનું કર્તવ્ય. તે ક્ષણિક છે, મોટા પ્રમાણમાં યંત્રમાત્ર છે, તેમાં પોતાની ધર્મ પ્રવૃત્તિની સર્વતોભાવે સંપૂર્ણ ચર્ચા થતી નથી. ધર્મસાધન કરતાં પ્રયોજન સાધન માટે તે વધારે ઉપયોગી છે.

પરંતુ કાળ અને ભાવ બદલાય છે.—ચારે તરફ મંડળો ઊભાં થાય છે—કશું જ ખાનગી રહેતું નથી, અને કોઈજ છૂપો રહેતો નથી. પોતાની કીર્તિથી જ પોતાને કૃતાર્થ કરવો અને પોતાના કર્મમંગલથી જ પોતાનો પુરસ્કાર મેળવી લેવો એ હવે નથી ચાલતું. શુભ કર્મ હવે પહેલાંના જેવું સહજ અને આત્મવિસ્મૃત નથી. હવે તે હંમેશાં ઉત્તેજનાની અપેક્ષા રાખે છે. સારાં કામ પણ જો કોલાહલ ન કરી મૂકે તો એની કિંમત આપણે મન રોજ ઓછી થતી આવે છે, આથી કરીને ધીમે ધીમે આપણાં ગૃહ ખાલી, આપણાં ગામડાં નિરાધાર, આપણાં જન્મગામ રોગજીર્ણ, આપણાં ગામડાંનાં સરોવરો બધાં કાદવભર્યાં થતાં જાય છે, અને આપણા બધા પ્રયત્નો કેવળ સભાસમિતિઓ અને છાપાંની ઑફીસોમાં સમાઈ જાય છે. ભ્રાતૃભાવ આજે ભ્રાતાને છોડી બહાર ફરે છે, દયા આજે દીનને છોડી ખબરપત્રીના ખભા પર ચડીને ઊભી રહે છે, અને લોકહિતૈષણા આજે લોકોને છોડી રાજદ્વારે ખિતાબની શોધમાં ભટકે છે. મેજીસ્ટ્રેટનો ઠપકો ન મળે તો આજે આપણા ગામમાં નિશાળ થતી નથી, દરદીને દવા મળતી નથી, ગામની પાણીની હાડમારી દૂર થતી નથી. આજે ધ્વનિ, ધન્યવાદ અને તાળીઓનો નશો ચડતાં ચડતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલો ચડી ગયો છે કે એ પ્રલોભનની ગોઠવણ કરવી જ પડે છે. આ તો વાછરડાને કસાઈખાનામાં વેચી દઈ, ફૂંકારેલા દૂધનો ધંધો ચલાવવા જેવું થાય છે.

એટલે આપણે સંગઠન કરીને શોક પ્રગટ કરવા અને સંગઠન કરીને આભારની લાગણી પ્રગટ કરવા મરણિયા બની એકબીજાને ઉત્સાહમાં લાવવાનું કરીએ છીએ, તેનો યે સમય આવ્યો છે. પરંતુ પરિવર્તનના સંધિકાળમાં બરાબર નિયમ પ્રમાણે કશું જ થતું નથી. સવારે કાં તો ઠંડીનો ચમકારો થાય કે સાંજે વસંતનો વાયરો વાય. દેશી કપડું પહેરીએ તો શરીરને અચાનક શરદી લાગી જાય, અને વિલાયતી ગરમ કપડું પહેરીએ તો પરસેવાથી તરબોળ થવું પડે એટલે આજકાલ દેશી કે વિલાયતી એકે નિયમ પૂરો કામ આવતો નથી. વિલાયતી પ્રથા પ્રમાણે કામ કરવા જઈએ છીએ તો દેશી સંસ્કાર હૃદયના અંતઃપુરમાં છુપાઈને વિરોધ કર્યા કરે છે, આપણે શરમ અને ધિક્કારથી અસ્થિર બની જઈએ છીએ,—અને જો દેશી રીતે કામ વેતરીને બેસીએ છીએ, તો વિલાયતનો રાજઅતિથિ આવી પોતાને બેસવાનું લાયક આસન ન જોઈ, નાકનું ટેરવું ચડાવી બધું ફનાફાતિયા કરી નાખે છે. સભાસમિતિઓ નિયમ પ્રમાણે બોલાવીએ છીએ, છતાં કામ પાર પડતું નથી,—ફાળાનો ચોપડો ઉઘાડીએ છીએ, પણ એની અંદર જે આંકડો મંડાય છે તેથી તો કેવળ આપણી નાલેશી જ દેખાઈ આવે છે.

આપણા સમાજમાં એવું વિધાન હતું કે આપણા દરેક ગૃહસ્થે રોજ ફાળો આપવો પડતો. તેની તિજોરી સગાંસંબંધી, અતિથિઅભ્યાગત, દીનદુઃખી સૌને માટે હતી. હજી પણ આપણા દેશનો ગરીબ માણસ પોતાના નાના ભાઈને નિશાળમાં ભણાવે છે, બહેનને પરણાવે છે, બાપદાદાના નિત્ય નૈમિત્તિક કર્મો કરે છે, વિધવા માસી કે ફોઈનું તથા તેનાં બાળકોનું ભરણપોષણ કરે છે. આ જ દેશી ઢબનું ફંડ છે. આની ઉપર હવે વિલાયતી ઢબનો ફંડફાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોથી કેવી રીતે સહન થાય ? બીજી બાજુ અંગ્રેજ પોતાના ઉંમરલાયક છોકરાને યે ઘરથી અલગ કરી દે છે, એટલે તેની પાસે ફંડફાળાનો દાવો કરવો એ અયોગ્ય નથી. જેનો પૈસો કેવળ પોતાના જ ઉપભોગ માટે છે તેની પાસે બાહ્ય ઉપાયે સ્વાર્થત્યાગ કરાવવો એ ખોટું નથી. બાકી આપણામાંથી કેટલાની પાસે પોતાના જ ઉપભોગ માટે કેટલું બાકી રહે છે ? આમાં વળી બાર મહિનામાં તેરસો નવાં નવાં નિમિત્તે ફાળો માગવામાં આવે ત્યારે વિલાયતી સભ્યતાનો ગરમાવો હોય છતાંયે ગૃહસ્થને માટે વિનય સાચવવાનું યે અઘરું બની જાય છે. પછી વખત જતાં આપણે શરમિંદા બની કહીએ છીએ કે મેં આટઆટલાં નિવેદનો બહાર પાડયાં, પણ પૈસા કેમ આવતા નથી ? હું આવડો મોટો ઢોલ પીટું છું, પણ પૈસા કેમ આવી પડતા નથી ? મેં આવું ભગીરથ કામ આરંભ્યું, પણ તે પૈસાના અભાવે બંધ કેમ થઇ જાય છે ? વિલાયત હોત તો આમ થાત, તેમ થાત, ધોધમાર પૈસાનો વરસાદ વરસી જાત;—આપણે વિલાયત જેવા કયારે થઈશું ?

વિલાયતનો આદર્શ આવી પૂગ્યો છે, પણ વિલાયતની પરિસ્થિતિ હજી બહુ દૂર છે. વિલાયતની પેઠે શરમાતાં શીખ્યા છીએ, પણ એ શરમ ઢાંકવાનું કીમતી વિલાયતી વસ્ત્ર હજી આપણા હાથમાં આવ્યું નથી. ચારે તરફ આપણે ખેંચાખેંચ કરી મરીએ છીએ. આજે આખો સમાજ ફાળો ઉઘરાવીને જે કામ કરવાનો પ્રયાસ કરે છે તે કામ પહેલાં આપણા દેશમાં ધનિકો એકલા કરતા–એમાં જ તેમના ધનની સાર્થકતા હતી. પહેલાં જ હું કહી ગયો છું કે આપણા દેશમાં સાધારણ ગૃહસ્થ સામાજિક કર્તવ્ય પૂરું કર્યા પછી પોતાના સ્વતંત્ર ઉપભોગ માટે કશું જ વધેલું જોતો નહિ, એટલે વધારાનું કંઈ કામ ન કરી શકવું એ એને મન શરમાવાની બાબત નહોતી. જે પૈસાદારોના ભંડારમાં વધારે ધન રહેતું, તેમની ઉપર શુભાશુભ કામો માટે સમાજનો પૂરેપૂરો દાવો રહેતો. એ લોકો જનસાધારણનો અભાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय ४३ग
२४६५
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
गुरुकुल कांगड़ी ६६

ટાળવા માટે પૈસા ખરચીને કલ્યાણ કાર્ય ન કરે તો સૌની આગળ તેમને શરમાવું પડતું—તેમનું નામ દેવું એ પણ અશુભકર ગણાતું.

આશ્ચર્યનો આડંબર એ જ વિલાયતી શ્રીમંતોની મુખ્ય શોભા છે, જ્યારે કલ્યાણની પ્રવૃત્તિ એ ભારતના શ્રીમંતોની મુખ્ય શોભા છે. સમાજના પોતાના મિત્રોને કીમતી પાત્રોમાં કીમતી ભોજન આપીને વિલાયતનો શ્રીમંત તૃપ્ત થાય છે, જ્યારે નિમંત્રિત અનિમંત્રિત સહુને કેળના પાંદડાંમાં અન્નદાન કરીને આપણા શ્રીમંતો તૃપ્ત થાય છે. ઐશ્વર્યને મંગળદાનમાં પ્રગટ કરવું એ જ ભારતવર્ષનું ઐશ્વર્ય છે—આ નીતિશાસ્ત્રનું નીતિવચન નથી,—આપણા સમાજમાં એ આજલગી દરરોજ પ્રગટ થતું આવ્યું છે.—એટલે જ સાધારણ ગૃહસ્થની પાસે આપણે ફાળો માગવો પડયો નથી. શ્રીમંતોએજ આપણા દેશમાં દુકાળવખતે અન્ન આપ્યું છે અને પાણીની તંગીના સમયે પાણી આપ્યું છે,—તેમણે જ દેશમાં શિક્ષણપ્રવૃત્તિ, કલાની ઉન્નતિ, આનંદકારી ઉત્સવોની જાળવણી, અને ગુણવાનોની કદર કરી છે. પણ આજે સારા કામ માટે આપણે પૂર્વની ટેવને લીધે તેમને બારણે જઈએ તો સાધારણ ફળ પામીને કે નિષ્ફળ થઈને કેમ પાછા ફરીએ છીએ? ઊલટું આપણો મધ્યમવર્ગ સાધારણ કામમાં જેટલો ખર્ચ કરે છે તેટલો, સંપત્તિની તુલના કરી જોઈએ તો, શ્રીમંતો કરતા નથી. તેમના દરવાનો સ્વદેશના અભાવને દરવાજો વટાવી મહેલમાં ઢૂંકવા દેતા નથી. ભૂલથી ઢૂંકવા દે તો પાછા ફરતી વખતે તેના મોં પર વધારે ઉલ્લાસનું ચિહ્ન દેખાતું નથી. આનું કારણ એ કે આપણા શ્રીમંતોનાં ઘરમાં વિલાયતનું ઐશ્વર્ય નથી છતાં ત્યાં વિલાયતના વિલાસે પ્રવેશ કર્યો છે, પોતે ભોગવી શકે એટલું તેમની પાસે ધન બચે તો છે, પણ તે ભોગનો આદર્શ વિલાયતી છે. વિલાયતના ભોગીઓ કશા પણ બોજા વિનાના સ્વાધીન ધનવંતો હોય છે, પોતાના ધનના, તેઓ સંપૂર્ણ માલિક હોય છે, પણ સમાજ નિયમ પ્રમાણે આપણે તેવા નથી. છતાં આપણો ભોગનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્શ એ વિલાયતી ભોગીના જેવો હોવાને લીધે, ખાટપલંગ, વસ્ત્રાભૂષણ, ઘરનો ઠાઠમાઠ, ગાડીઘોડામાંથી આપણા ધનિકોને ઉદાર થવાનો વખત જ મળતો નથી.—એમની ઉદારતા બધી વિલાયતી જૂતાંવાળા, ટોપીવાળા, હાંડીતખતાવાળા, અને ખુરશીટેબલવાળાનાં વિશાળ ગજવામાં ઠલવાઈ જાય છે અને દૂબળોપાતળો હાડપિંજર જેવો દેશ ખાલી હાથે મ્લાન મોંએ ઊભો રહે છે! દેશી ગૃહસ્થનું વિપુલ કર્તવ્ય અને વિલાયતી ભોગીના વિપુલ ભોગ, આ બે ભાર કેટલા માણસો એકલા વહી શકે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાસાગરચરિત

: ૧ :

[૧૩૦૨ ના શ્રાવણમાં વિદ્યાસાગરની સ્મૃતિસભાની વાર્ષિક બેઠકમાં વાંચેલો નિબંધ]

વિદ્યાસાગરના ચરિત્રનો સૌથી મોટો ગુણ—જે ગુણને લીધે તેઓ ગામડાગામના આચારવિચારની ક્ષુદ્રતા, તથા બંગાળી જીવનની જડતાને બળપૂર્વક ભેદીને, એકમાત્ર પોતાના જુસ્સાના જોરે કઠોર પ્રતિકૂળતાની છાતી ચીરીને,—હિંદુત્વની દૃષ્ટિએ નહિ, સાંપ્રદાયિકતાની દૃષ્ટિએ નહિ,—કરુણાના અશ્રુજલપૂર્ણ અફાટ અપાર મનુષ્યત્વ તરફ પોતાના દૃઢ નિષ્ઠાવાળા એકાગ્ર એકાકી જીવનને વહેવડાવી લઈ ગયા હતા, તેમના એ ગુણની જો હું આજે પ્રશંસા ન કરું તો મારું કર્તવ્ય સાવ અધૂરું જ રહી જાય, કારણકે વિદ્યાસાગરના જીવનવૃત્તાંતનો વિચાર કરી જોઈએ તો ફરી ફરીને એ વિચાર મનનાં આવે છે કે તેઓ બંગાળી મહાપુરુષ હતા એમ નહિ, તેઓ ખરેખરા હિંદુ હતા એમ પણ નહિ,—તેઓ તેના કરતાં પણ ઘણા જ ઘણા મહાન હતા, તેઓ ખરેખરા મનુષ્ય હતા. વિદ્યાસાગરના જીવનમાં આ અનન્યસુલભ મનુષ્યત્વ પ્રચુર હતું; એ જ સૌથી મોટા ગૌરવનો વિષય છે. તેમનું એ પર્વત સમાન ચરિત્રમાહાત્મ્ય તેમનાં કાર્યોને યે ટપી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની મુખ્ય કીર્તિ બંગાળી ભાષા છે. જો આ ભાષા કદી સાહિત્ય સંપત્તિથી ઐશ્વર્યશાળી બને, જો આ ભાષા અક્ષય ભાવજનની રૂપે માનવ સભ્યતાના ધાત્રીગણોમાં અને માતૃગણોમાં ગણાય, જો આ ભાષા દુનિયાના દુઃખશોકમાં એક નવું સાન્ત્વનસ્થળ હોય—સંસારની તુચ્છતા અને ક્ષુદ્ર સ્વાર્થની અંદર કોઈ કીમતી આદર્શ-જગત, અને રોજિંદા માનવજીવનનાં થાક અને અનારોગ્યની અંદર સૌંદર્યનું કોઈ એકાંત કુંજવન રચી શકે—તો જ વિદ્યાસાગરની આ કીર્તિ તેમને શોભે તેવું ગૌરવ પ્રાપ્ત કરી શકશે.

બંગાળી ભાષાના વિકાસમાં વિદ્યાસાગરના પ્રભાવે કેવું કાર્ય કર્યું છે એ અહીં સ્પષ્ટ બતાવવાની જરૂર છે.

વિદ્યાસાગર બંગાળી ભાષાના પહેલા ખરા શિલ્પી હતા. તેમના પહેલાં બંગાળીમાં ગદ્યસાહિત્યની શરૂઆત થઇ હતી. પરંતુ તેમણે જ સૌથી પહેલાં બંગાળી ગદ્યમાં કલાકૌશલ ઉતાર્યું. ભાષા કેવળ ભાવનો એક આધારમાત્ર નથી, તેની અંદર ગમે તે રીતે કેટલાક વક્તવ્ય વિષયો ભરી દેવાથી કામ પૂરું થતું નથી, એ વાત વિદ્યાસાગર દૃષ્ટાન્તદ્વારા સાબીત કરી ગયા છે. તેમણે બતાવ્યું છે કે જે કંઈ કહેવાનું હોય તે સરળતાથી, સુન્દરતાથી, અને સુશૃંખલતાથી વ્યક્ત કરવું જોઈએ. આજે આ કામ કદાચ એવું મહાન નહિ લાગે, પણ સમાજબંધન જેમ મનુષ્યત્વવિકાસ માટે અતિ આવશ્યક છે, તેમ ભાષાને કલાબંધન દ્વારા સુન્દર રૂપે સંયમિત ન કરવામાં આવે તો તે ભાષામાંથી કદાચ ખરેખરા સાહિત્યનો ઉદ્ભવ થઈ શકે નહિ, સૈન્યથી યુદ્ધ થઇ શકે, એકલી જનતાથી નહિ;—જનતા પોતે જ પોતાને ખંડિત-ઘાયલ કરતી હોય છે, તેને દોરવાનું કઠણ હોય છે. વિદ્યાસાગરે બંગાળી ગદ્ય ભાષાની ઉચ્છૃંખલ જનતાને સુવિભક્ત, સુવિન્યસી, સુપરિચ્છિન્ન, અને સુસંયત બનાવી તેને સ્વાભાવિક ગતિ અને કાર્યકુશળતાનું દાન કર્યું—હવે તે વડે અનેક સેનાપતિઓ ભાવ-પ્રકાશના માર્ગમાંનાં કઠણ વિઘ્નો પાર કરીને સાહિત્યનાં નવાં નવાં ક્ષેત્રો શોધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે છે અને તેના પર અધિકાર જમાવી શકે છે.—પરંતુ એ સેનાનીની યોજના કરનારને યુદ્ધજયનો જશ સૌથી પહેલો આપવો જ પડે.

બંગાળીભાષાને પૂર્વપ્રચલિત બિનજરૂરી સમાસાડંબરમાંથી મુક્ત કરી, તેનાં પદોમાં અંશયોજનાનો સરસ નિયમ દાખલ કરીને વિદ્યાસાગર બંગાળી ગદ્યને તમામ જાતના ઉપયોગ માટે યોગ્ય કરીને જ જંપ્યા એમ નહિ, તેઓ તેને સુંદર બનાવવા માટે પણ હમેશાં પ્રયત્નશીલ રહ્યા હતા. ગદ્યનાં પદોમાં ધ્વનિસામંજસ્ય સ્થાપન કરીને, તેની ગતિમાં એક સૂક્ષ્મ છંદ:પ્રવાહ જાળવીને, સૌમ્ય અને સરળ શબ્દો પસંદ કરીને વિદ્યાસાગરે બંગાળી ગદ્યને સુન્દરતા અને પરિપૂર્ણતાનું દાન કર્યું છે. ગ્રામ્યપાંડિત્ય અને ગ્રામ્યબર્બરતા, બંનેના હાથમાંથી બચાવી તેઓ એને દુનિયાની ભદ્ર સભાને શોભે એવી આર્યભાષા રૂપે ઘડી ગયા છે. તે પહેલાં બંગાળી ગદ્યની જે દશા હતી તેનો વિચાર કરી જોઈએ તો આ ભાષાઘડતરમાં વિદ્યાસાગરની કલાપ્રતિભા અને સર્જનશક્તિનો પ્રચૂર પરિચય મળી રહે છે.

પરંતુ પ્રતિભાસંપન્ન તરીકે વિદ્યાસાગરનું સન્માન નથી. ખરું જોતાં તો વિદ્યાસાગરે જેની ઉપર પોતાની પ્રતિભાનો પ્રયોગ કર્યો તે અસ્થિર અને પરિવર્તનશીલ છે. ભાષા નદીના પ્રવાહ જેવી છે,—તેની ઉપર કોઈનું નામ કોતરી રાખી શકાતું નથી. જાણે એ સદાકાળ અને સર્વત્ર સ્વભાવથીજ આવી રીતે વહેતી આવી હોય એવું લાગે છે. ખરેખર ને કયાં કયાં ઝરણાંના પ્રવાહથી પરિપુષ્ટ બનેલી છે તેનો નિર્ણય કરવો હોય તો સામા વહેણે જઈ મૂળના દુર્ગમ ગિરિશિખર પર ચડવું પડે. કોઈ ગ્રંથ, કે ચિત્ર કે મૂર્તિ સદાકાળ પોતાની સ્વતંત્રતા સાચવીને પોતાના રચયિતાનું સ્મરણ કરાવે છે, પરંતુ ભાષા નાનામોટા અસંખ્ય માણસોની પાસેથી જીવન મેળવી વિસ્તૃત થતી; પૂર્વ ઈતિહાસ ભૂલીને આગળ વધે છે, ખાસ કોઈના નામની જાહેરાત કરતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એનો અફસોસ કરવાની જરૂર નથી: કારણ કે વિદ્યાસાગરનું ગૌરવ કેવળ તેમની પ્રતિભાની ઉપર આધાર રાખતું નથી.

પ્રતિભા આખો માણસ નથી; તે માણસનો એક અંશ માત્ર છે. પ્રતિભા મેઘમાં વિદ્યુત સમ છે, અને મનુષ્યત્વ, દિવસનો પ્રકાશ છે, તે સર્વવ્યાપી અને સ્થિર છે. પ્રતિભા મનુષ્યનો સર્વશ્રેષ્ઠ અંશ છે.—અને મનુષ્યત્વ જીવનની પળે પળે એકે એક કામમાં પોતાને વ્યક્ત કરતું હોય છે. પ્રતિભા ઘણી વખત વીજળીની પેઠે પોતે એક અંશ હોવાને લીધે લોકચક્ષુને તીવ્રરૂપે આઘાત કરે છે અને ચરિત્ર-મહત્વ પોતે વ્યાપક હોવાને લીધે પ્રતિભાની સરખામણીમાં મ્લાન જણાય છે. પરંતુ ચરિત્રની શ્રેષ્ઠતા એ જ ખરી શ્રેષ્ઠતા છે. એ વિષે વિચારી જોતાં કોઈને સંશય નહિ રહે.

ભાષા, પથ્થર અથવા ચિત્રપટ દ્વારા સત્ય અને સૌન્દર્ય પ્રગટ કરવું એ શક્તિનું કાર્ય છે એ વિષે શંકા નહિ, તેમાં વિવિધ વિઘ્નો વટાવવાં પડે છે અને અસાધારણ કુશળતા બતાવવી પડે છે. પરંતુ પોતાના સમગ્ર જીવન દ્વારા સત્ય અને સૌન્દર્ય પ્રગટ કરવું એ એના કરતાં વધારે અઘરું છે, તેમાં ડગલે ને પગલે કઠોર વિઘ્નો વટાવવાં પડે છે, અને તેમાં સ્વાભાવિક સૂક્ષ્મ સમજશક્તિ અને કુશળતા, તથા સંયમ અને બળની જરૂર પડે છે.

આ ચરિત્ર ઘડતરની પ્રતિભા કોઈ સાંપ્રદાયિક શાસ્ત્રના નિયમાનુસાર ચાલતી નથી. સાચા કવિનું કવિત્વ જેમ અલંકારશાસ્ત્રથી પર હોય છે, છતાં વિશ્વહૃદયમાં વિધિએ રચેલા ને છુપાવીને રાખેલા અલિખિત અલંકાર શાસ્ત્રના કોઈ પણ નિયમની સાથે તેનો સ્વાભાવિક રીતે જ સંપૂર્ણ મેળ મળી જાય છે, તેમ જે ખરેખરો મનુષ્ય છે તેનું શાસ્ત્ર તેના અંતરની અંદર હોય છે, છતાં વિશ્વવ્યાપી મનુષ્યત્વના તમામ નિત્ય નિયમોની સાથે તે શાસ્ત્રનો આપોઆપ મેળ મળી જાય છે. એટલે બીજી પ્રતિભામાં જેમ 'ઓરિજિનાલિટી' અર્થાત મૌલિકતા દેખાય છે, તેમ મહચ્ચરિત્રમાં પણ તેવી મૌલિકતાની જરૂર પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણાઓ વિદ્યાસાગરમાં મૌલિક પ્રતિભા નહોતી એવો ઇશારો કરતા હોય છે; તેઓ માને છે કે મૌલિકતા કેવળ સાહિત્યમાં અને શિલ્પમાં, વિજ્ઞાનમાં અને દર્શનમાં જ પ્રગટ થાય છે. વિદ્યાસાગરે આ ગરીબ કંગાળ બંગસમાજમાં પોતાના ચરિત્રને મનુષ્યત્વના આદર્શ રૂપે પ્રગટ કરી જે અસાધારણ મૌલિકતા પ્રગટ કરી છે તે બંગાળના ઇતિહાસમાં અતિ વિરલ છે. એટલી બધી વિરલ કે એક શતાબ્દિમાં બીજાં એક બે જ નામ યાદ આવે છે, અને તે બધામાં રામમોહનરાય સર્વશ્રેષ્ઠ છે.

મૌલિકતા શબ્દ સાંભળતાં તેને સંકુચિતતા સમજી બેસવાનો ભ્રમ થવા સંભવ છે. એ વ્યકિતગત વિશેષતા છે, જનસાધારણની સાથે તેને કંઇ સંબંધ નથી એવું લાગે; પરંતુ એ ખરું નથી. વસ્તુત: આપણે નિયમની શૃંખલામાં અને જટિલ કૃત્રિમતાના બંધનમાં એવા જકડાઈ ગયેલા અને દબાઈ ગયેલા છીએ કે આપણે સમાજના યંત્ર–ચાલિત પૂતળા જેવા બની જઈએ છીએ. મોટા ભાગનાં કામો આપણે સંસ્કાર વશ થઈને કેવળ અંધભાવે પૂરાં કરીએ છીએ; પોતાપણું કોને કહે તેની આપણને ખબર નથી. જાણવાની આવશ્યકતા પણ આપણે સમજતા નથી. આપણી અંદર રહેલો મૂળ પુરુષ જન્મથી માંડીને મરણ સુધી ઘણું ખરું સૂતેલો જ પડયો હોય છે, અને તેની જગાએ નિયમથી બદ્ધ તંત્ર કામ કરતું હોય છે. જેનામાં મનુષ્યત્વનું પ્રમાણ વધારે હોય છે, તેનામાં એક પ્રકારની પ્રબળ શક્તિ હોય છે; તે શક્તિને ચિરકાળથી ચાલી આવતા રિવાજ અને ટેવના જડ ઢાંકણમાં દબાવી રાખી શકાતી નથી. એવા માણસોને જ પોતાની ચરિત્રનગરીમાં સ્વ-શાસનનો અધિકાર પ્રાપ્ત થાય છે. અંતરમાં રહેલા મનુષ્યત્વની આ સ્વાધીનતાને જ પોતાપણું કહે છે. આ પોતાપણું વ્યક્ત ભાવે અમુક એક વ્યક્તિનું છે, પરંતુ અવ્યક્ત ભાવે એ આખી માનવ-જાતનું છે. મોટા માણસો આ પોતાપણાના પ્રભાવે કરીને એક તરફ સ્વતંત્ર હોય છે—એકાકી હોય છે, બીજી તરફ આખી માનવજાતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ–સહોદર હોય છે. આપણા દેશમાં રામમોહનરાય અને વિદ્યાસાગર બંનેના જીવનમાં આ દેખાય છે. એક તરફ તેઓ ભારતવર્ષીય છે. તેમ બીજી તરફ યુરોપીય પ્રકૃતિની સાથે તેમના ચરિત્રનું ખૂબ જ મોટા પ્રમાણમાં નિકટનું સાદૃશ્ય દેખાય છે, છતાં તે સાદૃશ્ય અનુકરણથી આવેલું સાદશ્ય નથી. પહેરવેશ અને આચારવિચારમાં તેઓ સંપૂર્ણ બંગાળી હતા. સ્વદેશનાં શાસ્ત્રોના જ્ઞાનમાં તેમનો બરોબરિયો કોઈ નહોતો. દેશવાસીઓને માતૃભાષામાં શિક્ષણ આપવાની પહેલી શરૂઆત તેઓ જ કરી ગયા હતા,—છતાં નિર્ભિક બલિષ્ઠતા, સત્યાચરણ, લોકહિતૈષીપણું, દૃઢ પ્રતિજ્ઞા અને આત્મશ્રદ્ધાની બાબતમાં તેઓ ખાસ કરીને યુરોપીય મહાજનોની સાથે સરખાવી શકાય એવા હતા. યુરોપના લોકોનું તુચ્છ બાહ્ય અનુકરણ કરવા તરફ તેમણે અણગમો પ્રગટ કર્યો હતો, તેમાં પણ તેમની યુરોપિયનોને સુલભ એવી ઊંડી સ્વમાનની સમજ દેખાઈ આવે છે. યુરોપિયનો જ શા માટે, સરળ સત્યપ્રિય સાંતાલલોકો જે પ્રમાણમાં મનુષ્યત્વથી વિભૂષિત છે, તે પ્રમાણમાં વિદ્યાસાગર તેમના દેશવાસી બંગાળીઓના કરતાં એ સાંતાલોની સાથે પોતાના અંતરની એકતા અનુભવતા હતા.

કોઈ કોઈ વખત વિધાતાના નિયમમાં આવો અજબ અપવાદ કેમ દેખાય છે, વિધાતા જ્યાં ચાર કરોડ બંગાળીઓ ઘડવા બેઠા હતા ત્યાં અચાનક એક બે માણસ ઘડીને કેમ રહી ગયા તે કહેવું મુશ્કેલ છે. મોટા માણસોના જન્મ પાછળ કયો નિયમ કામ કરે છે તે હજી બધાયે દેશોમાં રહસ્ય છે—આપણા આ ક્ષુદ્રકર્મા અને ભીરૂહૃદયના દેશમાં એ રહસ્ય બમણું દુર્ભેદ્ય છે. વિદ્યાસાગરની ચારિત્રસૃષ્ટિ પણ રહસ્યમાં ઢંકાયેલી છે,—પરંતુ એ ચરિત્રનું બીજું સાચું હતું એટલું જોઈ શકાય છે. ઈશ્વરચંદ્રના પૂર્વજોમાં મહત્વનું ઉપકરણ પુષ્કળ પ્રમાણમાં સંચિત હતું.

વિદ્યાસાગરનું જીવનવૃત્તાંત જોઈએ તો સૌથી પહેલાં તેમના પિતામહ રામજય તર્કભૂષણ આપણું ધ્યાન ખેંચે છે. તેઓ અસાધારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિ હતા, તે વિષે શંકા નહિ.

મેદિનીપુર જીલ્લાના વનમાલીપુર ગામમાં તેમનું બાપદાદાનું ઘર હતું. પિતાના મૃત્યુ પછી માલમિલકતની બાબતમાં ભાઈઓની સાથે મતભેદ થતાં તેઓ સંસારનો ત્યાગ કરી ચાલી ગયા હતા. ઘણાં વરસ પછી તર્કભૂષણ દેશમાં પાછા આવ્યા. જુએ તો તેમની પત્ની દુર્ગાદેવી જેઠ અને દિયરો તરફથી જાકારો મળતાં પહેલાં સાસરીથી વીરસિંહગ્રામમાં પિયરમાં જઈને રહી હતી અને પછી ત્યાં પણ ભાઈ અને ભોજાઈનાં મેણાં ખાવાનું થતાં વૃદ્ધ પિતાની મદદથી બાપના ઘરની પાસે એક ઝૂંપડીમાં રહેતી હતી અને ચરખો ચલાવી એ પુત્ર તથા ચાર કન્યાઓની સાથે જેમ તેમ દિવસો પૂરા કરતી હતી. તર્કભૂષણ ભાઈઓની કુવર્તણૂંકની વાત જાણી પોતાનો ભાગ અને ભાઈઓનો સંબંધ છોડી દઈ જુદા ગામમાં ગરીબાઈ ધારણ કરી રહ્યા. પરંતુ જેના સ્વભાવમાં જ મહત્ત્વ છે, તે ગરીબાઈથી ગરીબ થતો નથી. વિદ્યાસાગરે પોતે પોતાના પિતામહના ચરિત્રનું જે વર્ણન કર્યું છે તેમાંથી છૂટથી ઉતારા આપવાનું મન થાય છે:

"તેઓ ખૂબ જ તેજસ્વી હતા; કોઈ પણ બાબતમાં કોઈની પણ આગળ તેઓ નીચી મૂંડી રાખી શકતા નહિ, કે કોઈ પણ જાતનો અનાદર કે અપમાન સહન કરી શકતા નહિ. તેઓ દરેક સ્થળે, દરેક બાબતમાં, પોતાના અભિપ્રાય પ્રમાણે જ વર્તતા. બીજાના અભિપ્રાયને અનુસરવું એ તેમના સ્વભાવ અને ટેવની બિલકુલ વિરુદ્ધ હતું. ઉપકારની આશાએ કે બીજા કોઈ કારણે કદી પણ બીજાની ખુશામત કે અનુસરણ કરવાનું તેમનાથી બનતું નહિ."*

આ પરથી શ્રોતાઓ સમજી શકશે કે સંયુક્તકુટુંબ આ અગ્નિના ટુકડાને કેમ પકડી રાખી શક્યું નહિ. તેઓ પાંચ ભાઈઓ હતા. પરંતુ તેઓ એકલાજ નિહારિકાચક્રમાંથી છૂટા પડેલા જ્યોતિષ્કની

---

* વિદ્યાસાગરકૃત આત્મકથા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠે પોતાના જ વેગથી બહાર ફેંકાઈ ગયા હતા. સંયુક્ત કુટુંબ, પોતાની અતિ ભારે ચક્કીમાં પણ એમના દૃઢ ચારિત્રસ્વાતંત્ર્યને પીસી શક્યું નહિ.

"તેમના સાળા રામસુંદર વિદ્યાભૂષણ ગામના મુખ્ય માણસ ગણાતા, તેથી ખૂબ અભિમાની અને ઉદ્ધત સ્વભાવના હતા. તેમણે ધાર્યું હતું કે બનેવી રામજય મારા કહેવા પ્રમાણે ચાલશે. પરંતુ, પોતાનો બનેવી કઈ પ્રકૃતિનો માણસ છે એની સમજ પડતાં, તેઓ તેવો ખ્યાલ પણ કરી શકતા નહોતા. રામસુંદરના કહેવા પ્રમાણે નહિ ચાલો તો એ તમને ખૂબ સતાવશે એવો ઘણાઓએ રામજયને ભય બતાવ્યો હતો પરંતુ રામજય, કોઈ પણ વાતે બીવાનું તો શીખ્યા જ નહોતા. તેઓ ચોખ્ખું કહેતા કે ઘરમાંથી નીકળી જઈશ પણ સાળાનો દાસ બનીને નહિ રહું. સાળાના ક્રોધને લીધે, કોઈ કોઈ વખત તેમને જુદા થઈને રહેવું પડતું અને અનેક જાતના જુલમો ને ઉપદ્રવો સહન કરવા પડતા.

તેમની તેજસ્વિતાનું એક ઉદાહરણ અહીં આપી શકાય કે જમીનદારે જ્યારે તેમના વીરસિંહગ્રામનાં નવાં ઘરબાર બ્રહ્મોત્તર કરવાનો વિચાર કર્યો ત્યારે રામજયે તે દાન લેવાની ના પાડી. ગામના ઘણા માણસોએ તેમને તેમ નહિ કરવાની સલાહ આપી, પણ તેમણે કોઈનો આગ્રહ માન્યો નહિ. આવા માણસ માટે ગરીબાઈ પણ મહા ઐશ્વર્ય છે, એથી તેમની સ્વાભાવિક સંપત્તિ વધારે જાજ્વલ્યમાન બને છે.*

પરંતુ તર્કભૂષણ પોતાની સ્વતંત્રતાના ગુમાનમાં જનસાધારણનો તિરસ્કાર કરી આઘા રહેતા એવું નથી. વિદ્યાસાગર કહે છે: 'તર્કભૂષણ મહાશય ખૂબ જ નિઃસ્પૃહ અને નિરભિમાની હતા; નાના મોટા તમામની સાથે તેઓ સમભાવપૂર્વક લાગણીભર્યો અને આદર-ભર્યો વર્તાવ રાખતા, તેઓ જેને કપટી સમજતા તેની સાથે બને

* શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાં સુધી વાત કરતા નહિ. તેઓ સ્પષ્ટ બોલનારા હતા, કોઈ ગુસ્સે થશે કે કોઈને નહિ ગમે એમ સમજી સાચું કહેતાં તેઓ ડરતા નહિ કે અચકાતા નહિ. તેઓ જેવા સ્પષ્ટવક્તા હતા, તેવા જ યથાર્થવક્તા પણ હતા. કોઈની પણ બીકે કે કોઈના આગ્રહથી કે બીજા કોઈ કારણે, કદી પણ કોઈ પણ વિષયમાં તેઓ અયથાર્થ વાત કરતા નહિ. જેમનું આચરણ તેમને ભદ્ર દેખાતું, તેને જ તેઓ ભદ્ર ગણતા; અને આચરણમાં જેઓ અભદ્ર દેખાય, તે વિદ્વાન હોય, ધનવાન હોય કે શક્તિશાળી હોય તોપણ તેઓ તેને ભદ્રજન માનતા નહિ. '×

તર્કભૂષણ મહાશયનાં બળ અને સાહસ પણ અજબ હતાં. આખો વખત એમના હાથમાં એક લોહદંડ રહેતો. તે જમાનામાં ઘણા માણસો ભેગા મળીને ન જાય તો એક જગાથી બીજી જગાએ જઈ શકતા નહિ, પરંતુ તર્કભૂષણ એકલા આ લોહદંડ હાથમાં લઇ નિર્ભય બની સર્વત્ર આવજા કરતા; એટલું જ નહિ, બે ચાર વખત હુમલો થતાં લૂંટારાઓને તેમણે યોગ્ય સજા પણ કરી હતી. એકવીસ વરસની ઉંમરે તેઓ એક વખત એક રીંછના મોંમાં જઈ પડયા હતા. 'રીંછે નહોર ભરી એમના આખા શરીરને ક્ષતવિક્ષત કરવા માંડયું, અને તેમણે પણ સતત લોહદંડ તેના માથા પર ઝાપટવા માંડયો. છેવટે રીંછ હારીને નીચે પડયો, અને તેમણે તેના પેટ ઉપર ઉપરાઉપરી લાતો મારી તેનો જીવ લીધો.'× છેવટે લોહી નીગળતા ઘવાયેલા શરીરે ચાર કોશનો રસ્તો કાપી તેઓ મેદનીપુરમાં એક સગાના ઘરમાં પથારીવશ થયા;—બે મહિને સાજા થઇને ઘેર પાછા આવ્યા.

હવે બીજી એક ઘટના વર્ણવું એટલે તર્કભૂષણનું ચરિત્રચિત્ર પૂરું થાય.

શકે ૧૨૪૨ના આસોની બારમી તારીખે મંગળવારે

× વિદ્યાસાગરકૃત આત્મકથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાસાગરના પિતા ઠાકુરદાસ બંધોપાધ્યાય નજીકના કોમરગંજમાં બપોરે હાટિયાણું કરવા ગયા હતા. રામજય તર્કભૂષણ તેમને ઘરના એક શુભસમાચાર સંભળાવવા નીકળી પડયા હતા. રસ્તામાં પુત્રનો ભેટો થતાં તેમણે કહ્યું: 'ગાય વિયાઈને વાછડો થયો છે.' આ સાંભળી ઠાકુરદાસ ઘેર આવી કોઢ તરફ જતા હતા. તર્કભૂષણે હસીને કહ્યું: 'ત્યાં નહિ, અહીં આવ—'

આમ કહી એમને સૂતિકાગૃહમાં લઈ જઈ નવો જન્મેલો બાળક ઈશ્વરચંદ્ર દેખાડયો.

આ કૌતુક હાસ્યરશ્મિ વડે રામજયનું બળવાન ઉન્નત ચરિત્ર આપણને પ્રભાતના ગિરિશિખર જેવું રમણીય લાગે છે. આ હાસ્યમય, તેજોમય સરળ સ્વભાવના પુરુષ જેવો આદર્શ બંગાળ દેશમાં અત્યંત વિરલ ન હોય તો બંગાળીઓમાં પૌરુષનો અભાવ ન હોત. મેં તેમનું ચરિત્રવર્ણન જરા વિસ્તારથી ઉતાર્યું છે એનું કારણ એ કે એ દરિદ્ર બ્રાહ્મણ પોતાના પૌત્રને બીજી કોઈજ સંપત્તિ વારસામાં આપી ગયો નહોતો, પરંતુ જે અક્ષર સંપત્તિ વારસામાં આપવાનું એક માત્ર ભગવાનના જ હાથમાં છે, તે સંપત્તિ,—તે અખંડ ચરિત્રમહત્તા પોતાના મોટા પૌત્રના ભાગમાં મૂકી ગયો હતો.

પિતા ઠાકુરદાસ બંધોપાધ્યાય પણ સાધારણ માણસ નહોતા. તેમની ચૌદપંદર વરસની ઉંમરે, જ્યારે માતા દુર્ગાદેવી ચરખા પર સૂતર કાંતીને એકલે હાથે પોતાના બે પુત્ર અને ચાર કન્યાઓનું ભરણપોષણ કરતી હતી, ત્યારે ઠાકુરદાસ કમાવા માટે કલકત્તા ગયા હતા.

કલકત્તામાં આવીને પહેલાં તેમણે પોતાના સગા જગન્મોહન તર્કાલંકારને ઘેર મુકામ કર્યો. અંગ્રેજી શીખું તો સોદાગર સાહેબોની ઑફિસમાં કામ મળી જાય એમ સમજી દરરોજ સાંજે તેઓ એક વહાણના કારકૂનને ઘેર અંગ્રેજી શીખવા જતા. જ્યારે ઘેર આવતા ત્યારે તર્કાલંકારને ઘેર બધાં ખાઈ પરવારીને બેઠાં હોય. એટલે રાતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને ભૂખ્યા જ રહેવું પડતું. છેવટે તેમણે પોતાના શિક્ષકના એક સગાને ત્યાં આશ્રય લીધો. આશ્રયદાતાની સ્થિતિ એવી ગરીબ હતી કે કોઈ કોઈ વખત આખો દિવસ ઉપવાસ ખેંચી કાઢવો પડતો. એક દિવસ ભૂખની પીડાએ તેઓ પોતાની એક માત્ર મૂડી પિત્તળની થાળી અને એક નાનો લોટો કંસારાની દુકાને વેચવા ગયા હતા. કંસારાએ તેની સવારૂપિયો કિંમત કરી, પણ વેચાણ લેવાની ના પાડી. તેણે કહ્યું: 'અજાણ્યા માણસની પાસેથી જૂનાં વાસણ ખરીદવાથી કોઈ કોઈ વાર બહુ આફતમાં ફસાવું પડે છે.×

વળી એક દિવસ બપોરે ભૂખની યાતના ભૂલવા માટે ઠાકુરદાસ ઘરમાંથી બહાર વાટેવાટે ફરવા લાગ્યા. બડબજારથી ઠનઠનિયા સુધી જતાં તેઓ એવા થાકી ગયા કે હવે આગળ એક ડગલું યે ચાલવાની તેમનામાં શક્તિ રહી નહિ. થોડી વાર પછી તેઓ દુકાન આગળ આવીને ઊભા રહ્યા.

જોયું તો એક મધ્યમ વયની વિધવા બાઈ દુકાનમાં મમરા ચણા વેચવા બેઠી હતી. ઠાકુરદાસને ઊભેલા જોઈ એ બાઈએ પૂછ્યું: 'બાપાઠાકુર, કેમ ઊભા છો?' ઠાકુરદાસે તરસ લાગી છે કહી પીવા માટે પાણી માગ્યું. બાઈએ આદર અને સ્નેહથી ઠાકુરદાસને બેસવાનું કહ્યું અને બ્રાહ્મણના છોકરાને ખાલી પાણી ન અપાય એમ સમજી પાણી સાથે થોડા મમરા આપ્યા. મમરા હાથમાં આવતાં ઠાકુરદાસ તે ખાવા માટે એવા તૂટી પડયા કે એ જોઈને બાઈએ પૂછ્યું: 'બાપાઠાકુર, આજે તમે ખાધું લાગતું નથી.' ઠાકુરદાસે કહ્યું: 'હા, મા! આજે હું ભૂખ્યો છું.' પછી એ બાઈએ ઠાકુરદાસને કહ્યું: 'બાપાઠાકુર, પાણી ન પીશો, જરા રહો!'

આમ કહી તે પાસેની ગોવાળની દુકાનેથી દોડતી દહીં લઈ આવી. પછી બીજા થોડા મમરા આપી ઠાકુરદાસને ધરાઈને ખાવાનું કહ્યું. પછી ઠાકુરદાસની પાસેથી બધી વાત જાણી લઈ તેણે આગ્રહ

× શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી કરીને કહ્યું કે જ્યારે આમ ભૂખ્યા રહેવાનું બને ત્યારે અહીં આવીને ફરાળ કરી જજો.

આવી રીતે દુઃખ વેઠીને થોડું અંગ્રેજી શીખ્યા પછી ઠાકુરદાસ પહેલાં મહિને બે રૂપિયા, અને તે પછી બે ત્રણ વરસે માસિક પાંચ રૂપિયા પગાર કમાવા લાગ્યા. એમ કરતાં માતા દુર્ગાદેવીએ જ્યારે જાણ્યું કે એમના ઠાકુરદાસનો મહિને આઠ રૂપિયાનો પગાર થયો છે ત્યારે તેમના આનંદનો પાર રહ્યો નહિ. એમણે ગોઘાટનિવાસી રામ-કાન્ત તર્કવાગીશની બીજી પુત્રી ભગવતીદેવીની સાથે ઠાકુરદાસનાં લગ્ન કર્યાં. તે વખતે ઠાકુરદાસની ઉંમર બાવીસ તેવીસ વરસની હતી.

બંગાળ દેશના સદ્ભાગ્યે આ ભગવતીદેવી એક અસાધારણ સ્ત્રી હતી. શ્રીયુત ચંડીચરણ વંદ્યોપાધ્યાય મહાશય કૃત વિદ્યાસાગરગ્રંથમાં એ દેવીની છબી લિથોગ્રાફથી છાપેલી છે. મોટા ભાગની છબીઓ વધારે વાર જોવાની જરૂર પડતી નથી, જાણે તે પળમાં જ ખલાસ થઈ જાય છે. તે કલામય હશે, સુંદર હશે, પણ તેની અંદર ચિત્ત ચોંટે એવું કંઈ હોતું નથી; છબીપટની ઉપર ઉપર દૃષ્ટિ ફરીને રહી જાય છે. પરંતુ ભગવતીદેવીના આ પવિત્ર મુખમંડળની ગંભીરતા અને ઉદારતા કેટલીયે વાર સુધી ધારીને જોઈએ તો યે પૂરી થતી નથી. ઉન્નત લલાટમાં બુદ્ધિનો પ્રભાવ, દૂરદર્શી અમી વર્ષાવતી વિશાળ આંખો, સરળ સુગઠિત નાસિકા, દયાપૂર્ણ ઓષ્ઠાધર, દૃઢતાપૂર્ણ ચિબુક, અને આખાયે મુખનું કોઈ મહિમામય સંયમી સૌન્દર્ય, જોનારના હૃદયને ખેંચીને બહુ દૂર અને બહુ ઊંચે લઈ જાય છે. ભક્તિભાવની સફળ સાધના માટે વિદ્યાસાગરને આ માતૃદેવી સિવાય બીજી કોઈ પૌરાણિક દેવી પ્રતિમાના મંદિરમાં કેમ જવું ન પડયું તે પણ તે જોતાં આપણને તરત સમજાઈ જાય છે.

ભગવતીદેવીની અખંડ દયા તેમના ગામ, ફળિયા અને પડોશને સતત ભીંજવ્યા કરતી. રોગીની સેવા, ભૂખ્યાને અન્નદાન અને દુઃખીના દુઃખમાં સહાનુભૂતિ બતાવવી એ તેમનું રોજનું કાર્ય હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીરસિંહગ્રામવાળું ઘર આગમાં બળી જતાં જ્યારે વિદ્યાસાગરે પોતાની માતાને કલકત્તા લઈ જવાનું કહ્યું ત્યારે તેમણે કહ્યું: 'કેટલાય ગરીબોનાં છોકરાં અહીં ખાઈને વીરસિંહવિદ્યાલયમાં ભણે છે. હવે હું અહીંથી જતી રહું તો એ લોકો શું ખાઈને નિશાળમાં ભણવા જશે?'*

દયા તો ઘણી સ્ત્રીઓમાં જોવા મળે છે, પણ ભગવતીદેવીની દયામાં એક અસાધારણતા હતી. તે દયા કોઈ પણ જાતની સંકુચિત સંસ્કારમાં બંધાયેલી નહોતી. સાધારણ માણસની દયા દીવાસળીની પેઠે માત્ર અમુક ખાસ સંઘર્ષમાં આવે તો જ ભભકી ઊઠે છે અને તે ટેવ અને લોકાચારની ક્ષુદ્ર પેટીની અંદર પુરાયેલી હોય છે. પરંતુ દેવીનું હૃદય, સૂર્યની પેઠે પોતાનાં બુદ્ધિઊજળાં દશ કિરણો ચારેતરફ વેર્યા કરતું, શાસ્ત્રના કે રિવાજના સંઘર્ષની તે રાહ જોતું નહિ. વિદ્યાસાગરના ત્રીજા ભાઈ શ્રી શંભુચંદ્ર વિદ્યારત્ન મહાશય પોતાના ભાઈના જીવનચરિત્રમાં લખે છે કે એકવખત વિદ્યાસાગરે મારી માતાને પૂછ્યું: 'વરસમાં એક દિવસ પૂજા કરી છસોસાતસો રૂપિયા ખરચી નાખવા એ સારું કે ગામના નિરાધાર અનાથ માણસોને એ રૂપિયા તેમની હાલત પ્રમાણે મહિને મહિને થોડા થોડા કરીને વહેંચી આપવા એ સારું?' આ સાંભળી માતાએ જવાબ દીધો: 'ગામના ગરીબ નિરાધાર માણસોનું રોજ પેટ ભરાય એ સારું; પછી પૂજા કરવાની જરૂર નથી.'

આ શબ્દો કંઈ સાધારણ શબ્દો નથી;—તેમની નિર્મળ બુદ્ધિ અને ઉજ્જવળ દયા પ્રાચીન સંસ્કારના આવરણને આટલી સહેલાઈથી દૂર કરી શકે એ મને ખૂબ વિસ્મયકારક લાગે છે. સ્ત્રીઓનું લોકાચારનું બંધન જેટલું મજબૂત હોય છે તેટલું બીજા કોનું હોય છે? છતાં, કેવા અજબ સ્વભાવિક મનોબળ દ્વારા તેમણે જડ પ્રથાની દીવાલ ભેદીને નિત્યજ્યોતિર્મય અનંત વિશ્વધર્માકાશમાં આરોહણ કર્યું હતું!

* શ્રી શંભુચન્દ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યની સેવામાં જ ખરી દેવસેવા છે એ વાત તેમને આટલી સહજ કેવી રીતે લાગી? તેનું કારણ એ કે બધી સંહિતાઓ કરતાં સૌથી જૂનામાં જૂની સંહિતા તેમના હૃદયમાં કોતરાયેલી હતી.

સિવિલિયન હેરિસન સાહેબ જ્યારે કામ પ્રસંગે મેદિનીપુર જીલ્લામાં ગયા, ત્યારે ભગવતીદેવીએ પોતાના નામે કાગળ લખી તેમને ઘેર આવવાનું નિમંત્રણ આપ્યું હતું. આ સંબંધમાં તેમના ત્રીજા પુત્ર શંભુચંદ્ર નીચેનું વર્ણન આપી ગયા છે: 'માતાએ સાહેબના ભોજન વખતે જાતે હાજર રહીને તેમને જમાડયા હતા. એક વૃદ્ધ હિંદુ સ્ત્રીને સાહેબના ભોજન વખતે ખુરશીમાં બેસી છૂટથી વાતોચીતો કરતી જોઈ સાહેબ આભા બની ગયા હતા!...સાહેબે હિંદુની પેઠે નીચા નમી માતાને માતૃભાવે વંદન કર્યું હતું. પછી અનેક વિષય પર વાતોચીતો થઈ. માતા વૃદ્ધ હિંદુ નારી હતાં, પણ તેમનો સ્વભાવ બહુ ઉદાર હતો, મન અતિ ઉન્નત હતું, અને મનમાં લેશમાત્ર કુસંસ્કાર નહોતા. ધનવાન કે ગરીબ, વિદ્વાન કે મૂર્ખ, ઊંચ વર્ણનો કે નીચ વર્ણનો, પુરુષ કે સ્ત્રી, હિંદુ ધર્મી કે અન્ય ધર્મી—સૌની તરફ તેઓ સમદૃષ્ટિથી જોતાં હતાં.'

શંભુચન્દ્ર અન્યત્ર લખે છે: '૧૨૬૬ની સાલથી ૭૨ની સાલ સુધીમાં કેટલીયે વિધવાઓનાં પુનર્લગ્ન કરાવવામાં આવ્યાં હતાં. એ બધાં પરણેલાંઓને સંકટમાંથી બચાવવા વાસ્તે મોટાભાઈ ખાસ કોશિશ કરતા. તેઓને કોઈ કોઈ વખત દેશમાં પોતાને ઘેર લાવતા. આવી બધી પરણેલી સ્ત્રીઓનો કોઈ તિરસ્કાર ન કરે એટલા માટે માતાજી એવી પરણેલી બ્રાહ્મણ સ્ત્રીઓની સાથે એકત્ર એક પાત્રમાં ભોજન કરતાં." *

તે વખતે વિધવાવિવાહનું આંદોલન શરૂ કરવા દેશના પુરુષો વિદ્યાસાગરનો જીવ લેવાની છૂપી તૈયારીઓ કરતા હતા, અને દેશનો પંડિતવર્ગ શાસ્ત્રોનું મંથન કરી ખોટી દલીલો, અને ભાષાનું મંથન

* શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી કડવાં વચનો શોધી કાઢી વિદ્યાસાગરના માથા પર વરસાવતો હતો. પણ આ સ્ત્રીને કોઈ શાસ્ત્રનો કોઈ શ્લોક શોધવાની જરૂર પડી નહોતી. વિધાતાએ પોતાના હાથે લખેલું શાસ્ત્ર તેમના હૃદયમાં રાતદિવસ ખુલ્લું હતું. અભિમન્યુ માતાના ઉદરમાં હતો ત્યારે કોઠાવિદ્યા શીખ્યો હતો. તેમ વિદ્યાસાગર પણ વિધિના લખેલા એ મહાશાસ્ત્રનું માતાના ગર્ભમાં જ અધ્યયન કરીને આવ્યા હતા.

મને બીક છે કે સમાલોચક મહાશયોને કદાચ એવું લાગશે કે વિદ્યાસાગર વિષેના નાનકડા નિબંધમાં એમની માતા વિષે આટલી બધી ચર્ચા કરવી એ કંઈક પ્રમાણ ભૂલી જવા જેવું થાય છે. પરંતુ એટલું તો તેઓ કબૂલ કરશે કે અહીં માતાના ચરિત્રમાં અને પુત્રના ચરિત્રમાં કંઈ જ ભેદ નથી, બંને જાણે એકબીજાની નવી આવૃત્તિ છે. વળી મહાપુરુષોનો ઇતિહાસ બહારનાં વિવિધ કાર્યોમાં અને જીવનવૃત્તાંતમાં અમર થાય છે, અને મહાન નારીનો ઇતિહાસ પોતાના પુત્રના ચરિત્રમાં અને પોતાના પતિના કાર્યમાં રચાતો હોય છે, અને તે લખાણમાં તેનો નામોલ્લેખ હોતો નથી.

એટલે, વિદ્યાસાગરના જીવનમાં તેમની માતાનું જીવનચરિત્ર કેવી રીતે લખાયું તેનો બરાબર વિચાર કરવામાં ન આવે તો બંનેનાં જીવન અધૂરાં રહે છે. વળી આપણે આજે જે મહાત્માની સ્મૃતિ-પ્રતિમાની પૂજા કરવા અહીં એકઠા થયા છીએ, તેઓ જો કોઈ સૂક્ષ્મ ચિન્મય દેહે અત્યારે આ સભામાં બિરાજમાન હોય અને જો આ અયોગ્ય ભક્ત દ્વારા થતું તેમનું ચરિત્રકીર્તન તેમના સાંભળવામાં આવે, તો આ લેખમાં જે ઠેકાણે તેમના જીવનચરિત્રના નામે તેમની માતાનું માહાત્મ્ય ગાયું છે તે ઠેકાણે જ તેમના દિવ્ય નેત્રમાંથી દડદડ પુણ્યાશ્રુની વૃષ્ટિ પડવા માંડે એ વિષે મને લગીરે શંકા નથી.

વિદ્યાસાગરે "વર્ણપરિચય" ના પહેલા ભાગમાં ગોપાલ નામે એક ડાહ્યા છોકરાનું ઉદાહરણ આપ્યું છે. તે છોકરો માતાપિતા એને જે કહે તે કરે છે. પરંતુ ઈશ્વરચંદ્ર પોતે જ્યારે એ ગોપાલ જેવડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતા ત્યારે કોઈ કોઈ બાબતમાં ગોપાલના કરતાં રાખાલને તેઓ વધારે મળતા આવતા. પિતાનું કહેવું કરવાની વાત તો દૂર રહી, પણ પિતા જે કહેતા તેનાથી બરાબર ઊંધું જ તે કરી બેસતા.

શંભુચંદ્ર લખે છે: 'પિતા તેમનો સ્વભાવ સમજી ગયા હતા, ને તે પ્રમાણે વર્તતા હતા. જે દિવસે ધોયેલું કપડું ન હોય તે દિવસે તેઓ કહેતા: આજે તારે સારાં લૂગડાં પહેરીને નિશાળે જવાનું છે. તરત મોટાભાઈ કહેતા: નહિ, આજે હું મેલાં લૂગડાં પહેરીને જ જવાનો. પિતા કહે કે આજે નહાવાનું છે, તો એ સાંભળતાં જ મોટા ભાઈ કહે, આજે હું નાહવાનો નથી. પિતા મારીને, પણ એમને નવડાવી શકતા નહિ. સાથે લઈ જઈને ટંકશાળના ઘાટે ઉતારે તો પણ તે ઊભા જ રહે. પછી પિતા ધોલધપાટ કરીને જોર કરી તેમને નવડાવે."*

પાંચ છ વરસની ઉંમરે જ્યારે તેઓ ગામની પાઠશાળામાં ભણવા જતા, ત્યારે પડોશી મથુરમંડલની સ્ત્રીને ખીજવવા માટે તેઓ એવું અસભ્ય તોફાન કરતા કે 'વર્ણપરિચય'ના સૌની નિંદાનો ભોગ બનેલા બિચારા રાખાલે પણ એવું તોફાન કદી કર્યું નહિ હોય.

ભલા બંગાળદેશમાં ગોપાલના જેવા ડાહ્યા છોકરાઓની ખોટ નથી. આ ક્ષીણતેજ દેશમાં રાખાલ અને તેનું જીવનચરિત્ર લખનારા ઈશ્વરચંદ્રના જેવા તોફાની છોકરાઓનો પ્રાદુર્ભાવ થાય તો બંગાળીઓના માથેથી શીર્ણ ચરિત્રનો અપવાદ દૂર થઈ શકે. ડાહ્યા છોકરાઓ પરીક્ષાઓ પાસ કરીને સારી નોકરી અને લગન વખતે પુષ્કળ પરઠણ મેળવે છે એ વિષે શંકા નથી, પરંતુ તોફાની અને કોઈના કબજામાં ન રહેતા છોકરાઓની પાસેથી સ્વદેશને માટે ઘણી આશાઓ રાખી શકાય છે. ઘણા સમય પહેલાં એક વખત નવદ્વીપની શચીમાતાના એક મહા તોફાની છોકરાએ આ આશા પૂર્ણ કરી હતી.

* શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત્ર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એક બાબતમાં રાખાલની સાથે તેના જીવનચરિત્રના લેખકનું મળતાપણું નથી. રાખાલ ભણવા જતી વખતે રસ્તામાં રમે છે, ખાલીખાલી મોડું કરી, સૌથી છેલ્લો નિશાળમાં જાય છે. પરંતુ ભણવા ગણવામાં બાળક ઈશ્વરચંદ્ર લેશ પણ શિથિલ નહોતો. પિતાના આદેશો અને નિષેધોથી ઊલટું જ કામ કરવાની તેનામાં જેવી ભયાનક જીદ હતી, તેવી જ અદમ્ય જીદ ભણવા ગણવામાં હતી. સંજોગો પ્રતિકૂળ હોય ત્યારે તે પણ સામી પોતાની જીદ પકડી રાખતો. નાનકડો છોકરો માથા પર મોટી છત્રી ઓઢીને બડબાજારના પોતાના ઘેરથી પટલડાંગાની સંસ્કૃત પાઠશાળામાં જતો, ત્યારે તેને જોઈને કોઈ છત્રી ચાલી જતી હોય એવું લોકોને થતું. આ જક્કી છોકરાનું શરીર દુબળું ને નીચું હતું, માથું મોટું હતું એટલે નિશાળના છોકરાઓ એને ખીજવતા. બાળક ઈશ્વરચંદ્ર તે વખતે તોતળો હતો, તેથી ગુસ્સે થઈને કંઈ બોલી શકતો નહિ.

આ બાળક રાતના દશ વાગે સૂઈ જતો. સૂતી વખતે પિતાને કહેતો જતો કે રાતે મને જગાડજો. પિતા ચર્ચના ઘડિયાળમાં બારના ટકોરા થતાં જ ઈશ્વરચંદ્રને જગાડતા, અને એ બાકીની રાત જાગીને અભ્યાસ કરતો. આ પણ હઠીલા છોકરાનો પોતાના શરીર ઉપર જુલમ હતો. શરીર પણ એનો બદલો લેવાનું છોડતું નહિ. વખતોવખત ગંભીર માંદગી આવી ગઈ હતી. પણ કષ્ટથી એ હાર્યો નહોતો.

આ ઉપરાંત ઘરકામ પણ બીજું ઘણું હતું. ઘરમાં પિતા અને વચલો ભાઈ હતો. નોકરચાકર કોઈ હતા નહિ. ઈશ્વરચંદ્ર એ વખત સૌની રસોઈ કરતા—તેમના ભાઈ શંભુચંદ્રે તેનું વર્ણન કર્યું છેઃ સવારે ઊંઘ ઊડી જતાં, ઈશ્વરચંદ્ર થોડીવાર પુસ્તક વાંચી, પછી ગંગાઘાટે જઈને સ્નાન કરી આવતા અને કાશીનાથબાબુના બજાર-માંથી શાકતરકારી ખરીદી લાવતા. શાક સમારતા, ચટણી વાટતા, ચૂલો સળગાવતા ને રસોઈ કરતા. ઘરમાં ચાર જણ જમનારાં હતાં. જમ્યા પછી વાસણ માંજી કરી રસોડાનું કામ પતાવીને નીકળે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશાળે જવાય. રાંધતાં રાંધતાં અને નિશાળે જતાં રસ્તામાં તેઓ મનમાં પાઠ ગોખતા.

આવી હાલત હતી. છતાં બીજી તરફ ઘંટ વાગતાં પાણી પીવા જતા ત્યારે નિશાળના છોકરાઓને મિઠાઈ ખવડાવતા. નિશાળમાંથી માસિક શિષ્યવૃત્તિ મળતી, તેમાંથી એ ખરચ થતું. વળી પટાવાળાની પાસેથી પૈસા ઉછીના લઈને ગરીબ છોકરાઓને નવાં લૂગડાં લાવી આપતા. પૂજાની રજાઓમાં દેશમાં જતા ત્યારે "જેમને ખાવાના સાંસા હતા એવા લોકોને યથાશક્તિ મદદ કરવાનું ચૂકતા નહિ. બીજા માણસોને પહેરવા કપડું ન હોય તો પોતે ટુવાલ ઓઢી લઈ, કપડાં એમને આપી દેતા."*

જે હાલતમાં માણસ પોતે જ પોતાની દયા ખાવાને પાત્ર છે, તે હાલતમાં ઈશ્વરચંદ્રે બીજા પર દયા કરી છે. તેમના જીવનમાં પહેલેથી જ એ દેખાય છે કે તેમણે તમામ પ્રતિકૂળ સંજોગોની સામે વખતોવખત યુદ્ધ કરીને વિજય મેળવ્યો છે. તેમના જેવી દશામાં પડેલા છોકરાને માટે ભણવું એ કંઈ જેવું તેવું કામ નથી, પરંતુ આ દુબળા શરીરવાળા અને મોટા માથાવાળા ગામડિયા છોકરાએ નવાઈ લાગે એટલા થોડા સમયમાં વિદ્યાસાગરની ઉપાધિ મેળવી હતી. તેમના જેવી હાલતવાળા માણસને માટે દાન કરવું, ને દયા કરવી એ ઘણું જ અઘરું કામ છે. પરંતુ ગમે તેવી હાલતમાં પણ, પોતાની ગમે તેવી અગવડમાં પણ પરોપકાર કરતા તે અટક્યા નથી, અને ઘણા શ્રીમંત રાજા રાયબહાદુરો ધનમાં આળોટતા હોવા છતાં જે ઉપાધિ મેળવી શક્યા નથી, તે દરિદ્ર પિતાના આ દરિદ્ર સંતાને મેળવી, અને 'દયાનાસાગર' તરીકે બંગાળમાં સદાને માટે તે નામ કરી ગયો.

કોલેજમાંથી પાસ થઈને નીકળતાં વિદ્યાસાગર પહેલાં ફોર્ટવિલિયમ કોલેજમાં મુખ્ય પંડિત અને પછી સંસ્કૃત કોલેજમાં મદદનીશ મંત્રી

* શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીમાયા. આ નોકરીને લીધે તેઓ જેટલા અંગ્રેજ અધિકારીઓના સંબંધમાં આવ્યા, તે બધાયની પરમ શ્રદ્ધા અને પ્રીતિ તેમણે સંપાદન કરી હતી. આપણા દેશમાં લગભગ બધા જ પોતાનું અને સ્વદેશનું માન ખોઈને અંગ્રેજોની મહેરબાની મેળવે છે. પરંતુ વિદ્યાસાગરે સાહેબના હાથનો શિરપાવ લેવા માટે કદી પણ માથું નમાવ્યું નથી. તેમણે આષણા દેશમાં અંગ્રેજોની મહેરબાનીમાં ગર્વ અનુભવતા, સાહેબાનુજીવી લોકોની પેઠે સ્વમાન વેચીને સન્માન ખરીદવાનો પ્રયત્ન કર્યો નથી. એક દૃષ્ટાન્ત પરથી તે સાબીત થશેઃ એક વખત તેઓ કામ પ્રસંગે હિંદુ કોલેજના પ્રિન્સિપલ કાર સાહેબને મળવા ગયા હતા. સભ્યતાનો ગર્વ રાખનારો આ સાહેબ પોતાના બૂટવાળા બંને પગ મેજ ઉપર ચડાવી, બંગાળી ગૃહસ્થોને મળવામાં વિવેક સમજતો હતો. થોડા દિવસ પછી એ જ કાર સાહેબ કામ પ્રસંગે સંસ્કૃત કોલેજમાં વિદ્યાસાગરને મળવા આવ્યા, ત્યારે વિદ્યાસાગરે માટીજૂતાંવાળા પોતાના સર્વજનવંદનીય એવા ચરણયુગલ મેજ ઉપર લાંબા કરીને આ અહંકારી અંગ્રેજની સાથે વાતચીત કરી. સાહેબ પોતાનું આ નખશિખ અનુકરણ જોઈ ખુશ થયા નહિ એ સાંભળીને હું નથી ધારતો કે કોઈને નવાઈ લાગે!

આ પછી કોલેજની કાર્યપ્રણાલી વિષે તેમની સાથે ઉપરીઓને મતભેદ થવાથી ઈશ્વરચંદ્રે નોકરી છોડી દીધી. શ્રી રસમય દત્ત અને શિક્ષાસમાજના અધ્યક્ષ મોએટ સાહેબ ખૂબ આગ્રહ કરીને પણ તેમની પ્રતિજ્ઞા તોડાવી શકયા નહિ. સંબંધીઓ અને મિત્રોએ પૂછ્યું કે હવે તમારો નિર્વાહ કેવી રીતે ચાલશે? તેમણે કહ્યુંઃ શાકતરકારી વેચીને કે મોદીની દુકાન કરીને ચલાવીશ.

તે વખતે પોતાના ઘરમાં લગભગ વીસ છોકરાઓને તેઓ અન્ન-વસ્ત્ર આપીને ભણાવતા હતા—તેમાંના કોઈને પણ તેમણે રજા આપી નહિ. તેમના પિતા પહેલાં નોકરી કરતા હતા, પણ પછી વિદ્યાસાગરના ખૂબ આગ્રહથી નોકરી છોડી ઘેર ગયા હતા, ને તેમને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરખરચો મોકલાતો હતો. વિદ્યાસાગરે નોકરી છોડી દીધા પછી દર મહિને દેવું કરીને પચાસ રૂપિયા ઘેર મોકલવા માંડ્યા. આ વખતે મોયેટ સાહેબના ખાસ આગ્રહથી વિદ્યાસાગર કેપ્ટન બેન્ક નામે એક અંગ્રેજને કેટલાક મહિનાથી બંગાળી અને હિંદી શીખવતા હતા. સાહેબે એમને માસિક પચાસ રૂપિયાના હિસાબે પગાર આપવા માંડ્યો ત્યારે વિદ્યાસાગર બોલ્યા: 'આપ મોયેટ સાહેબના મિત્ર છો, અને મોયેટ સાહેબ મારા મિત્ર છે—એટલે આપની પાસેથી હું પગાર નહિ લઉં !'

સને ૧૮૫૦ માં વિદ્યાસાગર સંસ્કૃત કોલેજમાં સાહિત્યના અધ્યાપક અને ૧૮૫૧ માં એ જ કોલેજના પ્રિન્સિપલ નીમાયા. આઠ વરસ કુશળતાપૂર્વક કામ કર્યા પછી, કેળવણીખાતાના એક નવા આવેલા જુવાન સિવિલિયન અધિકારીની સાથે મતભેદ થતાં સને ૧૮૫૮ માં તેમણે નોકરી છોડી દીધી. વિદ્યાસાગર સ્વભાવે જ સંપૂર્ણ સ્વતંત્ર માણસ હતા. બિનરોકટોક પોતાની ઇચ્છા પ્રમાણે કામ કરવા દેવામાં આવે તો જ તેઓ કામ કરી શકતા. ઉપરી અધિકારીઓ તરફથી કોઇ પણ વિરોધ થતાં, તેમને અનુકૂળ થવા ખાતર પોતાની વિચારણાના પ્રવાહમાં તેઓ જરા પણ ફેરફાર કરી શકતા નહિ. કાર્યનીતિના નિયમ પ્રમાણે આ તેમને માટે પ્રશંસનીય ન કહેવાય, પણ વિધાતાએ તેમને સ્વતંત્ર આધિપત્ય ભોગવવા મોકલ્યા હતા; કોઈના તાબામાં રહીને કામ કરવાનો ગુણ તેમને આપ્યો નહોતો. આવા ગુણવાળા બંગાળી કર્મચારીઓની ખોટ નથી, એટલે તેમાં વિદ્યાસાગરનો ઉમેરો કરી સંખ્યા વધારવાનું વિધાતાને બિનજરૂરી અને અસંગત લાગ્યું હતું.

વિદ્યાસાગર જ્યારે સંસ્કૃત કોલેજમાં નોકરી કરતા હતા ત્યારે કોલેજના કામકાજમાં ડૂબેલા હોવા છતાંયે તેમણે સમાજની સામે એક ભીષણ યુદ્ધ શરૂ કરી દીધું હતું. એક દિવસ વીરસિંહભવનના ચંડીમંડપમાં બેસીને ઈશ્વરચંદ્ર પોતાના પિતાની સાથે વીરસિંહની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિશાળ વિષે વાતચીત કરતા હતા એવામાં તેમનાં માતા રોતાં રોતાં ચંડીમંડપમાં આવી, એક બાલિકા વિધવા થયાની વાત કરી બોલ્યાં: તું આટઆટલાં શાસ્ત્ર ભણ્યો તેમાં વિધવાનો કંઈ ઉપાય બતાવેલો નથી ?'*

માતાનો પુત્ર ઉપાય શોધવા લાગી ગયો.

સ્ત્રીજાતિ તરફ વિદ્યાસાગરને ખાસ સ્નેહ અર્થાત ભક્તિભાવ હતો. આ પણ તેમના બલવાન પૌરુષનું એક મુખ્ય લક્ષણ છે. સાધારણ રીતે આપણે સ્ત્રી જાતિની ઈર્ષા કરનારા છીએ; અબલા સ્ત્રીનાં સુખસ્વાસ્થ્ય અને સ્વતંત્રતા આપણા મનથી ખૂબ પરિહાસનો વિષય છે, પ્રહસનનું સાધન છે. આપણી ક્ષુદ્રતા અને કાપુરુષતાનાં બીજાં લક્ષણોમાં આ પણ એક છે.

વિદ્યાસાગર બાળપણમાં જગદ્દુર્લભ બાબુના ઘરમાં રહ્યા હતા. એ જગદ્દુર્લભની નાની બહેન રાઈમણિના સંબંધમાં તેમણે પોતાની આત્મકથામાં જે લખ્યું છે તે અહીં ઉતારી શકાય: "રાઈમણિનાં અદ્ભુત સ્નેહ અને સંભાળ હું કોઈ કાળે ભૂલી શકયાનો નથી. પુત્રની ઉપર માતા જેવાં લાડસ્નેહ રાખે તેના કરતાં વધારે લાડસ્નેહ ગોપાલચંદ્રની ઉપર રાઈમણિ રાખતી હતી એ વિષે શંકા નથી. પરંતુ મને અંતરનો પાકો વિશ્વાસ છે કે મારા ને ગોપાલ પ્રત્યેના લાડસ્નેહમાં રાઇમણિ લેશમાત્ર ભેદભાવ રાખતી નહોતી. ટૂંકમાં કહેવાનું એ કે સ્નેહ, દયા, સૌજન્ય, ઉદારતા અને સદ્‌વિવેક વગેરે સદ્‌ગુણોમાં રાઇમણિની તોલે આવે એવી સ્ત્રી હજી સુધી મેં કોઈ જોઈ નથી. એ દયામયીની સૌમ્યમૂર્તિ મારા હૃદયમંદિરમાં દેવીમૂર્તિની પેઠે પ્રતિષ્ઠિત થઈને વિરાજી રહી છે. વાતવાતમાં તેમની વાત નીકળતાં, તેમના અપ્રતિમ ગુણ ગાતાં ગાતાં અશ્રુપાત કર્યા વગર હું રહી શકતો નથી. હું સ્ત્રીજાતિ તરફ પક્ષપાત રાખું છું એવું ઘણા કહે છે. મને પણ લાગે છે કે એ વાત ખોટી નથી. જે માણસે રાઇમણિનાં

---

* શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્નેહ, દયા સુજનતા વગેરે નજરે જોયાં છે અને એ બધા સદ્‌ગુણોનું ફળ ભોગવ્યું છે તે જો સ્ત્રીજાતિનો પક્ષપાતી ન બને તો એના જેવો કૃતઘ્ન અને પામર આ ભૂમંડળમાં બીજો કોઇ નથી, એમ કહેવું પડે. ”

સ્ત્રીજાતિનાં સ્નેહ, દયા અને સૌજન્યથી વંચિત હોય એવા અભાગી પણ આપણામાં કેટલાક છે. પરંતુ ક્ષુદ્ર હૃદયનો સ્વભાવ એ હોય છે કે જેમ એના પર વણમાગ્યો ઉપકાર થાય છે તેમ એ વધારે કૃતઘ્ન થતું જાય છે. જે કંઈ સહેલાઇથી મળે તે પોતાના હકથી મળે છે એવું તે સમજે છે; અને પોતાના તરફથી કંઈ આપવા જેવું છે એ વાત તે સહેલાઈથી ભૂલી જાય છે. આપણે પણ સંસારમાં કોઈ કોઈ વખત રાઈમણિને જોઈએ છીએ; —અને જ્યારે એ સેવા કરવા આવે છે ત્યારે તેનાં તમામ લાડ પ્રેમ બેપરવાભાવે ગ્રહણ કરી તેના પર ભારે કૃપા કરીએ છીએ;—તે જ્યારે ચરણપૂજા કરવા આવે છે, ત્યારે આપણે આપણા કાદવથી ખરડાયેલા ચરણયુગલ વિના સંકોચે તરતજ લાંબા કરી દઈ, સાવ નિર્લજ્જ નફટાઈથી, સાચેસાચ આપણુને નરદેવતા રૂપે નારીસમાજની પૂજાગ્રહણ કરવાના અધિકારી સમજી લઈએ છીએ. પરંતુ આ સેવક અને પૂજક અબળાઓનાં દુઃખનિવારણ અને સુખસ્વાસ્થ્ય તરફ આપણા જેવા મર્ત્ય દેવતાઓની જે પ્રચંડ બેપરવાઈ છે તે કશાથી દૂર થતી નથી. તેનું કારણ એ કે સ્ત્રીએ કરેલી સેવાને આપણે કેવળ આપણાં સાંસારિક સ્વાર્થ અને સુખની સાથે મિલાવીને જોઈએ છીએ, આપણાં હૃદયમાં પ્રવેશ કરીને કૃતજ્ઞતા પેદા કરવાનો તેને વખત મળતો નથી.

વિદ્યાસાગરે પહેલાં તો બેથુનસાહેબની મદદમાં રહી બંગાળમાં સ્ત્રીશિક્ષણની શરૂઆત અને પ્રચાર કર્યો. પણ પછી જ્યારે બાળવિધવાઓના દુઃખથી દુઃખી થઈ તેમણે વિધવાવિવાહ પ્રચલિત કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે આખા દેશમાં સંસ્કૃત શ્લોક અને બંગાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગાળોનો બનેલો ભીષણ કોલાહલ ઊભો થયો. શાસ્ત્ર અને ગાળોના એ મૂશળધાર વરસાદમાં આ બ્રાહ્મણવીરે વિજયી બની વિધવા-વિવાહને શાસ્ત્રસંમત સિદ્ધ કર્યો અને તેને સરકારી કાનૂનથી સ્વીકૃત કરાવ્યો.

વિદ્યાસાગરે આ વખતે બીજા પણ એક નાનકડા સામાજિક યુદ્ધમાં વિજય મેળવ્યો હતો, તેનો પણ અહીં ટૂંકમાં ઉલ્લેખ કરવો જોઈએ. તે વખતે સંસ્કૃત કૉલેજમાં કેવળ બ્રાહ્મણોને જ દાખલ કરવામાં આવતા, ત્યાં શુદ્રોને સંસ્કૃત ભણવા મળતું નહિ. વિદ્યાસાગરે તમામ વિઘ્નો પાર કરીને શુદ્રોને સંસ્કૃત કૉલેજમાં ભણવાનો હક આપ્યો હતો.

સંસ્કૃત કૉલેજની નોકરી છોડી દીધા પછી વિદ્યાસાગરની મુખ્ય કીર્તિ મેટ્રોપોલિટન ઇન્સ્ટિટયુશન છે. બંગાળીના પોતાના પ્રયત્નથી અને પોતાના જ કબ્જા હેઠળ ઉચ્ચ શિક્ષણ માટેની કોઈ કૉલેજ સ્થપાઈ હોય તો આ પહેલી. આપણા દેશમાં અંગ્રેજી શિક્ષણને સ્વતંત્રપણે સ્થાયી કરવાનો પાયાનો આ પહેલો પથ્થર વિદ્યાસાગર હસ્તક નખાયો. જે પોતે દરિદ્ર હતા, તે દેશના મુખ્ય દાતા થયા. જેણે લોકાચારનું રક્ષણ કરનારા બ્રાહ્મણ પંડિતના ઘરમાં જન્મ લીધો હતો, તેણે લોકાચારના એક અતિ મજબૂત બંધનમાંથી સમાજને મુક્ત કરવા માટે ભયાનક સંગ્રામ ખેડયો, અને સંસ્કૃત શિક્ષણમાં જેના અધિકારને સીમા નહોતી, તે જ પુરુષ અંગ્રેજી શિક્ષણને સ્વદેશની ધરતી પર ઊંડાં મૂળ નાખી રોપી ગયો.

વિદ્યાસાગર પોતાનું બાકીનું આયુષ આ સ્કૂલ અને કૉલેજનું એકચિત્તે પ્રાણથી યે વધારે જતન કરવામાં, દીનદરિદ્ર અને રોગીની સેવા કરવામાં, અકૃતજ્ઞોને માફ કરવામાં, મિત્રો સંબંધીઓને અપાર સ્નેહથી ભીંજવવામાં પૂરું કરી, પોતાના પુષ્પકોમળ અને વજ્રકઠિન હૃદયમાં અસહ્ય વેદનાશૂળ સહન કરીને, પોતાના આત્મશ્રદ્ધાળુ, ઉન્નત, બલિષ્ઠ ચરિત્રનો મહાન આદર્શ બંગાળી સમાજના મન ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સદાને માટે અંકિત કરીને ૧૨૯૮ ની સાલના શ્રાવણની ૧૩ મી તારીખે આ લોક છોડીને ચાલ્યા ગયા.

વિદ્યાસાગર બંગાળમાં તેમની અખૂટ દયાને માટે પ્રખ્યાત છે. કારણ કે આપણા અશ્રુપાતાસક્ત બંગાળી હૃદયને દયાવૃત્તિ જેટલી સહેલાઈથી વિચલિત કરી શકે છે એવું બીજું કોઈ કરી શકતું નથી. પરંતુ વિદ્યાસાગરની દયામાં કેવળ બંગાળી જનને સુલભ એવી હૃદયની કોમળતા જ દેખાય છે એવું નથી, તેમાં બંગાળી જનને દુર્લભ એવી ચરિત્રની બલશાલિતા પણ દેખાય છે. તેમની દયા કેવળ એક પ્રવૃત્તિની ક્ષણિક ઉત્તેજના માત્ર નથી, તેની અંદર એક જાગૃત આત્મબળનું અચળ કર્તૃત્વ સર્વદા વિરાજ કરી રહેલ છે, તેથી તે આવી ભવ્ય છે. એ દયા બીજાનું કષ્ટ ઓછું કરવા ખાતર પોતાને કઠોર કષ્ટમાં નાખતાં ઘડી પણ અચકાતી નહિ. તેઓ સંસ્કૃત કોલેજમાં કામ કરતા હતા ત્યારે વ્યાકરણ-શિક્ષણની જગા ખાલી પડતાં વિદ્યાસાગરે તારકનાથ તર્કવાચસ્પતિ માટે માર્શલ સાહેબને આગ્રહ કર્યો. સાહેબે કહ્યું કે તર્કવાચસ્પતિ નોકરી કરવા ખુશી છે કે નહિ એ પહેલાં જાણવું જોઈએ. આ સાંભળી વિદ્યાસાગર તે જ દિવસે તર્કવાચસ્પતિને મળવા ત્રીસ કોશનો રસ્તો પગે ચાલીને કાપી ગયા, અને બીજે દિવસ તર્કવાચસ્પતિની સંમતિ અને તેમનાં પ્રશંસાપત્રો લઈને ફરી પાછા પગે ચલતા વખતસર સાહેબની પાસે હાજર થઈ ગયા.×

પરોપકારાર્થે તેઓ પોતાનું તમામ બળ અને ઉત્સાહ ખરચી નાખતા. આમાં પણ તેમનું જનમનું જક્કીપણું દેખાતું. સાધારણ રીતે આપણા દેશની અંદર આવું જક્કીપણું ન હોવાને લીધે તે સંકુચિત અને સ્વલ્પ ફળપ્રદ બનીને સુકાઈ જાય છે. તે પૌરુષની મહત્તા પ્રાપ્ત કરતું નથી.

કારણ કે દયા ખાસ કરીને સ્ત્રીઓનો ગુણ નથી. ખરું જોતાં

× શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયા એ ખરા પુરુષનો જ ધર્મ છે. દેશના નિયમનું પાલન કરવું હોય તો દૃઢ વીર્ય અને કઠોર અધ્યવસાય જોઈએ. તેની અંદર ઘણી વખત સુદૂરવ્યાપી સુદીર્ઘ કર્મપ્રણાલીનું અનુસરણ કરીને ચાલવું પડે છે. એ કંઈ ક્ષણિક આત્મત્યાગ દ્વારા પ્રવૃત્તિનો ઊભરો ઠાલવવાનો કે હૃદયનો ભાર ઓછો કરવાનો નથી. એ તો લાંબા વખત સુધી અનેક રસ્તે અનેક વિઘ્નો વટાવીને અઘરો ઉદ્દેશ સિદ્ધ કરવાનો છે.

એક વખત સરકારનો કોઈ અતિ ઉત્સાહી નોકર જહાનાબાદ વિભાગનો આવકવેરો નક્કી કરવા અહિંયો. ઓછી આવકવાળા જે નાના ધંધાદારીઓ આવકવેરામાં આવતા નહોતા તેમને બબ્બે ત્રણ-ત્રણનાં નામ ભેગાં કરી વેરાની જાળમાં બાંધવામાં આવતા. આ સાંભળી વિદ્યાસાગરે તરત જ ખડાર ગામે એસેસરબાબુની પાસે જઇને વિરોધ જાહેર કર્યો. પણ બાબુએ વિરોધ કાને ન ધરતાં ફરિયાદ કરનારાઓને ધમકાવીને ચૂપ કરી દીધા. વિદ્યાસાગરે તરત જ કલકત્તા આવી લેફ્ટેનન્ટ ગવર્નરની પાસે ફરિયાદ રજૂ કરી. લેફ્ટેનન્ટ ગવર્નરે વર્ધમાનના કલેક્ટર હેરિસન સાહેબને તપાસ કરવા મોકલ્યા. વિદ્યાસાગર હેરિસનની સાથે ગામેગામ ધંધાદારીઓના ચોપડા તપાસતા ફરવા લાગ્યા—આવી રીતે બે મહિના સુધી એકચિત્તે એ એક જ કામમાં રોકાયેલા રહી તેઓ એ અન્યાય દૂર કરવામાં સફળ થયા હતા.+

વિદ્યાસાગરના જીવનમાંથી આવાં દૃષ્ટાંત બીજાં પણ ઘણાં આપી શકાય. પરંતુ આવાં દૃષ્ટાંત બંગાળીમાં બીજેથી ભેગાં કરવાનું મુશ્કેલ છે. આપણાં હૃદય બહુ કોમળ છે એવું આપણે બધે કહેતા ફરીએ છીએ, પરંતુ આપણે કોઇ ધાંધલમાં ઊતરવા ઇચ્છતા નથી. આ આળસુ શાંતિનો શોખ ઘણી વખત આપણને સ્વાર્થી નિષ્ઠુરતામાં ધકેલી દે છે. જહાજમાં નોકરી કરતો એક ગોરો કંઈ પણ વિચાર કર્યા વગર ડૂબતા માણસની પાછળ પાણીમાં કૂદી પડે છે; પરંતુ

+ શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નૌકા આફતમાં સપડાઈ હોય એવે વખતે બીજી નૌકાઓ તેને જરીક મદદ કરવાનો પ્રયત્ન કર્યા વગર પસાર થઈ જવાના બનાવો આપણા દેશમાં આપણે હમેશાં સાંભળીએ છીએ. દયાની સાથે શૌર્ય ન ભળે તો એ દયા ઘણી વખત નકામી થઈ જાય છે.

આપણી અંતઃપુરમાં ફરનારી દયા સંકટ અને શ્રમના ક્ષેત્રમાં પ્રવેશ કરવા નથી ઇચ્છતી એમ નહિ. સામાજિક કૃત્રિમ પવિત્રતા સાચવવાના નિયમોનું ઉલ્લંઘન કરવાનું પણ એને અસાધ્ય લાગે છે. મને ખબર છે કે એક ગામડાંના મેળામાં કોઇ પરદેશી બ્રાહ્મણનું મરણ થતાં ઘૃણાને લીધે કોઈએ તેના અગ્નિસંસ્કારની વ્યવસ્થા કરી નહિ. છેવટે તેનાં ગેરહાજર સગાંસંબંધીઓના અંતરમાં સદાને માટે શોકશલ્ય ઘોંચીને ઢેડાઓ દ્વારા શબને સ્મશાનમાં કૂતરાં શિયાળવાંને નાખી દેવામાં આવ્યું. આપણે બહુ સહેલાથી અરેરે! હાય હાય! અને અશ્રુપાત કરી શકીએ છીએ, પરંતુ કાર્યક્ષેત્રમાં પરોપકારના માર્ગે આપણે હજારો સ્વાભાવિક અને કૃત્રિમ વિઘ્નો વડે ડગલે ને પગલે રોકાઈ જઈએ છીએ. વિદ્યાસાગરની દયા બલિષ્ઠ છે,–પુરુષોચિત છે. એથી તે સરળ અને નિર્વિકાર છે; તે કયાંય બારીક તર્ક ચલાવતી નહિ, નાકનું ટેરવું ચડાવતી નહિ, કપડાં ઊંચાં લેતી નહિ, એકદમ ઝડપથી, સીધી ગતિએ નિઃશંકપણે તે પોતાના કામમાં લાગી જતી. રોગની ભયાનક મલિનતા તેમને કદી પણ રોગની પાસે જતા રોકતી નહિ. એટલું જ નહિ, (ચંડીચરણબાબુના ગ્રંથમાં લખેલું છે કે મેથર જાતિની એક સ્ત્રી કોલેરાનો ભોગ થતાં, વિદ્યાસાગર પોતે તેની ઝૂંપડીમાં જઈને સ્વહસ્તે તેની સેવા કરવા લાગી ગયા હતા. વર્ધમાનમાં રહેતા હતા ત્યારે તેમણે પોતાના ગરીબ મુસલમાનોની પોતાનાં સ્વજનોના જેવી સંભાળ રાખી હતી. શ્રી શંભુચંદ્ર વિદ્યારત્ન મહાશય પોતાના ભાઈના જીવનચરિત્રમાં લખે છે: "અન્નક્ષેત્રમાં જમતી સ્ત્રીઓના માથાના વાળ તેલના અભાવે ખરાબ લાગતા. એ જોઇ દુઃખી થઈ મોટા ભાઈએ તેલની ગોઠવણ કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપી હતી. દરેકને બે પળી તેલ આપવામાં આવતું, તેલ વહેંચનારા રખેને મોચી, ચમાર, ઢેઢ વગેરે અસ્પૃશ્યની જાતિની સ્ત્રીઓનો સ્પર્શ થઈ જાય એ બીકે આઘેથી તેલ આપતા, એ જોઈ મોટાભાઈ પોતે એ હલકી ગણાતી અસ્પૃશ્ય જાતિની સ્ત્રીઓના માથામાં તેલ ઘસી દેતા. ''

આ સાંભળતાં આપણાં હૃદય ભક્તિભાવથી છલકાઈ આવે છે, તે વિદ્યાસાગરની દયા જોઈને નહિ,—પણ તેમની દયામાંથી જે એક નિર્ભય બલિષ્ઠ મનુષ્યત્વ પ્રગટ થાય છે તે જોઈ આપણું એ નીચ જાતિઓ તરફ હમેશાં ઘૃણા રાખવાને ટેવાયેલું મન પણ પોતાના નિગૂઢ માનવધર્મને વશ થઈ ભક્તિથી આકર્ષાયા વિના રહી શકતું નથી.

વિદ્યાસાગરની કરુણામાં જે પૌરુષનું લક્ષણ હતું, તેનાં અનેક દૃષ્ટાન્તો આપી શકાય. આપણા દેશમાં આપણે જેમને ભલા આદમી અને સરળ સ્વભાવના ગણી વખાણીએ છીએ, તેમનામાં સાધારણ રીતે આંખની શરમ વધારે હોય છે. એનો અર્થ એક કર્તવ્યક્ષેત્રમાં તેઓ કોઈને પણ ખોટું લગાડી શકતા નથી. વિદ્યાસાગરની દયામાં એવી પુરુષતા નહોતી. ઈશ્વરચંદ્ર જ્યારે કોલેજમાં ભણતા હતા ત્યારે તેમના વેદાંત–ગુરુ શ્રી શંભુચંદ્ર વાચસ્પતિથી સાથે તેમને ખાસ સ્નેહસંબંધ હતો. વાચસ્પતિ મહાશયને ઘરડે ઘડપણ ફરી પરણવાની ઇચ્છા થઈ ત્યારે તેમણે પોતાના આ પ્રિયતમ વિદ્યાર્થીને તેનો અભિપ્રાય પૂછ્યો. ઈશ્વરચંદ્રે મક્કમતાથી વિરોધ કર્યો–ગુરુએ કેટલીયે આજીજીઓ કરી પણ શિષ્યે પોતાનો મત બદલ્યો નહિ–છેવટે વાચસ્પતિ મહાશય ઈશ્વરચંદ્રના વિરોધને કાને ન ધરતાં એક રૂપવતી બાલિકાને પરણ્યા. અને તેને થોડા જ વખતમાં વૈધવ્યના કાંઠાપર મૂકી દીધી. શ્રીયુત ચંડીચરણ વંદ્યોપાધ્યાય મહાશયે 'વિદ્યાસાગર' ગ્રંથમાં આ ઘટનાના પરિણામનું જે વર્ણન કર્યું છે તે અહીં ઉતારું છું:

વાચસ્પતિ મહાશયે ઈશ્વરચંદ્રનો હાથ પકડી કહ્યું: 'તારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને જોતો જા!' આમ કહી તેમણે દાસીને નવવધુનો ઘુંઘટ ખોલવાનું કહ્યું. પછી વાચસ્પતિ મહાશયની નવવિવાહિતા પત્નીને જોઈ ઇશ્વરચંદ્ર આંસુ ખાળી શકયા નહિ. એ માતા સ્થાને આવેલી બાલિકાને જોઈ એના ભાવિનો વિચાર કરતાં તેઓ બાળકની પેઠે રડવા લાગ્યા—પછી વાચસ્પતિ મહાશય 'અમંગલ ન કરતો, ભાઈ!' કહી એમને લઈ પરસાળમાં આવ્યા અને શાસ્ત્રોપદેશ વડે ઈશ્વરચંદ્રના મનનો ઉસ્કેરાટ અને હૃદયનો આવેગ રોકવા અને એને શાંત કરવા મથવા લાગ્યા. આવી રીતે અનેક ઉપદેશવચનો વડે ઈશ્વરચંદ્રને શાંત કરવામાં સફળ થયા પછી તેમણે તેમને જરા પાણી પીવાનો આગ્રહ કર્યો. પરંતુ પાષાણતુલ્ય કઠણપ્રતિજ્ઞાપરાયણ ઈશ્વરચંદ્રે પાણી પીવાની ચોખ્ખી ના પાડી કહ્યું: 'આ ઘરમાં હવે હું કદી પાણીને સ્પર્શ કરવાનો નથી.

વિદ્યાસાગરની હૃદયવૃત્તિમાં જે બળ દેખાય છે, તેનો પૂરો પ્રભાવ તેમની બુદ્ધિવૃત્તિમાં પણ દેખાય છેઃ બંગાળીની બુદ્ધિ સ્વાભાવિક જ ખૂબ સૂક્ષ્મ હોય છે. તે વડે માથાનો વાળ ચીરી શકાય, પણ મોટી મોટી ગ્રંથિઓ તેનાથી છેદાય નહિ. તે અતિ નિપુણ છે, પણ સરળ નથી. આપણી બુદ્ધિ ઘોડદોડના ઘોડાની પેઠે અતિ સૂક્ષ્મ તર્કની બહાદુરી બતાવવાની હોય ત્યાં સરસ દોડે છે, પરંતુ કર્મ માર્ગ પર એ ઘોડાગાડી ખેંચતી નથી. વિદ્યાસાગર બ્રાહ્મણ છે અને ન્યાયશાસ્ત્રનો તેમણે અભ્યાસ કર્યો છે, તેમ છતાં વસ્તુસ્થિતિનું ભાન તેમને પૂરેપૂરું હતું. આ ભાન જો ન હોત તો એક વખત ચણા ને પતાસાં ખાઈને જે ભણ્યો હતો તે નિર્ભય બની નોકરી છોડી દઈ, સ્વતંત્ર આજીવિકાનો આશ્રય લઈ જીવનના અડધે રસ્તે સાધન-સંપન્ન થઈ શકત નહિ. નવાઈની વાત તો એ છે કે દયાને વશ થઈ જેમણે ભારે ભારે સ્વાર્થત્યાગ કર્યા હતા, અને જેમણે સ્વાર્થને વશ થઈ પોતાના ઉન્નત સ્વમાનને એક પળવાર પણ જરા સરખું નમવા દીધું નહોતું, જેમણે પોતાના ન્યાય સંકલ્પની ઋજુ રેખાથી ગમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવા દુ:ખમાં, ગમે તેવા પ્રલોભનમાં યે તલપૂર પણ આઘાપાછા થવાનું વિચાર્યું નહોતું, તેઓ કેવી રીતે ઉદાર બુદ્ધિ અને દૃઢ પ્રતિજ્ઞાના બળે કરીને સાધનસંપન્ન થયા અને હજારોના આશ્રયદાતા બન્યા! ગિરિશૃંગ પર ઊભેલું દેવદારૂવૃક્ષ જેમ શુષ્ક પથ્થરમાંથી ફૂટીને પ્રાણઘાતક હિમનો વરસાદ માથાપર ઝીલીને, પોતાની આંતરિક કઠિન શક્તિ દ્વારા પોતાને સરસ શાખા-પલ્લવથી સંપન્ન અને સરળ મહિમાથી ગગનભેદી બનાવી દે છે—તેમ આ બ્રાહ્મણકુમારે જન્મ દારિદ્રય અને બધી જાતની પ્રતિકૂળતાઓની વચમાં પણ એક માત્ર પોતાની સ્વાભાવિક વિપુલ બળબુદ્ધિ વડે પોતાને સહેલાઈથી આવો સરળ, આવો પ્રબલ, આવો ઉન્નત અને આવો સર્વ સંપત્તિવાન બનાવી દીધો હતો.

મેટ્રોપોલિટન વિદ્યાલયને તેમણે એકલે હાથે બધી મુશ્કેલીઓમાંથી બચાવ્યું અને પછી ગૌરવપૂર્વક વિશ્વવિદ્યાલયની સાથે જોડી દીધું—આમાં વિદ્યાસાગરનાં કેવળ લોકહિતૈષણા અને ખંત નથી દેખાતાં, તેમની જાગૃત અને સહજ કર્તવ્યબુદ્ધિ દેખાય છે. આ બુદ્ધિ એ જ ખરી પુરુષની બુદ્ધિ છે.—આ બુદ્ધિ દૂરદૂરની સંભવિતતાવાળી કાલ્પનિક વિઘ્નો અને મુસીબતો તથા ફળાફળની સૂક્ષ્માતિસૂક્ષ્મ વિચારજાળ વડે પોતાને નિરુપાય અકર્મણ્યતામાં જડિત કરી દેતી નથી; આ બુદ્ધિ કેવળ સૂક્ષ્મભાવે નહિ, પણ ઉદાર ભાવે, સમગ્રભાવે, કર્મ અને કર્મક્ષેત્રની ચારે બાજુથી પરીક્ષા કરી લઈ, ધડભાંગ દૂર કરી, પલકમાં આવી ચડેલા વિઘ્નના મર્મસ્થળ ઉપર હુમલો કરી, વીરની પેઠે કામ કરે જાય છે. આ સરળ કર્મબુદ્ધિ બંગાળની અંદર જવલ્લેજ જોવા મળે છે.

જેમ કર્મબુદ્ધિમાં, તેમ ધર્મબુદ્ધિમાં પણ જો પરિસ્થિતિનું જોરદાર ભાન હોય તો એ વડે ખરું કાર્ય મળી રહે છે. કવિએ કહ્યું છે કે **ધર્મસ્ય સૂક્ષ્મા ગતિઃ ।** ધર્મની ગતિ સૂક્ષ્મ હોઈ શકે, પણ ધર્મની નીતિ સરળ અને સ્પષ્ટ હોય છે. એ પંડિતની કે તાર્કિકની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિ નથી. પરંતુ મનુષ્યના કમનસીબે માણસ પોતાના સંપર્કની તમામે તમામ ચીજને અજાણે કૃત્રિમ અને જટિલ બનાવી દે છે. જે સરળ છે, સ્વાભાવિક છે, મુક્ત છે, ઉદાર છે, જે પૈસા આપીને ખરીદાતું નથી, વિધાતાએ જેનું હવા ઉજાસની પેઠે મનુષ્યમાત્રને વણમાગ્યું દાન કર્યું છે, તેને માણસ પોતે દુર્ગમ અને દુર્મૂલ્ય બનાવી દે છે. એટલા માટે સ્વાભાવિક વાણી અને સરળ ભાવ પ્રચાર માટે લોકોત્તર મહત્ત્વની અપેક્ષા રાખવી પડે છે.

વિદ્યાસાગરે બાળવિધવાવિવાહની યોગ્યતા વિષે જે વાત કરી છે તે પણ અત્યંત સ્વાભાવિક છે. તેમાં કંઈપણ નવિનતા નથી કે અસાધારણતા નથી. તેમણે પ્રત્યક્ષ હકીકતની સાવ ઉપેક્ષા કરી, કોઈ અમૂલક કલ્પનાસૃષ્ટિ ઘડવામાં પોતાની શકિતનો દુર્વ્યય કર્યો નથી. તેમણે પોતાના વિધવાવિવાહગ્રંથમાં આપણને સંબોધીને જે આરોપો પ્રગટ કર્યા છે તે ઉતારવાથી મારું કથન બરાબર સમજાશે:

"હે ભારતવર્ષીય માનવગણ!...ટેવને લીધે તમારી સૌની બુદ્ધિવૃત્તિ અને ધર્મપ્રવૃત્તિઓ એવી કલુષિત થઈ ગઈ છે અને જડ બની ગઈ છે કે અભાગી વિધવાઓની દુર્દશા જોઈ, તમારાં ચિરકાળથી સુકાઈ ગયેલાં હૃદયમાં કરુણારસનો સંચાર થવો કઠણ છે, અને વ્યભિચારદોષ અને ભ્રુણહત્યાના પાપના પ્રબળ પ્રવાહમાં દેશને ડુબકાં ખાતો જોવા છતાંયે તમારા મનમાં ઘૃણા પેદા થવી અસંભવિત છે. તમે પ્રાણતુલ્ય પુત્રી વગેરેને અસહ્ય વૈધવ્ય પીડાગ્નિમાં બાળવા તૈયાર છો, તેઓ અદમ્ય દુશ્મનના કબજામાં પડી વ્યભિચાર દોષે દુષિત થાય તો એ દોષને પોષવા તૈયાર છો, ધર્મનાશની બીકને પાણીમાં પધરાવી, કેવળ લોકલજ્જાની બીકે તેમને ભ્રુણહત્યામાં મદદ કરી સ્વયં કુટુંબ સાથે પાપપંકમાં કલંકિત થવા તૈયાર છો; પરંતુ કેવી નવાઈની વાત! શાસ્ત્રવિધિ અનુસાર ફરીથી પરણાવી તેમને અસહ્ય વૈધવ્યયંત્રણામાંથી બચાવવા અને પોતાને પણ બધી વિપત્તિઓમાંથી ઉગારવા તૈયાર નથી. તમે સમજો છો કે પતિનો વિયોગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતાં સ્ત્રીનું શરીર પાષાણમય બની જાય છે; પછી દુઃખ દુઃખ જેવું લાગતું નથી; યંત્રણા યંત્રણા જેવી લાગતી નથી; દુર્જય દુશ્મનો એકદમ મૂળમાંથી ઊખડી જાય છે. પરંતુ તમારી આ માન્યતા સાવ ભ્રાન્તિમૂલક છે. તેનાં ઉદાહરણો ડગલે ને પગલે મળી આવે છે. આ બેપરવાઈના દોષે સંસારવૃક્ષનાં કેવાં વિષમય ફળો આજે તમે ભોગવી રહ્યા છો તેનો જરા વિચાર કરો !"

રમણીના દેવીપણા વિષે તથા બાલિકાના બ્રહ્મચર્યમાહાત્મ્ય વિષે વિદ્યાસાગર ગગનગામી ભાવુકતાની પહાડ જેવડી અત્રુસૃષ્ટિ ઘડવા બેઠા નથી. તેમણે પોતાની પારદર્શક સરળ બુદ્ધિ અને સરળ સહૃદયતા વડે સમાજની ખરી હાલત અને સાચા દર્દ પર પોતનો કરુણાળુ હાથ મૂકયો છે. માત્ર મધુર વાક્યરસથી પૌંઆને સરસ બનાવવા કોણ ઇચ્છે ? જેની પાસે દહીં નથી તે. પરંતુ વિદ્યાસાગરની પાસે દહીંની ખોટ ન હોવાથી તેમને વાકપટુતાની જરૂર નથી. દયા પોતે જ દુઃખ તરફ ખેંચાય છે. વિદ્યાસાગર સ્પષ્ટ જુએ છે કે વાસ્તવિક સંસારમાં વિધવા થતાંની સાથે જ કોઈ બાલિકા એકદમ દેવી બની જતી નથી, અને આપણે પણ તેની ચોતરફ નિષ્કલંક દેવલોક સરજીને બેઠા નથી; આવા સંજોગોમાં તે પણ દુઃખી થાય છે, અને સમાજનું પણ ઢગલે ઢગલા અમંગળ થાય એ રોજનું નગ્ન સત્ય છે. એ દુઃખ અને એ અમંગળનો યોગ્ય ઉપાય લીધા સિવાય વિદ્યાસાગરથી રહેવાતું નથી–આપણે એ જગાએ ફક્કડ કાવ્યકલાનો પ્રયોગ કરીને કોઈ કપોલકલ્પિત દુનિયાની આદર્શ વિધવાની કલ્પના કરી સંતોષ પામીએ છીએ. કારણ કે પોતાની સરળ ધર્મબુદ્ધિથી તેઓ જે વેદના સહેલાઈથી સમજી શકયા તે વેદના આપણે યથાર્થરૂપે હૃદયમાં અનુભવતા નથી. આથી એ વિષેનાં આપણાં લખાણમાં કારીગરી દેખાય છે, સરળતા દેખાતી નથી. ખરેખરી સરળતાની સાથે જ એક વિરાટ સરળતા હોય છે.

આ સરળતા કેવળ મતામતમાં નહિ, લોકવ્યવહારમાં પણ પ્રગટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય છે. વિદ્યાસાગર પિતાને મળવા કાશી ગયા ત્યારે ત્યાંના કેટલાક ધનલોલુપ બ્રાહ્મણો પૈસાની ખાતર એમને વીંટળાઈ વળ્યા. તેમની હાલત અને સ્વભાવ જોઈ વિદ્યાસાગરને તેઓ દયા કે ભક્તિને પાત્ર લાગ્યા નહિ, તેથી તરત જ તેમણે નિષ્કપટ ચિત્તે જવાબ દીધો: 'આપ લોકો અહીં રહો છો એટલા જ ખાતર જો હું આપના તરફ ભક્તિ શ્રદ્ધા રાખી આપને વિશ્વેશ્વર માની લઉં તો હું મોટો નરાધમ ગણાઉં!'... આ સાંભળી કાશીના બ્રાહ્મણો ગુસ્સે થઈને બોલ્યા: 'તો તમે શું માનો છો?'

વિદ્યાસાગરે જવાબ દીધો: 'મારા વિશ્વેશ્વર મારા પિતૃદેવ અને મારા અન્નપૂર્ણા મારાં માતાજી!'+

જે વિદ્યાસાગર હલકામાં હલકી શ્રેણીના માણસનુંયે દુઃખ દૂર કરવામાં પૈસા ખરચતાં લગીરે પાછી પાની કરતા નહિ, તેઓ જૂઠી બનાવટી ભક્તિ બતાવી કાશીના બ્રાહ્મણોની પ્રાર્થના પૂરી કરી શક્યા નહિ.

આનું નામ બલિષ્ઠ સરળતા; આનું નામ ખરું પૌરુષ!

પોતાના ખોરાક અને પહેરવેશમાં પણ વિદ્યાસાગરની એક અચળ સરળતા હતી. એ સરળતામાં પણ દૃઢ બળનો પરિચય થાય છે. પોતાનું સ્વમાન પૂરેપૂરું સાચવવામાં તેઓ લેશમાત્ર શિથિલતા બતાવતા નહિ. એનું દૃષ્ટાન્ત અગાઉ અપાઈ ગયું છે. આપણે સામાન્ય રીતે મોટી સાહેબી કે નવાબીનું પ્રદર્શન કરીને સન્માન મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આડંબરની ચપળતા વિદ્યાસાગરના ઉન્નત અને કઠોર સ્વમાનને કદી સ્પર્શી શકતી નહિ. આભૂષણ વગરની સરળતા એ જ તેમનું મોટામાં મોટું આભૂષણ હતું. ઈશ્વરચંદ્ર જ્યારે કલકત્તામાં અભ્યાસ કરતા, ત્યારે તેમનાં ગરીબ માતુશ્રી ચરખા પર સૂતર કાંતી બંને દીકરાઓ માટે કપડાં તૈયાર કરી કલકત્તા મોકલતાં. એ જાડું કપડું, માતૃસ્નેહથી શોભતું એ દારિદ્રય તેમણે સદાકાળ ગૌરવપૂર્વક

+ શ્રી શંભુચંદ્ર વિદ્યારત્નકૃત વિદ્યાસાગરજીવનચરિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શરીર ઉપર ધારણ કર્યું હતું. તેમના મિત્ર તે વખતના લેફ્ટેનન્ટ ગવર્નર હેલિડે સાહેબે તેમને રાજદરબારને યોગ્ય પોશાક પહેરીને આવવાનો આગ્રહ કર્યો હતો. મિત્રના આગ્રહને વશ થઇ વિદ્યાસાગર માત્ર એક બે દિવસ ચોગા–ચાપકાન પહેરીને સાહેબને મળવા ગયા હતા. પરંતુ એ શરમ તેમને અસહ્ય થઈ પડી. તેમણે કહ્યું: મારે જો આ વેશે આવવાનું હોય તો હવેથી હું અહીં નહિ આવું, હેલિડેએ તેમને તેમના રોજના પોશાકમાં આવવાની રજા આપી, બ્રાહ્મણપંડિત સર્વત્ર જે પોશાકમાં સન્માન પામે છે તે પોશાકનો રાજદરબારમાં પણ ત્યાગ કરવાની વિદ્યાસાગરને જરૂર લાગી નહિ. પોતાના સમાજમાં આ જ ભદ્રવેશ ગણાય છે. એટલે બીજા સમાજમાં બીજો વેશ ધારણ કરીને પોતાના સમાજનું અને સાથે સાથે પોતાનું અપમાન કરવાનું તેમને ગમ્યું નહિ. સાદું ધોતિયું અને સાદી ચાદરને ઈશ્વરચંદ્રે જેવું ગૌરવ અર્પણ કર્યું છે તેવું ગૌરવ આપણા વર્તમાન રાજાઓનો છદ્મ વેશ પહેરીને આપણે આપણને આપી શકતા નથી. ઊલટું આ કાળા ચામડા ઉપર બમણું કાળું કલંક લગાડીએ છીએ. આપણા આ અપમાનિત દેશમાં ઈશ્વરચંદ્રના જેવા આવા અખંડ પૌરુષના આદર્શે કેવી રીતે જન્મ ધારણ કર્યો તે આપણે કહી શકતા નથી. કાગડાના માળામાં કોયલ ઇંડાં મૂકી જાય છે–તેમ માનવઇતિહાસના વિધાતાએ છૂપી રીતે ચાતુરીથી બંગભૂમિની ઉપર વિદ્યાસાગરને મોટા કરવાનો ભાર નાખ્યો હતો.

એથી વિદ્યાસાગર આ બંગદેશમાં એક જ હતા. જાણે અહીં તેમની નાતનો, તેમનો સહોદર કોઈ હતો નહિ. અહીં તેઓ પોતાને લાયક સંમોવડિયાના અભાવે મરણપર્યંત નિર્વાસન ભોગવી ગયા છે. તેઓ સુખી નહોતા. તેઓ પોતાની અંદર જે અકૃત્રિમ મનુષ્યત્વનો સદાસર્વદા અનુભવ કરતા તેનો આભાસ તેમને ચારે તરફની જનમંડળીમાં કયાંય દેખવા મળ્યો નથી. ઉપકારના બદલામાં તેમને કૃતઘ્નતા મળી છે. કામ વખતે મદદ મળી નથી. તેમણે હમેશાં એ જોયું છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે આપણે આરંભ કરીએ છીએ, પૂરું કરતાં નથી; આડંબર કરીએ છીએ, કામ કરતા નથી; જેનું અનુષ્ઠાન કરીએ છીએ તેને માનતા નથી; જેને માનીએ છીએ તેનું પાલન કરતા નથી. લાંબી જીભાજોડી કરી શકીએ છીએ, પણ તલપૂરે આત્મત્યાગ કરી શકતા નથી; આપણે અહંકાર દેખાડીને ધરાઈ જઈએ છીએ; યોગ્યતા મેળવવાનો પ્રયત્ન કરતા નથી; આપણે હરેક કામમાં આશા રાખીએ છીએ, છતાં પારકાની ભૂલ જણાય તો આકાશ ફાડી નાખીએ છીએ;—પારકાનું અનુકરણ કરવામાં આપણો ગર્વ છે, પારકાના અનુગ્રહમાં આપણું સન્માન છે, પારકાની આંખોમાં ધૂળ નાખવી એ આપણું પોલિટિકસ છે, અને પોતાનું વાકચાતુર્ય જોઈ પોતાની ઉપર ભકિત વિહ્વળ બની જવું એ જ આપણા જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. આ દુર્બળ, ક્ષુદ્ર, હ્રદયહીન, કર્તવ્યહીન, દંભી દલીલબાજ પ્રજા તરફ વિદ્યાસાગરને ખૂબ ઊંડો તિરસ્કાર હતો. કારણ કે તેઓ બધી જ બાબતમાં એમનાથી વિપરીત હતા. વિશાળ વૃક્ષ જેમ ક્ષુદ્ર જંગલના આવરણમાંથી નીકળીને ધીમેધીમે અફાટ આકાશમાં માથું ઊંચું કરે તેવી રીતે વિદ્યાસાગર ઊંમરના વધવા સાથે બંગસમાજની બધી રોગિષ્ટ ક્ષુદ્રતાજાળમાંથી નીકળીને ધીમેધીમે શબ્દહીન સુદૂર નિર્જનમાં ઊંચે ચડયા હતા. ત્યાંથી તેઓ તપેલાંને છાયા અને ભૂખ્યાને ફળદાન આપતાઃ પરંતુ તેઓ આપણી સેંકડો હજારો ક્ષણજીવી સભાસમિતિઓ રૂપી તમરાંના ગણગણાટથી સાવ અલગ હતા. ભૂખ્યાં તરસ્યાં. અનાથ નિરાધારોને માટે આજે તેઓ હયાત નથી,પરંતુ પોતાના મહતચરિત્રનો જે અક્ષયવટ તેઓ બંગાભૂમિમાં રોપી ગયા છે, તેની નીચે આખી બંગાળી પ્રજાનું તીર્થસ્થાન બની ગયું છે. આપણે ત્યાં જઈને આપણી ક્ષુદ્રતા, તુચ્છતા તથા મિથ્યાઆડંબર ભૂલી, બારીક તર્કજાળ અને સ્થૂલ જડતાને છેદી નાખી, સરળ, સબળ, અટલ મહત્તાનું શિક્ષણ મેળવીશું. આજે આપણે વિદ્યાસાગરને કેવળ વિદ્યા અને દયાના સાગર તરીકે ઓળખીએ છીએ, પરંતુ આ વિરાટ પૃથ્વીના સંસર્ગમાં આવીને જેમ જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે માણસ થતા જશું, તેમ તેમ આપણે આ પુરુષની પેઠે દુર્ગમ અને વિશાળ કર્મક્ષેત્રમાં આગળ વધીશું; વિચિત્ર શૌર્ય, વીર્ય અને મહત્ત્વનો જેમ જેમ આપણને પ્રત્યક્ષ અને ગાઢ પરિચય થતો જશે, તેમ તેમ આપણે આપણાં અંતરમાં અનુભવ કરતા જશું કે દયા નહિ, વિદ્યા નહિ, પણ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના જીવનમાં પ્રધાન ગૌરવની વસ્તુ તેમનું અજેય પૌરુષ છે, તેમનું અક્ષય મનુષ્યત્વ છે; અને જેમ જેમ આપણે તેનો અનુભવ કરીશું, તેમ તેમ આપણું શિક્ષણ સંપૂર્ણ થતું જશે, વિધાતાનો ઉદ્દેશ સફળ થતો જશે, અને વિદ્યાસાગરનું ચરિત્ર બંગાળીના પ્રજાજીવનમાં સદાને માટે પ્રતિષ્ઠિત બની રહેશે.

: ૨ :

શ્રદ્ધાસ્પદ શ્રી શિવનાથ શાસ્ત્રી મહાશયે વિદ્યાસાગરના જીવન વિષે જે નિબંધ પ્રગટ કર્યો છે, તેની શરૂઆતમાં યોગવાસિષ્ઠમાંથી તેમણે નીચેનો શ્લોક ઉતાર્યો છેઃ—

तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः ।
स जीवति मनो यस्य मननेन हि जीवति ॥

વૃક્ષો ને લતાઓ પણ જીવે છે, પશુપક્ષીઓ પણ જીવે છે, પરંતુ તેજ ખરેખરો જીવે છે જે મન દ્વારા જીવે છે.

મનનું જીવન મનનક્રિયા અને તે જ જીવનમાં મનુષ્યત્વ છે.

પ્રાણ આખા દેહને એક કરી તેનાં વિવિધ કાર્યોને એક તંત્રમાં નિયમિત કરે છે. પ્રાણ ગયા પછી દેહ પંચતત્વને પામે છે, તેનું ઐક્ય તૂટી જાય છે, માટીનો ભાગ માટીમાં, અને જળનો ભાગ જળમાં ભળી જાય છે. નિયત ક્રિયાશીલ, ઉદ્યમી પ્રાણ જ આ શરીરને માટીમાંથી, જળમાંથી ઊંચે લાવી, સ્વતંત્ર કરી, એક કરી, સ્વતઃચાલિત એવી કોઈ અપૂર્વ ઇન્દ્રજાળની રચના કરે છે.

શાસ્ત્રો જેને મનન કહે છે તે મનનું જીવન પણ, તેવી રીતે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનને એક કરી તેને તેની તમામ તુચ્છતા, અસંબદ્ધતા અને લઘુતામાંથી બચાવી ટટાર ખડું રાખે છે: એ મનન દ્વારા ઐક્ય પામેલું મન વિક્ષિપ્ત થતું નથી, બાહ્યપ્રવાહમાં જડ ઢગલાની પેઠે તણાઈ જતું નથી.

કોઈ બુદ્ધિમાન અંગ્રેજ લેખકે કહ્યું છે: 'પોતાના પગ ઉપર જે ઊભો રહી શકે, પોતાની ચિત્તવૃત્તિ વિષે જે જાગૃત હોય, કર્મ-પ્રવાહને વહેવડાવવાની અને ખાળવાની તાકાત જેનામાં હોય, દોડતી જનતામાંથી જે પોતાને ઊંચે રાખી શકે, અને એ જનતાપ્રવાહ ક્યાંથી આવે છે ને કઈ તરફ એની ગતિ છે, એ વિષે જેનામાં સાફ સમજ હોય એવો માણસ મળવો દુર્લભ છે.

આ લેખકે જે કહ્યું છે તેને ટૂંકમાં કહેવું હોય તો આમ કહી શકાય કે **मनो यस्य मननेन हि जीवति** એવો માણસ દુર્લભ છે!

સાધારણ લોકોની અંદર મન નામે કંઈક છે એવો ભ્રમ થાય છે તેનું શું કારણ? કેવળ રિવાજ અને ટેવથી. તેનાં જડ અંગો ટેવના આટાવડે સાંધેલાં છે—પ્રાણના બંધનથી એ એક નથી. તેની ગતિ હમેશનો વહેતો સાધારણ પ્રવાહ છે, તેનો આજનો દિવસ કાલના દિવસની જ એવી ને એવી અંધ પુનરાવૃત્તિ માત્ર છે.

પાણીની અંદર તૃણ જેવી રીતે તણાઈ જાય છે, તેવી રીતે માછલું તણાતું નથી. તૃણનો રસ્તો અને માછલાનો રસ્તો એક નથી. માછલાને ખોરાકની પાછળ, અને આત્મરક્ષાના આવેશમાં હમેશાં પોતાનો રસ્તો પોતે શોધી લેવો પડે છે, તૃણને એવી જરૂર લાગતી નથી.

મનનક્રિયા દ્વારા જે મન જીવિત છે તેને પણ આત્મરક્ષણ માટેજ પોતાનો રસ્તો પોતે શોધી કાઢવો પડે છે. સૌની સાથે તણાતા જવાનું તેને માટે સાવ અસંભવિત છે.

સાધારણ બંગાળીની સાથે સરખાવતાં વિદ્યાસાગરમાં જે એક સ્વાભાવિક અને મોટો ભેદ દેખાય છે તે ભેદ શાસ્ત્રીમહાશયે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યોગવાસિષ્ઠનો માત્ર એક શ્લોક ઉતારીને બતાવી આપ્યો છે. આપણા કરતાં વિદ્યાસાગરમાં એક જીવન વધારે હતું. તેઓ કેવળ દ્વિજ નહોતા; તેઓ દ્વિગુણજીવી હતા.

તેથી તેમનું ધ્યેય, તેમનું આચરણ અને તેમની કાર્યપ્રણાલી આપણા જેવાં નહોતાં. આપણી આગળ ઊભાં છે આપણાં વ્યક્તિગત સુખદુઃખ, આપણાં વ્યક્તિગત લાભનુકશાન. તેમની પણ આગળ તે હતાં જ. પરંતુ તેમના આંતરજીવનનાં સુખદુઃખ, મનોજીવનનાં લાભ-નુકસાન તેની ઉપર હતાં. એ સુખદુઃખ અને લાભનુકસાનની આગળ બાહ્ય સુખદુઃખ અને લાભનુકસાન કંઈ વિસાતમાં નથી.

આપણા બહિર્જીવનનું પણ એક લક્ષ્ય હોય છે, તેને એક શબ્દમાં સ્વાર્થ કહી શકાય. આપણું ખાવું, પીવું, પહેરવું, કામકાજ કરવું, બધું સ્વાર્થનું અંગ છે. આ જ આપણા બહિર્જીવનની મૂલગ્રંથિ છે.

મનન દ્વારા આપણે જે અંતર્જીવન મેળવીએ છીએ તેનું મૂળ લક્ષ્ય પરમાર્થ છે. આ દીવાનેઆમ અને દીવાનેખાસના બે ધણી છે,—સ્વાર્થ અને પરમાર્થ. એ બંનેનું સામંજસ્ય જાળવીને ચાલવું એ જ માનવજીવનનો આદર્શ છે. પરંતુ કોઈવાર જ્યારે સંસારના વમળમાં પડતાં **अर्धं त्यजति पंडितः।** ની પરિસ્થિતિ ઊભી થાય, ત્યારે પરમાર્થને રાખીને સ્વાર્થનો ત્યાગ કરવાનો છે, અને જેમનાં મનોજીવન પ્રબળ છે તેમણે સહેલાઈથી એ પ્રમાણે કર્યું છે.

મોટા ભાગના માણસોનાં મન સજીવ નથી તેથી શાસ્ત્ર અને લોકાચાર આપણાં મનરૂપી રમકડાંને ચાવી આપી એક જાતની કૃતિમ ગતિ આપે છે. માત્ર એના જોરે આપણે લાંબા વખત સુધી દયા નથી કરતા, દાન કરીએ છીએ; ભક્તિ નથી કરતા, પૂજા કરીએ છીએ; વિચાર નથી કરતા, કામ કરીએ છીએ; સમજતા નથી, છતાં નથી સમજતા; એટલે જ શું સારું ને શું ખોટું તે ખૂબ જોરશોરથી એ શબ્દોમાં આંખો મીંચીને જાહેર કરીએ છીએ. આથી સજીવ દેવતાસ્વરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરમાર્થ આપણા મનમાં જાગૃત ન હોવા છતાં યે એની જડ પ્રતિમા ગમે તે રીતે પોતાનો રૂઆબ જાળવી રાખે છે.

આ નિર્જીવતા બાંધ્યા નિયમના જડ અનુસરણમાં પકડાઈ જાય છે. જે સમાજમાં બધા એક સરખા છે અને એક સમયની સાથે બીજા સમયનો ખાસ કંઈ ફેર દેખાતો નથી તે સમાજમાં પરમાર્થ સજીવ નથી, અને મનનક્રિયા સાવ બંધ થઈ ગઇ છે એટલું નિશ્ચિતપણે કહી શકાય.

તેથી આપણા દેશના કવિ કહી ગયા છે: **गतानुगतिको लोको न लोकः पारमार्थिकः।** અર્થાત લોકો ગતાનુગતિક છે, લોકો પારમાર્થિક નથી, અને પારમાર્થિક લોકો ગતાનુગતિક બનીને રહી શકતા નથી એ ગૂઢ વચનનો કવિએ અંતરમાં અનુભવ કર્યો છે.

વિદ્યાસાગર બીજું ગમે તે હોય, ગતાનુગતિક તો નહોતા જ. કેમ નહોતા તેનું મુખ્ય કારણ એ કે મનનજીવન એ જ તેમનું મુખ્ય જીવન હતું.

હા, દરેક દેશમાં ગતાનુગતિકની સંખ્યા વધારે હોય છે. પરંતુ જે દેશમાં સ્વાધીનતા, સ્ફુર્તિ અને વિવિધ કર્મની પ્રવૃત્તિ હમેશ જીવંત હોય છે તે દેશમાં લોકસમાજના મંથનમાંથી મનને જીવનદાન કરે, અને મનનક્રિયાને સતેજ કરી દે એવું અમૃત પેદા થાય છે.

છતાં બધા જાણે છે કે કાર્લાઈલના જેવા લેખકે પોતાના દેશના સાધારણ જનસમાજની અંધ મૂઢતાને કેવા સખત શબ્દોમાં તિરસ્કારી કાઢી છે!

કાર્લાઇલ કોને 'હીરો' અર્થાત વીર કહે છે? "તુચ્છ અને ક્ષણિકના આવરણ હેઠળ, ઘણાઓને અગોચર એવું જે સત્ય, દિવ્ય અને અનંત સદા વિરાજી રહ્યું છે તે સત્યમાં, દિવ્યમાં, અનંતમાં, —વસ્તુમાત્રનાં અંતર્લોકમાં જે જીવે છે તે વીર છે. એ અંતર્લોકમાં તેનું અસ્તિત્વ છે; વચન અને કર્મ દ્વારા પોતાને બહાર પ્રગટ કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આ અંતર્લોકને જ બહાર વિસ્તારે છે. "×

કાર્લાઇલના મત પ્રમાણે એ કપડાં ભરવવાની વળગણી નથી કે હજમ કરવાનું યંત્ર નથી—એ તો સજીવ મનુષ્ય છે, અર્થાત્ પહેલાં કહી ગયા તેમ **सजीवति मनोयस्य मननेन हि जीवति।** અથવા બીજા કવિના શબ્દોમાં એ ગતાનુગતિક નથી, પારમાર્થિક છે.

આપણે જેવી સહેલાઈથી અને તીવ્રતાથી સ્વાર્થ સમજી જઈએ છીએ તેવી જ સહેલાઇથી મનનજીવીઓ પરમાર્થ સમજે છે અને પરમાર્થદ્વારા એટલી જ સહેલાઈથી પ્રેરાય છે. તેમનું દ્વિતીય જીવન—તેમના અંતરતર પ્રાણ જે ખોરાક માગે છે, જે દર્દ અનુભવે છે, જે આનંદામૃત વડે સાંસારિક મુસીબતો અને મૃત્યુમાં પણ અમર બની જાય છે, તેનું અસ્તિત્વ પણ આપણને સમજાતું નથી.

એક દિવસ પૃથ્વી પ્રવાહી ધાતુ અને પથ્થરમય પિંડ રૂપે સૂર્યની પ્રદક્ષિણા કરતી હતી. પણ ઘણા યુગ પછી તેના અંતરમાં કોઈ અદ્ભુત પ્રાણશક્તિનો વિકાસ થતાં, જીવન અને સૌન્દર્યથી તેનાં જળ સ્થળ ભરાઇ ગયાં.

માનવસમાજમાં પણ મનનશક્તિદ્વારા મનની સૃષ્ટિ એ ઘણા યુગોનો એક વિચિત્ર વ્યાપાર છે, એનું સૃષ્ટિકાર્ય સતત ચાલ્યા કરે છે, પરંતુ હજી બધે દાણો બંધાયો નથી, વચમાં વચમાં કોઈ કોઈ જગાએ જ્યારે દાણો દેખાય છે ત્યારે બધાથી તે એકદમ અલગ પડી જાય છે.

આથી બંગાલમાં વિદ્યાસાગર સાધારણ સમાજ કરતાં સાવ જુદા જ પડી ગયા છે. સાધારણ રીતે આપણે પરમાર્થનો પ્રભાવ

× The hero is he who lives in the inward sphere of things, in the True, Divine and Eternal, which exists always, unseen to most, under the Temporary, Trivial: his being is in that; he declares that abroad; by act or sheech as it may be, in declaring himself abroad.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિલકુલે અનુભવતા નથી એવું નથી; વચ્ચે વચ્ચે લાંબું વાવાઝોડું થાય છે, અને પછી અચાનક એક દિવસ અંદરથી એક આધ્યાત્મિક વંટોળિયો ધસી આવી આપણને, સ્વાર્થ અને સગવડની પેલેપાર, આરામ અને ટેવની બહાર થોડી વાર ખેંચી જાય છે, પરંતુ વંટોળિયો પસાર થઈ ગયા પછી એ વાત યાદ પણ રહેતી નથી; અને ફરી પાછા આપણે આહારવિહાર, આમોદપ્રમોદના સનાતનચક્રમાં ચકર ચકર ફરવા માંડીએ છીએ.

આનું કારણ એ છે કે આપણી અંદર મનોજીવન પરિપક્વ થયું નથી. ચેતના અને વેદના તે અનુભવે છે, પરંતુ તેમાં સ્થિરતા નથી, અનુભવથી માંડી કાર્યસમાપ્તિ સુધી જે અતૂટ એકતા જોઈએ અને અનિવાર્ય ઉત્સાહ જોઈએ તે હોતાં નથી. કાર્યની સાથે ભાવનું અને ભાવની સાથે મનનું સજીવ બંધન સ્થાપિત થયું નથી.

જેમની અંદર એ બંધન સ્થાપિત થયું છે, જેમણે એ દ્વિતીય જીવન પ્રાપ્ત કર્યું છે, તેઓ પરમાત્મા દ્વારા પ્રેરિત થઈને છેવટ સુધી ચાલ્યા જ કરે છે. તેમનામાં એક બીજી ચેતના હોય છે—એ ચેતનાની વેદના આપણા અનુભવની બહાર છે.

વિદ્યાસાગર એ બીજી ચેતના લઈને સંસારમાં અવતર્યા હતા. તેથી તેમની વેદનાનો પાર નહોતો. ચારે તરફ જડતાની અંદર આ વ્યથિત ઉદાર હૃદયે કેવળ નિઃસહાય ભાવે, કેવળ પોતાના પ્રાણ-તત્ત્વના જોરે, કેવળ પોતાની વેદનાના તાપે એકલે હાથે પોતાનું કામ કર્યું છે.

સાધારણ લોકોના હિસાબે એ કામોની કંઈ જરૂર નહોતી. તેઓ એકમાત્ર પાંડિત્ય વડે અને પાઠ્યપુસ્તકોના વેચાણમાંથી ધનોપાર્જન કરીને સંસારમાં જોઈએ એટલું સન્માન અને સંપત્તિ મેળવી જઈ શકત. પરંતુ તેમના પોતાના હિસાબે એ બધાં કામોની ખૂબ જરૂર હતી;—નહિતો જે વધારાનું જીવન તેઓ જીવતા હતા તે જીવન રૂંધાઈ જાત;—ધનોપાર્જન અને સન્માનપ્રાપ્તિ એને બચાવી શકત નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલવિધવાનું દુઃખ જોઈ દુઃખી થવું એ આપણે માટે એક ક્ષણિક ભાવોદ્રેક માત્ર છે. તેમની વેદના આપણાં જીવનને સ્પર્શતી નથી. કારણકે આપણે ગતાનુગતિક છીએ; જ્યાં બધાને દુઃખનો અનુભવ ન થાય ત્યાં આપણે જડ છીએ. આપણે સાચા રૂપમાં, પ્રત્યક્ષ રૂપમાં, સંલગ્ન રૂપમાં, તેમના વંચિત જીવનનું દુઃખ અને અપમાન તે આપણું જ દુઃખ અને અપમાન છે એ રીતે અનુભવી શકતા નથી. પરંતુ ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને પોતાની અતિ–ચેતનાનો દંડ ભોગવવો પડયો હતો. ટેવ, લોકાચાર, અને જડતાના પાષાણ પડદાની પાછળ લપાઈને પારકાના દુઃખની વેદનાથી તેઓ પોતાને અલિપ્ત રાખી શકયા નહિ. આથી આપણે જેવા વ્યાકુળ બની આપણું દુઃખ ટાળવા પ્રયત્ન કરતા રહીએ છીએ, તેના કરતાં વધારે વ્યાકુળ ભાવે, બમણા સંકલ્પબળથી વિધવાઓને અતાગ જડ નિષ્ઠુરતામાંથી બચાવવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. આપણી અંદર સ્વાર્થ પ્રબળ છે, પણ આપણા સ્વાર્થ કરતાંએ વધારે પ્રબળ તેમનામાં પરમાર્થ હતો.

આ તો એક દૃષ્ટાન્ત આપ્યું. પરંતુ તેમના જીવનમાં તમામ કામમાં એ દેખાયું છે કે તેઓ જે ચેતનારાજ્યમાં, જે મનન લોકમાં વાસ કરતા, તેનાથી આપણે બહુ દૂર પડેલા છીએ. તેમના વિચાર અને કાર્ય, બુદ્ધિ અને સહાનુભૂતિ ગતાનુગતિકના જેવાં નહોતાં, પારમાર્થિક હતાં.

વિદ્યાસાગર જેવો માણસ પારમાર્થિકતાભ્રષ્ટ બંગદેશમાં જન્મ્યો હતો અને ચારે તરફની જડતાના પાષાણખંડો વડે વારંવાર આઘાત પ્રત્યાઘાત પામ્યો હતો, તેથી જ તેમણે પોતાનું કર્મપરાયણ જીવન બધો વખત વ્યથિતક્ષુબ્ધભાવે વિતાવ્યું હતું. સૈન્ય વગરના ક્રાન્તિકારીની પેઠે પોતાની પરિસ્થિતિની અવજ્ઞા કરી, જીવનમરણની રંગભૂમિના છેક છેડા સુધી, તેઓ એકલા પોતાની ખાંધ ઉપર જય-ધ્વજ ઉપાડીને લઈ ગયા હતા. તેમણે કોઈને મદદમાં બોલાવ્યા નહોતા, કોઈએ તેમને સામો જવાબ દીધો નહોતો; છતાં વિઘ્નો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડગલે ને પગલે હતાં. તેમનું મનનજીવી અંતઃકરણ તેમની પાસે પ્રબળ વેગથી કામ કરાવતું હતું, પરંતુ નિર્જીવ બાહ્યસંસારે તેમને આશ્વાસન સુદ્ધાં દીધું નથી. તેઓ જે શબસાધનામાં પ્રવૃત્ત હતા, તેના છેલ્લા સહાયક પણ તેઓ હતા.

આધુનિક ઇંગ્લાંડમાં વિદ્યાસાગરની સાથે બરાબર સરખાવી શકાય એવું કોઈ નથી.—માત્ર જોનસનની સાથે કેટલીક બાબતમાં તેમનું ઘણું મળતાપણું દેખાય છે. એ મળતાપણું બહારનાં કામમાં એટલું બધું નથી,—કારણ કે કાર્યમાં વિદ્યાસાગર જોનસન કરતાં ઘણા મોટા હતા, પરંતુ આ મળતાપણું અંતરના સરળ, પ્રબલ અને અકૃત્રિમ મનુષ્યત્વમાં છે. જોનસન પણ વિદ્યાસાગરની પેઠે બહારથી દૃઢ અને અંતરથી કોમળ હતા. જોનસન પણ વિદ્વત્તામાં અસાધારણ, વાર્તાલાપમાં રસિક, ક્રોધથી ઉદ્દીપ્ત, સ્નેહરસથી આર્દ્ર, માન્યતામાં નિર્ભય, હૃદયથી નિષ્કપટ, અને પરોપકારમાં નિજનું ભાન ભૂલી જનારો હતો. અસહ્ય ગરીબાઈ પણ એક પળભર તેના સ્વમાનને દબાવી દઈ શકી નહોતી. પ્રખ્યાત અંગ્રેજ લેખક લેસલી સ્ટીફને જોનસન વિષે જે લખ્યું છે તેનો થોડો ભાગ અનુવાદ કરી નીચે ઉતારું છું.

"કેવળ વાતોથી તેમને ભુલાવી શકાય એવું નહોતું; અને અકૃત્રિમ આવેગ પેદા ન કરી શકે એવા કોઈપણ મત-વાદની તેઓ પરવા કરતા ન હતા. વળી તેમના હૃદયની વૃત્તિઓ બધી જેવી સ્વાભાવિક હતી તેવી જ ઊંડી અને કોમળ હતી. પોતાની વૃદ્ધ અને કુરૂપ પત્ની તરફ તેમનો પ્રેમ કેવો પવિત્ર હતો! જ્યાં કંઈ પણ ઉપકાર થાય તેમ હોય ત્યાં તેમની કરુણા કેવી દોડી પહોંચતી! ગ્રાબસ્ટ્રીટનાં અસંખ્ય પ્રલોભનોમાંથી તેમણે કેવા પુરુષોચિત સ્વમાન-થી નિજ મર્યાદા સાચવી હતી તેનો અહીં ફરી ઉલ્લેખ કરવાની જરૂર નથી. પરંતુ એ બધા ગુણો કેવા અતિ દુર્લભ છે, તે હકીકત તરફ ધ્યાન ખેંચવાની જરૂર છે એમ મને લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાજથી તરછોડાયેલી રમણીને રસ્તામાં નિરાધાર બની પડેલી જોઈએ તો આપણામાંથી ઘણાઓનાં મનમાં ક્ષણિક દયા પેદા થાય, આપણે કદાચ પોલીસને બોલાવીએ, અથવા તો ગાડીમાં ચડાવી એને સરકારી આશ્રયસ્થાનમાં મોકલી દઈએ, અથવા બહુ જોર કરીએ તો દરિદ્રપાલનની સરકારી વ્યવસ્થાની ખામીઓ સંબંધમાં ટાઈમ્સ પત્રમાં લેખ લખી મોકલીએ. પરંતુ, એને ખાંધે ઉપાડી પોતાને ઘેર લઈ જઈ શકે અને એનો બધો અભાવ દૂર કરી દઈ એના જીવન-નિર્વાહની સરસ વ્યવસ્થા કરી આપે એવા સજ્જનો કેટલા હશે એ સવાલ ન પૂછવામાં જ ડહાપણ છે. ઘણા મોટા માણસોના જીવનમાં આપણે સાધુભાવ અને સદાચાર જોઈએ છીએ; પરંતુ જેનું જીવન પ્રચલિત લોકાચારમાં બંધાયેલું ન હોય, અથવા જેના હૃદયની લાગણીઓ લાંબા વખતથી ચાલ્યા આવતા શિષ્ટાચારના ખાબોચિયામાંથી બહાર નીકળી આવતી હોય, એવા આદર્શ પુરુષો સારા માણસોમાં પણ જવલ્લે જ જોવા જડે છે. જોનસનના ચરિત્ર તરફ આપણને પ્રેમ થાય છે તેનું મુખ્ય કારણ એ છે કે તેનું જીવન જે ધરી પર ફરતું હતું તે ધરી મહત્તા છે--તે રિવાજ માત્રનું દાસત્વ નથી. ખ્રિસ્તીનું મરણ કેવું હોય તે એડિસને બતાવ્યું છે. પરંતુ તેને જીવનમાં આરામ હતો, રાજમંત્રીનું પદ હતું, અને કાઉન્ટેસની સાથે લગ્ન થયાં હતાં. એનો જીવનપ્રવાહ બહુ સરળતાથી વહ્યો હતો. કોઈ કોઈ વખત મદિરાના અતિ સેવન સિવાય બીજા કશાથી તેની નાડી અને તેના મિજાજને ચંચળ કરી શકાતો નહિ. પરંતુ એક બીજો મક્કમ મનનો વૃદ્ધ તીર્થયાત્રી જે બહાર અને અંદર દુઃખનો દાવાનળ સળગતો હોવા છતાં લડીને જીવનને શાંતિના માર્ગે લઈ ગયો હતો, જે આ સંસારની માયાની બજારમાં હાંસીપાત્ર બનીને પણ મૃત્યુ-છાયાની અંધારી ગુફામાં ઊતર્યો હતો, અને જે નૈરાશ્યદૈત્યના બંધન-માંથી મહાપ્રયત્ને મહાકષ્ટે છૂટયો હતો, તેની મૃત્યુશય્યા આગળ આપણા મનમાં ઊંડો ભાવાવેગ ઊછળી આવે છે. આ માણસના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતિમકાળની હૃદયવૃત્તિ કેવી કોમળ છે, ગંભીર છે, ને સરળ છે એ જ્યારે આપણે જોઈએ છીએ, ત્યારે આપણે આપોઆપ અનુભવીએ છીએ કે જે ભલો માણસ પરમ શિષ્ટાચારનું પાલન કરતાં કરતાં જીવ્યો ને મર્યો તેના કરતાં વધારે ઉન્નત સાધુત્વની સમીપ અત્યારે આપણે બેઠા છીએ."

આ વર્ણન વાંચતા વિદ્યાસાગરની સાથે જોનસનનું સાદશ્ય સહેજે યાદ આવે છે. વિદ્યાસાગરે પણ ક્ષુદ્ર સંકુચિત રોજિંદી ભવ્યતાનું અનુસરણ કર્યું નથી, એમનાં સ્નેહભક્તિ ને દયા તથા તેમનું વિશાળ ઉદાર હૃદય તમામ કાયદાકાનૂનોને બાજુએ મૂકી, કેવા અસાધારણ રૂપમાં વ્યકત થતાં એ તેમના જીવનચરિત્રમાં અનેક પ્રસંગોદ્વારા પ્રગટ થયેલું છે.

અહીં જોનસન વિષે કાર્લાઇલે જે લખ્યું છે તેનો થોડો ભાગ ઉતારું છું:

'તેઓ બલિષ્ઠ ચિત્તવાળા એક મહાન પુરુષ હતા. ઘણી વસ્તુઓ તો છેવટ સુધી તેમની અંદર અપકવ જ રહી ગઈ; અનુકૂળ ઉપકરણોમાં તેઓ કવિ–ઋષિ–રાજાધિરાજ–શું ન થઈ શક્યા હોત! પરંતુ ખરી વાત એ છે કે પોતાનાં 'ઉપકરણ', પોતાની મર્યાદા, અને એવા બધા વિષે કોઈએ જ કંઈ ફરિયાદ કરવાની જરૂર નથી. એ તો કેવળ નિષ્ફળ બળાપો છે. તેમનો સમય ખરાબ હતો, તો શું થયું? તેઓ એને સારો બનાવવા માટે જ આવ્યા હતા. જોનસનની કિશોરાવસ્થા ધનહીન, સંગહીન અને આશાહીન હતી, વળી દુર્ભાગ્યજાળમાં સપડાયેલી હતી. હશે, પરંતુ તેમની બાહ્ય અવસ્થા બિલકુલ અનુકૂળ હોય તો પણ જોનસનનું જીવન કેવળ દુ:ખમય બનવા સિવાય બીજું કંઈ જ બનવાનું નહોતું. કુદરતે તેમની મહત્તાના બદલામાં તેમને કહ્યું હતું કે 'જા, દુ:ખના સાગરમાં જઈને વાસ કર.' ના, મને લાગે છે કે દુ:ખ અને મહત્ત્વ ઘનિષ્ઠભાવે, એટલું જ નહિ, અભેદભાવે પરસ્પર જોડાયેલાં હતાં. ગમે તે કારણ હો, પણ બિચારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોનસનને હંમેશાં રોગ તથા શારીરિક અને આધ્યાત્મિક વેદના કમરે બાંધીને ફરવું પડતું. જરા કલ્પનાની નજરે એમને નિહાળો: 'દૂબળું શરીર છે, ભૂખે મરતું વિશાળ હૃદય છે,–અને અનિર્વચનીય વધતો જતો ચિંતાભાર લઈને પૃથ્વી પર દુઃખમાં આવી પડેલા વિદેશીની પેઠે ફરે છે. જે કંઈ પારમાર્થિક પદાર્થ સામે આવી ચડે તે વ્યગ્ર-ભાવે હાર્ડયાં કરે છે, અને બીજું કંઈ ન મળે તો છેવટે વિદ્યાલયની ભાષા અને વ્યાકરણ તો છે.' આખા ઇંગ્લાંડમાં સૌથી વિશાળ હૃદય જો કોઈનું હોય તો એમનું હતું, અને છતાં એમનો રોજનો ખોરાક સાડા ચાર આનાનો હતો! તો યે એ હૃદય ખરેખરા અણનમ મહાબલવાન મનુષ્યનું હૃદય હતું! ઓકસફર્ડની પેલી જોડાની વાત હમેશાં યાદ આવે છે: ચાઠાંવાળા મુખવાળો, હાડના પિંજર જેવો કંગાલ વિદ્યાર્થી શિયાળાના દિવસોમાં ફાટેલા જોડા પહેરીને કેવો બધે ફરી રહ્યો છે. એક દયાળુ ભલા છોકરોએ નવા જોડાની એક જોડ કેવી રીતે ગૂપચૂપ બારણાં પાસે મૂકી દીધી, અને હાડના પિંજર જેવા એ છોકરાએ એ જોડા ઉપાડી બહુ ચિંતાઓને લીધે ઓછી તેજદાર બનેલી આંખો પાસે લાવી જોયા, અને પછી બારીમાંથી કેવી રીતે ઘા કરી બહાર ફેંકી દીધા તે યાદ આવે છે. ભીના પગ ભલા, કાદવ ભલો, બરફ ભલો, ભૂખ ભલી, એ બધું સહન થશે, પણ ભિક્ષા નહિ થાય! દૈન્ય, વેદના અને અભાવનો પાર નથી, પણ અંતરની મહત્તા અને પૌરુષ કેવાં છે! એક સ્વાધીન મનુષ્ય છે એ. એ તમારો ગતાનુગતિક, ઋણપ્રાર્થી, ભિક્ષાજીવી માણસ નથી. ગમે તે થાઓ, પણ અમે અમારા પોતાના જ પગ ઉપર ઊભા રહીશું, અમારા પરસેવાની કમાણીના જ જોડા પહેરીને અમે ખડા રહીશું. ગમે તો અમે કાદવમાં ચાલીશું, બરફ ઉપર ચાલીશું, પણ માથું ઊંચું રાખીને ચાલીશું; બીજાને જે આપ્યું છે તેની નકલ નહિ કરીએ.'

કાર્લાઈલે જે લખ્યું છે તેનો પ્રસંગ ભલે ન મળતો આવે, પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો મર્મ વિદ્યાસાગરને બરાબર લાગુ પડે છે. તેઓ ગતાનુગતિક નહોતા, તેઓ સ્વતંત્ર, સચેતન અને પારમાર્થિક હતા. છેલ્લી ઘડી સુધી તેમણે પોતાના સલેપાટ જ પહેર્યાં છે. આપણને કેવળ એક વાતનો અફસોસ છે કે વિદ્યાસાગરનો કોઈ બોઝવેલ નહોતો. તેમના મનની સરળતા, તીક્ષ્ણતા, ગંભીરતા અને સહૃદયતા તેમની વાણીમાં દરરોજ સતત વેરાયા કરી છે, આજે હવે તેનો ઉદ્ધાર કરવાનો ઉપાય નથી–બોઝવેલ ન હોત તો જોનસનનું મનુષ્યત્વ લોકસમાજમાં સ્થાયી આદર્શનું દાન કરી શકત નહિ. સદભાગ્યે વિદ્યાસાગરનું મનુષ્યત્વ તેમનાં કાર્યોમાં પોતાથી છાપ મૂકી જશે, પરંતુ તેમની અસાધારણ મનસ્વિતા, જે તેમણે મોટા ભાગે મોંના શબ્દોમાં વેરી રાખી છે, તે તો કેવળ અસ્પષ્ટ જનશ્રુતિમાં અધૂરા રૂપમાં વિરાજમાન રહેશે.

૧૩૦૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતપથિક રામમોહન રાય

[૧]

મહાપુરુષો સમસ્ત માનવજાતિના ગૌરવ અને આદર્શનું સ્થાન હોય છે એ વાત ખરી, પરંતુ તેઓ કોઈ એક દેશના વિશેષ ગૌરવનું સ્થાન હોય છે એ વિષે કંઈ શંકા નથી. ગૌરવનું સ્થાન કહેવાથી માત્ર સામાન્ય અહંકારનું સ્થાન સમજાય છે એમ નથી; ગૌરવનું સ્થાન કહેવાથી શિક્ષણનું સ્થાન, શક્તિપ્રાપ્તિનું સ્થાન સમજાય છે. મહાપુરુષોનાં મહાન કાર્યો જોઈ કેવળ સન્માનમિશ્રિત વિસ્મય પેદા થાય એથી યથેષ્ઠ ફળસિદ્ધિ થતી નથી, પણ તેમને જેટલા પોતાના સમજીએ અને તેમના તરફ જેટલો પ્રેમ જાગે તેટલું તેમનું કાર્ય, તેમનું ચરિત્ર, અને તેમની વાત આપણી આગળ જીવંત થાય છે. જેમને લીધે આપણે ગૌરવ અનુભવીએ છીએ, તેમનાં તરફ આપણે માત્ર ભક્તિભાવ નથી રાખતા, તેમને આપણે 'પોતાના' સમજીએ છીએ. આથી તેમના મહત્ત્વનો પ્રકાશ વિશેષ રૂપે આપણી ઉપર આવી પડે છે, અને વિશેષ રૂપે આપણાં સુખ ઉજ્જવળ કરે છે. બાળક જેમ હજારો શક્તિશાળી માણસોને બાજુએ મૂકી, વિપદ્-વેળાએ પિતાના ખોળામાં આશ્રય લેવા દોડે છે, તેમ આપણે દેશની દુર્ગતિ વખતે બીજા બધાને બાજુએ મૂકી આપણા જ દેશના મહા-પુરુષોનો અચલ આશ્રય લેવા વ્યાકુળ બની જઈએ છીએ. તે વખતે આપણા નિરાશ હૃદયમાં તેઓ જેવો બલનો સંચાર કરી શકે છે તેવો બીજું કોઈ કરી શકતું નથી. ઇંગ્લાંડની દુર્દશાની કલ્પના કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિ વર્ડ્ઝવર્થે દુનિયાના બધા મહાપુરુષોને છોડી કાતરસ્વરે મિલ્ટનને સાદ પાડયો છે કે હે મિલ્ટન, તું જો આજે જીવતો હોત તો કેવું સારું! આજે ઈંગ્લાંડને સૌથી વધારે જરૂર તારી છે!'

જે દેશમાં કોઈ મહાપુરુષનો જન્મ થયો નથી તે દેશ પ્રેરણા માટે કોની સામે જોશે? તેની કેવી દુર્દશા! પરંતુ જે દેશમાં મહાપુરુષો જન્મ્યા છે, છતાં જે દેશ કલ્પનાની જડતા અને હૃદયના પક્ષાઘાતને લીધે તેમનું મહત્ત્વ કેમે અનુભવી શકતો નથી, તેનું કેવું દુર્ભાગ્ય!

આપણું કેવું દુર્ભાગ્ય છે! આપણે બંગસમાજના મોટા મોટા યશોબુદ્‌બુદોને ધૂળના સિંહાસન પર બેસાડી બે દિવસ પુષ્પચંદન કરી, રમત રમી, મહત્ત્વપૂજાની ઇચ્છાને પૂર્ણ કરીએ છીએ. વિદેશીઓનું અનુકરણ કરી વાતવાતમાં સભા બોલાવી, ફાળો ઉઘરાવી, મહત્ત્વપૂજાનો ઢોંગ અને આડંબર કરીએ છીએ!

રામમોહન રાયના ચરિત્રનો વિચાર કરવાની એક મોટી આવશ્યકતા છે. આજના આપણા સંજોગોમાં એમના જેવા આદર્શની ખાસ જરૂર છે. આપણે કાતરસ્વરે તેમને કહી શકીએ છીએ કે 'હે રામમોહન રાય! આજે તમે જીવતા હોત તો કેવું સારું! આજે બંગાળને સૌથી વધારે જરૂર તમારી છે! અમે બધા વાણીશૂરા છીએ–અમને તમે કામ કરતાં શીખવો! અમે લઘુ જીવ છીએ-વિપ્લવના પ્રવાહમાં ચરિત્ર ગૌરવના પ્રભાવે અટલ રહેવાનું અમને શીખવો! અમે બહારના પ્રખર પ્રકાશમાં અંધ છીએ, હૃદયના અભ્યંતરમાં રહેલા ચિર ઉજ્જવળ પ્રકાશની મદદથી સારું ખોટું સમજતાં અને સ્વદેશનું સ્થાયી અને યથાર્થ કલ્યાણ હોય તેનો આશ્રય લેતાં અમને શીખવો!

રામમોહન રાય ખરેખરું કામ કરી ગયા છે. તેમના સમયમાં બટકબોલી જીભનું તેજ આટલું વધ્યું નહોતું. એટલે તેનું આટલું સન્માન પણ નહોતું. પરંતુ એક બીજી વાત જોવી જોઈશે. કોઈ કોઈ વખત કામ ઘણાં ભરાઈ જાય છે, કામનો મેળો જામી જાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવે વખતે કામ કરવામાં અને કામનો દેખાવ કરવામાં એક પ્રકારનો આનંદ હોય છે. તે વખતે એ કાર્યાડંબર નાટ્યરસ પેદા કરી માણસને પાગલ કરી નાખે છે, ખાસ કરીને કોઈ તુમુલ કોલાહલમાં બધાં બાહ્યજ્ઞાન ભૂલીને કેવાં યે વિહ્વળ બની જાય છે. પરંતુ રામ-મોહન રાયના વખતમાં બ્રહ્મસમાજની એવી દશા નહોતી. તે વખતે કામમાં મહત્તાનું સુખ નહોતું, એકલા, ધીરજથી બહુ કામ કરવું પડતું. એકાંત ગંભીર મહાસાગરના ગર્ભમાં કોઈને ખબરે ન પડે તેમ જેવી રીતે ધીરે ધીરે દ્વીપ પેદા થાય છે, તેવી રીતે સંકલ્પ, અથાક નીરવતાપૂર્વક, હૃદયના ખૂણેખૂણાને પરિપૂર્ણ કરી કાર્ય રૂપે પ્રગટ થતો. મહત્ત્વના જોરે અને હૃદયના ઉમળકાના જોરે કામ ન કરીએ તો કામ કરવાની બીજી કોઈ જ પ્રેરણા તે વખતે હયાતી ધરાવતી નહોતી. છતાં કામમાં વિઘ્નો આજના કરતાં ઘણાં વધારે હતાં. રામમોહન રાયને યશનું પ્રલોભન બિલકુલે નહોતું. તેમણે કેટલાંયે કામો કર્યાં, પણ એકે કામમાં તેમણે તેમના સમયના દેશવાસીઓ પાસેથી જશની આશા રાખી નહોતી. શ્રાવણની હેલીની પેઠે નિંદા અને ગ્લાનિનો વરસાદ તેમના માથા પર સતત પડયા કરતો હતો—છતાં તે તેમને તેમનાં કાર્યમાંથી વિમુખ કરી શકયો નહોતો. પોતાના મહત્ત્વમાં તેમનો કેવો અચલ આશ્રય હતો! પોતાના મહત્ત્વમાં જ તેમના હૃદયને કેવી પરિપૂર્ણ તૃપ્તિ હતી. સ્વદેશ તરફ તેમના હૃદયમાં કેવો નિઃસ્વાર્થ ઊંડો પ્રેમ હતો! તેમના દેશવાસીઓ તેમને સાથ આપતા નહોતા;—તેઓ પણ તેમના વખતના દેશવાસીઓથી ઘણા દૂર હતા; તેમ છતાં પોતાના વિશાળ હૃદયના જોરે, સ્વદેશના યથાર્થ મર્મ-સ્થળની સાથે પોતાનો દૃઢ સંબંધ તેઓ જાળવી રાખી શકયા હતા. પરદેશી શિક્ષણથી તે બંધન છિન્ન થયું નહોતું, અને પરદેશી શિક્ષણ કરતાંએ વધારે ભયાનક એવા સ્વદેશી ત્રાસથી યે તે બંધન કપાયું નહોતું. એ નિરભિમાન બંધનને લીધે તેઓ સ્વદેશની ખાતર સંપૂર્ણ આત્મવિસર્જન કરી શક્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે શું નહોતું કર્યું? શિક્ષણ કહો, રાજનીતિ કહો, બંગાળી ભાષા કહો, બંગાળી સાહિત્ય કહો, સમાજ કહો, ધર્મ કહો, બંગાળી સમાજના હરકોઈ વિભાગમાં ઉત્તરોત્તર થતી ઉન્નતિ, તે કેવળ કાળનાં નવાં નવાં પાનાંમાં ઉત્તરોત્તર વધારે ને વધારે સ્પષ્ટ થતા તેમના હસ્તાક્ષર છે. બંગાળી સમાજમાં સર્વત્ર તેમનો સ્મરણસ્થંભ માથું ઊંચું કરીને ખડો થઈ રહ્યો છે. તેમણે આ મરૂભૂમિમાં જે બી વાવ્યાં, તે વૃક્ષ બની, શાખા પ્રશાખા રૂપે આજે દરરોજ વિસ્તૃત થઈ રહ્યાં છે. તેની વિશાળ છાયામાં બેસીને શું આપણે એમને યાદ નહિ કરીએ?

તેમણે જે કર્યું છે તેથી તેમની મહત્તા પ્રગટ થાય છે, અને તેમણે જે નથી કર્યું તેથી તો તેમની મહત્તા વધારે પ્રગટ થાય છે. તેમણે આટલાં કાર્યો કર્યાં, પણ કશાની અંદર પોતાની આત્મપ્રતિષ્ઠા કરી નથી, તેમણે જે બ્રહ્મસમાજની સ્થાપના કરી તેમાં પોતાની અથવા તો બીજા કોઈની યે છબી મૂકવાનો તેમણે નિષેધ કર્યો છે. ધાર્યું હોત તો તેઓ નવો ધર્મ ઊભો કરી શકયા હોત, પણ તેમ ન કરતાં તેમણે પુરાતન ધર્મનો પ્રચાર કર્યો. તેઓ પોતાને ગુરુ તરીકે ચલાવી શકયા હોત, પણ તેમ ન કરતાં તેમણે પ્રાચીન ઋષિ-મુનિઓને ગુરુ તરીકે માન્યા. તેમણે પોતાનું કામ કાયમી કરવા માટે તનતોડ મહેનત કરી, પરંતુ પોતાનું નામ કાયમી કરવા માટે લેશ-માત્ર પ્રયત્ન કર્યો નહિ; ઊલટું તેથી ઊંધું કર્યું. આવો આત્મવિલોપ આજે કયાં દેખાય છે? મોટાં મોટાં છાપાંના ખોબા ભરી ભરી, સતત પોતાની નામસુધાનું પાન કરીને એક પ્રકારની માદકતા પેદા કરી આપણો કામનો ઉત્સાહ જાગૃત રાખવો પડે છે—દેશને માટે સાધા-રણ અમથું કંઈ કામ કરીએ છીએ, તે પણ પરદેશી ઢબે કરવાનો પ્રયત્ન કરીએ છીએ,—જેથી તે કામ પરદેશીઓનાં નયનોને આકર્ષ-નારું બની શકે. સ્મૃતિકોલાહલ અને પોતાના જૂથના લોકોનો સતત એક મંત્રોચ્ચાર સાંભળી સાંભળીને, સ્થિરતાપૂર્વક કોઈ પણ વિષયનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સારાસાર સમજવાની શક્તિયે રહેતી નથી, એટલી ઇચ્છાયે રહેતી નથી; કોઈ ગોટાળાના વમળમાં આનંદથી ચકર ચકર ફર્યા કરીએ છીએ અને મનથી માનીએ છીએ કે અમે વીજળી વેગે ઉન્નતિના માર્ગે આગળ વધી રહ્યા છીએ.

આપણે આત્મવિલોપ કરી શકતા નથી તેનું કારણ આપણે આપણને સ્થિર રાખી શકતા નથી. સાધારણ અમથા ભાવના પ્રવાહમાં આપણે સૌથી પહેલા તણાઈ જઈએ છીએ. આત્મગોપન કરી શકતા નથી એટલે જ હમેશાં એવો વિચાર કરવો પડે છે કે હું કેવો દેખાઉં છું. જેઓ મધ્યમ પ્રકારના મોટા માણસો છે તેઓ પોતાનો શુભસંકલ્પ સિદ્ધ કરવા તો માગે છે, પણ તેની સાથે સાથે પોતાને પણ પ્રચલિત કરવા ઇચ્છે છે. આ બહુ વિષમ પરિસ્થિતિ છે. માણસ પોતે જ જ્યારે પોતાના સંકલ્પનો હરીફ બની બેસે ત્યારે પોતાના સંકલ્પ કરતાં પોતાની જ તરફ તેનું વલણ કંઈક વધારે રહે એ સ્વાભાવિક જ છે. ત્યારે સંકલ્પ ઘણી વખત નિર્બળ અને ધ્યેય ભ્રષ્ટ થઈ જાય છે. વાતવાતમાં તેનું પરિવર્તન થાય છે. સારું કામ જરાતરા પાર પડે છે, પરંતુ કામ સર્વાંગસુંદર થઈ શકતું નથી. જે પોતાના પગમાં પોતે જ બેડી રૂપે વિરાજી રહ્યો છે તે દુનિયાનાં હજારો વિઘ્નો કેવી રીતે પાર કરવાનો? જે માણસ પોતાને છોડી પોતાના શુભ કાર્યની દુનિયામાં સ્થાપના કરે છે તે પાકા પાયા પર પોતાના મંગળસંકલ્પની ઇમારત ઊભી કરે છે; અને જે પોતાની જ ઉપર પોતાનાં બધાં કાર્યોની ઇમારત ચણે છે તે જ્યારે ચાલ્યો જાય છે ત્યારે પોતાના અધૂરા કાર્યને પણ પોતાની સાથે લેતો જાય છે; કદાચ તેનાં ખંડેરો ધૂળમાં પડયાં હોય, પણ તેનો પાયો ક્યાંય જોવા જડતો નથી. રામમોહન રાયે પોતાને ભૂલી પોતાની મહાન ઇચ્છાને બંગાળી સમાજમાં સ્થાપન કરી હતી, એથી આજે તેઓ હયાત નથી, છતાં તેમની એ ઇચ્છા સજીવભાવે દરરોજ બંગાલમાંજ ચારે તરફ સતત કામ કરી રહી છે. બંગાળીઓ કદાચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમની સ્મૃતિને હૃદયપટમાંથી ઘસીને ભૂંસી નાખી શકશે, પણ તેમની એ આખર ઇચ્છાના વંશને બંગસમાજમાંથી ઉખેડી શકવાના નથી.

રામમોહન રાયની આત્મધારણાશક્તિ કેવી અસાધારણ હતી તેની જરા કલ્પના કરી જુઓ. છેક બાલ્યકાળમાં જ્યારે તેઓ હૃદયની તરસ છિપાવવા ભારતવર્ષમાં ચારે તરફ વ્યાકુળ બની ભ્રમણ કરતા હતા, ત્યારે તેમના અંતરમાં ને બહાર કેવો ગાઢ અંધકાર જામેલો હતો! જ્યારે એ ગાઢ રાત્રિને પલકમાં બાળી નાખી તેમના હૃદયમાં પ્રખર પ્રકાશ જાગી ઊઠયો, ત્યારે એ તેજ, એ પ્રકાશને તેઓ હૃદયમાં ધારણ કરી શક્યા. યુગયુગાન્તરથી સંચિત ઊંડી અંધારી કોલસાની ખાણમાં અચાનક વીજળી પડે તો શુંનું શું થઈ જાય! ભૂગર્ભના સેંકડો ટુકડા થઈ જાય! તેવી રીતે ઓચિંતાનો જ્ઞાનનો નવો ઉચ્છ્વાસ આવે તો કેટલા માણસો તે સહેલાઈથી ધારણ કરી શકે?

પરંતુ રામમોહન રાય અત્યંત મહાન હતા, એથી એ જ્ઞાનના પૂરમાં તેમનું હૃદય અચળ હતું; એ જ્ઞાનના વિપ્લવમાં માથું ઊંચું કરી, આપણા દેશમાં જે ધ્રુવ મંગળનું કારણ બની રહેનાર છે તેનું તેઓ દાન કરી શક્યા. આ વખતે ધીરજ રહે ખરી? આજના જમાનામાં તો આપણે ધૈર્ય કોને કહે તે જાણતા યે નથી. પરંતુ રામમોહન રાયમાં કેવું અસાધારણ ધૈર્ય હતું! બીજુ બધું છોડી તેઓ પર્વત જેવડા રાખના ઢગલાઓમાં ઢંકાયેલા અગ્નિને ફૂંકીને પ્રજ્વલિત કરવા બેઠા હતા. એકદમ ચમકાવવા વાસ્તે પરદેશી દીવાસળી સળગાવી તેમને જાદુ કરવો નહોતો. તેઓ જાણતા હતા કે રાખમાં જે અગ્નિકણ હજી છે તે ભારતવાસીના હૃદયના ગૂઢ ઊંડાણમાં રહેલો છે, અને એકવાર પ્રજ્વલિત થયા પછી ફરી હોલવાવાનો નથી.

રામમોહન રાયે જ્યારે ભારતવર્ષમાં જન્મ લીધો ત્યારે અહીં ચારે તરફ કાળરાત્રિનો ઘેરો અંધકાર છવાયેલો હતો. મિથ્યા અને મૃત્યુની સામે તેમને તુમુલ સંગ્રામ કરવો પડયો હતો. મિથ્યા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૃત્યુ નામે માયાવી રાજાઓની પાસે ખરું બળ નથી, અમોઘ અસ્ત્ર નથી, કયાંય તેમનું ઊભા રહેવાનું સ્થળ નથી, માત્ર રાતના અંધકાર અને એક જાતના અસ્પષ્ટ ભય ઉપર તેમનું સિંહાસન ખોડેલું છે. આપણું અજ્ઞાન અને આપણાં હૃદયની દુર્બળતા એ જ તેમનું બળ છે. ગમે તેવો બીકણ પણ સવારના અજવાળામાં ભૂતનું નામ સાંભળે તો હસે. પરંતુ અંધારી રાતે એક સૂકા પાંદડાનો અવાજ, એક તણખલાનો પડછાયો યે લાગ મળતાં આપણાં હૃદયમાં નિષ્ઠુર અધિકાર જમાવી શકે છે. ખરેખરા ચોરના ભય કરતાં આ મિથ્યા અદશ્ય ભયની સત્તા વધારે પ્રબળ હોય છે. અજ્ઞાનમાં માણસ જેવો નિરુપાય અને અસહાય હોય છે તેવો બીજે કયાં હોય છે!

રામમોહન રાયે જ્યારે જાગ્રત થઈ બંગસમાજની ચારે તરફ નજર કરી, ત્યારે બંગસમાજ એવી પ્રેતભૂમિ જેવો હતો. તે વખતે સ્મશાનમાં પ્રાચીન કાળના હિંદુધર્મનું પ્રેત માત્ર અધિકાર ભોગવતું હતું. ન મળે તેનામાં જીવન, ન મળે અસ્તિત્વ, હતાં માત્ર દમદાટી અને ભય! એવી રીતે, એવા સ્મશાનમાં, એવા ભયની સામે मा भैः શબ્દનું ઉચ્ચારણ કરી જે એકલો આગળ વધ્યો, તેની મહત્તા આપણે આજે આ દિવસના પ્રકાશમાં કદાચ બરાબર સમજી નહિ શકીએ. જે માણસ બહાર સાપને મારવા જાય છે તેના માત્ર જીવનની આશંકા રહે છે, પરંતુ માણસ ઘરનો સાપ મારવા જાય છે તેના જીવનની આશંકા કરતાં અજાણ્યા અમંગલની આશંકા વધારે જોર કરતી હોય છે. તેવી રીતે રામમોહન રાયના વખતમાં હિંદુ-સમાજનાં ભગ્ન ખંડેરોના હજારો છિદ્રોની અંદર હજારો અમંગળો ઉત્તરોત્તર વધતાં જતા વંશવેલાને લીધે, પ્રાચીનતા અને જડતાના પ્રતાપે ખૂબ જોરદાર બની ગયાં હતાં. રામમોહન રાય સમાજને આ સહસ્ર નાગપાશબંધનમાંથી મુક્ત કરવા નીડરપણે આગળ વધ્યા. પરંતુ આ ભયાનક બંધન પ્રિય બંધનની પેઠે સમાજને જકડી રહ્યું હતું, એથી આખો બંગસમાજ ચીસ પાડીને રામમોહન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાયની સામે ખડો થઈ ગયો. આજે આપણાં બાળકો પણ એ બધા મૃતસર્પોના માથાપર હસતે મોઢે પદાઘાત કરે છે, અને આપણે પણ તેમને નિર્વિષ સાપોલિયાં કહીને હસીએ છીએ, એમનો પ્રબળ પ્રતાપ એમની આંખોનું મોહાકર્ષણ અને એમની લાંબી પૂંછડીના ભયાનક ચાબખાનો ભય આપણે ભૂલી ગયા છીએ.

એક વખત ભાંગફોડ કરવા માંડયા પછી એનો નશો ચડી જાય છે. સર્જનનો જેમ આનંદ હોય છે તેમ પ્રલયનો પણ એવો ભીષણ આનંદ હોય છે. રાજનારાયણ બાબુ કૃત 'આજનો જમાનો અને ગઈ કાલનો જમાનો' વાંચનારા જાણે છે કે નવું અંગ્રેજી શિક્ષણ લઈને બંગાળી છોકરાઓ કેવું ગાંડપણ લઇને હિંદુકોલેજમાંથી બહાર નીકળતા! તેઓ જૂથ બાંધી બળપૂર્વક ઘા કરી હિંદુસમાજના હૃદયમાંથી રક્ત વહેવડાવી, એ રક્તવડે રાજમાર્ગ પર હોળી ખેલતા. કઠોર અટ્ટહાસ્ય અને નિષ્ઠુર ઉત્સવની ધમાચકડી કરી તે વખતના સ્મશાન દૃશ્યને તેમણે વધારે ભયાનક બનાવી દીધું હતું. તેમની નજરે હિંદુસમાજમાં કંઈજ સારું નહોતું, કંઈ જ પવિત્ર નહોતું. હિંદુસમાજના અહીં તહીં વેરાયેલાં હાડને સારી રીતે અગ્નિસંસ્કાર કરી, તેની છેલ્લી ભસ્મને ગંગાજળમાં પધરાવી, ખિન્ન મને ઘેર પાછા આવવું એટલી પણ પ્રાચીન હિંદુસમાજની સ્મૃતિ પ્રત્યે તેમને શ્રદ્ધા નહોતી. તેઓ તો કાલભૈરવના અનુચર ભૂતપ્રેતની પેઠે સ્મશાનના નરકમાં મદિરાપાન કરી વિકટ ઉલ્લાસથી પાગલ બની જતા. એ સમયની પરિસ્થિતિનો વિચાર કરતાં તેમનો બહુ દોષ કાઢી શકાય એવું નથી. ક્રાન્તિની શરૂઆતમાં આવું જ બને છે. એક વખત ભાંગવા પર મન વાળ્યું એટલે પ્રલયનો રસ ઉત્તરોત્તર વધતો જાય છે. તે વખતે જરા ખરાબ લાગે તો બધું ખરાબ લાગે છે, બહારનો ભાગ ખરાબ લાગે તો અંદરનું પણ ખરાબ લાગે છે! પરંતુ વર્તમાન બંગસમાજમાં ક્રાન્તિના અગ્નિની જ્વાળા સૌથી પહેલી જેણે પ્રજ્વલિત કરી એ રામમોહન રાયમાં એવું ગાંડપણ જન્મ્યું નહોતું. તેઓ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિર મનથી સારા ખોટા બધાનું નિરીક્ષણ કરતા હતા. તેમણે અગ્નિ સળગાવી દીધો, પણ ચિતાગ્નિ નહોતો સળગાવ્યો.

આમાં જ રામમોહન રાયનું ખરું મહત્ત્વ છે. કેવળ બાહ્ય અનુષ્ઠાન અને નિર્જીવ તંત્રમંત્રમાં જ જીવતા દટાયેલા હિંદુધર્મનો તેમણે પુનરુધ્ધાર કર્યો. ઓથારમાં દબાઈને હિંદુધર્મ આજ મરું કાલ મરું કરતો હતો. જે પાષાણના ઢગલામાં પિસાઇને હિંદુધર્મનું હૃદય નિશ્ચેતન બની રહ્યું હતું, તે ઓથાર અને તેના ઢગલાની ઉપર રામમોહન રાયે પ્રચંડ બળપૂર્વક ઘા કર્યા, તેના પાયા ડગમગી ઊઠયા, અને તેના ટુકડે ટુકડા થઈ ગયા. હિંદુધર્મનું વિશાળ પ્રાચીન મંદિર જીર્ણ થઇને રોજ રોજ ભાંગી પડતું હતું અને છેવટે હિંદુ ધર્મની દેવપ્રતિમા દેખાતી બંધ થઈ ગઈ હતી. માત્ર મંદિરનાં લાકડાં લોઢાં અને ધૂળના ઢગલા ઊંચે ચડી રહ્યાં હતાં; તેના ગર્ભ-દ્વારમાં અંધારું વધારે ગાઢ બની રહ્યું હતું, નાનાં મોટાં અનેક સર્પ, જનાવરો દર પાડી રહ્યાં હતાં, અને અહીં તહીં ઝાડઝાંખરાં ઊગી નીકળીને હજારો મૂળિયાં દ્વારા નવાં નવાં બંધન વડે એ જૂના ખંડેરને એક ઠેકાણે બાંધી રાખવાનો પ્રયાસ કરતાં હતાં. હિંદુસમાજ દેવપ્રતિમાને ભૂલી એ જડ ઢગલાની પૂજા કરતો હતો. અને પહાડ જેવડી જડતાની નીચે ચંપાઈને રોજરોજ ચેતના ખોતો જતો હતો. રામમોહન રાયે એ ભાંગેલું મંદિર તોડી નાખ્યું; બધાએ કહ્યું કે તેમણે હિંદુધર્મની ઉપર આઘાત કર્યો. પરંતુ ના, તેમણે તો હિંદુધર્મનું જીવન બચાવી લીધું. આખો ભારતવર્ષ એથી તેમનો ઋણી છે. કેવા સંકટ સમયે તેમણે જન્મ લીધો હતો ! તેમની એક તરફ હિંદુ-સમાજની તટભૂમિ તૂટી પડતી હતી, અને બીજી તરફ પરદેશી સભ્યતાસાગરની પ્રચંડ રેલ વીજળીવેગે આગળ વધી રહી હતી. એ બેની વચમાં આવીને રામમોહન રાય ઊભા—એ એમની અચળ મહત્તા હતી. તેમણે જે બંધ ઊભો કરી દીધો, ત્યાં આવીને ખ્રિસ્તી વિપ્લવ પાછો હઠી ગયો. તે વખતે તેમના જેવો મોટો માણસ જન્મ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન હોત તો અત્યારે તો ક્યારનાંયે બંગાળના હિંદુસમાજમાં એક અતિ કરુણ પ્રલયનાં પૂર ફરી વળ્યાં હોત !

અહીં રામમોહન રાયની ઉદારતા વિષે કદાચ બે શબ્દો કહી શકાય. ભસ્મના ઢગલાઓમાં ઋષિઓનાં હૃદયમાંથી જન્મેલો જે અમર અગ્નિ છૂપો હતો, તેને જ તેમણે ભસ્મ ખસેડી દઈને પ્રગટ કર્યો હતો. પરંતુ એટલું બધું કરવાની શી જરૂર હતી? એનો જવાબ એ કે વિજ્ઞાનદર્શનની પેઠે જો ધર્મ કેવળ જ્ઞાનનો વિષય હોત, અને હૃદયમાં અનુભવવાનો, મેળવવાનો, સંઘરવાનો વિષય ન હોત; ધર્મ જો ઘરના દાગીનાની પેઠે કેવળ ઘરની ભીંતે લટકાવી રાખવાની ચીજ હોત, અને આપણા સંસારનાં દરેકેદરેક નાનાં મોટાં કામનો એ પ્રવર્તક—નિવર્તક ન હોત, તો આવું ન કર્યું હોત તોયે ચાલત. તો અનેક વિદેશી અલંકારો વડે ઘરને શણગારી રાખી શકાત. પરંતુ ધર્મ તો હૃદયમાં પ્રાપ્ત કરવાની અને સંસારનાં કામકાજમાં વાપરવાની વસ્તુ છે, દૂર રાખવાની નહિ; એટલે જ સ્વદેશનો ધર્મ સ્વદેશ માટે ખાસ ઉપયોગી છે. બ્રહ્મ આખા જગતનો ઈશ્વર છે, પરંતુ ખાસ કરીને તે ભારતવર્ષનો બ્રહ્મ છે. બીજા કોઈ દેશના લોકો તેને બ્રહ્મ તરીકે ઓળખતા નથી. બ્રહ્મ શબ્દથી આપણે ઈશ્વરને જે રૂપે ને ભાવે ઓળખીએ છીએ, તે રૂપે ને ભાવે પરદેશીઓ, ઈશ્વરને બીજા કોઈ પણ પરદેશી નામે, કદી પણ ઓળખતા નથી. ઓળખે કે ન ઓળખે, પણ બ્રહ્મ શબ્દથી આપણા મનમાં જે ભાવનો ઉદય થશે, તે ભાવનો ઉદય ઈશ્વર માટે વપરાતા બીજા કોઈપણ પરદેશી નામથી આપણા મનમાં કદી થવાનો નહિ. બ્રહ્મ આપણા પૂર્વજોની અનેક સાધનાનું ધન છે—આખા સંસારનું વિસર્જન કરી, જીવન પર્યંત, એકાંત અરણ્યમાં ધ્યાનધારણા કરીને આપણા ઋષિઓએ આપણા બ્રહ્મની પ્રાપ્તિ કરી હતી. આપણે તેમની એ આધ્યાત્મિક સંપત્તિના વારસ છીએ, બીજી કોઈ જાતિએ આવી સાધના કરી નથી કે આવી પરિસ્થિતિ અનુભવી નથી, એટલે બ્રહ્મની પ્રાપ્તિ કરી નથી. દરેક જાતિ પોતપોતાની વિશિષ્ટ સાધના અનુસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશિષ્ટ ફળ પ્રાપ્ત કરે છે, અને તે ફળનું બીજી જાતિને દાન કરે છે. આવી રીતે આખી દુનિયા પર ઉપકાર થાય છે. આપણી આટલી સાધનાનું ફળ શું આપણે જાણી જોઈને બેપરવા બની ફેંકી દેશું?

ઉદ્‌ભિજ અને પશુમાંસની અંદર રહેલી જીવનશક્તિને આપણે સ્વાયત્ત કરી શકીએ છીએ તેનું કારણ એ છે કે આપણી પોતાની અંદર જીવન છે. આપણી પોતાની અંદર પ્રાણ ન હોય તો આપણાથી નવો પ્રાણ ઉપાર્જન કરી શકાય નહિ. આપણામાં પ્રાણ નહોત તો ઉદ્‌ભિજ, પશુ, પંખી, કીટ વગેરે બીજા જીવો આપણને પકડત. આ જગતમાં મૃત ટકી શકતો નથી, તે જીવતામાં વિલીન થઈ જાય છે. રામમોહન રાયે જો આપણામાં જીવન ન જોયું હોય તો પારસીના શબની પેઠે આપણને મૃતભવનમાં ફેંકી રાખત, અને ખ્રિસ્તી ધર્મ વગેરે બીજાં જીવતાં પ્રાણીઓના પેટમાં જવા દેત. પરંતુ તેમ ન કરતાં તેમણે ચિકિત્સા શરૂ કરી દીધી. તેમણે જોયું કે આપણામાં જીવન છુપાઈ રહેલું છે, એટલે તેમણે તેને જ જાગૃત કરી દીધું. આપણા એ જીવનને સતેજ કરવાનો આપણે પ્રયત્ન કરીએ તો આપણે વખત જતાં પરદેશી સત્યને આપણું કરી શકીશું.

એટલે જ હું કહું છું કે પ્રાચીન ઋષિઓએ ઉપદેશેલાં ઉપનિષદોના બ્રહ્મ નામનો ઉચ્ચાર કરી આપણા દેશમાં ઈશ્વરનું સિંહાસન તૈયાર કરી દઈએ, પછી સાર્વભૌમિકતા એની મેળે તેની ઉપર વિરાજશે—ઈશ્વર જેમ સૌનો ઈશ્વર છે, તેમ પ્રત્યેકનો ઈશ્વર છે; જેમ તે જ્ઞાનનો ઈશ્વર છે, તેમ તે હૃદયનો ઈશ્વર છે; તે જેમ સમસ્ત જગતનો દેવતા છે, તેમ આપણો પણ દેવતા છે. તેને આપણે રાજા તરીકે પણ જોઈ શકીએ છીએ, અને પિતા તરીકે પણ જોઈ શકીએ છીએ. પરંતુ પિતા ઈશ્વર આપણો જેટલો નિકટ છે તેટલો રાજા ઈશ્વર નથી. પિતા આપણા હૃદયના અભાવોને જેટલા દૂર કરે છે, તેટલા રાજા ઈશ્વર નથી કરતો. તેવી રીતે બ્રહ્મ જ ભારતવર્ષની સાધનાના ફળ રૂપે મળેલ ચિરંતન આશ્રય છે; જિહોવા, ગૉડ કે અલ્લા નહિ. રામમોહન રાય હૃદયની ઉદારતાને લીધે જ આ સમજ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતપથિક રામમોહન રાય

:૨:

[રામમોહન-શતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રમુખપદેથી આપેલું ભાષણ]

ઇતિહાસમાં જોઇએ છીએ કે ઘણી મોટી મોટી સંસ્કૃતિઓ દેશની નદીની સાથે નાડીના સંબંધથી પ્રાણવાન બને છે. નદી દેશને જળ આપે છે, ફળ આપે છે; પરંતુ તેનું સૌથી મોટું દાન એ છે કે તે દેશને ગતિ આપે છે. દૂરની સાથે, બહારની સાથે સંબંધોની શાખાઓ ફેલાવે છે નદી; સ્થાવરના હૃદયની અંદર પ્રાણનો ચંચળ પ્રવાહ વહેવડાવે છે નદી.

નદીમાતૃક દેશમાં નદી જો સાવ સુકાઈ જાય તો એની ધરતીમાં કૃપણતા ઊતરે છે, અન્નઉત્પાદનની તેની શકિત ક્ષીણ થઈ જાય છે. દેશની પોતાની જીવિકા જેમ તેમ કરીને ચાલે છે. પરંતુ જે અન્નપ્રાચુર્યને લીધે બહારની વિશાળ દુનિયાની સાથે તેનો સંબંધ હતો તે પ્રાચુર્ય હવે મટી જાય છે, ને દરિદ્રતા આવી જાય છે. તે નથી આપી શકતો કે નથી લઈ શકતો, પોતાની અંદર જ તે રૂંધાઈ જાય છે, તેનો ઐકયપ્રવાહ વિભકત થઈ જાય છે, આત્મીયજનોને મળવાનો તેનો માર્ગ દુર્ગમ બની જાય છે. બહારના સંબંધથી તે પૃથક બની જાય છે, અને અંતરની અંદર ખંડિત થાય છે.

જેમ કોઈ દેશ નદીમાતૃક હોય છે તેમ કોઈ જનચિત્ત એવું હોય છે જેને નદીમાતૃક કહી શકાય. તે ચિત્તની એવી નિત્યપ્રવાહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનનધારા હોય છે જેના યોગે બહારને તે પોતાની અંદર ખેંચી આણે છે. એની પોતાની અંદરના ભેદપ્રભેદ તણાઈ જાય છે. અને એ પ્રવાહ વિચારના ક્ષેત્રને નવી નવી સફળતાઓથી પૂર્ણ કરે છે, તથા બધા દેશકાલને નિરંતર ખોરાક પૂરો પાડે છે.

એક દિવસ એવું ચિત્ત ભારતનું હતું, તેની વહેતી મનનધારા હતી. તે કહી શકતો હતો **आयन्तु सर्वतः स्वाहा** ।—ચારે તરફથી સૌ આવો ! **श्रृणन्तु विश्वे**—હે વિશ્વના લોક સાંભળો ! તે કહેતો હતો કે **वेदाहम्**—હું જાણું છું. એવું કંઈક જાણું છું જેની આખા વિશ્વને બોલાવીને જાણ કરવા જેવું છે. જે તારો પ્રકાશ વગરનો છે તેનો આખો નક્ષત્રલોક ઇનકાર કરે છે. પ્રાચીન ભારતે ત્રણે કાળમાં પોતાનું નામ ઝળકતું કર્યું છે. વિશ્વમાં તે ભરપૂર ઉદારતાપૂર્વક પોતાનું દાન કરીને પ્રસિદ્ધ થયો છે. તે દિવસે તે ભિખારી રૂપે તુચ્છ નહોતો.

સેંકડો વરસો વહી ગયા, ઇતિહાસની પ્રગતિ અટકી ગઈ, ભારતવર્ષની મનોભૂમિમાં વિચારની મહાનદી સુકાઈ ગઈ. હવે દેશ સ્થવિર બની ગયો, મનમાં ને મનમાં પોતે સંકુચિત બની ગયો. તેના સચેતન ચિત્તનું તેજ હવે દૂરદૂર પથરાતું અટકી ગયું. સુકાયેલી નદીમાં પાણી હોય નહિ, ત્યારે ત્યાંના જડ પથરા રસ્તો રોકી ઊભા રહે છે. એ પથરા અર્થહીન છે, અસંબદ્ધ છે. પ્રવાસીઓને નડતર રૂપ છે. તેવી રીતે દુર્દશા જ્યારે આ દેશના માથે ઊતરી, ત્યારે જ્ઞાનની વહેતી ગતિ રૂંધાઈ ગઈ. નવા નવા ચમકારા કરતી બુદ્ધિ નિર્જીવ બની ગઈ, ઊંચે ચડી પોતાની હૈયાતી પુકારવા લાગ્યા જડ આચારના ઢગલા. નિરર્થક અનુષ્ઠાનો, અને વિચારહીન જનવ્યવહારની રોજિંદી પુનરાવૃત્તિઓ ! સૌનો વિશાળ રાજમાર્ગ તેમણે વિઘ્નોથી ભરપૂર બનાવી દીધો. માણસમાણસનો સંબંધ તેમણે ટૂંકીટૂંકી સાંકડી સીમાઓથી છિન્નભિન્ન કરી નાખ્યો.

ઊંઘમાં જ્યારે મનની બારીઓ બધી બંધ થઈ જાય છે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન કેદી થઈ જાય છે, તે વખતે જે સ્વપ્નાંમાં તે રમે છે તેનો વિશ્વસત્યની સાથે કંઈ સંબંધ નથી, માત્ર એ સુપ્ત મનની જ ઉપર એ સ્વપ્નાંનો પ્રભાવ કેન્દ્રિત થયેલો હોય છે,—ભલે પછી એ ગમે તેટલાં અદ્ભુત હોય, અસંગત હોય, કે ઉત્કટ હોય. બહારના વાસ્તવ રાજ્યમાંથી આ સ્વપ્નરાજ્યમાં કોઈને પ્રવેશવાનો રસ્તો નથી. એની હાંસી કરી શકાય, પણ એનો ન્યાય કરી શકાય નહિ. કારણકે એ તમામ દલીલોથી પર છે.

આવી રીતે અર્થહીન આચારની સ્વપ્નજાળમાં ભારતવર્ષ ફસાયેલો હતો, તેનો જ્યોતિ હોલવાઈ ગયો હતો. તેનું પોતાનું સાચું સ્વરૂપ તેના પોતાનાથી જ ગુપ્ત હતું. એવામાં રામમોહન રાયનો આ દેશમાં આવિર્ભાવ થયો—એ પ્રદોષના અંધકારમાં તે વખતે ભારતનો ઇતિહાસ અગૌરવની કાલિમામાં ઢંકાયેલો હતો. ભારતની પોતાની વાણી તે વખતે ખોવાઈ ગઈ હતી. આખી પૃથ્વી પર નવો જમાનો ઊતરી રહ્યો હતો. પણ તેને આપવાનો કોઈ સંદેશો તેની પાસે નહોતો, ઘરના ખૂણામાં બેસીને તે મૃત યુગનો મંત્ર જપી રહ્યો હતો.

ભારત પોતાની દુર્બળતામાં ભાન ભૂલી અપમાનના દિવસો વેઠી રહ્યું હતું, તેવે વખતે બહારનો માણસ તેના બારણે આવ્યો; પોતાનું સ્વમાન સાચવીને તેનો સત્કાર કરે એવી તૈયારી નહોતી; ઘરનો ધણી અતિથિ રૂપે તેને બોલાવી શક્યો નહિ, એટલે બારણાં તોડી તેણે દસ્યુ રૂપે તેના સુવર્ણભંડારમાં પ્રવેશ કર્યો.

ભારતનું ચિત્ત તે વખતે મનનો નવો ખોરાક પેદા કરવાને શક્તિમાન નહોતું, તેનું ખેતર ઝાડીથી ભરાઈ ગયું હતું. તેવે વખતે રામમોહન રાયે સત્યની ક્ષુધા લઈને જન્મ ધારણ કર્યો. ઇતિહાસનો નિર્જીવ કચરો અને કૃત્રિમ બાહ્યવિધિ કોઈ રીતે તેના મનને તૃપ્ત કરી શક્યા નહિ. કોણ જાણે ક્યાંથી તેઓ સ્વભાવથી જ જ્ઞાન માટે ઉત્સુક મન લઈને આવ્યા! એ મન સંપ્રદાયની વિચિત્ર વાડો તોડીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર નીકળી પડ્યું. ચારે તરફનાં માણસો જેમાં મસ્ત બની ભાન ભૂલી પડયાં હતાં તેના તરફ તેમને વિરાગ થયો. તેમને તો જોઈતો હતો મોહમુક્ત બુદ્ધિનો અખંડ આશ્રય, માનવમાત્રનું મિલનતીર્થ!

આ વાડ તોડવાની સાધના એટલે જ સાચા ભારતવર્ષના મિલનતીર્થનું ઉદ્‌ઘાટન! એનો વિરોધ ભારતમાં આટલો પ્રબળ છે, આટલો બધો છે, એટલા માટે જ આ સાધના ખાસ ભારતવર્ષની છે. ઈંગ્લાંડ નાનકડા ટાપુની અંદર બંધાયેલું છે, તેથી જ તેની સાધના દ્વૈપાયનતાની ઊલટી દિશાએ વળી છે, અને વિશ્વમાં દૂર દૂર સુધી તેણે પોતાનો વિસ્તાર કર્યો છે. દેશની વિશિષ્ટ અવસ્થામાં જ દેશની અંજલિ લંબાયેલી છે. એ અંજલિનો અર્થ જ એ કે તેની શૂન્યતાને ભરી દેવાની છે.

દરેક જાતિની અંદર તેનો ચોક્કસ અર્થ, તેની ખાસ સમસ્યા હોય છે. એ અર્થ એણે સતત પ્રયત્નથી પૂરો કરવાનો હોય છે. આ પ્રયત્ન દ્વારા જ તેનું ચરિત્ર સરજાય છે, તેની કલ્પનાશક્તિ બળ પ્રાપ્ત કરે છે. માણસે પોતાનું મનુષ્યત્વ પાને પાને પોતે જ જીતીને લેવું પડે છે. દરેક જાતિનો ઇતિહાસ એ એની વિજયયાત્રાનો ઇતિહાસ છે. કઠોર વિઘ્નો દૂર કરવાના માર્ગમાં જ તેનું સ્વાસ્થ્ય છે, તેની સંપત્તિ છે. આટલા માટે જ **वीरभोग्या वसुन्धरा** કહેવાય છે. માણસ દુર્ગમને સુગમ કરવા આવ્યો છે, દુર્લભને પ્રાપ્ત કરવા આવ્યો છે. જે જાતિને વિધાતાએ જે સમશ્યા આપી છે તેનો સાચો ઉત્તર દેતા રહેવામાંજ તેનો ઉદ્ધાર છે. જેણે ઉકેલ કરવામાં ભૂલ કરી તે મૂઓ પડયો. અને જેઓએ માન્યું કે અમારે ઉકેલવાનું કંઈ છે જ નહિ, બધું પતી ગયું છે તેઓ દુર્દશાને પામ્યા છે. જ્યાં સુધી માણસમાં પ્રાણ છે ત્યાં સુધી તેની સમસ્યા છે, સતત સમસ્યાનો જવાબ દેતા રહેવામાં જ તેની જીવનક્રિયા છે. ચારે તરફ વંટોળિયાની મુસીબતો હમેશાં ઊભેલી જ છે, એ મુસીબતોને રોજ વટાવીને પ્રાણ પોતાને સપ્રમાણ કરે છે. ઇતિહાસમાં ચડી ગયેલી જટાનાં ગૂંચળાંને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સનાતન માની લઈ તેની ભક્તિ કરવામાં આવે તો એ પોતાનો ફાંસો બની જાય છે.

માનવ ઇતિહાસની મુખ્ય સમસ્યા ક્યાં છે? જ્યાં કોઈ અંધતા કે કોઈ મૂઢતા માણસ માણસનો ભેદ કરે છે ત્યાં. માનવ સમાજનું મોટામાં મોટું તત્ત્વ માણસનું ઐક્ય છે. સભ્યતાનો અર્થ જ થાય છે માણસનો એકત્ર થવાનો અભ્યાસ. આ ઐક્યતત્ત્વની ઉપલબ્ધિ જ્યાં દુર્બળ હોય છે ત્યાં એ દુર્બળતા અનેક વ્યાધિઓનું રૂપ ધરી ચારે તરફથી દેશની ઉપર હલ્લો કરે છે.

ભારતવર્ષની સમસ્યા બહુ સ્પષ્ટ છે. અહીં અનેક જાતિના લોકો આવીને ભેગા થયા છે. દુનિયાના બીજા કોઈ દેશમાં આવું થયું નહિ. જેઓ ભેગા થયા છે તેમને એક કર્યા વિના ચાલવાનું નથી, આ ભારતવર્ષની સૌથી મોટી સમસ્યા છે. આ એક કરવાના છે તે બાહ્ય વ્યવસ્થાથી નહિ, પણ આંતરિક આત્મીયતાથી. ઇતિહાસ માત્રનો સૌથી મોટો મંત્ર છે : **संगच्छध्वम् संवदध्वम् सं वो मनांसि जानताम्**—એક થઈને ચાલીએ, એક થઈને બોલીએ, સૌનાં મનને એક સમજીએ. આ મંત્રની સાધના ભારતવર્ષમાં જેવી અઘરી છે તેવી બીજા કોઈ જ દેશમાં નથી. ગમે તેટલી અઘરી હોય, પણ આ સાધનામાં સિદ્ધિલાભ સિવાય બચવાનો બીજો કોઈ રસ્તો નથી.

બીજા કોઈ દેશની શ્રીવૃદ્ધિ જોઈ જ્યારે આપણે મુગ્ધ થઈએ છીએ ત્યારે ઘણી વખત આપણે તેની સિદ્ધિના ચકવ રૂપ તરફ જ લુબ્ધ દૃષ્ટિથી જોતા હોઈએ છીએ, તેની સાધનાનો દુર્ગમ માર્ગ આપણી નજરે પડતો નથી. સ્વતંત્ર દેશની રાષ્ટ્રવ્યવસ્થા પર નજર પડી કે આપણે માની લઈએ છીએ કે આ વ્યવસ્થાની આબેહૂબ નકલ ઊભી કર્યા વિના આપણો ઉદ્ધાર નથી. પણ આપણે ભૂલી જઈએ છીએ કે રાષ્ટ્રવ્યવસ્થા તો કેવળ દેહ છે; જો તેમાં પ્રાણ ન હોય તો એ દેહ નિરર્થક છે. એ પ્રાણ જ દેશનું ઐક્ય છે. બીજા દેશમાં એ ઐક્યની જ આંતરિક શક્તિ વડે રાષ્ટ્રવ્યવસ્થા ઊભી થઈ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બધા દેશોમાં પણ એ ઐક્યની અંદર જ્યાં જે પ્રમાણમાં વિકાર થાય છે ત્યાં તે પ્રમાણમાં સમસ્યા કઠણ બની જાય છે.--આપણા દેશમાં જાતિ જાતિની વચ્ચે ભેદ છે, પશ્ચિમના દેશોમાં શ્રેણી શ્રેણીની વચ્ચે ભેદ છે. એ શ્રેણીગત ભેદોમાં જો આંતરિક સામંજસ્ય ન પેદા થાય તો બાહ્ય વ્યવસ્થાની મુસીબતો દૂર થવાની નહિ.

આપણે જો કોઈ ખેતરને પાકથી લચી પડતું જોઈએ તો એટલું યાદ રાખવું કે એ પાક ધૂળમાં પેદા થયો નથી, પણ ધરતીમાં પેદા થયો છે. મરૂભૂમિમાં છૂટી છવાઈ ઊગેલી વનસ્પતિ દેખાય છે. તે વનસ્પતિ કાંટા વડે પોતાને અલગ અલગ સાચવી રહી છે. માતા ધરતી તે તે બધી વનસ્પતિને એક રસની ધારાથી પોષતી નથી, તે દરેકની અંદર પ્રાણનું એવું ઐક્ય નથી. આનું મુખ્ય કારણ એ છે કે ધરતીના કણેકણમાં બંધન છે, રેતીના કણેકણમાં વિચ્છેદ છે. આપણે જ્યારે સમૃદ્ધિવાન જાતિના ઇતિહાસનો વિચાર કરીએ છીએ, ત્યારે લચી પડતા પાક તરફ આપણી નજર પડે છે, અને કૃષિવિદ્યાના સિદ્ધાંતો પણ કાળજીપૂર્વક મોઢે કરી કાઢી આપણે પરીક્ષા પાસ કરી નાખીએ છીએ. માત્ર એક વાત આપણે ભૂલી જઈએ છીએ કે આ પાકની ભૂમિકામાં જ જો છિન્નભિન્નતા હોય તો એનું ઐશ્વર્ય સાવ અસંભવિત છે. ખેતીની સંભાળનો આપણે દાવો કરીએ છીએ. પાકની પણ આશા રાખતા હોઈએ છીએ, પરંતુ આપણી ભૂમિની પ્રકૃતિમાં જ જે ભેદ છે, તેના તરફ આંખો મીંચી ધર્મના નામે તેને કાયમ જાળવી રાખવાની કોશીશમાંજ રહીએ છીએ. આપણે ઇતિહાસનું ઊપલું પૂઠું જ વાંચીએ છીએ, અંદરનાં પાનાં પડતાં મૂકીએ છીએ, અને કોઈ પણ દેશમાં સામાજિક ભેદભાવનાની ઉપર દેશનું સ્વાતંત્ર્ય કદી ઊભું થતું નથી અને ટકયું નથી એ વાત ભૂલી જઈએ છીએ. પ્રજાઓ વિભક્ત છે, ત્યાં વ્યક્તિવિશેષનું એકાધિપત્ય તેમને બાહ્ય બંધનથી બાંધી રાખે છે. પણ લાંબો વખત ટકતું નથી. જ્યાં માણસમાણસમાં ભેદ હોય છે ત્યાં એકલી રાષ્ટ્રશકિત જ નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિવૃત્તિ પણ શિથિલ થતી જાય છે. ત્યાં કોઈ કોઈ વખત પ્રતિભા-શાળીનો જન્મ નથી જ થતો એમ નહિ, પરંતુ એ પ્રતિભાનું દાન ગ્રહણ કરવા અને તેને પોષવાને લાયક આધાર સર્વસાધારણની અંદર નહિ હોવાથી તે કેવળ વિકૃત અને વિલુપ્ત થતી જાય છે. ઐક્યના અભાવે માણસ બર્બર બને છે, ઐક્ય શિથિલ થતાં માણસ વ્યર્થ બને છે, તેનું કારણ એ કે સમવાયધર્મ માણસનો સત્યધર્મ છે, તેની શ્રેષ્ઠતાનું કારણ છે.

ઐક્યજ્ઞાનના ઉપદેશનું જેવી તાત્વિક રીતે ઉપનિષદમાં વર્ણન કરવામાં આવ્યું છે તેવી રીતે બીજા કોઈ પણ શાસ્ત્રમાં કરવામાં આવ્યું નથી. ભારતવર્ષમાં જ ઉચ્ચારાયું છે કે **विद्वान इति सर्वान्तरस्थः स्वसंविद्रूपविद् विद्वान् ।** જે પોતાના ચૈતન્યને સર્વના અંતરમાં સ્થિર કરી જાણે તે જ વિદ્વાન! છતાં આ જ ભારતવર્ષમાં અસંખ્ય કૃત્રિમ અર્થહીન વિધિવિધાનોદ્વારા એક બીજાને એટલા બધા અલગ પાડીને ઓળખવામાં આવે છે કે એવું દુનિયાના બીજા કોઈ દેશમાં નહિ. એટલે કહેવું પડે છે કે ભારતવર્ષમાં એવી એક બાહ્ય સ્થુલતા આવી ગઈ છે જે ભારતવર્ષના અંતરતર સત્યની વિરુદ્ધ છે. અને જેનો મર્માન્તિક આઘાત લાંબા વખતથી ભારતના ઇતિહાસમાં વિવિધ દુઃખ, દારિદ્ર અને અપમાન રૂપે પ્રગટ થઈ રહ્યો છે.

આ દ્વંદ્વની અંદર ભારતવર્ષની શાશ્વત વાણીને વિજયી કરવા વખતોવખત જે મહાપુરુષો આવ્યા છે. તેમાં વર્તમાન યુગમાં રામ-મોહન રાય મુખ્ય છે. આ પહેલાં પણ અતિગાઢ અંધકારમાં કોઈ કોઈ વખત ઐક્યની વાણી સંભળાઈ છે. મધ્યયુગમાં અચળ સંસ્કારનાં પિંજરદ્વાર ઉઘાડીને પ્રત્યુષનાં નિદ્રાહીન પંખી બહાર નીકળી પડયાં છે ને તેમણે સામાજિક જડતાના ઢગની ઊંચે આકાશમાં પ્રકાશનાં અભિનંદન–ગીત ગાયાં છે અને એમણે એ મુક્ત પ્રાણની વાત કરી છે, કે જે પ્રાણને સંબોધીને ઉપનિષદો કહે છે: **'व्रात्यस्त्वम् प्राण !'** હે પ્રાણ, તું વ્રાત્ય છે, તું સંસ્કારમાં બંધાયેલો સ્થાવર નથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ મુક્તિદૂતોમાં એક હતા કબીર, તેમણે પોતાને ભારતપથિક તરીકે ઓળખાવ્યા છે. વિવિધ જટિલ જંગલોમાં–આ ભારત–પંથને જે જોઈ શકયા. તેમાં બીજા એક હતા દાદુ.

તેઓ કહી ગયા છે:

ભાઇ રે ઐસા પંથ હમારા !
દ્વૈપથરહિત પંથ ગહી પુરા અવંરણ એક અધારા !

ભાઇરે ! મારો માર્ગ આવો છો, એ એ ફાંટા વિનાનો છે, તે વર્ણહીન એક છે !

તેમણે કહ્યું છે :

જાકોં મારણ જાઈયે સોઈ ફીરી મારૈ,
જાકોં તારણ જાઈયે સોઈ ફીરી તારૈ !

જેને આપણે મારીએ છીએ તે જ આપણને પાછો મારે છે, અને જેને આપણે બચાવીએ છીએ તે જ પાછો આપણને બચાવે છે.

વળી તેમણે કહ્યું છે :

સબ ઘટ એકહિ આતમા, કયા હિંદુ મુસલમાન !

તે સમયે એકબીજા સાધુ–એમનું નામ રજબ–ને પણ ભારતનો માર્ગ બહુ સ્પષ્ટ દેખાતો હતો. તેમણે કહેલું છે :

બુંદબુંદ મિલી રસ સિંધુ હૈ,
જુદા જુદા મરૂ ભાય !

અર્થાત્ બુંદની સાથે બુંદ મળે ત્યારે રસસિંદુ થાય છે, બુંદથી બુંદ જુદું પડે તો મરૂભૂમિ દેખાય છે :

એ જ રજબે કહ્યું છે :

'હાથ જોડું ગુરુ સું હૈં
મિલૈ હિંદુ મુસલમાન !

ગુરુની આગળ હાથ જોડી હું માગું છું કે હિંદુ મુસલમાન એક થઈ જાય !

આ ભારતપથિકો જે મિલનની વાત કહી ગયા છે તે મિલન મનુષ્યત્વની સાધનામાં છે, ભેદબુદ્ધિના અહંકારમાંથી મુક્ત થવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધનામાં છે. રાષ્ટ્રીય પ્રયોજન સાધવામાં નથી. આ ઐક્યનો માર્ગ એ જ ખરેખરો ભારતનો માર્ગ છે. એ માર્ગના પથિક આધુનિક સમયમાં રામમોહન રાય છે. તેમણે પણ પ્રયોજનની દૃષ્ટિએ નહિ, માનવ આત્માની અંદર જે મિલનનો ધર્મ રહેલો છે તે સનાતન આદર્શની દૃષ્ટિએ, ભારતના ઇતિહાસમાં શુભબુદ્ધિદ્વારા એક બનેલા મનુષ્યનું એક ભવ્ય રૂપ અંતરમાં નીરખ્યું હતું. ભારતના ઉદાર વિશાળ માર્ગે તેમણે સૌને આહ્વાન કર્યું છે. એ માર્ગે હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી બધાયે વિના વિરોધે ભેગા થઈ શકે છે. ભારતનો માર્ગ જો એવો વિશાળ ન હોય, અને જો અત્યારની કાંટાવાડ વડે સેંકડો ટુકડાઓમાં વહેંચાયેલી સાંપ્રદાયિકતા એ જ ભારતની નિત્યપ્રકૃતિ હોય તો આપણો બચવાનો કોઈ ઉપાય નથી. આ મુસલમાનો આવ્યા, આ ખ્રિસ્તી આવ્યા,—

સાધન મહીં જોગ નહીં જો
કયા સાધન પરમાણુ !

ઐતિહાસિક સાધનામાં જો એમને જોડી શકીએ તો સાધના કરીં પ્રમાણ! એમને અંગીભૂત કરવાની પ્રાણશક્તિ જો ભારતમાં ન હોય, પથ્થરના જેવા જડ પિંડ બનીને એમને બહાર અટકાવી રાખવા એ જ જો આપણો ધર્મ હોય, તો એ અનાત્મીયતાના ઢગનો ભયાનક ભાર કોણ વેઠશે ?

રોજ રોજ શું એ લોકો જથ્થાબંધ વિખુટા પડતા જતા નથી? સમાજના પાયામાં શું સુરંગ આગળ વધતી જતી નથી? પોતાના જ માણસો જ્યારે પર બની જાય ત્યારે તેઓ કેવા ભયાનક બની જાય છે તેનાં પ્રમાણ શું હજી જોવાનાં બાકી છે. જેમની આપણે અવજ્ઞા કરીએ છીએ તેમને આપણાથી અળગા કરી દઈએ છીએ; જેમને આપણે અડકતા નથી તેમને આપણે પકડી શકતા નથી. આપણને પર બનાવી દેવાના હજારો રસ્તા આપણે તૈયાર કરી રાખ્યા છે, એ રસ્તે થઈને જ શનિના ગુપ્તચરો દેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કરી રહ્યા છે. આપણી વિશાળ જન-તરણીનાં પાટિયામાં ઇરાદાપૂર્વક કાણાં પાડી રાખવાં એ જ જો ભારતનો સનાતન ધર્મ છે એમ આપણે માનતા હોઈએ તો પછી બહારના તરંગોને શત્રુ જાહેર કરી ખાલી વિલાપ કરવાનું શું કારણ? તો વિનાશના ખારા અશ્રુસમુદ્રમાં ડૂબી જવું એને જ ભારતના ઇતિહાસનું અંતિમ લક્ષ્ય માની પડી રહેવું એ જ ઠીક છે. ચારણી વડે પાણી કાઢતાં રહીને આપણા જીર્ણ ભાગ્યની નાવ કેટલા દિવસ વહેવડાવી શકાશે?

આપણા ઇતિહાસના આધુનિક યુગની શરૂઆતમાં જ રામમોહન રાય આવ્યા હતા. તે વખતે આ યુગને વિદેશી કે સ્વદેશી તરીકે કોઈ સ્પષ્ટ ઓળખી શકયું નહોતું. તેઓ જ એકલા તે દિવસે સમજ્યા હતા કે આ યુગનો સંદેશ એ અતિ મહાન ઐકયનો સંદેશ છે. જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત પોતાનું ઉદાર હૃદય વિસ્તૃત કરીને તેમણે બતાવ્યું હતું કે ત્યાં હિંદુ-મુસલમાન-ખ્રિસ્તી સૌને માટે પૂરતી જગા છે. તેમનું એ હૃદય એ ભારતનું જ હૃદય છે. તેમણે ભારતનો સાચો પરિચય પોતાની અંદર પ્રગટ કર્યો છે. જે મનુષ્યમાં માનવમાત્રનું સન્માન છે, સ્વીકાર છે, તે જ મનુષ્ય ભારતનો સાચો પરિચય છે.

બધાએ દેશોમાં એક વિરોધી દ્વંદ્વ જોવામાં આવે છે. એક ભાગ પોતાની શ્રેષ્ઠતાનો પોતે પ્રતિવાદ કરે છે, પોતાની અંધતા અને અહમહમિકા દ્વારા પોતાનું ગૌરવ હલકું પાડે છે—આ ભાગ અભાવાર્થક છે, તેની ક્ષતિનો છે, તેના કૃષ્ણપક્ષનો છે. અને બીજી તરફ તેનો પ્રકાશ છે, તેનો નિહિતાર્થ છે, તેનું ચિરસત્ય છે, એ ભાગ ભાવાર્થક છે. આ તરફનો તેનો પરિચય જો ઝાંખો ન પડે, જો નિઃશેષ ન થાય, તો જ તે સર્વકાળે ગૌરવાન્વિત રહે છે.

યુરોપના બધા દેશો એક દિવસ ડાકણના અસ્તિત્વમાં માનતા હતા. સેંકડો સ્ત્રીઓ ત્યાં વગર વાંકે બળી મરી છે. પરંતુ આ અંધકારભરી બાજુ એ જ ખરું જોતાં યુરોપની એક માત્ર બાજુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતી. તેથી લોકોમાં આ માન્યતા કેટલી ફેલાયેલી તેનું માપ કાઢી, તે પરથી યુરોપનો પરિચય કરવા જઈએ તો તેને અન્યાય થશે. એક દિવસ યુરોપની ધર્મમૂઢબુદ્ધિએ જ્યોર્ડાનો બ્રૂનોને જીવતો બાળી મેલ્યો હતો, પરંતુ એ દિવસે ચિતામાં બળતાં બળતાં એકલા જ્યોર્ડાનોએ જ ખરા યુરોપીય ચિત્તનો પરિચય આપ્યો હતો—એ ચિત્તનો તે જમાનાની સાંપ્રદાયિક જડબુદ્ધિ એક સ્વરે ઇનકાર કરી રહી હતી. પરંતુ આજે એનો જ માનવમાત્રે સન્માનપૂર્વક સ્વીકાર કરી લીધો છે. એક દિવસ અંગ્રેજોના સાહિત્યમાં, અને તેમના ઇતિહાસમાં, આપણને અંગ્રેજોનો પરિચય થયો હતો, અને માણસ પ્રત્યેનો તેમનો મૈત્રીભાવ, ગુલામીપ્રથા પ્રત્યેનો તેમનો તિરસ્કાર, પરાધીનતાને મુક્ત કરવાની તેમની તાલાવેલી, ન્યાય ઇનસાફ પ્રત્યેની તેમની નિષ્ઠા આપણે જોયાં હતાં. પરંતુ આજે જો આપણે ભારતના રાષ્ટ્રાસન પર તેમના એ સ્વભાવનો સતત નિષ્ઠુર ઇનકાર જોઈ તે પરથી અંગ્રેજોનો ખરો પરિચય થઈ ગયો એમ માની લઈએ તો એ સાચું નહિ હશે. ગમે તે કારણે હો, તેની અભાવાર્થક બાજુ જોરદાર બની ગઈ છે એ એનાં સારાં લક્ષણ નથી. અંગ્રેજી સ્વભાવના વિરોધી હોય એવા અન્યાયોથી જેમનાં હૃદય પીડાતાં હોય એવા માણસો આજે પણ ઇંગ્લેન્ડમાં છે. વસ્તુતઃ બધા અંગ્રેજો અંગ્રેજ છે, એવું માની લેવું એ ભૂલ છે. સાચા અંગ્રજોની સંખ્યા કદાચ ઓછી હોય, અને તેમના પોતાના સમાજમાં તેમને કદાચ લાંછના ભોગવવી પડતી હોય, તોપણ તેઓ તમામ અંગ્રેજોના પ્રતિનિધિ છે.

તેવી રીતે એકદિવસ જ્યારે બંગાળ દેશમાં ગાઢ અંધતા, કૃત્રિમતા, અને સાંપ્રદાયિક સંકુચિતતાની વચ્ચે રામમોહન રાયનું આગમન થયું, ત્યારે તેમણે જ એકલાએ ભારતવર્ષનો સાચો પરિચય કરાવ્યો હતો–તેમની સર્વતોમુખી બુદ્ધિએ અને સર્વતઃ પ્રસારિત હૃદયે તે વખતના આ બંગાળ દેશના અજાણ્યા ખૂણામાં ઊભીને મનુષ્ય માત્રને માટે આસન તૈયાર કર્યું હતું. એ વાત મુક્તકંઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવાનો વખત આવી ગયો છે કે કંજૂસના ઘરના ખૂણામાં પડ્યું પડ્યું સડતું આતિથ્યભ્રષ્ટ આસન નહિ, પણ સૌ જેના પર વિના વિરોધે સ્થાન પામી શકે એવું ઉદાર આસન એ જ ચિરંતન ભારતવર્ષનું સ્વરચિત આસન છે. લાખો આચારવાદીઓ ભલે એને સંકુચિત કરે, એના ટુકડા કરે, આખી દુનિયાની આગળ સ્વદેશને તિરસ્કૃત કરી ભારતની સભ્યતાનો વિરોધ કરે, તો પણ હું કહીશ કે આ સાચું છે. માણસની એકતાની રામમોહન રાયે એકદિવસ ભારતની વાણીમાં જ ઘોષણા કરી હતી, અને તેમના દેશવાસીઓએ તેમનો તિરસ્કાર કર્યો હતો,— પરંતુ તમામ પ્રતિકૂળતાઓની વચ્ચે ઊભા રહીને તેમણે મુસલમાનને, ખ્રિસ્તીને, તમામ ભારતવાસીને હિંદુની હારોહાર ભારતની મહાન અતિથિશાળામાં આમંત્ર્યા હતા.

જે ભારતે કહ્યું છે—

यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति ।
सर्व भूतेषु चात्मानं ततो न विजुगुप्सते ॥

જે સૌની અંદર પોતાને, અને પોતાની અંદર સૌને જુએ છે તે કોઈની ઘૃણા કરતો નથી.

તેમના અવસાનને આજે સો વરસ થઈ ગયાં. તે દિવસનું ઘણું આજે પુરાતન થઈ ગયું છે, પરંતુ રામમોહન રાય પુરાતત્ત્વની અસ્પષ્ટતામાં ઢંકાઈ ગયા નથી. તેઓ હમેશને માટે આધુનિક છે. કારણકે તેઓ જે કાલ પર સવાર થયા છે તે કાલનો એક છેડો પુરાતન ભારતમાં છે, પરંતુ એ ભૂતકાળમાં જ સમાઈ જતો નથી, તેનો બીજો છેડો ભારતના દૂરદૂરના ભાવિકાળ તરફ લંબાયેલો છે. ભારતનું જે ચિત્ત જ્ઞાનના પથ પર માનવમાત્ર માટે પ્રગટ છે તે ચિત્તમાં તેઓ પોતાના ચિત્તને મુક્ત કરી શક્યા હતા. તેઓ વિરાજી રહ્યા છે ભારતના એ આગામી કાળમાં,—જે કાળે ભારતનો મહા ઇતિહાસ પોતાના સત્યથી સાર્થક થયો હશે, હિંદુમુસલમાન ખ્રિસ્તી બધા અખંડ મહાજાતિ રૂપે એક થયા હશે. હવાઈ જહાજમાં ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચે આકાશમાં ચડીએ ત્યારે દષ્ટિમર્યાદામાં રહે છે એક બાજુ, જે પ્રદેશને દૂરદૂર મૂકીને આવ્યા તે; અને બીજી બાજુ સામેનો ભાગ, જે હજુ ઘણા જોજન દૂર છે તે. તેવી રીતે રામમોહન જે કાળમાં વિરાજ કરે છે તે કાળ અતીતમાં, અનાગતમાં વ્યાપ્ત છે, આપણે એમના એ કાળને આજે પણ ઉત્તીર્ણ કરી શકયા નથી.

આજે વધારે બોલવાની મારામાં શક્તિ નથી, માત્ર એટલું કહેવા આવ્યો છું કે અજ્ઞાનની અશક્તિનો દુનિયાને પીસી નાખે તેવો મહાપાષાણ ભારતની છાતી પર પડયો છે, શરમથી આપણે સંકુચિત બની ગયા છીએ, દુઃખથી આપણાં તન મન જીર્ણ થઈ ગયાં છે, અપમાનથી આપણાં મસ્તક નમી પડેલાં છે, પરદેશી પથિકો આપણાં કલંકને વીણી વીણીને દુનિયાના દેશોમાં નિંદાનો વ્યવસાય ચલાવી રહ્યા છે, તોયે આપણી ગમેતેવી દુર્દશામાં સૌથી મોટી આશાની વાત એ છે કે રામમોહન રાય આ દેશમાં જન્મ્યા છે, અને તેમણે ભારતનો પરિચય આપ્યો છે.

સાંપ્રદાયિક અહંકારને લીધે દેશના લોકો ભલે તેમની અવજ્ઞા કરે, તેમને પોતાના ન માને, પણ ચિરકાલના ભારતવર્ષે ખરા અંતઃકરણપૂર્વક તેમનો સ્વીકાર કરેલો છે એ નિશ્ચિત છે. વર્તમાન યુગની રચનામાં આજે પણ તેમનો પ્રભાવ કામ કરી રહ્યો છે, આજે પણ તેમનો નીરવ કંઠ ભારતની અમર વાણીમાં

य एकोऽवर्णो बहुधा शक्तियोगात्
वर्णान् अनेकान् निहितार्थो दधाति
विचैति चान्ते विश्वमादौ स देवः—

તેને આહ્વાન કરી રહ્યો છે,

અને પ્રાર્થના કરી રહ્યો છે—

स नो बुद्ध्या शुभया संयुनक्तु ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતપથિક રામમોહન રાય

:૩:

[શતાબ્દી મહોત્સવનો ઉપસંહાર]

આપણો પ્રાણ વિદ્રોહી છે. ચારે તરફ જડદાનવ પોતાની પ્રચંડ શક્તિ અને અસંખ્ય બાહુ લાંબા કરીને બેઠો છે. ક્ષુદ્ર પ્રાણે પળે પળે ચારે બાજુથી તેની સાથે લડવું પડે છે, ને તેને હરાવી પ્રગટ થવું પડે છે. આ જડતા ચારે તરફ થાકની દીવાલો ઊભી કરીને પ્રાણના પ્રયાસના વિસ્તારને વધારેને વધારે સંકુચિત કરવા માગે છે. ફરી ફરીને આ દીવાલો તોડે તો જ પ્રાણ પોતાનો અધિકાર સાચવી શકે છે. તેથી આપણા હૃત્પિંડને રાતે કે દીવસે એક પળ પણ આરામ મળી શકતો નથી. ચારે તરફની ઘોર નિષ્ક્રિયતાના ઢગલાઓની સામે તેની લડાઈ બંધ થઈ તો મૃત્યુ સમજવું.

પ્રાણની આ નિત્ય ક્રિયાશીલતામાં જ જેમ પ્રાણ પોતાને પ્રગટ કરી શકે છે, તેવું જ મનનું છે. તેનામાં અનંત જિજ્ઞાસા છે. ચારે તરફ સત્યનું રહસ્ય મુક બની બેઠું છે. આપણી પોતાની તાકાતથી જવાબ મેળવવાનો છે. જરા અસાવધ રહીએ તો ખોટો જવાબ મળે છે. એ ખોટા જવાબોને ખરા માની લીધા કે મનનો કરુણ પરાભવ થઈ ચૂકયો. જિજ્ઞાસાની શિથિલતામાં જ મનની જડતા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમ જીવન શક્તિની મંદતામાં માંદગી છે, તેમાં જ બધા રોગોની ઉત્પત્તિ છે, વિનાશની તૈયારી છે, તેમ મનનશક્તિ થાકી પડે એટલે માણસના જ્ઞાનરાજ્યમાં બધા વિકારો પેસે છે. આળસુ બીકણ મન સાચું ખોટું, સારુંનસારું બધુંયે વગર પ્રશ્ને માની લે છે. ત્યારે જ મનુષ્યત્વની બધી રીતે દુર્ગતિ થાય છે. જડની અંદર રહેલી અચલ મૂઢતાની સાથે માણસનું મન સમાધાન કરે છે ત્યારથી માણસ જગતમાં મરેલા મનવાળો થઈ જાય છે, જડરાજાનો ખજાનો ભરી દઈને પોતે ભિખારી બની જાય છે.

આપણા દેશમાં એક વખત મનનું સ્વરાજ નાશ પામી ગયું હતું. પંગુ મનમાં આત્મવિશ્વાસ નહોતો, પ્રશ્ન પૂછવાની શક્તિ કે શ્રદ્ધા તે ખોઈ બેઠું હતું. તેણે જે સાંભળ્યું તે માન્યું, જે શબ્દો તેના કાને પડયા તે તેણે ઘૂંટયા કર્યા. જ્યારે માથા પર કંઈ ઉત્પાત આવી પડયો ત્યારે તેને વિધિનો લેખ માની લીધો. પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી નૂતન પ્રણાલીમાં વર્તમાન સંસારની સમસ્યાનું સમાધાન કરવું એ પોતાના અધિકાર બહારની વાત છે એવો એકરાર કરતાં તેને જરાયે સંકોચ થતો નહોતો. મનના આત્મપ્રકાશનો પ્રવાહ તે દિવસે આ દેશમાં રૂંધાઈ ગયો હતો. દેશ તે વખતે ભવિષ્યકાળ તરફ ચાલતો નહોતો, પણ ભૂતકાળની જ આગળ પાછળ આંટા માર્યા કરતો હતો—જે કંઈ વિચારશક્તિ બાકી હતી તે અનુસંધાન કરવામાં નહિ, પણ અનુસરણ કરવામાં જ વપરાતી હતી.

માણસ જ્યારે ઊંઘથી ઘેરાય ત્યારે જ ચોરીનો સમય હોય છે. અંતરમાં જ્યારે જડતા વ્યાપે ત્યારે જ બહારની વિપત્તિ પ્રબળ હોય છે. ચિત્તમાં જે સ્વતંત્ર નથી તે કદી પણ બહારથી સ્વતંત્ર હોઈ શકતો નથી. જે માણસ અંદર ગમે તે કંઈ વગર પ્રશ્ને માની લે છે તેનામાં બહાર અન્યાયી અધિકારનોયે ઇનકાર કરવાની શક્તિ હોતી નથી.—જે બુદ્ધિ અસત્યને મનમાં રોકે છે, તે જ બુદ્ધિ બાહ્ય જગતમાં અમંગલને રોકે છે—નિર્જીવ મન અંદર કે બહાર કોઈ પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આક્રમણને રોકી શકતું નથી. તે જમાનાના ભારતના ઇતિહાસમાં ફરીફરીને ભારતવર્ષ પોતાના મર્માન્તિક પરાભવનો સ્વીકાર કરી લેતું દેખાય છે, એટલું જ નહિ, પણ તેની સાથે સાથે તે બીજી નહિ માનવા જેવી હજારો ચીજો માની લે છે. તેની બાહ્ય દુર્દશાનો બોજો ડુંગર જેવડો બની ગયો તે તેના અંતરની અબુદ્ધિના બોજાની સાથે સાથે જ બન્યું છે.

જ્યારે આપણી આર્થિક, માનસિક અને આધ્યાત્મિક શક્તિ અત્યંત ક્ષીણ હતી, જ્યારે આપણી દૃષ્ટિશક્તિ મોહમાં ડૂબેલી હતી, સર્જનશક્તિ જડ બની ગઈ હતી, વર્તમાન યુગના કોઈ પણ પ્રશ્નનો નવો જવાબ આપવાની વાણી આપણી પાસે હતી નહિ, આપણા ચિત્તનું દૈન્ય જોઈ શરમાવા જેટલી યે આપણી ચેતના સબળ નહોતી, ત્યારે, એવી દુર્દશાના દિવસોમાં રામમોહન રાયનો આ દેશમાં આવિર્ભાવ થયો હતો. સ્વતંત્ર બુદ્ધિ એ મનુષ્યની પરમ સંપત્તિ છે. એ સંપત્તિ પર અશ્રદ્ધા રાખનારી એ દુર્દશાના મૂળમાં રામમોહન રાયે ખૂબ જોરથી ઘા કર્યો હતો. પરંતુ તે વખતે આપણે એ દુર્દશાના કારણની જ પૂજા કરવામાં પડયા હતા, તેથી આપણે પણ તેમને દુશ્મન માની તેમની સામે દંડ ઉગામ્યો હતો. દાક્તરો કહે છે કે રોગ લાંબા વખતથી શરીર પર કાબૂ જમાવીને બેસી ગયો હોય તો પણ એ બહારથી આવેલી ચીજ છે; ખરું ચિરંતન સત્ય તો દેહની અંદર રહેલું સ્વાસ્થ્ય છે. તેવી રીતે રામમોહન રાયે કહ્યું હતું કે આપણે આપણા અજ્ઞાનને, આપણી અંધતાને સમયના હિસાબે સનાતન કહીએ છીએ, પરંતુ સત્યની નજરે જોઈએ તો એ આપણી અંદર ઘૂસી ગયેલો અનાત્મીય આગંતુક છે. આપણા દેશના અંતરાત્મામાં વિશુદ્ધ જ્ઞાનની ચિરપુરાતન ચિરનૂતન પ્રતિષ્ઠા કયાં છે તે તેમણે બતાવ્યું હતું. મનના સ્વાસ્થ્યને અને આત્માની શક્તિને પ્રબળ અને ઉજ્જ્વળ કરનારી ભારતની પોતાની જ માલિકીની સાધન સંપત્તિના ભંડારનાં દ્વાર તેમણે જ ઉઘાડી દીધાં હતાં, છતાં તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયના લોકોએ તેમને શત્રુ તરીકે જાહેર કર્યા હતા.

આજે પણ શું આપણે રામમોહનને આપણો શત્રુ ગણી તેનું અપમાન કરી શકીએ છીએ ? જેના ગૌરવમાં દેશ દુનિયાની આગળ પોતાના ગૌરવનો પરિચય આપી શકે એવા માણસો આપણી પાસે કેટલા છે ? દેશના ખરેખરા મહાપુરુષોના નામમાં ગૌરવ લેવું એનો જ અર્થ દેશના ઊજળા ભાવિની આશા. તે ગૌરવ કોઈ એક દેશનું હોય કે એક સમયનું હોય તો તેની ઉપર નિર્ભર રહેવું પાલવે નહિ. એ ગૌરવ તો એવું હોવું જોઈએ જેનું આખી દુનિયા સમર્થન કરે. રામમોહનનું ચિત્ત, તેનું હૃદય સ્થાનિક કે ક્ષણિક પરિધિમાં બંધાયેલું નહોતું. જો હોય તો દેશના સાધારણ લોકો અનાયાસે તેમનું સન્માન કરી શકત. કારણકે જે માનદંડને આપણે આપણા રોજિંદા વ્યવહારમાં ઓળખીએ છીએ તે કોઈ એક જ દેશકાળનો હોય છે, સર્વદેશ અને સર્વકાળનો તે નથી હોતો. પરંતુ એ માપથી મપાયેલા ગૌરવના જોરે દેશ માથું ઊંચું કરી શકશે નહિ, બધા દેશકાલના બધા લોકોની આગળ પોતાને પ્રગટ કરાવી શકશે નહિ. તેની મહત્તાએ નિમ્નભૂમિવર્તી જનતાના આદર્શને ખૂબ ઊંચે ચડાવીને ચડવું પડશે. તેથી કરીને વર્તમાનકાળની સાંપ્રદાયિક રુચિ, શ્રદ્ધા અને આચાર તેને નિષ્ઠુર ભાવે આઘાત કરે એમ બને, પરંતુ એના કરતાં મોટો આઘાત તો ચિરંતન આદર્શનો આઘાત છે. દિઙનાગાચાર્યના સ્થુલ હસ્તનો આઘાત, તત્કાળ પૂરતો, થોડા વખતમાં પોતેજ પાર પડી જનારો છે, પરંતુ ભારતીય સૂક્ષ્મ ઇંગિતનો આઘાત શાશ્વત કાળનો છે. તે આઘાતથી જેઓ નાશ પામ્યા છે તેમના એક વખતના જયધ્વનિનું મહાકાલના મહાકાશમાં ક્ષીણમાં ક્ષીણ આંદોલન પણ આજે રહ્યું નથી.

ક્ષણિક અનાદરના તોફાનમાં જેમનું નામ ડૂબી જાય એ શ્રેણીના રામમોહન રાય નથી. વિસ્મૃતિ કે ઉપેક્ષાનું ધુમ્મસ તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મૃતિને થોડો વખત ઘેરી રાખે તોપણ તે આવરણ ટકવાનું નથી. દેશમાં આજે નવા જાગરણની હવા વાઈ રહી છે. જ્યારે ધુમ્મસનું પડળ ખસી જશે, ત્યારે સૌથી પહેલું રામમોહનનું અતિ ઉચ્ચ સ્વરૂપ દેખાશે. નવા યુગના ઉદ્‌બોધનની વાણી દેશમાં પહેલી તેમણે જ આણી હતી. એ વાણી આ દેશના જ પુરાતન મંત્રમાં રહેલી હતી; એ જ મંત્રમાં તેમણે કહેવું હતું: **अपावृणु** । હે સત્ય ! તારું આવરણ દૂર કર ! ભારતની આ વાણી કેવળ ભારતને જ માટે નથી, તમામ દેશના તમામ કાળ માટે છે. આથી જ ભારતવર્ષનું સત્ય પ્રસિદ્ધ કરનારનું પ્રસિદ્ધિ ક્ષેત્ર સર્વજનિત છે. રામમોહન રાય એ સર્વકાળના પુરુષ છે. આપણે સ્થાનિક અને સામયિક ક્ષુદ્ર માપના મોટા માણસો વિષે ગર્વ કરી શકીએ છીએ, પરંતુ જેમને વિષે ગર્વ કરી શકીએ તેઓ તો **पूर्वापरौ तोयनिधीवगाह्य स्थितः पृथिव्या इव मानदण्डः** । તેમના મહિમા પૂર્વ અને પશ્ચિમ સમુદ્રને અડકીને ઊભો છે.

ભારતવર્ષમાં રામમોહન રાયના પૂર્વવર્તીઓમાં અજોડ એવા કબીરે પોતાને ભારતપથિક તરીકે ઓળખાવ્યા છે. ભારતને તેમણે મહાપથરૂપે જોયો હતો. આ પથપર ઇતિહાસના આદિકાળથી માનવ-પ્રવાહ વહી રહ્યો છે. આ પથ પર સ્મરણાતીત કાળે આવી ગયેલા-ઓનાં પગલાં હજી ભૂગર્ભમાં છે. આ પથપર આર્યજાતિ હોમાગ્નિ લઈને આવી હતી. આ પથ પર એક દિવસ મુક્તિતત્ત્વની આશાએ ચીનદેશથી યાત્રીઓ આવ્યા હતા. વળી કોઈ આવ્યા સામ્રાજ્યના લોભે. તો કોઈ આવ્યા ધનકામનાએ. સૌનો અહીં અતિથિસત્કાર થયો છે. આ ભારતમાં પથની સાધના કરવાની છે, દુનિયાના તમામ દેશોની સાથે જવા આવવાનો લેવાદેવાનો સંબંધ બાંધવાનો છે, અહીં સૌની સાથે એક થવાની સમસ્યાનું સમાધાન કરવાનું છે. આ સમસ્યાનું સમાધાન ન થાય ત્યાં સુધી આપણા દુઃખનો અંત નથી. આ ઐક્યનું સત્ય સમસ્ત માનવજાતનું ચરમ સત્ય છે, એ સત્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા ઇતિહાસમાં અંગીભૂત કરવાનું છે. રામમોહન રાય આ સત્યના ચાર રસ્તા આગળ આવીને ઊભા હતા—ભારતનું જે સર્વ-શ્રેષ્ઠ દાન છે તે લઈને. તેમનું હૃદય ભારતના હૃદયનું પ્રતીક હતું—ત્યાં હિંદુમુસલમાન ખ્રિસ્તી બધાએ પોતપોતાની ઉત્તમ શક્તિ સાથે મળ્યા હતા.—આ મિલનનું આસન હતું ભારતનું મહાન ઐક્યતત્ત્વ, **एकमेवाद्वितीयम्** । આધુનિક યુગમાં જેણે માનવનો ઐક્ય સંદેશ આણ્યો તેની જ પ્રેરણાથી જાગૃત થઈ ભારતના આધુનિક કવિએ ભારત-પથનું ગીત ગાયું છે તે નીચે ઉતારી રામમોહનની પ્રશસ્તિ પૂરી કરું છું:

હે મોર ચિત્ત પુણ્યતીર્થે જાગો રે ધીરે,
એઇ ભારતેર મહામાનવેર સાગરતીરે !

* *

હેથા એક દિન વિરામવિહીન મહા ઓંકાર ધ્વનિ,
હૃદયતંત્રે એકેર મંત્ર ઉઠેછિલ રણરણી !
તપસ્યા બલે એકેર અનલે બહુરે આહુતિ દિયા,
દ્વિભેદ ભુલિલ, જાગાયે તુલિલ એકટિ વિરાટ હિયા !
સેઈ સાધનાર સે આરાધનાર
યજ્ઞશાલાર ખોલો આજિ દ્વાર !
હેથાય સબારે હબે મિલિબારે આનતશિરે,
એઈ ભારતેર મહામાનવેર સાગરતીરે !
એસો હે આર્ય, એસો અનાર્ય હિંદુ મુસલમાન
એસો એસો આજ તુમિ ઇંગ્રાજ, એસો એસો ખ્રિસ્તાન !
એસો બ્રાહ્મણ શુચિ કરિ' મન ધરો હાત સબાકાર,
એસો હે પતિત, હોક અપનીત સબ અપમાનભાર !
માર અભિષેકે એસો એસો ત્વરા
મંગલઘટ હયનિ જે ભરા,
સબાર પરશે પવિત્રકરા તીર્થનીરે
આજિ ભારતેર મહામાનવેર સાગરતીરે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[હે મુજ ચિત્ત, પુણ્યતીર્થે જાગો રે ધીરે,
અહીં ભારતના મહામાનવના સાગરતીરે!

* *

અહીં એક દિન વિરામ વિહીન મહા ૐકાર ધ્વનિ,
હૃદયયંત્રે ઐકયમંત્રે ઊઠયો હતો રણઝણી!
તપસ્યાબળે ઐકયઅનલે, બહુની આહુતિ દઈ,
ભેદ કીધો ક્ષય, વિરાટ હૃદય એક જગાડી દઈ!
એ સાધનાનું, આરાધનાનું
યજ્ઞશાળાનું ખોલો આજે દ્વાર,
બધાનું મિલનસ્થાન થવાનું આનત શિરે,
અહીં ભારતના મહામાનવના સાગરતીરે!
આવો હે આર્ય, આવો અનાર્ય હિંદુ–મુસલમાન,
આવો આવો આજ તમે અંગ્રેજ, આવો આવો ખ્રિસ્તાન!
આવો આવો બ્રાહ્મણ, શુધ કરી મન, ગ્રહો બધાયનો હાથ,
આવો હે પતિત, થાઓ અપનીત બધો અપમાન ભાર!
આવો આવો માને અભિષેક કરો,
મંગલઘટ ત્વરા થકી ભરો,
બધાના પરશે પવિત્ર થયા તીર્થનીરે
આજે ભારતના મહામાનવના સાગરતીરે!]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર

: ૧ :

(શાંતિનિકેતન–મંદિરમાં આપેલું ભાષણ : માઘ, ૧૩૪૨.)

આજે પિતૃદેવના મૃત્યુની સંવત્સરી છે.

મારો જન્મ થયો ત્યારથી તેઓ હિમાલયમાં અને દૂર દૂર ભ્રમણ કરતા હતા. બબ્બે ત્રણ ત્રણ વરસે જ્યારે ઘેર આવતા ત્યારે આખું કુટુંબ કોઈ નવી જ હવા અનુભવતું—તેથી મારી બાલ્યવય ભય અને અદબથી અંજાઈ જતી. એ મારી બાલવયમાં તેમનું જે સ્વરૂપ મને દેખાયું હતું તે તેમની એકલતા અને વિરાટ નિઃસંગતાનું રૂપ છે. તેમનો એ ભાવ મને એકદમ સ્તબ્ધ કરી નાખતો,—એ મને બરાબર યાદ છે. કોણ જાણે કેમ એવું લાગ્યા કરતું કે પાસે હોવા છતાં એ તેઓ દૂર દૂર છે. કાંચનજંઘા જેવી રીતે નજીકના ગિરિ-શિખરોથી અલગ બની પોતાની ઉત્તુંગ હિમશોભા ધારણ કરીને વિરાજી રહે છે, તેવી રીતે મારી આગળ મારા પિતૃદેવનો આવિર્ભાવ થયો હતો. આસપાસના તમામ આત્મીય સ્વજનો અને કુટુંબીઓમાં તેઓ ખૂબ સહેજે અલગ, ઉચ્ચ, નિર્મળ અને નિષ્કલંક તરીકે શોભી રહેતા. તે વખતે હું નાનો હતો; નાના છોકરાને જેમ લોકો પાસે બોલાવી નાના નાના પ્રશ્નો પૂછે, તેમ તેઓ તે વખતે મને બોલાવી એક બે સવાલો પૂછતા. મારા મોટાભાઈઓએ માત્ર પોતાના જીવન વિષે નહિ, પણ સંસારના અનેક નાનાં મોટાં કામકાજ સંબંધમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમના સાન્નિધ્યનો લાભ મેળવ્યો છે, અને તેમની પાસેથી વિવિધ માર્ગદર્શન મેળવ્યું છે;—બાલવયમાં મને એ તક મળી નથી. છતાં પિતૃદેવને જોઈ મને પાછળથી ઉપનિષદનું એક વચન યાદ આવ્યું છે: **वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकः**। તે એકાકી આ આકાશમાં વૃક્ષની પેઠે સ્તબ્ધ બની ઊભો છે.

હવે તેમની એ નિસ્તબ્ધતાનો અર્થ કંઈક કંઈક સમજાતો હોય એવું મને લાગે છે. હવે સમજી શકું છું કે તેઓ વિરાટ નિરાસક્તિ લઈને જ જન્મેલા હતા. તેમના પિતાના ઐશ્વર્યનો પાર નહોતો, બહાર એ ઐશ્વર્ય એટલી બધી રીતે પ્રગટ થતું કે એનો કંઈ આંક નથી. આહાર, વિહાર, વિલાસ અને વસ્ત્રાભૂષણોની કેટલી ધમાલ! રોજ માણસોનો મેળો જામે! પિતૃદેવ એ ભીડમાં હોય છતાં ભીડથી દૂર રહેતા, પોતાના વ્યક્તિત્વની મર્યાદા સાચવીને પોતાની અંદર મસ્ત રહેવું—એ એમનો સ્વભાવ હતો. છતાં કર્મથી તેમને લેપાવું પડ્યું છે. મારા પિતામહની મોટા ભાગની મૂડી જે બેન્કમાં રોકેલી હતી તે બેન્કમાં તેમની જ આજ્ઞાથી સાધારણ પગારે મારા પિતાને કામ કરવું પડતું. તેમને કામકાજમાં હોશિયાર બનાવવા માટે મારા પિતામહ ખૂબ આગ્રહ રાખતા. જો કે જવાબદારીવાળાં ઘણાં કામો તેઓ ખૂબ સારી રીતે પાર પાડતા, છતાં ધનસંપત્તિને લગતાં તમામ કામકાજ તરફ તેમની ઉદાસીનતા અને અનાસક્તિ જોઈ મારા પિતામહ બહુ ખિન્ન થતા. તે વખતે પિતૃદેવનો યૌવનકાળ હતો. બહારના આડંબર અને ભપકા પર મુગ્ધ થઈ જવું એ કદાચ તેમના જેવી અવસ્થામાં ખાસ આશ્ચર્યકારક ન ગણાય; પરંતુ તમામ કર્મમાં પરોવાયેલા રહેવા છતાં તેઓ તમામ કર્મથી પર રહેતા. સામાજિક દૃષ્ટિએ જોઈએ તો પણ ઐશ્વર્ય–ભોગમાં જડિત થઈ જવાની તેમને પ્રબળ અનુકૂળતા હતી. અનેક પદધારી અને સંભાવિત ઉચ્ચ સંપ્રદાયના લોકો પિતામહની પાસે માલમિલકતની અને બીજી અનેક બાબતો લઈને આવતા. વળી દર્પનારાયણ ઠાકુરના અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાથુરઘાટના રાજભવનના દૂર દૂર સુધી ફેલાયેલા કુટુંબીજનો અને સંબંધી–મંડળીની સાથે તેમને સંપર્કમાં આવવું પડતું. હું બરાબર તો નથી જાણતો, પણ ચોક્કસપણે કહી શકું છું કે આ સંપત્તિની છોળો અને સામાજિક સમારોહની અંદર પણ તેઓ ઉપનિષદમાં વર્ણવેલા પેલા એકાકી પુરુષની જેમ વૃક્ષની સ્તબ્ધતા અને નિઃસંગતા સાચવીને કામ કરતા. દ્વારકાનાથ ઠાકુરની તે વખતની વિપુલ સંપત્તિની આજે આપણે પૂરી કલ્પના પણ કરી શકતા નથી. પરંતુ પિતૃદેવના મુખે મેં સાંભળ્યું છે કે પિતામહ જ્યારે વિલાયતમાં રહેતા ત્યારે દર મહિને એક લાખ કરતાં વધારે રૂપિયા તેમને મોકલવામાં આવતા. પિતામહના અવસાન પછી થોડા જ વખતમાં જાણે પ્રચંડ ધરતીકંપ થયો હોય એમ ઐશ્વર્યની એ ગગનચુંબી ઇમારત ઘડીકમાં જમીનદોસ્ત થઈ ગઈ. એ સંકટમાં પણ પિતૃદેવ અચળ રહ્યા હતા. **वृक्ष इव स्तब्ध।** તે વખતે તેમણે મંત્ર લીધો હતો, ઘણું કરીને તે જ વખતે સમ્યક દર્શન પણ પામ્યા હશે—**ईशावास्यमिदम् सर्वम् यत् किंच जगत्याम् जगत्।**

અનેક શોકના પ્રસંગે, સગાંસંબંધીના વિયોગ વખતે ત્રીજા માળના એમના ઓરડામાં મેં એમને આત્મસંતુષ્ઠ બની એકલા બેસી રહેતા ઘણી વખત નજરે જોયા છે. કોઈ તેમને સાન્ત્વન આપવાની હિંમત કરતું નહિ. બહારની અનુકૂળતાની તેમણે કદી અપેક્ષા રાખી નથી. પોતાનો આનંદ તેઓ પોતાની અંદરથી જ મેળવી લેતા.

હું દશ વરસનો થયો ત્યારે મને જનોઈ દેવામાં આવ્યું–માથું મૂંડેલું હતું તેથી હું જરા શરમાતો હતો;– અચાનક તેમણે મને બોલાવીને પૂછ્યું : ‘ હિમાલય આવવું છે ? ’ મને તે વખતે એવો આનંદ થયો કે તે ભાષામાં વ્યક્ત કરવાના શબ્દો નથી. તે વખતે લૂપ-લાઇન જ મેઈન–લાઇન હતી. રસ્તામાં અમારું પહેલું વિશ્રામ-સ્થાન હતું શાંતિનિકેતન. તે જગામાં અને આજની આ જગામાં ઘણો ફેર છે; તે વખતે ખેતર ખાવા ધાતું હતું. કયાંયે શ્યામલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃક્ષછાયા જેવા જડતી નહોતી. એ ઉખર રૂક્ષ વેરાનમાં આજની અતિથિશાળાની એક નાની ઓરડીમાં હું રહેતો, અને બાજુમાં તેઓ રહેતા. તેમણે ત્યાં શાલવૃક્ષની વીથિકા રચી હતી. તે મોટી થવા માંડી હતી. તે વખતે મારું કવિતા લખવાનું ગાંડપણ ઠીક આગળ વધ્યું હતું. નાટ્યગૃહની બાજુમાં એક નાળિયેરીનું ઝાડ હતું, તેની નીચે બેસી "પૃથ્વીરાજ—વિજય" નામે એક કવિતા લખી હું ગર્વ અનુભવતો હતો. ફરતાં ફરતાં જાતભાતના વિચિત્ર પથરા ભેગા કરવા, અને અહીં તહીં રખડીને ગુફાબખોલ કે ઝાડપાંદડું શોધી કાઢવું એ મારું કામ હતું. સવારના પહોરમાં ઉઠાડીને તેઓ શ્રી ભગવદ્‌ગીતામાંથી તેમની નિશાનીઓવાળા શ્લોકો મને નકલ કરવા આપતા, અને રાતે સૂર્યમંડળના ગ્રહો અને તારાઓનો મને પરિચય આપતા. આ ઉપરાંત તેઓ મને થોડું અંગ્રેજી અને સંસ્કૃત પણ શીખવતા. હું આટલો બધો એમની નજીક રહેતો હતો છતાં જાણે તેઓ મારાથી દૂર દૂર હોય એવું હમેશાં મને લાગતું. આ વખતે હું જોતો કે આસપાસનાં માણસો વાતચીતમાં કે વાદ-વિવાદમાં એમનું ચિત્ત વિક્ષિપ્ત કરવાની હિંમત જ કરતા નહિ. રોજ સવારે સુકાઈ જવા આવેલા પુકુરના કિનારાની ઊંચી જમીન ઉપર અને સાંજે વૃક્ષની નીચે ધ્યાનમાં ડૂબેલું એમનું જે આત્મસ્થિત સ્વરૂપ હું જોતો તે હું કદી નહિ ભૂલું.

હવે હિમાલયની વાત. તીવ્ર ઠંડીની સવારે દરરોજ બ્રાહ્મમુહૂર્તમાં હું તેમને હાથમાં દીવા સાથે જોતો. લાલ શાલમાં વીંટાળેલો એમનો દીર્ઘ દેહ મને જગાડતો અને ઉપક્રમણિકા વાંચવા બેસાડતો. તે વખતે હું આકાશના તારા અને પર્વત પર ઉષઃકાળના ઝાંખા અંધકારમાં તેમની ધ્યાનમૂર્તિ જોતો. જાણે તેઓ એ શાંત સ્તબ્ધ વાતાવરણની સાથે એકરાર થઈ ગયા હોય એવું લાગતું. આ દિવસોમાં તેમની ગાઢ નિકટતા હોવા છતાંયે મને સમજતાં વાર લાગતી નહિ કે સાથે રહેવા છતાંયે તેમની નજીક જઈ શકાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી તબિયત બગડતાં તેમને જ્યારે કલકત્તામાં રહેવાનું થયું, ત્યારે હું યુવાન હતો—ઘણીવખત માલમિલકતની બાબતમાં મારે તેમની પાસે જવું પડતું. દરમહિનાના પહેલા ત્રણ દિવસે બ્રહ્મસમાજનું દફતર, ઘરસંસારનું દફતર, અને જમીનદારીનું દફતર લઈને તેમની પાસે જતાં મારું શરીર ધ્રૂજતું. તેમના શરીરમાં જ્યારે જોર નહતું અને આંખે ઓછું દેખાતું ત્યારે પણ તેઓ કેવળ સાંભળીને હિસાબની નાની સરખી ભૂલ ચટ દઈને પકડી પાડતા. એ વખતે પણ એમની એ સ્વભાવસિદ્ધ ઉદાસીનતા અને નિર્લિપ્તતા જોઈ હું વિસ્મય પામી જતો.

અમારાં બધાં સગાસંબંધીઓમાં, સૂર્યમંડળમાં જેમ સૂર્ય એકલો પડી જાય છે તેમ તેઓ એકલા પડી જતા—પોતાના જ અંગરૂપ જ્યોતિર્મંડળની અંદર તેઓ નિજમાં મગ્ન બનીને રહેતા. તેમની સ્વભાવસિદ્ધ અનાસક્તિના સ્વાભાવિક દાન રૂપે આ આશ્રમ થયો. જનતાથી દૂર, અને છતાં જનતાની સાથે કલ્યાણસૂત્રથી બંધાયેલો. પ્રકૃતિના સૌન્દર્યનો આનંદ, અને આત્માનો આનંદ—એ બંનેયનું પ્રતીક આ આશ્રમ છે. એ બે આનંદોએ મળીને એમના જીવનને પરિપૂર્ણ કર્યું હતું. જે ચિત્તવૃત્તિમાંથી માણસને સંપ્રદાય કરી શકાય છે તે ચિત્તવૃત્તિ તેમનામાં હતી જ નહિ. ઉપનિષદના મંત્રદર્શનનો આનંદ તેમના અંતરમાં સ્થિત હતો—જનસાધારણની ખાતર તે આનંદને હલકો કરી કે તેમાં પાણી ભેળવીને તેઓ પીરસી શક્યા નહિ. આવાં બધાં કારણોને લીધે જ તેમની આગળપાછળ કોઈ સંપ્રદાય ઊભો થયો નહિ. પોતાના ચારિત્ર્ય અને જીવનદ્વારા તેઓ પોતાના જ્ઞાન અને પ્રેમનો આદર્શ મૂકી ગયા છે. આથી વિશેષ તેઓ કંઈ મૂકી ગયા નથી, કારણકે જનતાને કેદ કરવા કિલ્લો રચવો એ તેમના સ્વભાવની વિરુદ્ધ હતું.

તેમનું ખરું દાન આ આશ્રમ છે. આ આશ્રમમાં આવવા માટે દીક્ષા લેવી પડતી નથી, કે ચોપડામાં નામ લખવું પડતું નથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—જે આવી શકે તે આવી શકે છે, કારણ અહીં કોઈ સંપ્રદાય નથી. शान्तम् शिवम् अद्वैतम्—એ એની અંદરની વાણી છે. આશ્રમમાં જે ઊંડી શાંતિ છે તે જો કોઈ છૂટથી લઈ શકે તો લે. તેથી જ તેમણે કદી કોઈને કહ્યું નથી કે મારા અમુક મત પ્રમાણે ચાલવું પડશે. તેમના પ્રાચીન સંસ્કારની સામે મારા આધુનિકપંથી વડીલોએ ઘણો વિરોધ કર્યો છે—પરંતુ તેમણે કદી સામો જવાબ વાળ્યો નથી. મારામાં પણ એવું ઘણું હતું, ઘણી ઘણી માન્યતાઓ હતી, જેની સાથે તેમનો મત કદી મળ્યો નથી, પરંતુ તેમણે સામેથી પોતાનું અનુસરણ કરવાની કદી આજ્ઞા કરી નથી. કારણકે તેઓ જાણતા હતા કે સત્ય શાસનની પાછળ ચાલતું નથી, સત્ય તો મેળવવું હોય તો જ મળે, નહિ તો મળે જ નહિ! ઘણા ગુરુઓ પોતાના સિદ્ધાંતો વડે શિષ્યોને જડબેસલાક બાંધીને તેમના પર અત્યાચાર કરે છે, પણ તેઓ ગાંઠ વાળવા જતાં સોનું ખોઈ બેસે છે. મારા પિતૃદેવ સ્વતંત્ર હતા, તેઓ અમારા સ્વાતંત્ર્યમાં પણ માનતા હતા. કદી તેમણે બાંધવાનો પ્રયત્ન કર્યો નથી. અવસાન પહેલાં તેઓ કહેતા ગયા હતા કે શાંતિનિકેતન આશ્રમમાં તેમનું કોઈ બાહ્ય ચિહ્ન કે છબી રાખવી નહિ. તેમના આ છેલ્લા શબ્દોમાં જાણે એ અનાસક્ત આત્માની મુક્તિની વાણી પ્રતિધ્વનિત થાય છે. તેઓ સમજતા હતા કે જો પોતાને મુક્ત કરવો હોય તો અન્યને પણ મુક્ત કરવો પડશે. જે મહાન છે તે કેવળ મુક્તિના ક્ષેત્રમાં જ રહી શકે છે; મુક્ત આકાશમાં જ તારાઓ સંચરે છે, પણ દીવાને ઓરડીમાં સાચવીને રાખવો પડે છે. આ મુક્તિનું શિક્ષણ હું તેમની પાસેથી પામ્યો છું. તેમની જ પાસેથી હું શીખ્યો છું કે સત્યનું બળજબરીથી દાન કરી શકાતું નથી; અનેક વિરોધોની વચ્ચે રાહ જોઈ રહેવું પડે છે.

બસ, આજે મારે આ કહેવાનું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

(મહર્ષિની જયંતી નિમિત્તે વાંચેલું ભાષણ, જેઠ ૧૩૧૧)

પૂજનીય પિતૃદેવનો આજે અઠયાશીમો વાર્ષિક જન્મોત્સવ છે. ઉત્સવદિનની પવિત્રતા આપણે ખાસ તો હૃદયમાં અનુભવીશું.

અનેક દેશોને પોતના સ્પર્શથી જીવંત કરી, તથા પોતાના પુણ્ય પ્રવાહથી અનેક ગામોની પિપાસા મટાડીને, છેવટે જાહ્નવી મહાસાગર સમક્ષ પોતાની લાંબી મુસાફરી અતલસ્પર્શની શાંતિમાં પૂરી કરવા તૈયાર થાય છે. એ સાગરસંગમસ્થળ તીર્થસ્થાન છે. પિતૃદેવના પવિત્ર જીવને આજે આપણી આગળ એ તીર્થસ્થાન પ્રગટ કર્યું છે. તેમનો પુણ્યકર્મરત દીર્ઘ જીવનનો એકધારો પ્રવાહ જ્યાં તટહીન, સીમાહીન, વિરાટ શાંતિસાગરની સમીપ આવી પહોંચ્યો હતો, ત્યાં આપણે પળવાર માથું નમાવી શાંતિથી ઊભા રહીશું. ઘણા સમય પહેલાં, એક દિવસ સ્વર્ગમાંથી કયા નિર્મળ સૂર્યકિરણના આઘાતથી ઊંઘમાંથી જાગી ઊઠી, કઠોર હિમ-પડગને અશ્રુધારારૂપે પીગળાવી, આ જીવને પોતાની કલ્યાણયાત્રા શરૂ કરી હતી તેનો આપણો વિચાર કરી જોશું. તે વખતે એનો ક્ષીણ સ્વચ્છ પ્રવાહ કોઈ વખત પ્રકાશ તો કોઈ વખત અંધકાર, કોઈ વખત આશા તો કોઈ વખત નિરાશામાં થઈને દુર્ગમ માર્ગ વીંધીને ચાલતો હતો. વિઘ્નો દરરોજ વિરાટ રૂપ ધારણ કરીને સામાં આવતા હતા—કઠણ પથ્થરો ચારે બાજુથી રસ્તો રોકીને ઊભા હતા—પરંતુ એ બધાં વિઘ્નો પ્રવાહને રોકી ન શક્યાં, ઊલટું એમણે એને બમણો જોરદાર બનાવી દીધો. દુઃસાધ્ય દુર્ગમતાએ એ અદમ્ય બળની આગળ માથું નમાવી દીધું. આ જીવનપ્રવાહ ધીમે ધીમે વિશાળ બની જન-સમાજમાં ઊતર્યો, બંને કાંઠાઓને તેણે નવજીવનથી તરબોળ કરી દીધા, વિઘ્નોની પરવા ન કરી. ઘડીકનો વિસામો લીધો નહિ, કશાયે એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્યેયથી ચલિત કર્યો નહિ—છેવટે આજે એ એકનિષ્ઠ અનન્યપરાયણ જીવનપ્રવાહે જગતના બંને કાંઠાઓને છલકાવી દીધા છે. આજે પરમ પરિણામ સમક્ષ આવી પહોંચી તેણે પોતાના તમામ પ્રયત્નને, તમામ ચંચળતાને શાંત કરી પરિપૂર્ણ આત્મવિસર્જન તરફ પોતાને વાળ્યો છે. અનંત જીવનસાગરની સાથે સાર્થક જીવનપ્રવાહના મિલનનું આ સુગંભીર દશ્ય આપણા ધ્યાનનેત્ર સમક્ષ પ્રગટ થઈને આપણને ધન્ય કરો !

અમૃતપિપાસા અને અમૃતપ્રાપ્તિના માર્ગમાં ઐશ્વર્ય મોટામાં મોટા અંતરાયરૂપ છે, સાધારણ સોનાની દીવાલ ઊંચી ચડીને અનંત આકાશના અમૃત-ઉજાસને આપણી દૃષ્ટિથી રોકીને ખડી રહી શકે છે. ધનસંપત્તિ દ્વારા જ દીન હૃદય પોતાને સાર્થક કરી શકે છે—તે કહે છે, હવે હું કૃતાર્થ થઈ ગયો, લોકો મારાં વખાણ કરે છે, દેશમાં મારો પ્રતાપ ફેલાયો છે, મારો બાહ્ય આડંબર ગગન લગી પહોંચે છે. ઘરમાં મારી આરામશય્યા રોજરોજ વધારેને વધારે મુલાયમ થતી જાય છે, હવે મારે શું જોઈએ ?

પરંતુ હાય રે દરિદ્ર ! સમસ્ત માનવનો અંતરાત્મા જ્યારે રડી રહ્યો છે...જેનાથી મને અમરત્વ ન મળે તેને લઈને હું શું કરું ?

येनाहं नामृतास्याम् किमहं तेन कुर्याम्।—સાત લોક જ્યારે અંતરીક્ષમાં લાંબા હાથ કરી કરીને પ્રાર્થના કરી રહ્યા છે કે મને સત્યનું દાન કરો, અમૃતનું દાન કરો—'**असतो मा सद्गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्माऽमृतं गमय**।—ત્યારે તું કહે છે કે મારી પાસે ધન છે, માન છે, આરામ છે, હું માલિક છું, પ્રભુ છું, મારે હવે શું જોઈએ ! ઐશ્વર્યની આજ વિડંબના છે—હીનાત્માની આગળ ઐશ્વર્ય ચરમ સાર્થકતાનું રૂપ ધારણ કરે છે.

આજના ઉત્સવમાં આપણે જેમનું માહાત્મ્ય સ્મરવા ભેગા થયા છીએ—તેમની અધ્યાત્મદૃષ્ટિ એક દિવસ યૌવનના પ્રથમ પ્રભાતે જ આ કઠિન ઐશ્વર્યની દુર્લંઘ્ય દીવાલ કૂદીને અનંત તરફ મંડાઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે વખતે તેઓ ધનમાન વડે ચારે કોરથી નિશ્છિદ્રપણે ઢંકાયેલા હતા તે જ વખતે ધનસંપત્તિનું જાડામાં જાડું આવરણ ભેદીને, સ્તુતિપાઠ કરનારાઓનાં સ્તુતિગાનને તરછોડી, આરામ, આમોદ અને આડંબરનો જાડો પડદો ચીરી નાખી, **ईशावास्यमिदं सर्वम्** પદાર્થમાત્રને હું ઈશ્વર વડે વ્યાપ્ત જોવા, ધન વડે નહિ, સ્વાર્થ વડે નહિ, સ્વાભિમાન વડે નહિ,–આ અમૃતવાણીએ કેવી રીતે તેના કાનમાં પ્રવેશ કર્યો.–જે **ईशानाम् भूतभविष्य**—જે આપણો અનંતકાળનો ઈશ્વર છે, ભૂતભવિષ્યનો પ્રભુ—તેને આ શ્રીમંતપુત્ર કેવી રીતે ઘડીકમાં ઐશ્વર્યપ્રભાવથી પર, તમામ પ્રભુત્વથી પર એવા પોતાના એકમાત્ર પ્રભુ તરીકે માની શકયો ! સંસારમાં તેનું પોતાનું એટલું પ્રભુત્વ હતું, અને સમાજમાં તેમને ધનનું એટલું માન મળતું હતું, છતાં એ પ્રભુત્વ અને એ માન તેને અંધ રાખી શકયાં નહિ.

વળી જે દિવસ એ વિરાટ ઐશ્વર્યે અકસ્માત એક આપત્તિનો વજ્રાઘાત થતાં તમામ આડંબર અને આયોજન સાથે ચારે તરફથી કડડભૂસ થઈને પડવા માંડયું—હેવું જ્યારે એક પળમાં વિરાટ સ્વરૂપ ધારણ કરી તેમનાં ઘરબાર, તેમની સુખસમૃદ્ધિ, અને તેમનાં વસ્ત્રાભૂષણ બધાયનો કોળિયો કરી જવા બેઠું—ત્યારે પણ કમળ જેવી રીતે પોતાની ડાંડલી લંબાવીને પાણીની સપાટીથી ઊંચે ચડી, નિર્મળ સુંદરતા ધારણ કરી, સૂર્યકિરણ તરફ પ્રફુલ્લ બની જોઈ રહે છે તેવી રીતે તેમણે તમામ વિપત્તિની રેલથી પર રહી, પોતાના નિર્મળ હૃદયને ધ્રુવતારક તરફ અભિમુખ કરી રાખ્યું.

સંપત્તિ જેને અમૃત પ્રાપ્તિથી દૂર કરી શકી નહિ, તેને વિપત્તિ પણ અમૃત સંચયથી વંચિત કરી શકી નહિ. એ દુ:ખના દિવસને જ તેમણે આત્મપ્રકાશ વડે સુખનો સમય બનાવી દીધો—જ્યારે તેમની ધનસંપત્તિ જમીનદોસ્ત થઈ ગઈ હતી, ત્યારે તેઓ દૈન્યથી જરાયે વિચલિત ન થતાં પરમાત્મ-સંપત્તિનું વિતરણ કરવા માટે આખા ભારતવર્ષને ફરી ફરી આહવાન કરતા હતા. સંપત્તિના સમયે તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભુવનેશ્વરના બારણે ખાલી હાથે ભિક્ષુ બની ઊભા હતા; વિપત્તિના સમયે તેમણે આત્મૈશ્વર્યના ગૌરવમાં બ્રહ્મસત્ર ઉઘાડી વિશ્વપતિના પ્રસાદ-અમૃત વહેંચવાનો ભાર લીધો હતો.

ઐશ્વર્યની સુખશય્યામાંથી ઉપાડીને ધર્મે એમને પોતાના રસ્તા વચ્ચે લાવી ખડા કરી દીધા હતા—**क्षुरस्य धारा निशिता दुरत्यया दुर्गम् पथस्तत् कवयो वदन्ति।**—કવિઓ કહે છે, એ માર્ગ તલવારની ધાર જેવો છે, અતિ દુર્ગમ છે. લોકાચાર પ્રચલિત, હમેશનો જાણીતો ધર્મ એ આરામનો ધર્મ છે—અંધભાવે અને જડભાવે પણ તેનું પાલન કરી શકાય છે. અને તેનું પાલન કરતાં કરતાં લોકોમાં જશ પણ મેળવી શકાય છે. ધર્મના એ આરામનો, એ સન્માનનો પણ પિતૃદેવે ત્યાગ કર્યો હતો. ક્ષુરધારા જેવા દુરતિક્રમ્ય માર્ગ પર જ તેમણે નિર્ભય બની પગ માંડયો. જનસમાજનું અનુસરણ કરીને તેઓ આત્મવિદ્રોહી ન બન્યા, આત્મઘાતી ન બન્યા.

શ્રીમંત ઘરમાં જેમનો જન્મ છે, બાપદાદાના વખતથી જ સમાજની પાસેથી જેઓ માનપાન પામતા આવ્યા છે, તેમને માટે સમાજપ્રચલિત સંસારનો કોઠાવ્યૂહ ભેદીને પોતે અંતરમાં પ્રાપ્ત કરેલા સત્યની પતાકાને શત્રુમિત્રના ધિક્કાર, લાંછના અને પ્રતિકૂલતા સામે અચળ પકડી રાખવાનું કામ કંઈ સહેલું નથી–ખાસ કરીને આર્થિક મુશ્કેલીના વખતે જ્યારે સૌની અનુકૂળતાની આવશ્યકતા સૌથી વધારે હોય છે, ત્યારે તો એ કેટલું કેટલું કઠણ હોય તેની સહેલાઈથી કલ્પના કરી શકાશે. એ યુવાનવયે સંપત્તિની મુસીબતના દિવસે, સંભાવિત સમાજમાં વંશપરંપરા ચાલી આવતી પોતાની જે પ્રતિષ્ઠા હતી તેની સામે નજર સરખીયે કર્યા વગર પિતૃદેવે ભારતવર્ષના ઋષિમુનિઓએ વંદેલા ચિરંતન બ્રહ્મની, એ અપ્રતિમ દેવાધિદેવની આધ્યાત્મિક પૂજાની, સમાજ પ્રતિકૂલ હતો, છતાં મુક્તકંઠે ઘોષણા કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પછી એમના જીવનમાં બીજો એક યુદ્ધનો દિવસ આવી પહોંચ્યો. બધા જાણે છે કે વિચિત્રતા જ જગતમાં ઐક્યને સિદ્ધ કરે છે. વિચિત્રતા જેટલી સ્પષ્ટ હોય, તેટલી એકતા પણ સ્પષ્ટ થઈ જાય છે. ધર્મ પણ તેવી રીતે વિવિધ સમાજના ઇતિહાસનો આશ્રય લઈને વિધવિધ કંઠે, વિધવિધ આકારે, એક નિત્ય સત્યને ચોતરફ સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે. ભારતવર્ષે વિશિષ્ટ સાધનદ્વારા, વિશિષ્ટ ભાવે જેની પ્રાપ્તિ કરી છે, તેનો ભારતવર્ષીય આકાર ભૂંસી નાખીને, તેને ભારતવર્ષના ઇતિહાસમાંથી ઊખેડી નાખીને, તેને અન્ય દેશની આકૃતિપ્રકૃતિની સાથે સેળભેળ કરી દેવાનો પ્રયત્ન કરવામાં આવે તો તેથી જગતની એકતામૂલક વિચિત્રતાના ધર્મનું ઉલ્લંઘન કરવા જેવું થાય છે. દરેક માણસ જ્યારે પોતાની પ્રકૃતિ પ્રમાણે સંપૂર્ણ ઉત્કર્ષ પામે છે, ત્યારે જ તે મનુષ્યત્વ પ્રાપ્ત કરે છે.—સાધારણ મનુષ્યત્ત્વ વ્યક્તિગત વિશેષત્વના પાયા ઉપર ઊભેલું છે. હિંદુમાં અને ખ્રિસ્તીમાં વસ્તુતઃ મનુષ્યત્વ એક જ છે, તેમ છતાં હિંદુ વિશેષત્વ મનુષ્યત્વની એક વિશિષ્ટ સંપત્તિ છે, અને ખ્રિસ્તી વિશેષત્વ પણ મનુષ્યત્વની એક ખાસ સિદ્ધિ છે. તેમાંથી એકનો જો સંપૂર્ણ ત્યાગ કરીએ તો મનુષ્યત્વ તેટલું કંગાલ બને છે. ભારતવર્ષનું જે શ્રેષ્ઠ ધન છે તે પણ આખી દુનિયાનું છે, અને યૂરોપનું જે શ્રેષ્ઠ ધન છે તે પણ આખી દુનિયાનું છે. તેમ છતાં ભારતવર્ષીયતા અને યૂરોપિયતા બંનેને સ્વતંત્ર સાર્થકતા છે, કહી બંનેને એકાકાર કરી દેવાય નહિ. મેઘ આકાશમાંથી જળ વર્ષાવે છે, અને સરોવર પૃથ્વી પર રહીને જળ દે છે,—જો કે બંનેની દાનની ચીજ એક જ છે, તથાપિ આ ભેદને લીધે મેઘ પોતાની પ્રકૃતિ અનુસાર વિશિષ્ટ ભાવે ધન્ય બને છે, અને સરોવર પણ પોતાની પ્રકૃતિ અનુસાર વિશિષ્ટ ભાવે ધન્ય બને છે !

તરુણ બ્રાહ્મસમાજ જે વખતે પ્રાશ્ચાત્ય શિક્ષણના પ્રભાવે કરીને આ વાત ભૂલી ગયો હતો, જ્યારે તે ધર્મના સ્વદેશી સ્વરૂપનું રક્ષણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવામાં સંકુચિતતા સમજતો હતો, જ્યારે તેને લાગતું હતું કે વિદેશી ઈતિહાસનું ફળ ભારતવર્ષીય ડાળ પર ઉગાડવાનું સંભવિત છે, અને એવો પ્રયાસ કરવામાં જ ખરેખરી ઉદારતા છે, ત્યારે પિતૃદેવે વિશ્વ–ધર્મની સ્વદેશી પ્રકૃતિનું કોઈ વિમિશ્રિત એકાકારત્વમાં વિસર્જન કરવાની ના પાડી–આથી અનેક અસામાન્ય પ્રતિભાવાળા ધર્મોત્સાહી તેજસ્વી યુવાનો, જેઓ અત્યાર સુધી તેમને અનુસરતા હતા, તેમની સાથેનો તેમનો સંબંધ તૂટી ગયો. આ વિચ્છેદ સ્વીકારવામાં કેવી દઢતા, કેવી હિંમત અને કેવા બળની જરૂર પડે છે તેનો જ આજે આપણે, બધા મતભેદો ભૂલી જઈને વિચાર કરીએ. આધુનિક હિંદુ સમાજના પ્રચલિત લોકાચારની પ્રબળ પ્રતિકૂળતાની સામે, પોતાને અનુસરતા સમાજના શક્તિશાળી સહાયકોનો ત્યાગ કરી, પોતાને બધી તરફથી નિઃશેષ કરવાનું કોનાથી બને?—જેનું અંતઃકરણ જગતની આદિ શક્તિના અક્ષય પ્રવાહમાં રાતદિવસ પરિપૂર્ણ ન રહેતું હોય તેનાથી એ બને?

એમને જેમ આપણે સુખમાં ને દુઃખમાં નિર્ભય અને અચળ જોયા, તેમ એક વખત વર્તમાન સમાજની સામે, અને એક વખત હિંદુ સમાજની તરફેણમાં મેં એમને સત્યમાં, અને શ્રદ્ધામાં અચળ રહેતા જોયા છે–મેં જોયું તો આવી પડેલી ઘોર ક્ષતિની આશંકાએ એમને વિચલિત કર્યા નહોતા. હિંદુ સમાજમાં તેઓ મહામુસીબતના સમયે પણ એકાકી ઊભા હતા, અને બ્રાહ્મ સમાજમાં તેઓ નવી આશા અને નવા ઉત્સાહ–અભ્યુદય ખાતર બધું છોડીને એકાકી ઊભા હતા. તેમની કેવળ એજ પ્રાર્થના હતી કે **माहं ब्रह्म निराकुर्यात् मा मा ब्रह्म निराकरोत्।** મેં બ્રહ્મનો ત્યાગ કર્યો નથી, બ્રહ્મ મારો ત્યાગ ન કરો!

ધન સંપત્તિના ઢગલાઓએ રચેલા ગાઢ અંધકારને ભેદીને તથા નવયૌવનની અતૃપ્ત પ્રવૃત્તિઓની દીવાલો વીંધીને દિવ્ય પ્રકાશે જેમના લલાટને સ્પર્શ કર્યો હતો, ઘોરી વિપત્તિની ભીષણ રુદ્ર છાયામાં માથા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર દારિદ્રયનો વજ્રદંડ ઉગામાઈ રહ્યો છે છતાં પણ ઈશ્વરના પ્રસન્ન મુખમંડળ પર જેમની અનિમેષ આંતરદૃષ્ટિ ચોંટેલી હતી, મુસીબતના દિવસોમાં પણ તમામ લોકભયને બાજુએ મૂકી જેમના કાનમાં ધર્મની 'મા ભૈ:' વાણી સુસ્પષ્ટ રીતે પ્રતિધ્વનિત થઈ રહી હતી, બલવૃદ્ધિ અને દલવૃદ્ધિની સામે કેવળ શ્રદ્ધાના જોરે જેમણે તમામ ઓથ છોડી દઈને, નિઃસંકોચપણે કેવળ એક પરમ ઓથનો આશ્રય લીધો હતો, તેમના પુણ્ય કર્મોથી ભરેલા સુદીર્ઘ જીવન–દિનની આજે સાંજ પડી છે. આજે તેમનો થાકેલો કંઠસ્વર ક્ષીણ થયો છે, પરંતુ તેમના પૂરા થતા જીવનની મૂગી વાણી પહેલાં કરતાં વધારે સ્પષ્ટ છે; આજે તેમના જીવનનું કામ પૂરું થઈ ગયું છે, પણ તેમના જીવન-વ્યાપી કર્મ–યોગના મૂલ પ્રદેશમાંથી જે એકાગ્ર નિષ્ઠા ઉર્ધ્વલોકમાં ચડી છે તે આજે શાંતિથી પ્રકાશી રહી છે. આજે તેઓ પોતાના આ વિશાળ સંસારના આંગણામાં આવી ઊભા છે, પરંતુ સંસારનાં તમામ સુખદુઃખ અને વિયોગ–મિલનમાં જે અચલ શાન્તિ માતાના આશીર્વાદની પેઠે સદા સર્વદા તેમના અંતઃકરણમાં સ્થિર થયેલી હતી, તે આજે સંધ્યાકાળની રમણીય સૂર્યાસ્ત શોભાની પેઠે તેમને દેદીપ્યમાન બનાવી રહી છે. કર્મશાળામાં તેમણે પોતાના જીવનેશ્વરની આજ્ઞાનું પાલન કર્યું, અને હવે વિરામશાળામાં તેઓ પોતાના હૃદયે-શ્વરની સાથે અખંડ મિલનના માર્ગે પ્રયાણ કરવા તૈયાર થયા છે. આ પુણ્ય ક્ષણે આપણે તેમને પ્રણામ કરવા માટે, તેમના સાર્થક જીવનની શાંતિ–સૌંદર્યથી શોભતી છેલ્લી કિરણછટા માથા પર ઝીલવા માટે અહીં ભેગા થયા છીએ.

મિત્રો, જેમના જીવને આપની જીવનશિખાને પળે પળે ઉજ્વળ કરી છે, જેમની વાણીએ થાક વખતે આપને બળ આપ્યું છે, અને વિષાદ વખતે આપને સાન્ત્વન આપ્યું છે, તેમના જન્મદિનને ઉત્સવનો દિન બનાવી આપ સૌ ભક્તિભાવને સફળ કરવા આવ્યા છો. અહીં હું તેમનો પુત્ર હોવાના કારણે આ ઉત્સવદિને જો પળવાર તેમની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ વિશિષ્ટ ભાવે ઊભો હોઉં તો મને માફ કરશો. સમીપ રહેલા મહાત્માને સમગ્ર ભાવે અને સંપૂર્ણ ભાવે જોવાની તક કુટુંબીઓને ભાગ્યે જ મળે છે. સંસારનો સંબંધ વિચિત્ર સંબંધ છે, તેમાં સ્વાર્થ પણ વિચિત્ર, મત પણ વિચિત્ર અને પ્રવૃત્તિ પણ વિચિત્ર.—એ સંબંધ દ્વારા વિચારશક્તિની વિશુદ્ધતા સાચવવાનું કામ અઘરું છે. નાની વસ્તુ મોટું રૂપ ધારણ કરે છે, અનિત્ય વસ્તુ નિત્ય વસ્તુને ઢાંકી રાખે છે, સંસારના અનેક આઘાત પ્રત્યાઘાતોમાં સાચો પરિચય હંમેશાં ખંડિત થઈ જાય છે—આથી પિતૃદેવની જયંતીનો આ ઉત્સવ તેમનાં સગાંસંબંધીઓને માટે એક ખાસ શુભ અવસર છે—જેટલા આઘા ઊભા રહેવાથી મહત્ત્વને સંપૂર્ણ અને અખંડ રૂપમાં જોઈ શકાય, તેટલા આઘા ખસીને આજના આ ઉત્સવની તકનો લાભ લઈ બહારની ભક્તમંડળીની સાથે એક આસન પર બેસી, સંસારની તમામ તુચ્છ સંબંધ-જાળો છેદી નાખીને અમે તેમનાં દર્શન કરીશું; અમારાં સંકુચિત જીવનના હરરોજના વ્યવહારમાંથી ઊડતી બધી ધૂળ દૂર કરીને અમો તેમને, વિરાટ આકાશમાં, નિર્મળ શાંતિમાં, દેવમંદિરનાં અખંડ આનંદ-રશ્મિમાં, તેમના ખરા મહિમામાં, તેમના જીવનની નિત્ય પ્રતિષ્ઠામાં વિરાજી રહેલા નિહાળશું. સંસારના વમળમાં ભાન ભૂલી અમે જે કાંઈ વિરોધ કર્યો હોય, ચંચળતા બતાવી હોય, ને અન્યાય કર્યો હોય તે બધાની આજે તેમનાં ચરણકમળમાં ખરા મનથી ક્ષમા માગીશું. આજે તેમને અમારા સંસારથી, અને અમારાં પ્રયોજનોથી મુક્ત કરીને, તેમને વિશ્વભુવનની અને વિશ્વભુવનેશ્વરની સાથે વિરાટ નિત્ય સંબંધથી યુક્ત કરીને નિહાળશું, અને તેમની પાસે એવા આશીર્વાદ માગશું કે જે ચિરજીવનનું ધન તેમણે પોતાના જીવનમાં સંચિત કર્યું છે, તેને જ અમે અમારી સૌથી મોટી પૈતૃકસંપત્તિ સમજીએ, તેમના જીવનનું દૃષ્ટાંત અમને ધનસંપત્તિની અંધતામાંથી બચાવે, ધનની વિભીષિકામાંથી ઉગારે, દૃઢ શ્રદ્ધામાં અમને સ્થિર કરે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ઋષિઓનો પ્રયોજેલો આ મંત્ર જે તેમણે અમારા કાનમાં સંભળાવ્યો છે, તે અમે કોઈ આરામની જડતામાં કે કોઈ નિરાશાના મારમાં ભૂલી ન જઈએ—

माहं ब्रह्म निराकुर्य्यांम् मा मा ब्रह्म निराकरोत् ।
अनिराकरणमस्तु अनिराकरणं मेऽस्तु ॥

બંધુઓ, ભાઈઓ, આ સત્યાશી વર્ષના જીવન સમક્ષ ખડા રહીને આનંદિત હો, આશાન્વિત હો! જાણજો કે **सत्यमेव जयते नानृतम्**—જાણજો કે ધર્મ જ ધર્મની સાર્થકતા છે. જાણજો કે આપણે જેને સંપત્તિ સમજીને ગાંડા થઈએ છીએ, તે સંપત્તિ નથી; આપણે જેને વિપત્તિ સમજીને ડરીએ છીએ તે વિપત્તિ નથી; આપણો અંતરાત્મા સંપત્તિવિપત્તિથી પર જે પરમ શાન્તિ છે તેનો આશ્રય લેવાનો અધિકારી છે. **भूमात्वेव विजिज्ञासितव्यः।** સમગ્ર જીવન દ્વારા ભૂમાને જ જાણવાની ઇચ્છા રાખો, અને સમગ્ર જીવનમાં ભૂમાને જ સિદ્ધ કરો. એવી પ્રાર્થના કરો—**आवीरावीर्म एधि**—હે સ્વયંજ્યોતિ, મારી આગળ પ્રગટ થા!—મારી આગળ પ્રગટ થતાં એ પ્રકાશ મને વટાવીને સમસ્ત માનવજાત આગળ સહેલાઈથી દેદીપ્યમાન થઈ જશે.—એમ મારું જીવન સમસ્ત માનવજાતના નિત્ય-જીવનમાં સમર્પિત બની રહેશે, અને મારો આ ગણતરીના દિવસનો મનુષ્યજન્મ સદાને માટે સાર્થક થશે.

: ૩ :

['મહર્ષિના પ્રથમ શ્રાદ્ધદિન નિમિત્તે પ્રાર્થના : ૧૩૧૧.']

हे परमपितः, हे पितृतमः पितृणाम्। આ સંસારમાં જેમના પિતૃભાવદ્વારા હું તને પિતા તરીકે આલેખી શક્યો છું—તેઓ આજે અગિયાર દિવસ થયાં આ લોકમાંથી ચાલ્યા ગયા છે. તેમનું સમગ્ર જીવન હોમહુતાશનની ઊંચે ચડતી પવિત્ર શિખાઓની પેઠે હમેશાં તારી તરફ વળેલું હતું. હવે તેમની અતિ દીર્ઘ જીવન-યાત્રા પૂરી થતાં તેં તેમના પર કેવી શાંતિ અને કેવા અમૃતનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિષેક કર્યો છે. જેમણે કદી સ્વર્ગની કામના કરી નથી, કેવળ **छायातपयोरिव** બ્રહ્મલોકમાં તારી સાથે એકરૂપ થઈ જવાની જેમની એકમાત્ર આકાંક્ષા હતી, તેમને હવે તેં કેવી અમૃતમય કૃતાર્થતામાં રાખ્યા છે તે અમારાં મનને અગોચર છે! તથાપિ હે મંગલમય! તારી પરિપૂર્ણ મંગલમય ઇચ્છા પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા રાખીને હું તને ફરી ફરી નમસ્કાર કરું છું.

તું અનંત સત્ય છે, તારી અંદર અમારું બધું સત્ય ચિંતન સંપૂર્ણપણે સાર્થક થાય છે,--અમારો બધો અકૃત્રિમ પ્રેમ, હે અનંતસ્વરૂપ, તારી જ અંદર સુંદર રીતે સાર્થક થાય છે,--અમારા પિતૃદેવના જીવનનું સમસ્ત સત્ય, સમસ્ત મંગલ, સમસ્ત પ્રેમ તારી અંદર અનિર્વચનીયરૂપે પરિપૂર્ણ થાય છે એ જાણીને અમે ભાઈઓ-બહેનો હાથ જોડી તારો જય ઉચ્ચારીએ છીએ.

પૃથ્વી પરનો ઘણોખરો સંબંધ દાનપ્રતિદાનની અપેક્ષા રાખે છે–પરંતુ પિતામાતાનો સ્નેહ પ્રતિદાનની આશાથી પર છે. પાપ, અપરાધ, હીનતા, કૃતઘ્નતા, તમામને બાજુએ મૂકી તે પોતાને પ્રગટ કરે છે. એ ઋણ નથી, એ દાન છે. તેણે પ્રકાશની પેઠે, હવાની પેઠે,—બાલ્યકાળથી આજલગી હમેશાં અમારી રક્ષા કરી છે, પરંતુ એનું મૂલ્ય કદી કોઈએ માગ્યું નથી. પિતૃસ્નેહના એ વણમાગ્યા, અખૂટ મંત્રનું દાન કરવા માટે, હે **विश्वपितः**, આજે અમે તને પ્રણામ કરીએ છીએ.

આજે એ વાતને લગભગ પચાસ વરસ થઈ ગયાં. અમારા પિતામહના મૃત્યુ પછી આ ઘર ઉપર એકદમ દેવાના ડુંગર તૂટી પડવાથી કેવું સંકટ ઉપસ્થિત થયું હતું તે સૌ જાણે છે. પિતૃદેવ એકલે હાથે અનેકવિધ પ્રતિકૂળતાઓમાં દુસ્તર ઋણસમુદ્ર તરીને, કેવી રીતે કિનારે આવ્યા, અને આજે અમે અન્નવસ્ત્ર પામીએ છીએ તે કેવી રીતે વિનાશના મોંમાંથી બચાવી અમારા માટે તેઓ રાખી ગયા, તેની તો આજે અમને કલ્પના પણ આવવી મુશ્કેલ છે. એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાવાઝોડાનો ઇતિહાસ અમે શું જાણીએ! કેટલાય સમય સુધી તેમને કેવું દુઃખ, કેવી ચિંતા, કેવી ગડમથલ અને કેવી દશામાં દિવસો ને રાતો કાઢવી પડી છે તે યાદ કરતાં રોમાંચ ખડા થઇ જાય છે. તેઓ અતુલ વૈભવમાં ઊછર્યા હતા,—અકસ્માત ભાગ્ય પલટાઈ જતાં કેવીરીતે અચળ વીરતાપૂર્વક તેનો સામનો કર્યો હશે! જેઓ અખૂટ ધનસંપત્તિ અને અખંડ સુખભોગમાં ઊછરીને મોટા થયા છે, દુઃખનો છાંયો યે જેમણે જોયો નથી, બાળપણથી જ જેઓ વિલાસ અને મોજના વાતાવરણમાં ડૂબેલા હોઈ જેમની શકિતનો ઉપયોગ અધૂરો છે, સંકટ સમયે તેમના જેવો નિરાધાર બીજો કોણ હશે! માથે આવી પડેલી વિપત્તિના કરતાં, પોતાનું અપકવ ચારિત્રબળ અને અસંયત પ્રવૃત્તિ જ તેમનો મોટો શત્રુ હોય છે. આવે વખતે, આવા સંજોગોમાં, જે ધનપતિના પુત્રે પોતાની હમેશની ટેવોને દબાવી દઈ, શ્રીમંતાઈની રેલમછેલના અનુભવોને બાજુએ મૂકી શાંત સંયત શૌર્યથી આ વિશાળ કુંટુંબનો ભાર માથે ઉપાડી, અસહ્ય આફતની સામે પ્રયાણ કર્યું, અને જીત મેળવી, તેનાં એ અસામાન્ય શૌર્ય, એ સયમ એ ચિત્તની દૃઢતા, એ પળેપળનો ત્યાગસ્વીકાર, અમે મનથી સંપૂર્ણ રૂપે સમજી શકવાના કેવી રીતે અને તેને યોગ્ય કૃતજ્ઞતા પણ અનુભવવાના કેવી રીતે? આજના અમારા આ અન્ન-વસ્ત્રના આશ્રયની પાછળ તેમનો એ વિપત્તિમાં પણ સ્થિર રહેલો બલિષ્ઠ જમણો હાથ છે, અને એ હાથનો મંગલ આશિષસ્પર્શ અમે હમેશાં નમ્રભાવે અનુભવીએ છીએ!

અમારે કોઇ જાતનો અભાવ ન વેઠવો પડે એટલી વિપુલ સંપત્તિ તેમણે કેવળ પોતાના બળે બચાવી લીધી છે: એ જો અધર્મની મદદથી થયું હોત તો આજે અંતર્યામી સમક્ષ એ પિતા પ્રત્યે શ્રદ્ધા નિવેદન કરતાં અમારે શરમાવું પડત. તેમણે પહેલાં ધર્મની રક્ષા કરી, અને પછી ધનની રક્ષા કરી છે.—આજે અમને જે મળ્યું છે તેની સાથે તેમણે અસત્યના ગ્લાનિ ભળવા નથી.—આજે અમે જે ભોગવીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ તેને દેવતાના પ્રસાદની પેઠે નિર્મળચિત્તે નિઃસંકોચપણે ગ્રહણ કરવાના અમે અધિકારી થયા છીએ.

તે વિપત્તિના દિવસોમાં મિલકતદાર મિત્રોની તેમને ખોટ નહોતી.—તેમણે ધાર્યું હોત તો કદાચ કુશળતા વાપરીને પોતાની પૂર્વ સંપત્તિનો ઘણો ખરો ભાગ એવી રીતે પાછો મેળવી શકાયા હોત કે ધનની બાબતમાં બંગાળના શ્રીમંતો તેમની ઈર્ષ્યા કરતા હોત. એમણે તેવું કર્યું નહિ તેથી આજે અમે તેમના બમણા કૃતજ્ઞ છીએ.

ઘોર વિપત્તિ વેળાએ એક દિવસ તેમની આગળ એકી સાથે શ્રેયનો માર્ગ અને અને પ્રેયનો માર્ગ તેમની સામે આવી ઊભા હતા. તે વખતે બધું ખોઈ બેસવાની સંભાવના તેમની સામે હતી—તેમને સ્ત્રીપુત્ર હતા, માનપાન પણ હતું. છતાં તેમણે શ્રેયનો માર્ગ પસંદ કર્યો! તે મહાદિવસને આજે અમે યાદ કરવાનો પ્રયત્ન કરીએ, જેથી અમારી તીવ્ર ધનલાલસા શાંત થાય, અને સંતોષના અમૃતથી અમારાં હૃદય ભીનાં થાય! અર્જન કરીને તેમણે અમને જે આપ્યું છે તે અમે ગ્રહણ કર્યું છે; અને વર્જન કરીને તેમણે અમને જે આપ્યું છે તે પણ ગૌરવપૂર્વક ગ્રહણ કરવાને અમે પાત્ર થઈએ!

તેઓ બ્રહ્મનિષ્ઠ ગૃહસ્થ હતા,—પરંતુ તેઓ જો કેવળ મિલકતદાર હોત તો એમની બચેલી થોડી મિલકતને ઉત્તરોત્તર સંચય દ્વારા તેઓ ખૂબ જ વિપુલ બનાવી શકયા હોત. પરંતુ મિલકતને વધારવા તરફ ધ્યાન આપી ઈશ્વરની સેવા તરફ તેમણે દુર્લક્ષ્ય કર્યું નહિ. તેમનો ભંડાર ધર્મપ્રચાર માટે ખુલ્લો હતો— કેટલાંયે અનાથ કુટુંબોના તેઓ આશ્રય હતા, કેટલાયે ગરીબ કલાકારોને તેમણે ભૂખમરામાંથી બચાવી લીધા હતા, દેશહિતનાં કેટલાંય કામોમાં તેમણે બાહ્ય દેખાવ કર્યા વગર ગુપ્ત મદદ આપી હતી. એમાં કંજૂસાઈ કરી તેમણે કદી પણ પોતાનાં સંતાનોને એશઆરામ કે ધનનું અભિમાન કરવા દીધું નથી. ધર્મપરાયણ ગૃહસ્થ જેમ તમામ અતિથિઓને જમાડયા પછી જ પોતે ભોજન કરે છે તેવીરીતે તેમણે પોતાના ભંડારઘરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બારણે તમામ અતિથિઓને ધરતાં જે બચ્યું તે વડે પોતાના કુટુંબનું પાલન કર્યું હતું. આવી રીતે તેમણે અમને સંપત્તિની અંદર રાખ્યા છતાં આડંબર અને ભોગોન્મત્તતાથી બચાવી લીધા હતા; અને આવી રીતે જો એમનાં સંતાનો આગળ લક્ષ્મીના સુવર્ણપિંજરનો આગળો જરા પણ ઢીલો રહેતો હોય, જો તેમના ભાવના-પ્રદેશના મુક્ત આકાશમાં છૂટથી ફરવાને તેઓ થોડાં પણ અધિકારી થયાં હોય તો હું તેમને પિતાના પુણ્યપ્રસાદથી ઘણા લક્ષાધિપતિઓના કરતાં યે વધારે ભાગ્યશાળી સમજું છું !

આજે અમે સૌની આગળ એટલું ગૌરવભેર કહી શકીએ છીએ કે આજ સુધી અમારા પિતાએ જેમ દારિદ્ર્યમાંથી અમારું રક્ષણ કર્યું છે, તેમ ધનની કિલ્લેબંધીમાં પણ તેમણે અમને પૂરી રાખ્યા નથી. અમારી આગળ આખી દુનિયા પડી હતી— શ્રીમંત કે ગરીબ સૌને ઘેર જવા આવવાનો અમારો રસ્તો ખુલ્લો હતો. સમાજમાં જેમની દશા અમારા કરતાં ઊતરતી હતી, તેમનો મિત્રભાવે જ અમારા કુટુંબમાં સત્કાર થયો છે; સેવક-ભાવે નહિ. ભવિષ્યમાં અમે કદાચ ભ્રષ્ટ થઈએ, પરંતુ અમે ભાઈઓએ દારિદ્ર્યનું અસન્માન એ આ કુટુંબનો ધર્મ છે એવું જાણ્યું નથી. ધનની સંકુચિતતાને ભેદીને, મનુષ્ય સાધારણનો છૂટથી સમાગમલાભ પામવાનું જેમની કૃપાએ કરીને અમારાથી બન્યું છે તેમને આજે અમે નમસ્કાર કરીએ છીએ !

તેમણે અમને કેટલી સ્વતંત્રતા આપી હતી તે અમારા સિવાય બીજું કોણ જાણવાનું છે ? વ્યાકુળ શોધ પછી જે ધર્મની તેમને પ્રાપ્તિ થઈ હતી, જે ધર્મનું તેમણે ઉત્કટ વિપત્તિમાં પણ રક્ષણ કર્યું હતું, જે ધર્મને તેમણે પોતાનું સમસ્ત જીવન અર્પણ કર્યું હતું, તે ધર્મને તેમણે પોતાના ઘરમાં પણ શાસનની વસ્તુ બનાવી નહોતી. તેમનું દૃષ્ટાંત અમારી સામે હતું, તેમના ઉપદેશથી અમે વંચિત રહ્યા નહોતા, પરંતુ કોઈ નિયમના શાસનથી તેમણે અમારી બુદ્ધિને કે અમારાં કર્મને બાંધવાનું કર્યું નહોતું. તેમણે કોઈ ખાસ મતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભ્યાસ કે અનુશાસન દ્વારા અમારી ઉપર સ્થાપન કરવા ઇચ્છયું નહોતું--ઈશ્વર અને ધર્મને સ્વતંત્રપણે શોધવાનો માર્ગ તેમણે અમારી આગળ ખુલ્લો કરી દીધો છે. આ સ્વતંત્રતા દ્વારા તેમણે અમને ખૂબ સન્માનિત કર્યા છે,--તેમણે આપેલા એ સન્માનને યોગ્ય થઈ, અમે સત્યથી સ્ખલિત ન થઈએ, ધર્મથી સ્ખલિત ન થઈએ, કુશલથી સ્ખલિત ન થઈએ!

પૃથ્વી પર કોઈ પણ કુટુંબ કદી સદાકાળ એકસરખું રહી શકતું નથી,—ધન અને ખ્યાતિને કોઈ પણ વંશ સદાકાળ પોતાની અંદર બાંધી રાખી શકતો નથી—ઇન્દ્રધનુની ચિત્રવિચિત્ર રંગછટાની પેઠે આ ઘરની સમૃદ્ધિ ખસૂસ એક દિવસ અદશ્યમાં વિલીન થઈ જશે, ધીમે ધીમે અનેક છિદ્રો વાટે કલહવિચ્છેદનાં બીજ પ્રવેશીને કોકદિવસ આ કુટુંબની દીવાલમાં સેંકડો ચીરાડા પડશે,—પરંતુ આ કુટુંબમાંથી જેમણે અચેતન સમાજને ધર્મજિજ્ઞાસાથી સચેતન બનાવી દીધો, જેમણે નવા અંગ્રેજી શિક્ષણની ઉદ્ધતાઈના દિવસોમાં બહુ કાળજીપૂર્વક શિશુ બંગાળી ભાષાની કિશોરાવસ્થા પૂરી કરાવી દીધી, જેમણે દેશને પોતાના પ્રાચીન ઐશ્વર્યનો ભંડાર ઉઘાડવા પ્રવૃત્ત કર્યો, જેઓ પોતાના તપઃપરાયણ એકલક્ષી જીવનદ્વારા આધુનિક ધનલોલુપ સમાજમાં બ્રહ્મનિષ્ઠ ગૃહસ્થોનો આદર્શ ફરી સ્થાપત કરી ગયા, તેઓ આ કુટુંબને, સમસ્ત માનવ-કુટુંબ સાથે એક કરી દઈને, એની ઉત્તમોત્તમ પ્રાપ્તિને સમસ્ત માનવજાતની પ્રાપ્તિ બનાવીને, એની મોટી ક્ષતિને માનવજાતની ક્ષતિ બનાવીને, અમને જે ગૌરવનું દાન કરી ગયા છે, તેને જ અમે આજે, તમામ ક્ષુદ્ર માનવમર્યાદાઓ ભૂલીને યાદ કરીશું, અને એકનિષ્ઠ ભકિતભાવપૂર્વક તેમની આગળ પ્રણત થઈશું તથા તમામ ધનમાનથી પર, ખ્યાતિમોટાઈથી પર--જેની અંદર તેમણે આશ્રય લીધો છે તેનાં દર્શન કરીશું.

હે વિશ્વવિધાતા, આજે અમારો તમામ ખેદ દૂર કરી દે!— મૃત્યુએ અચાનક જે પડદો ખેંચી લીધો છે, તેની અંદરથી તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમૃતલોકની ઝાંખી અમને કરવા દે! સંસારના નિયમિત ઉત્થાન-પતન અને ધનમાનજીવનના આવિર્ભાવતિરોભાવની અંદર તારું **आनंदरूपममृतम्** પ્રગટ કર! કેટલાંએ મોટાં સામ્રાજ્યો ધૂળ ભેગાં થઈ ગયાં, કેટલો યે પ્રબલ પ્રતાપ આથમી ગયો, કેટલીયે દિગંતવ્યાપ્ત કીર્તિ વિસ્મૃતિમાં ડૂબી ગઈ, કેટલાયે કુબેરના ભંડારો ખંડેરની ભયાનકતા પાછળ મૂકી અંતર્ધાન થઈ ગયા, પરંતુ હે આનંદમય, આ બધી પરિવર્તન પરંપરામાં **मधुवाता ऋतायते** વાયુ મધુવહન કરી રહ્યો છે, **मधु क्षरन्ति सिन्धवः**-સમુદ્રો મધુસિંચન કરે છે-તારા અનંત માધુર્યનો કદી નાશ નથી-તારી વિશ્વવ્યાપી માધુરી તમામ શોક, તાપ અને ક્ષોભના ધુમ્મસને ભેદીને આજે અમારાં ચિત્તને નિજવશ કરો!

माध्वीर्नः सन्त्वोषधीः, मधु नक्त उतोषसः, मधुमत् पार्थिवं रजः, मधु द्यौरस्तु नः पिता, मधुमान्नो वनस्पतिः मधुमान् अस्तु सूर्यः माध्वीर्गावो भवन्तु नः।

અમને ઔષધિ માધ્વી હો, રાત્રિ અને ઉષા અમને મધુ હો, પૃથ્વીની ધૂળ અમને મધુમાન હો, પિતાની પેઠે સમસ્ત જગતને ધારણ કરી રહેલું આકાશ અમને મધુ હો, સૂર્ય મધુમાન હો, અને ગાયો પણ અમને માધ્વી હો!

: ૪ :

[મહર્ષિની શ્રાદ્ધ-સભામાં વાંચેલો નિબંધ. ૧૩૧૩.]

જગતમાં જે જે મહાપુરુષો ધર્મસમાજની સ્થાપના કરી ગયા છે તેઓ આપણને જે આપવા માગતા હતા તે આપણે લઈ શકયા નથી એમ કહેવું બસ નથી, આપણે એક લેવા જતાં કદાચ બીજું લઈ બેઠા છીએ. ધર્મના આસન પર સાંપ્રદાયિકતાને વિરાજમાન કરી આપણે હવે સાર્થક થઈ ગયા સમજી, નિરાંતે બેઠા છીએ.

તેનું એક કારણ એ છે કે આપણી સૌની ગ્રહણ કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિ એક સરખી નથી. આપણું મન જે માર્ગે સરળતાથી વળે છે તે માર્ગે બીજાનું મન વળતું નથી. આપણી આ માનસિક વિચિત્રતાનો ઇનકાર કરી, સૌને માટે એક પાકો રાજમાર્ગ બનાવી દેવાનો વિચાર આપણા મનમાં આવે છે. કારણ કે તેથી કામ સહેલું બની જાય છે. એ પ્રયત્ન હજી સુધી સફળ થયો નથી. સફળ થવો અશકય છે એ પણ આપણે બરાબર સમજી શકયા નથી. તેથી જે માર્ગે ચાલવા હું ટેવાયેલો છું, અથવા જે માર્ગે ચાલવાનું મારા માટે સહેલું છે, તે જ એક માર્ગ બધાને મ ટે નથી, તે માર્ગે ચાલવાનું કોઈકને દુર્ગમ હોઈ શકે એવો આપણે ખ્યાલ પણ કરી શકતા નથી. તેથી આજ માર્ગ પર બધાને ખેંચવા એમાં જ કેવળ જગતનું કલ્યાણ છે એવું આપણે ધારીએ છીએ. આ ખેંચતાણનો કોઈ વિરોધ કરે તો આપણે નવાઈ પામીએ છીએ, અને માની લઈએ છીએ કે આ માણસ કાં તો જાણી જોઈને પોતાનું હિત સમજતો નથી અથવા તો એનામાં કોઈ હીનતા છે, જે અવજ્ઞાને પાત્ર છે.

પરંતુ ઈશ્વરે આપણાં મનમાં ગતિ અને શક્તિની જે વિચિત્રતા મૂકી છે તેને આપણે ગમે તેવી અક્કલહોશિયારીથી પણ એકાકાર કરી શકવાના નથી. ગતિનું ધ્યેય એક છે, પણ તેના માર્ગ જુદા છે. બધી નદીઓ સાગર ભણી વહે છે, પરંતુ બધી નદીઓ એક નદી બનીને વહેતી નથી. નથી વહેતી એ આપણું સદ્ભાગ્ય છે.

ઈશ્વર કદી આપણને બધાને યે એક ધોરી માર્ગ પર ચાલવા નહિ દે. ઈશ્વર કદી આપણો માર્ગ એટલો સહેલો નહિ બનાવે કે આપણે બેફિકર બની આંખો મીંચીને એક એકની પાછળ ચાલીએ. કોઈ વ્યક્તિ—પછી એનામાં ગમે તેવી મોટી શક્તિ હોય – દુનિયાની સમસ્ત મનુષ્ય જાત માટે, હમેશને માટે નિષ્કંપ જડ સુગમતા પેદા કરી જાય એ મનુષ્યની મોટામાં મોટી દુર્ગતિ છે—વિશ્વવિધાતા એ કદી સહન નહિ કરે !

આથી દરેક મનુષ્યના મનના ઊંડા થરમાં ઈશ્વરે એક સ્વાતંત્ર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂકેલું છે. ત્યાં કોઈની ઉપર કોઈનો કંઈ અધિકાર ચાલતો નથી. ત્યાં જ તેની અમરતાનો બીજકોષ બહુ સંભાળપૂર્વક રક્ષાઈ રહ્યો છે. ત્યાં તેણે પોતાની તાકાતથી પોતે સાર્થક થવાનું છે. સુગમતાના પ્રલોભનમાં પડી આ જગા પરનો કબજો જે છોડી દેવાનું કરે છે તે બધું ખોઈ બેસે છે. તેવો જ માણસ ધર્મને બદલે સંપ્રદાયને, ઈશ્વરને બદલે ગુરુને, અને જ્ઞાનને બદલે ગ્રંથને સ્વીકારી આંખો મીંચી બેસી રહે છે. માત્ર બેસી રહેતો હોત તોયે ઠીક, પણ પોતાની જમાત વધારવાનો પ્રયાસ કરે છે અને દુનિયામાં કંઈ કંઈ વ્યર્થતા અને કંઈ કંઈ વિરોધો પેદા કરે છે.

આથી હું કહેતો હતો કે મહાપુરુષો ધર્મસંપ્રદાયની સ્થાપના કરી જાય છે, અને આપણે તેમાંથી સંપ્રદાયને જ લઈએ છીએ, ધર્મને લેતા નથી. કારણ કે વિધાતાનું વિધાન એવું છે કે ધર્મને સૌએ પોતાની સ્વતંત્ર શકિત વડે જ પ્રાપ્ત કરવાનો હોય છે, બીજાની પાસેથી તે લહેરમાં આવી માગી લેવાની ચીજ નથી. કોઈ પણ સત્ય ચીજ આપણે બીજા કોઈની પાસેથી માત્ર હાથ લાંબો કરી માગવાથી મેળવી શકતા નથી. જ્યાં સહેલો રસ્તો પકડી ભીખ માગવા ગયા છીએ ત્યાં છેતરાયા જ છીએ. તેમ કરવાથી જે મળ્યું છે તેથી આત્માનું પેટ ભરાયું નથી, પણ આત્મા વટલાયો છે.

તો ધર્મસંપ્રદાયને આપણે કઈ દૃષ્ટિએ જોશું ? પહેલું તો એ સમજવાનું છે કે એ તરસ મટાડવાનું જળ નથી, પણ જળ પીવાનું પાત્ર છે. જેને ખરેખરી તરસ લાગી છે એ જળ વાસ્તેજ વ્યાકુળ થઈને ફરે છે, અને યોગ્ય તક મળતાં ખોબા ભરી ભરીને તરસ છિપાવે છે. પરંતુ જેને એવી તરસ નથી લાગી, તે પાત્રને જ સૌથી વધારે કીમતી સમજે છે. એ જળ કોણ જાણે ક્યાં પડી રહે છે. અને દુનિયામાં પાત્રની જ બધી મારામારી ચાલવા માંડે છે—જે ધર્મ દુન્યવી બુદ્ધિનો ફાંસો ઢીલો કરવા આવ્યો હતો, તે હવે જગતમાં એક નવીન જ દુનિયાદારીની અતિ બારીક જાળ તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરી નાખે છે—એ જાળ છેદવી અઘરી છે.

ધર્મસમાજના સ્થાપકો પોતપોતાની શકિત પ્રમાણે આપણા માટે માટીનું કે સોનાનું એક એક પાત્ર ઘડી આપીને ગયા છે. આપણે જો માનીએ કે આ પાત્ર ઘડી આપવું એજ તેમની મહત્તાનો સૌથી મોટો પરિચય છે તો આપણે ભૂલ કરીશું. કારણ કે પાત્ર આપણને ગમે તેટલું ગમી ગયું હોય અને ગમે તેટલું સગવડ ભરેલું લાગ્યું હોય, પણ તે કદી પણ આખી દુનિયામાં સૌને સરખું પ્રિય અને સરખું સગવડભરેલું થઈ શકે નહિ. ભકિતના મોહમાં અંધ બની, સમાજના ગર્વથી મત્ત બની આપણે આ ભૂલી જંઈએ તો નહિ ચાલે. કથામાલાની પેલી વાર્તા કોણ નથી જણાતું ?– શિયાળે સારસને જમવા તેડી થાળીમાં ખીર પીરસી હતી, અને લાંબી ચાંચને લીધે સારસ કશું ખાઈ શકયો નહિ. પછી સારસે શિયાળને જમવા તેડયો, અને સાંકડામોંના કૂજામાં તેને ખીર પીરસી—શિયાળને ભૂખ્યા પાછા જવું પડયું. તેવી રીતે સૌને અનુકૂળ પડે, અને જેના સિદ્ધાંતો અને આચારવિચાર સૌની બુદ્ધિ, રુચિ અને પ્રયોજનને સંતોષે એવો સાર્વજનિક ધર્મસમાજ આપણે કલ્પી શકતા નથી.

એટલે શાસ્ત્રીય ધર્મસિદ્ધાન્તો અને આનુષ્ઠાનિક ધર્મસમાજ સ્થાપવાની દૃષ્ટિએ પૃથ્વીપરના ધર્મગુરુઓને જોવા એ તેમને હલકા પાડવા જેવું છે. તેવી રીતે કેવળ એક સમાજ કે જમાતના લોકો જ જોઈ શકે અને તેમ કરીને તેઓ કેવળ વિતંડાવાદ જ વધારી મૂકે. તે સ્થાપકોમાં જરૂર એવું કંઈક જોવાનું છે જે વિષે તમામ દેશમાં, તમામ સમયે, તમામ મનુષ્યને કહી શકાય. એ કોડિયું નથી, પ્રકાશ છે!

તે શું છે? તે એ છે જે તેમણે પ્રાપ્ત કર્યું છે. જે તેમણે ઘડયું છે તે એ નથી. જે તેમણે પ્રાપ્ત કર્યું છે તે કંઇ તેમનું પોતાનું સરજેલું નથી, જે તેમણે ઘડેલું છે તે તેમણે પોતે સરજેલું છે.

આજે જેમને યાદ કરવા આપણે બધા અહીં ભેગા થયા છીએ તેમને પણ આપણે કોઈ એક સંપ્રદાયની નજરે ન જોઈએ એ મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિનતિ છે. સંપ્રદાયના માણસો સંપ્રદાયની ધજાને જ સૌથી ઊંચે ચડાવવા જતાં ગુરુને પણ તેની આગળ નીચો પાડી દે છે, એ ભય મનમાંથી કેમે દૂર થતો નથી--કંઈ નહિ તો આજે આપણી એ સંકુચિતતાને તેમના પર ન લાદીએ તો સારું !

હા, કાર્યક્ષેત્રમાં તેમની પ્રકૃતિની વિશેષતા અનેક રૂપે પ્રગટ થઈ છે. પોતાની ભાષામાં, પોતાના વ્યવહારમાં, પોતાના કર્તવ્યમાં તેમણે ખાસ કરીને પોતાને આપણી આગળ પ્રગટ કર્યા છે--તેમની એ સ્વાભાવિક વિશેષતાનો જીવનચરિતની આલોચના કરતી વખતે વિચાર કરવો જોઈએ એ વિશે શંકા નહિ. એ આલોચનામાં તેમના સંસ્કાર, તેમનું શિક્ષણ, તેમના પર તેમના દેશકાલના પ્રભાવ વિષેની બધી હકીકત આપણા કુતૂહલને શાંત કરે છે. પરંતુ એ સિવાય તેમનું જીવન શું એ વિશેષતાઓમાં જ સમાઈ જાય છે? શું એ બીજા કોઈને આપણી આગળ પ્રગટ કરતું નથી? પ્રકાશ કોડિયાને અજવાળવા માટે છે કે કોડિયું પ્રકાશનો પ્રચાર કરવા માટે છે? તેઓ જેનાં દર્શન કરે છે ને કરાવે છે તે તરફ, જો આજે આપણી દૃષ્ટિ ન જાય, જો આજે તેમની પોતાની વિશેષતા તરફ જ આપણી નજર મોટાભાગે સ્થિર થઈ જાય તો એ ગુરુને હલકા પાડ્યા જેવું થાય.

મહર્ષિએ એક દિવસ ઠસોઠસ વૈભવમાંથી જાગી ઊઠીને જોયું તો વિલાસમંદિરનું બધું અજવાળું અંધકાર રૂપે દેખાયું. તે દિવસે તેમણે તૃષાર્ત ચિત્તે તરસ છિપાવવા દુર્ગમ પંથે પ્રયાણ આદર્યું, એ વાત બધા જાણે છે. જ્યાંથી અમૃતના ફુવારાએ નીકળીને આખા જગતને સજીવ રાખ્યું છે તે તીર્થસ્થાન પર તેઓ પહોંચી ગયા. તે તીર્થનું જળ તેઓ આપણા માટે પણ પાત્રમાં ભરીને લાવ્યા હતા. એ પાત્ર કોકદિવસ ભાંગી જાય એમ બને, તેમણે જે ધર્મસમાજ ઊભો કર્યો તેનું વર્તમાન સ્વરૂપ સ્થાયી ન પણ રહે; પરંતુ તેમણે પેલા અમૃતના ફુવારા પાસે જઈને પોતાના જીવનને ભરી લીધું હતું એ જ આપણા દરેકનો મોટો લાભ છે. એ લાભ નાશ પામવાનો નથી, ખલાસ થવાનો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં જ હું કહી ગયો છું કે ઈશ્વરને કોઈ બીજાની મારફત આપણે પ્રાપ્ત કરી શકવાના નથી. આપણે જ તેની પાસે જવું પડશે, અને તેને પ્રાપ્ત કરવો પડશે. એ દુઃસાધ્ય હોય તો પણ ભલું, અને એથી વિલંબ થાય તો પણ કંઈ નુકસાન નથી. બીજાના મોઢે ઉપદેશ સાંભળી, સમાજે કહેલા વિધિનિષેધનું પાલન કરી આપણે સમજીએ છીએ કે આપણે હવે કૃતાર્થ થઈ ગયા, પરંતુ એ તો ઘડાનું જળ છે, એ ફુવારો નથી! એ ગંદુ થાય છે, ખૂટી પણ પડે છે, એના વડે આપણું આખું જીવન અભિષિક્ત થતું નથી, અને એ વિષે આપણે મિલકતદાર લોકોની પેઠે જ અહંકાર કરીએ છીએ અને હુંસાતુસી પણ કરીએ છીએ. આવા ઘડાના પાણીથી આપણું નહિ ચાલે--આપણે દરેકે પેલા ફુવારા પાસે જવું પડશે--ઈશ્વરની સાથેના આપણા પોતાના એકાંતિક સંબંધનો આપણે પોતે તેમની આગળ જઈને સ્વીકાર કરવો પડશે. સમ્રાટ આપણને દરબારમાં બોલાવે ત્યારે પ્રતિનિધિ મોકલીને કામ પતાવી શકાય ખરું? ઈશ્વર આપણને દરેકને સાદ દઈ બોલાવે છે, એના જવાબમાં એકદમ સંપૂર્ણભાવે તેમની આગળ આત્મસમર્પણ ન કરી શકીએ તો કોઈ રીતે આપણું જીવન સાર્થક થવાનું નથી.

મહાપુરુષોના જીવનમાંથી આ વસ્તુ આપણે જાણી શકીએ છીએ. જ્યારે આપણે એમને અચાનક બધું કામ પડતું મેલી દોટ દેતા જોઈએ છીએ ત્યારે સમજી શકીએ છીએ કે એમને સાદ સંભળાયો છે,— આપણે ન સાંભળી શક્યા, પણ એમણે સાંભળ્યો છે. તે વખતે ચારેતરફના કોલાહલમાંથી પળવાર મનને ખેંચી લઈ આપણે પણ કાન માંડી ઊભા રહીએ છીએ. એટલે મહાપુરુષોના જીવનમાંથી પહેલીવાર આપણે સ્પષ્ટ જાણવા પામીએ છીએ કે આત્માને પરમાત્માનું આહ્વાન કેટલું સત્ય છે! આ જાણવું એ જ મોટો લાભ છે.

પછી એક દિવસ આપણે એમને જોઈએ છીએ: તેઓ સુખ-દુઃખમાં શાંત છે, પ્રલોભનમાં અચળ છે, અને કલ્યાણકાર્યમાં અડગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેમના માથા પર થઈને કેટલાં વાવાઝોડાં પસાર થઈ જાય છે, પરંતુ તેઓ જરા યે વિહ્વળ થતા નથી. સર્વસ્વ ગુમાવી બેસવાનો સંભવ ભયાનક રૂપે તેમની સામે મોં ફાડીને ઊભો રહે છે, પરંતુ તેઓ અનાયાસે તેનો સ્વીકાર કરી લઈ ન્યાયમાર્ગમાં અચળ રહે છે; સગાં સંબંધીઓ તેમનો ત્યાગ કરે છે, પરંતુ તેઓ પ્રસન્નચિત્તે એ બધો વિયોગ સહી લે છે. તે વખતે આપણને સમજાય છે કે આપણને શું નથી મળ્યું, અને તેમને શું મળ્યું છે! એ શાંતિ, એ સખ્ય, એ સંપત્તિ એટલે શું તે તે વખતે જ સમજાય છે. આપણે પણ શું પ્રાપ્ત કરવાની જરૂર છે, અને શું પ્રાપ્ત થાય તો આપણી બધી શોધ પૂરી થાય એ તે વખતે આપણને સમજાય છે.

એટલે મહાપુરુષોના જીવનમાં આપણે પહેલું તો એ જોઈએ છીએ કે કયા આકર્ષણથી તેઓ સર્વસ્વનો ત્યાગ કરી ચાલી નીકળે છે. પછી એ જોઈએ છીએ કે શું પ્રાપ્ત થવાથી તેમનો એ બધો ત્યાગ સાર્થક થાય છે. આ દિશાએ આપણું મન જાગે છે એ જ આપણી મોટી પ્રાપ્તિ છે. કારણ કે એ જાગૃતિ ન હોય તો કંઈ જ સંપન્ન થઈ શકતું નથી.

પછી જો જોવું હોય કે પ્રાપ્ય ધન કયાં મળશે, કેવી રીતે મળશે, તો સામો એ સવાલ પૂછવો પડશે કે એ મહાપુરુષો કયાં ગયા હતા, અને તેમણે કેવી રીતે મેળવ્યું હતું?

મહર્ષિના જીવનમાં આ સવાલનો શો જવાબ મળે છે? આપણે જોઈએ છીએ કે તેઓ પોતાના પ્રથમના તમામ સંસ્કાર તથા તમામ આશ્રયનો ત્યાગ કરી બિલકુલ ખાલી હાથે નીકળી પડયા હતા. સમાજની પ્રચલિત પ્રથા તેમને પકડી રાખી શકી નહોતી, શાસ્ત્રોએ તેમને આશ્રય આપ્યો નહોતો. તેમની વ્યાકુળતાએ જ તેમને માર્ગ દેખાડયા કર્યો હતો. તે માર્ગ તેમની જ પ્રકૃતિનો અતિ ગુપ્ત માર્ગ હતો. બધા માર્ગો છોડી એ જ માર્ગ જાતે શોધી કાઢીને તેમને લેવો પડયો હતો. એ શોધી કાઢવાની ધીરજ અને હિંમત તેમનામાં ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોત તો તેઓ પણ દુનિયાના બીજા માણસોના રાહ પર ચાલી, ધર્મને બદલે ધાર્મિકતા પ્રાપ્ત કરીને સંતુષ્ટ થાત. પરંતુ એ મેળવ્યા વિના છૂટકો જ નથી એવું એમને થઈ ગયું હતું, તેથી પોતાનો માર્ગ તેમને જાતે જ શોધી કાઢવો પડયો હતો. તે માટે તેમને કંઈ કંઈ દુઃખ અને તિરસ્કારનો સ્વીકાર કરવો પડયો હતો--તેમાંથી બચવાનો ઉપાય નહોતો. ઈશ્વરને એ જ જોઈતું હતું. એ વિશ્વનો ઈશ્વર છે, પણ આપણા દરેકની સાથે સાવ સ્વતંત્ર સંબંધથી જ તે સંબંધમાં આવે છે---એટલા માટે તેણે આપણા દરેકની અંદર એક દુર્ભેદ્ય સ્વાતંત્ર્ય મૂકયું છે, અને ચારે તરફના આક્રમણથી હમેશાં તેની રક્ષા કરી છે. આ અતિ નિર્મળ નિર્ભ્રાન્ત સ્વાતંત્ર્યની અંદર જ ઈશ્વરને મળવાનું આપણું સ્થાન રહેલું છે. તેનું દ્વાર જ્યારે આપણે આપણા પ્રયત્નથી ખોલી નાખશું, અને ઈશ્વરની આગળ આપણી એ સરળ સ્વતંત્રતા પરનો આપણો અધિકાર સાવ છોડી દેશું, અને જે આપણા સિવાય બીજા કોઈનું નથી તે જ્યારે તેના ચરણમાં સમર્પણ કરી શકીશું, ત્યારે આપણું એવું કાંઈ બાકી રહેશે નહિ, અને ત્યારે આપણને પ્રભુની પ્રાપ્તિ થશે.

આ આપણા સ્વાતંત્ર્યના દ્વારની ચાવી દરેકની જુદી જુદી છે. એકની ચાવીથી બીજાનું દ્વાર ઊઘડશે નહિ. દુનિયામાં ઈશ્વરને મેળવ્યા વિના જેઓ થંભ્યા નથી તેમણે દરેકે વ્યાકુળ બની પોતાની ચાવી ગમે તે રીતે પણ પોતે જ શોધી કાઢી છે. પરંતુ જેમણે પારકાની ઉપર આધાર રાખ્યો ને આળસને વશ થઈ આમ ન કર્યું, તેઓ કોઈ એક ધર્મના સિદ્ધાન્તો, ધર્મગ્રન્થો કે ધર્મ સંપ્રદાય આગળ આવીને અટકયા અને ત્યાં જ ઊંચાનીચા થઈને કોલાહલ કરી મૂકયો, છેવટ સુધી તેઓ પહોંચ્યા જ નહિ.

આપણી શક્તિ જો ક્ષીણ હોય, આપણી આકાંક્ષા જો સાચી ન હોય તો આપણે અંતિમ લક્ષ્યે કયારે પહોંચીશું તેની મને ખબર નથી,—પરંતુ મહાપુરુષોનાં જીવનની આલોચના કરવા બેસીએ ત્યારે એ અંતિમ લક્ષ્યને નજર આગળ રાખીએ—તેમની સ્મૃતિ આપણને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામી પારનો પ્રકાશ દેખાડશે—એ પ્રકાશને આપણે કદી સાંપ્રદાયિક વરઘોડાની મશાલ ન બનાવી દઈએ એ જોવાનું! મહાપુરુષોનું દૃષ્ટાન્ત આપણને બંધનમાંથી મુક્ત કરી દેશે, પરવશતામાંથી બહાર કાઢશે; આપણને નિજની સત્ય શક્તિમાં, સત્ય પ્રયત્નમાં, સત્ય માર્ગમાં સ્થાપિત કરી દેશે, આપણને એ ભિક્ષા નહિ આપે, પત્તો આપશે; આશ્રય નહિ આપે, અભય આપશે; અનુસરણ કરવાનું નહિ કહે, આગળ વધવાનો ઉત્સાહ આપશે. ટૂંકમાં મહાપુરુષ પોતાની રચના તરફ આપણને ખેંચતા નથી, પણ ઈશ્વર તરફ આહ્વાન કરે છે. આજે આપણે મનને શાંત કરીએ, સ્તબ્ધ કરીએ; જે રોજ ભાંગે છે, ને ઘડાય છે, જે વિષે તર્કવિતર્ક વિરોધવિદ્વેષનો પાર નથી, જ્યાં માણસની બુદ્ધિ, રુચિ, અને અભ્યાસનો મેળ નથી, તે બધાને આજે આપણે તુચ્છ સમજી લઈએ, કેવળ આપણા આત્માની જે શકિતનું ઈશ્વરે આપણને આપણા જીવનમરણની કારમી પૂંજી લેખે દાન કર્યું છે. તેમની જે વાણી આપણાં સુખદુઃખમાં, પતન–અભ્યુદયમાં, જયપરાજયમાં સદાકાળ આપણા અંતરાત્મામાં સંભળાય છે, તેમનો જે સંબંધ નિગૂઢરૂપે, નિત્યરૂપે, એકાન્તરૂપે આપણે જ છે, તેનું જ આજે આપણે નિર્મળચિત્તે સ્મરણ કરીશું. મહાપુરુષોની બધી સાધના જેમાં સાર્થક થઈ છે, સમાપ્ત થઈ છે અને તમામ કર્મોની ખંડતા, તમામ પ્રયત્નોની ભંગૂરતા, તમામ પ્રકાશની અસંપૂર્ણતા જે પરમ પરિણામમાં પરિપૂર્ણ થઈ છે, તે તરફ આજે આપણે આપણી શાન્ત દૃષ્ટિને સ્થિર કરીશું. સંપ્રદાયના માણસોને આ વાત ખાસ યાદ દેવડાવીને આપણે તે પરલોકવાસી મહાત્માની આગળ આપણાં નમ્ર હૃદયની શ્રદ્ધા નિવેદન કરીએ છીએ, અને તેમનાં સ્મૃતિશિખર માથે પેલા ધ્રુવતારકનો મહિમા, હાથ જોડીને, નિહાળીએ છીએ—એ શાશ્વત જ્યોતિએ સંપત્તિવિપત્તિના દુર્ગમ સાગરપથમાં થઈને, લાંબો દિવસ પૂરો થતાં. તેમના જીવનને પોતાના અંતિમ વિશ્રામ-તીર્થમાં આશ્રય આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગિની નિવેદિતા

ભગિની નિવેદિતા સાથે મારે પહેલી મુલાકાત થઈ ત્યારે તેઓ તાજાં જ હિંદુસ્તાન આવેલાં હતાં. મેં ધાર્યું હતું કે સાધારણ રીતે અંગ્રેજ મિશનરી સ્ત્રીઓ જેવી હોય છે તેવાં જ એ પણ હશે, માત્ર એમનો ધર્મસંપ્રદાય જુદો છે.

આવી ધારણા મારા મનમાં હતી તેથી કરીને મારી પુત્રીને શિક્ષણ આપવાનો ભાર સ્વીકારવાની મેં તેમને વિનંતી કરી હતી. તેમણે મને પૂછ્યું, "તમારે શું શીખવવું છે?" મેં કહ્યું, "અંગ્રેજી, અને સાધારણ રીતે અંગ્રેજી ભાષા મારફતે જે શિક્ષણ અપાય છે તે." તેમણે કહ્યું, "બહારથી કોઈ શિક્ષણ ગળાવવાથી લાભ શો? જાતિગત નૈપુણ્ય અને વ્યક્તિગત વિશેષ શક્તિરૂપે માણસમાં જે વસ્તુ રહેલી છે તેને જાગૃત કરવી એને જ હું ખરું શિક્ષણ માનું છું. નિયમબદ્ધ વિદેશી શિક્ષણ વડે તેને દાબી દેવી એ મને ઠીક લાગતું નથી."

એકંદરે જોતાં તેમના એ મત સાથે મારે મતભેદ નહોતો. પરંતુ માણસની સાચી સ્વકીય શક્તિ અને કૂલગત પ્રેરણાને બાળકના ચિત્તમાં તદ્દન અંકુરાવસ્થામાં જ શી રીતે ઓળખી કાઢવી અને તેને એવી જાગૃત કરવી કે જેથી તેનું પોતાનું ગભીર વિશેષત્વ સાર્વત્રિક શિક્ષણની સાથે વ્યાપકભાવે સુસંગત બની જાય? એમ કરવાનો ઉપાય કંઈ આપણે જાણતા નથી. કોઈ અસાધારણ પ્રતિભાશાળી ગુરુ એ કાર્ય પોતાની સહજસ્ફુરણાથી કદાચ કરી પણ શકે, પરંતુ એ કંઈ સાધારણ શિક્ષકનું કામ નથી. આથી કરીને આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રચલિત શિક્ષણ પદ્ધતિને અનુસરીને સ્થૂળ ભાવે કામ ચલાવીએ છીએ. એમ કરવાથી અંધારામાં ગોળા ફેંકવા જેવું થાય છે—એથી અનેક ગોળા વેડફાઈ જાય છે, અને અનેક ગોળા ખોટી જગ્યાએ વાગે છે અને બિચારા વિદ્યાર્થીને ઘાયલ કરે છે. માણસ જેવા ચિત્તવિશિષ્ટ પદાર્થ સાથે આમ જથ્થાબંધ રીતે કામ લેવા જતાં પુષ્કળ નુકસાન થાય જ એમાં શંકા નથી, પરંતુ સમાજમાં બધે હમેશ એમ થતું આવ્યું છે.

જો કે, એવું શિક્ષણ આપવાની શક્તિ તેમનામાં હશે કે નહિ એ વિશે મારા મનમાં સંશય હતો, છતાં મેં તેમને કહ્યું, "ભલે, સારું, આપની પોતાની પદ્ધતિ અનુસાર જ આપ કામ કરજો, હું કોઈ પણ જાતની ફરમાશ કરવા ઇચ્છતો નથી." હું એમ ધારું છું કે એક ક્ષણને માટે તેમનું મન અનુકૂળ થયું હતું, પણ બીજી જ ક્ષણે તેમણે કહ્યું, "ના, મારું એ કામ નથી." બાગબજારની અમુક એક ગલી આગળ તેમણે આત્મનિવેદન કર્યું હતું—ત્યાં તેઓ મહોલ્લાની સ્ત્રીઓ વચ્ચે રહીને શિક્ષણ આપવાનાં નહોતાં, શિક્ષણ જગાડવાનાં હતાં. મિશનરીની પેઠે માથાં ગણીને પોતાની ટોળી મોટી કરવાની તકને, કોઈ એક પરિવારમાં પોતાનો પ્રભાવ ફેલાવવાના પ્રસંગને, તેમણે અવજ્ઞાપૂર્વક જતો કર્યો.

ત્યાર પછી અવારનવાર તેમના જીવનની જુદી જુદી બાજુઓનો પરિચય મેળવવાના પ્રસંગ મને મળ્યા હતા. તેમની પ્રબળ શક્તિનો મને અનુભવ થયો હતો, પરંતુ તેની સાથોસાથ હું એ પણ સમજ્યો હતો કે તેમનો માર્ગ એ મારો માર્ગ નથી. તેમને માર્ગે હું ચાલી શકું એમ નથી. તેમનામાં સર્વતોમુખી પ્રતિભા હતી, તેની સાથે જ તેમનામાં બીજી એક વસ્તુ હતી, તે તેમની લડાયકવૃત્તિ. તેમનામાં બળ હતું અને તે બળ તેઓ બીજાના જીવન ઉપર અત્યંત વેગપૂર્વક વાપરતાં—મનને હરાવીને, કબજે કરી લેવાનો એક પ્રકારનો વિપુલ ઉત્સાહ તેમનામાં કામ કરી રહ્યો હતો. જ્યાં તેમનું માનીને ચાલવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસંભવિત હોય ત્યાં તેમની સાથે મળીને ચાલવું મુશ્કેલ હતું. કંઈ નહિ તો હું મારી જાત પૂરતું તો કહી શકું કે તેમની સાથે મારા મેળ માટે અનેક અવકાશ હોવા છતાં એક બાબતમાં હું મારા મનમાં ગભીર બાધા અનુભવતો હતો. એ બાધા ખરું જોતાં મતભેદની બાધા નહોતી, તે બાધા કેમ જાણે એક બળવાન આક્રમણની બાધા હતી.

આજે આ વસ્તુ હું કશા પણ સંકોચ વગર પ્રગટ કરું છું તેનું કારણ એ છે કે, એક રીતે જોતાં તેમણે મારા ચિત્તને પ્રતિહત કર્યું હતું છતાં પણ બીજી રીતે જોતાં તેમના તરફથી મને જેવો લાભ થયો છે તેવો બીજા કોઈના તરફથી પણ થયો હોય એમ મને લાગતું નથી. તેમની સાથે પરિચય થયા પછી વારંવાર એવું બન્યું છે કે જ્યારે તેમના ચરિત્રને સંભારીને અને તેમના પ્રત્યે ગંભીર ભક્તિ અનુભવીને મેં પુષ્કળ બળ મેળવ્યું હોય.

પોતાને આવી રીતે સંપૂર્ણપણે સમર્પણ કરી દેવાની આશ્ચર્યકારક શક્તિ મેં બીજા કોઈ માણસમાં જોઈ નથી. એ બાબતમાં તેમના પોતામાં કેમ જાણે કશી બાધા જ નહોતી, તેમનું શરીર, તેમની બાળપણથી ઘડાયેલી યુરોપીય ટેવો, તેમનાં સગાંવહાલાંનાં સ્નેહ–મમતા, તેમના પોતાના દેશના સમાજ તરફથી થતી ઉપેક્ષા અને જેમને માટે તેમણે પ્રાણ અર્પણ કર્યા હતા તેમની ઉદાસીનતા, દુર્બળતા અને ત્યાગના સ્વીકારનો અભાવ કશાથી જ તેઓ પાછાં પડ્યાં નહોતાં. કશું જ તેમને પાછાં પાડી શક્યું નહોતું. માણસનું સત્યરૂપ, ચિત્રરૂપ કેવું હોય તે જેણે જેણે તેમને ઓળખ્યાં હશે તે બધાએ જોયું છે. માણસની આંતરિક સત્તા બધા પ્રકારનાં સ્થૂળ આવરણોને બિલકુલ નકામાં બનાવી દઈને કેવાં અપ્રતિહત તેજે પ્રગટ થઈ શકે છે તે જોવાનું મળે એ પરમ સૌભાગ્યની વાત ગણાય. ભગિની નિવેદિતામાં માણસના તે અદમ્ય માહાત્મ્યને આપણી સામે પ્રત્યક્ષ અનુભવીને આપણે ધન્ય થયા છીએ.

પૃથ્વીમાં સૌથી મોટી વસ્તુઓ જે આપણને મળે છે તે વગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિંમતે જ મળતી હોય છે, તેને માટે ભાવ ઠેરવવા પડતા નથી. આપણે કિંમત ચૂકવવી પડતી નથી માટે જ તે વસ્તુ કેટલી મોટી હોય છે તે આપણે પૂરેપૂરું સમજી શકતા નથી. ભગિની નિવેદિતા આપણને જે જીવન અર્પણ કરી ગયાં છે તે અત્યંત મહાન જીવન હતું—તેમના તરફથી તેમણે સહેજ પણ દિલચોરી રાખી નહોતી;—પ્રત્યેક દિવસે, પ્રત્યેક ક્ષણે પોતાનું જે કંઈ સૌથી શ્રેષ્ઠ હતું, જે કંઈ સૌથી મહાન હતું, તે જ તેમણે દાન કર્યું છે, એટલા ખાતર માણસ જેટલી જાતનાં કષ્ટ ઉઠાવી શકે તેટલાં બધાં તેમણે ઉઠાવ્યાં હતાં. આટલી જ કેવળ તેમની પ્રતિજ્ઞા હતી કે જે સોએ સો ટકા શુદ્ધ હોય તે જ અર્પણ કરવું—પોતાનો તેમાં લેશ પણ ભેગ ન કરવો—પોતાની ભૂખ તરસ, લાભનુકસાન, ખ્યાતિપ્રતિષ્ઠા કશાનો જ નહિ—ભય નહિ, સંકોચ નહિ, આરામ નહિ, વિશ્રામ નહિ,

આ આવું મોટું આત્મસમર્પણ આપણને ઘેર બેઠાં મળ્યું છે એને આપણે જેટલે અંશે હલકું પાડીશું તેટલે અંશે આપણે જ છેતરાવાના છીએ, પામવા છતાં આપણે તેને પામી શકવાના નથી. એ આત્મવિસર્જનને અત્યંત અસંકોચપૂર્વક આપણે એના બિલકુલ હકદાર હોઈએ એ રીતે અચેતનભાવે ગ્રહણ કરી લઈશું તો તે નહિ ચાલે. એની પાછળ એક કેવી મોટી શકિત, એની સાથે કેવી બુદ્ધિ, કેવું હૃદય, કેવો ત્યાગ, પ્રતિભાની કેવી તેજસ્વી અંતર્દષ્ટિ રહેલી છે તે આપણે સમજવું જોઈશે.

જો આપણે એ સમજીશું તો આપણો ગર્વ ગળી જશે. પણ હજી આપણે ગર્વ કરીએ છીએ. તેમણે પોતાનું જીવન આવી રીતે અર્પણ કર્યું છે તે દૃષ્ટિએ તેમના માહાત્મ્યને આપણે જેટલે અંશે મનમાં સ્વીકારતા નથી તેટલે અંશે એ ત્યાગસ્વીકારને આપણા ગર્વનું ઉપાદાન બનાવી દઈએ છીએ. આપણે કહીએ છીએ કે તેઓ હૃદયથી હિંદુ હતાં, એટલે આપણે હિંદુઓ કંઈ કમ પ્રજા નથી. તેમણે આત્મનિવેદન કર્યું એમાં આપણા ધર્મ અને સમાજનું જ મહત્ત્વ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી રીતે આપણે આપણા તરફના હકને જ જેટલે અંશે મહત્ત્વ આપીએ છીએ તેટલે અંશે તેમના તરફના દાનને હલકું પાડીએ છીએ.

ખરું જોતાં, તેઓ કેટલે અંશે હિંદુ હતાં તેનો વિચાર કરીને જોઈએ તો ઘણે ઠેકાણે અચકાવું પડે એમ છે.—અર્થાત્ આપણે હિંદુ-પણાના જે ક્ષેત્રમાં છીએ, બરાબર તે જ ક્ષેત્રમાં તેઓ પણ હતાં, એ વાત મને સાચી લાગતી નથી. તેઓ હિંદુ ધર્મને અને હિંદુ સમાજને જે ઐતિહાસિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોતાં, તેની શાસ્ત્રીય અપૌરુષેય અચળ વાડોને ભેદીને જે જાતના સંસ્કારયુકત ચિત્ત તેને અનેક પરિવર્તન અને અભિવ્યકિતમાં થઈને થયેલો તેનો ક્રમવિકાસ વિચાર અને કલ્પના દ્વારા જોતાં, તે રીતે જો આપણે જોઈએ તો તો આજે જેને સામાન્ય લોકો હિંદુપણું કહે છે તેનો પાયો જ ઊખડી જાય. ઐતિહાસિક યુકિતને (દલીલને) જો પૌરાણિક ઉકિત કરતાં વધુ મહત્ત્વ આપીએ તો તેથી સત્યનો નિર્ણય થઈ શકે, પણ નિર્વિચાર વિશ્વાસ માટે એ અનુકૂળ નથી.

ગમે તેમ હો, તેઓ હિંદુ હતાં એટલા માટે નહિ, તેઓ મહાન હતાં માટે જ આપણાં પ્રણમ્ય છે. તેઓ આપણા જેવાં જ હતાં માટે આપણે તેમની ભકિત કરવી જોઈએ એમ નથી. તેઓ આપણા કરતાં મોટાં હતાં માટે જ તેઓ આપણી ભકિતને પાત્ર છે. એ દૃષ્ટિએ જો આપણે તેમના ચારિત્રની આલોચના કરીએ તો હિંદુત્વના નહિ, મનુષ્યત્વના ગૌરવથી આપણે ગૌરવાન્વિત થઈશું.

તેમના જીવનમાં જે વસ્તુ સૌથી વધુ નજરે ચડે છે તે એ છે કે, તેઓ જેવાં ગંભીર ભાવુક હતાં તેવાં જ પ્રબળ કર્મી હતાં. કર્મમાં એક પ્રકારની અસંપૂર્ણતા રહેલી છે જ—કારણ કે તેને મુશ્કેલીઓમાં થઈને ક્રમે ક્રમે પ્રગટ થવું પડે છે—તે મુશ્કેલીઓમાં નાનાવિધ ઘાનાં ચાઠાં તેના સર્જન ઉપર રહી જાય છે પરંતુ ભાવ વસ્તુ અક્ષુણ્ણ અને અક્ષત છે. એટલા માટે જેઓ ભાવવિલાસી હોય છે તેઓ કર્મની અવજ્ઞા કરે છે અથવા તેનાથી ડરે છે. તે જ પ્રમાણે વળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્યાં કાર્યપરાયણ લોકો પણ હોય છે, તેઓ ભાવનો પડછાયો સુદ્ધાં લેતા નથી, તેઓ કર્મ પાસેથી બહુ મોટી વસ્તુની અપેક્ષા રાખતા નથી એટલે કર્મની કોઈ પણ પ્રકારની અસંપૂર્ણતા તેમના હૃદયને ખટકતી નથી.

પણ ભાવુકતા જ્યાં કેવળ વિલાસ નથી હોતી, ત્યાં તે સાચી હોય છે, અને કર્મ જ્યાં પુષ્કળ ઉદ્યમનું પ્રદર્શન કે સાંસારિક પ્રયોજનનું સાધન માત્ર નથી હોતું, જ્યાં ભાવની જ સૃષ્ટિ હોય છે, ત્યાં તુચ્છ હોય તે પણ કેવું મહાન બની જાય છે, અને અસંપૂર્ણતા પણ મેઘપ્રતિહત સૂર્યની વર્ણછટાની પેઠે કેવા સૌંદર્યથી પ્રકાશિત બની જાય છે, તે ભગિની નિવેદિતાનાં કાર્યો જેમણે ધ્યાનપૂર્વક નિહાળ્યાં છે તેઓ સમજે છે.

ભગિની નિવેદિતા જે કામોમાં રોકાયેલાં હતાં તેમાંના કોઈ પણ કામનો પસાર મોટો નહોતો. તે દરેકનો આરંભ નાનેથી થયો હતો. જ્યાં પોતાને વિશે વિશ્વાસ ઓછો હોય છે ત્યાં જ બહારના મોટા પસારમાંથી સાંત્વના મેળવવાની ભૂખ જોવામાં આવે છે. ભગિની નિવેદિતાને વિશે એ વસ્તુ બિલકુલ સંભવિત જ નહોતી તેનું મુખ્ય કારણ એ કે, તેઓ અત્યંત સાચાં હતાં. જેટલું સાચું હતું તેટલું જ તેમને મન તદ્દન પૂરતું હતું, તેને આકારમાં મોટું બતાવવાની તેમને લેશ પણ જરૂર લાગતી નહોતી અને એ રીતે મોટું બતાવવા માટે જે અસત્યનો ભોગ કરવો પડે છે તેના પ્રત્યે તેમને અંતરની ઘૃણા હતી.

એટલા માટે જ એવું એક આશ્ચર્યજનક દશ્ય જોવામાં આવ્યું કે જેમની પ્રતિભા અને શિક્ષણ અસામાન્ય હતાં તેમણે એક ગલીના ખૂણામાં એવું કાર્યક્ષેત્ર પસંદ કરી લીધું જે દુનિયાના લોકોની નજરે પડે એમ બિલકુલ હતું જ નહિ. વિશાળ વિશ્વપ્રકૃતિ જેમ પોતાની વિપુલ શક્તિ વડે જમીનની નીચેના અતિ ક્ષુદ્ર બીજને પાલન કરવામાં અવજ્ઞા કરતી નથી, તેના જ જેવું આ પણ છે. પોતાના આ કાર્યની તેમણે બહાર કદી પણ જાહેરાત કરી નહોતી, અને આપણી કોઈની પાસે કદી પણ તેને માટે તેમણે આર્થિક મદદની આશા પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી ન હતી. તેમણે એનો ખર્ચ ચલાવ્યો હતો તે ફાળો ઉઘરાવીને નહિ, વધેલાં નાણાંમાંથી પણ નહિ, પણ પોતાના મોઢાના કોળિયામાંથી ચલાવ્યો હતો.

તેમની શકિત થોડી હતી માટે જ તેમનું કાર્ય નાનું હતું એમ કહેવું બરાબર નથી.

આપણે એટલું યાદ રાખવું જોઈએ કે ભગિની નિવેદિતામાં જે શકિત હતી તે વડે તેઓ પોતાના દેશમાં અનાયાસે પ્રતિષ્ઠા મેળવી શકત.

પોતાના જે કોઇ દેશવાસીના નિકટ સંબંધમાં તેઓ આવ્યાં હતાં તે સૌને તેમની પ્રબળ ચિત્તશકિતનો સ્વીકાર કરવો પડયો હતો. પોતાના દેશના લોકોમાં તેઓ ખ્યાતિ પામી શકે એમ હતું; તે તરફ તેમણે નજર સુદ્ધાં કરી નહોતી.

વળી આ દેશના માણસોના મન ઉપર પોતાની શકિતની આણ ફેલાવી અહીં પણ તેઓ પ્રધાન સ્થાન મેળવી શકે એમ હતું, પણ એવી ઇચ્છાએ પણ તેમના મનને લોભાવ્યું નહોતું. બીજા યુરોપિયનોને વિશે એવું જોવામાં આવ્યું છે કે હિંદુસ્તાનના કાર્યને તેમણે પોતાના જીવનના કાર્ય તરીકે પસંદ કરી લીધું હોય છે. પણ તેઓ પોતાને સૌથી ઉપર રાખવાનો પ્રયત્ન કરે છે—તેમના દાનમાં કયાંક આપણા પ્રત્યે અનુગ્રહ રહેલો હોય છે પરંતુ **श्रद्धया देयम् अश्रद्धया अदेयम् ।** કારણ જમણા હાથના દાનના ફાયદાને ડાબા હાથની અવજ્ઞા ધૂળમાં મેળવે છે.

પરંતુ ભગિની નિવેદિતાએ અત્યંત પ્રેમપૂર્વક સંપૂર્ણ શ્રદ્ધા સહિત પોતાની જાતને ભારતવર્ષને સમર્પણ કરી હતી. તેમણે પોતાનો લેશ પણ બાકી રાખ્યો નહોતો. તેમ છતાં તેઓ બિલકુલ મૃદુ સ્વભાવનાં હતાં માટે જ તેમણે અત્યંત દુર્બળભાવે પોતાની જાતને વિલુપ્ત કરી દીધી હતી, એમ પણ નહોતું. આ પહેલાં જ હું સૂચન કરી ગયો છું કે તેમનામાં એક પ્રકારનું દુર્દાન્ત જોર હતું, અને તે જોર કોઈના ઉપર તેઓ વાપરતાં નહોતાં એમ પણ નહોતું. તેઓ જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈ ઇચ્છા કરતાં તે પૂરેપૂરા મનથી કરતાં. અને મતભેદ કે પ્રકૃતિ-ભેદને કારણે જ્યારે તેમાં વિઘ્ન આવતું ત્યારે તેમની અસહિષ્ણુતા પણ ખૂબ ઉગ્ર બની જતી. તેમની આ પાશ્ચાત્ય સ્વભાવસુલભ પ્રતાપની પ્રબળતા કશું અનિષ્ટ નહોતી કરતી એમ હું માનતો નથી, કારણ, જે કંઈ માણસને ચિત કરવાનો પ્રયત્ન કરે છે તે માણસનો શત્રુ હોય છે, તેમ છતાં હું કહું છું કે તેમની ઉદાર મહત્તા તેમની ઉદગ્ર પ્રબળતા કરતાં ક્યાંય વધારે હતી. તેઓ જેને મારું માનતાં તેને જ વિજયી બનાવવા માટે પોતાના પૂરેપૂરા જોર વડે તેઓ લડતાં, પણ તે વિજયનું ગૌરવ પોતે લેવાનો લોભ તેમને લેશમાત્ર નહોતો. પક્ષ રચીને પક્ષના નેતા બનવું તેમને માટે સહેજે મુશ્કેલ નહોતું. પરંતુ વિધાતાએ તેમને પક્ષના નેતા કરતાં અનેકગણું ઊંચું આસન આપ્યું હતું. પોતાની અંદર રહેલા તે સત્યના આસન ઉપરથી ઊતરી તેમણે ચૌટામાં માંચડો નહોતો બાંધ્યો. આ દેશમાં તેઓ પોતાનું જીવન મૂકતાં ગયાં છે, પણ પક્ષ નથી મૂકતાં ગયાં.

તેમ છતાં તેનું કારણ એ નથી કે તેમનામાં રૂચિગત અથવા બુદ્ધિગત આભિજાત્યનું અભિમાન હતું;–તેઓ આમજનતાની અવજ્ઞા કરતાં હતાં, માટે જ તેના નેતાના પદની ઉમેદવારી કરી નહોતી એમ નહોતું. આમજનતાને હૃદય અર્પણ કરવું એ કેવી મોટી સત્ય વસ્તુ છે તે આપણે તેમને જોઈને જ શીખ્યા છીએ. આમજનતા પ્રત્યેના કર્તવ્ય વિશે આપણો જે ખ્યાલ છે તે પોથીમાંનાં રીંગણાં જેવો છે. એ વિશેનો આપણો ખ્યાલ કર્તવ્યબુદ્ધિ કરતાં વધુ ઊંડો ઊતર્યો તેથી. પરંતુ મા જેમ બાળકને સ્પષ્ટ પણે જાણે છે, તેમ ભગિની નિવેદિતા આમજનતાને પ્રત્યક્ષ સત્તારૂપે અનુભવતાં હતાં. તેઓ એ મહાન ભાવનાને કોઈ વિશેષ વ્યક્તિની પેઠે જ ચાહતાં હતાં. પોતાના હૃદયની સઘળી લાગણી વડે તેમણે એ 'પીપલ'ને, એ આમજનતાને ઢાંકી દીધી હતી. એ જો માત્ર એક બાળક હોત તો તેઓ એને પોતાના ખોળામાં રાખીને પોતાના જીવન વડે ઉછેરત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરું જોતાં તેઓ લોકમાતા હતાં, માતૃભાવ પરિવારની બહાર એક આખા દેશ ઉપર પોતાને ફેલાવી શકે તેની મૂર્તિ આ પહેલાં આપણે જોઈ નહોતી. એ સંબંધે પુરુષમાં જે કર્તવ્યની ભાવના હોય છે તેનો થોડો ઘણો આભાસ આપણને મળ્યો હતો, પણ સ્ત્રીમાં જે સંપૂર્ણ મમત્વની ભાવના હોય છે તે આપણે જોઈ નહોતી. તેઓ જ્યારે 'અવર પીપલ' એમ કહેતાં ત્યારે તેમાં જે અત્યંત આત્મીયતાનો ભાવ પ્રગટ થતો તે આપણા કોઈના પણ કંઠમાંથી પ્રગટ થતો નથી. ભગિની નિવેદિતા દેશના લોકોને કેવાં યથાર્થ રીતે ચાહતાં હતાં તે જેમણે જોયું છે તેઓ એટલું જરૂર સમજી ગયા છે કે, દેશના લોકોને આપણે કદાચ સમય આપતા હઈશું, પૈસા આપતા હઈશું, એટલું જ નહિ જીવન પણ આપતા હઈશું, પણ હૃદય આપી શકયા નથી.—તેમને એટલી યથાર્થ રીતે નિકટતા-પૂર્વક સમજવાની શકિત આપણે મેળવી નથી.

આપણે જ્યારે દેશ કે માનવજાત કે એવી કોઈ સમષ્ટિગત સત્તાને મનથી જોવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેને અત્યંત અસ્પષ્ટરૂપે જોઈ શકીએ છીએ તેનું કારણ છે. આપણે એવી બૃહત્ વ્યાપક સત્તાને કેવળ માત્ર મન વડે જ જોવા ઇચ્છીએ છીએ, આંખ વડે જોતા નથી. જે માણસ દેશના દરેકે દરેક માણસમાં આખા દેશને જોઈ શકતો નથી, તે, મોઢે ફાવે તે કહેતો હોય, દેશને યથાર્થ ભાવે જોતો નથી. ભગિની નિવેદિતાની બાબતમાં મેં જોયું છે કે તેઓ આમજનતાને જોતાં, સ્પર્શ કરતાં, કેવળ તેનો મનમાં મનમાં વિચાર જ નહોતાં કરતાં. મેં તેમને ગામડાગામની ઝૂંપડામાં રહેનારી એક સામાન્ય મુસલમાન સ્ત્રી સાથે જે રીતે અકૃત્રિમ શ્રદ્ધાપૂર્વક વાત કરતાં જોયાં છે, તેમ કરવું સામાન્ય માણસ માટે શકય નથી. કારણ, ક્ષુદ્ર માણસમાં બૃહત્ માણસને પ્રત્યક્ષ જોવાની શક્તિ ખૂબ અસાધારણ વસ્તુ છે. તે શકિત તેમને અત્યંત સહજ હતી માટે જ આટલા બધા દિવસ ભારતવર્ષની આટલાં બધાં નજીક રહ્યા છતાં તેમની શ્રદ્ધા ઘટી નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમજનતા ભગિની નિવેદિતાનાં હૃદયનું ધન હતું એટલા માટે જ તેઓ કેવળ દૂરથી તેમનું ભલું કરી મહેરબાની કરતાં નહોતાં. તેઓ તેમનો સંસર્ગ ઇચ્છતાં, તેમને સંપૂર્ણપણે ઓળખવાને સમજવાને માટે તેઓ પોતાનું સમસ્ત મન તેમના તરફ લંબાવતાં હતાં. તેમણે તેમનાં ધર્મકર્મ, કથાકાહિની, પૂજાપદ્ધતિ, શિલ્પસાહિત્ય, તેમની જીવનયાત્રાની બધી વિગતો કેવળ બુદ્ધિવડે નહિ, આંતરિક મમતાવડે સમજવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાં જે કાંઈ સારું હોય, સુંદર હોય, નિત્ય પદાર્થ હોય તેને જ તેમણે અત્યંત આગ્રહપૂર્વક શોધ્યું છે. માણસ પ્રત્યેની સ્વાભાવિક શ્રદ્ધા અને એક પ્રકારના ગંભીર માતૃસ્નેહને લીધે જ તેઓ એ સારી વસ્તુ ઉપર વિશ્વાસ રાખતાં હતાં અને તેને શોધી કાઢી શકતાં હતાં. એ આગ્રહના વેગમાં તેમણે કદી ભૂલ કરી નહોતી એમ નહોતું, પરંતુ શ્રદ્ધાને બળે તેમણે જે સત્ય શોધી કાઢયું છે તેની આગળ બધી ભૂલો તુચ્છ છે. જેઓ સારા શિક્ષક છે તેઓ બધા જ જાણે છે કે બાળકના સ્વાભાવમાં જ કુદરતે શીખવાની સહજ વૃત્તિનાં બીજ મૂકેલાં છે; બાળકોની ચંચળતા, અસ્થિર કુતૂહલ, તેમની રમતગમત, બધું જ કુદરતી શિક્ષણપદ્ધતિનાં અંગરૂપ છે; આમજનતામાં એવું એક પ્રકારનું બાળકપણું હોય છે, એટલા માટે આમજનતા પોતાને શિક્ષણ અને સાંત્વના આપવાના જાતજાતના ઉપાયો શોધી કાઢે છે. છોકરાંઓની છોકરવાદી જેમ નિરર્થક નથી હોતી, તેમ આમજનતાના જાતજાતના સંસ્કારો અને પ્રથા કેવળ બેવકૂફી નથી હોતી—એ તો પોતાને જુદી જુદી રીતે શિક્ષણ આપવાના આમજનતાના અંતરમાંથી પ્રગટતા પ્રયત્નો હોય છે—એ જ એમનો સ્વાભાવિક શિક્ષણનો માર્ગ હોય છે. માતૃહૃદયા નિવેદિતા આમજનતાના એ બધા આચારવ્યવહારને એ દૃષ્ટિએ જોતાં હતાં એટલા માટે તેમના બધાના પ્રત્યે તેમને ખૂબ સ્નેહ હતો. તેની બધી બાહ્ય જડતાને ભેદીને તેની અંદર માનવપ્રકૃત્તિનો ચિરંતન ગૂઢ હેતુ તેઓ જોવા પામતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ-જનતા પ્રત્યેનો તેમનો આ માતૃસ્નેહ જેમ એક બાજુથી સકરુણ અને સુકોમળ હતો તેમ બીજી બાજુથી બચ્ચાંથી ઘેરાયેલી વાઘણના જેવો પ્રચંડ હતો. બહારથી કોઈ નિર્દય રીતે તેમની કંઈ નિંદા કરે તે તેમનાથી સહન નહોતું થતું, અથવા જ્યારે રાજાનો કોઈ અન્યાય કે અવિચાર એમને આઘાત કરવા તૈયાર થતો ત્યારે તેમનું તેજ ભભૂકી ઊઠતું. કેટલાય લોકોને હાથે તેમણે કેટકેટલી નીચતા અને વિશ્વાસઘાત સહન કર્યાં છે, કેટલાય લોકોએ તેમને છેતર્યાં છે, પોતાની અત્યંત સામાન્ય પૂંજીમાંથી કેટલાય તદ્દન નાલાયક લોકોની ઢંગ વગરની માગણીઓ તેમણે સંતોષી છે, આ બધું તેમણે સહેજ પણ દુઃખ પામ્યા વગર સહન કર્યું છે; તેમને કેવળ એક જ વાતની બીક હતી કે રખેને પોતાના નિકટતમ મિત્રો પણ આ બધી હીનતાના દાખલા ઉપરથી તેમના 'પીપલ' (લોકો) પ્રત્યે અન્યાય કરી બેસે. એ લોકોમાં જે કંઈ સારું હોય તે જોવાનો એઓ જેમ પ્રયત્ન કરતાં હતાં તેમ અનાત્મીયના અશ્રદ્ધાભર્યા દૃષ્ટિપાતથી એ લોકોને બચાવવા માટે તેઓ કેમ જાણે પોતાના આખા માતૃહૃદય વડે તેમને ઢાંકી દેવાનો પ્રયત્ન કરતાં. તેનું કારણ એ નહોતું કે સત્ય છુપાવવાનો જ તેમનો હેતુ હતો, પણ તેનું કારણ એ હતું કે, તેઓ જાણતાં હતાં કે અશ્રદ્ધાપૂર્વક એમનું અપમાન કરવું ખૂબ સહેલું છે, અને સ્થૂલદૃષ્ટિના માણસોને માટે એ જ સંભવિત છે. પરંતુ એમના અંતઃપુરમાં જ્યાં લક્ષ્મી વાસ કરે છે ત્યાં એ બધા શ્રદ્ધાહીન લોકોને પ્રવેશનો અધિકાર નથી, એટલા માટે જ તેઓ એ બધા વિદેશી દિઙ્નાગોના "સ્થૂલહસ્તાવલેપ"થી તેમનાં આ પોતીકાં માણસોને બચાવવા માટે તેઓ એટલાં બધાં આકુળવ્યાકુળ બની જતાં, અને આપણા દેશના જે બધા માણસો પરદેશીઓ આગળ એવી રીતે દીનતા પ્રગટ કરવા જાય છે કે અમારે ત્યાં કશું જ નથી, અને તમો જ અમારો એક માત્ર આધાર છો, તેમને તેઓ પોતાના તીવ્ર રોષની વજ્રશિખા વડે વીંધી નાખવા ચાહતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા યુરોપિયનોની વાત આપણે સાંભળીએ છીએ કે જેઓ આપણાં શાસ્ત્રો વાંચીને, વેદાંતનો અભ્યાસ કરીને, આપણા કોઈ સાધુ સજ્જનના ચારિત્ર્યથી કે પરિચયથી આકર્ષાઈને ભારતવર્ષ પ્રત્યે ભક્તિ સાથે આપણી પાસે આવ્યા હોય અને આખરે દહાડે દહાડે તે ભક્તિ લોપ પામતાં પામતાં ખાલી હાથે પાછા દેશ ગયા હોય. તેઓએ શાસ્ત્રોમાં જે વાંચ્યું હતું, સાધુના ચારિત્રમાં જે જોયું હતું, તે આખા દેશના દૈન્ય અને અસંપૂર્ણતાના આવરણને ભેદીને જોઈ શક્યા નહોતા. તેમની પેલી ભક્તિ કેવળ મોહ હતો, એ મોહ અંધકારમાં જ ટકી શકે, પ્રકાશમાં આવતાં જ સરી જાય છે.

પરંતુ ભગિની નિવેદિતાની શ્રદ્ધા સાચી વસ્તુ હતી, તે મોહ નહોતો—તે માણસોમાં દર્શનશાસ્ત્રના શ્લોક નહોતી શોધતી, તે બહારનાં બધાં આવરણોને ભેદીને મર્મસ્થાનમાં પહોંચીને ઠેઠ મનુષ્યત્વને સ્પર્શ કરતી. એટલા માટે અત્યંત હીન દશામાં પણ આપણા દેશને જોઈને તેઓ કુંઠિત થતાં નહિ. બધાં દૈન્યે તેમના સ્નેહને જાગ્રત કર્યો છે, અવજ્ઞાને નહિ. આપણા આચાર વ્યવહાર, વાતચીત, પહેર-વેશ, આપણા દૈનિક કાર્યો કોઈ યુરોપિયનને કેવાં અસહ્ય થઈ પડતાં હશે તે આપણે ચોક્કસપણે સમજી શકતા નથી, એટલા માટે આપણા પ્રત્યેની તેમની કઠોરતાને આપણે સંપૂર્ણપણે નિષ્કારણ માનીએ છીએ. પરંતુ ઝીણા ઝીણા ગમાઅણગમા, ટેવો, અને સંસ્કારો-ની અડચણ કેવડી મોટી હોય છે તેનો ખ્યાલ સહેજ વિચાર કરી જોતાં આવશે. કારણ, પોતાના દેશના જુદા વર્ગ અને જુદી જાતિ વિશે આપણા મનમાં પણ તે પુષ્કળ પ્રમાણમાં રહેલાં જ છે. વાડની બાધા કરતાં નાના નાના કાંટાની બાધા કંઈ ઓછી નથી હોતી. એટલે આપણે એટલું યાદ રાખવું જોઈએ કે, ભગિની નિવેદિતા કલકત્તાના બંગાળી લત્તાની એક ગલીમાં ઠેઠ આપણા ઘરમાં આવીને વાસ કરતાં હતાં. તેમને રાતદહાડો ક્ષણેક્ષણે કેવી વિચિત્ર લાગણીઓ થઈ હશે તેનો ઇતિહાસ છૂપો જ રહેલો છે. એવા એક પ્રકારના સ્થૂળ રૂચિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો હોય છે જેમને કશું જ અડતું નથી, તેમની અચેતનતા જ તેમને અનેક આઘાતમાંથી બચાવી લે છે. ભગિની નિવેદિતા બિલકુલ તેવાં નહોતાં. બધી જ બાબતમાં તેમની બોધશક્તિ સૂક્ષ્મ અને પ્રબળ હતી; રૂચિની વેદના તેમને માટે નાનીસૂની વેદના નહોતી; ઘરમાં અને બહાર આપણી જડતા, શિથિલતા, અસ્વચ્છતા, આપણી અવ્યવસ્થા અને કોઈ પણ પ્રકારના પ્રયત્નનો અભાવ, જે ડગલે ને પગલે આપણી તામસિકતાને પ્રગટ કરે છે, તેણે દરરોજ તેમને તીવ્ર પીડા દીધી છે એમાં શંકા નથી. પરંતુ તેટલાથી તેઓ હારી ગયાં નહોતાં. સૌથી કઠણ કસોટીરૂપ જે આ ક્ષણક્ષણની કસોટી હતી તેમાં તેઓ પાર ઊતર્યાં હતાં.

શિવ પ્રત્યે સતીને સાચો પ્રેમ હતો માટે જ તેમણે અલ્પાહાર, અગ્નિતાપ સહન કરીને પોતાના અત્યંત સુકુમાર દેહને અને ચિત્તને કઠિન તપસ્યામાં અર્પણ કર્યો હતો. આ સતી નિવેદિતાએ પણ દિવસોના દિવસો સુધી જે તપસ્યા કરી હતી તેની કઠોરતા અસહ્ય હતી, તેમણે અનેક દિવસ અલ્પાહાર અને અનાહાર કર્યો હતો, તેઓ ગલીમાં જે ઘરમાં રહેતાં ત્યાં પવનને અભાવે ગ્રીષ્મના તાપથી ઊંઘ વગર રાતની રાત કાઢી છે, તો પણ ડાકટર અને મિત્રોની આગ્રહભરી વિનંતિથી પણ તેમણે તે ઘર છોડયું નહોતું; અને બાળપણથી પોતાના જે સંસ્કારો અને ટેવો પડયાં હતાં તેને ક્ષણે ક્ષણે પીડીને તેઓ પ્રફુલ્લ ચિત્તે દિવસ કાઢતાં હતાં. આ શકય બન્યું અને આ બધું વેઠયાં છતાં ઠેઠ સુધી તેમની તપસ્યામાં ભંગ ન પડયો તેનું એકમાત્ર કારણ એ છે કે, ભારતવર્ષના મંગલ પ્રત્યેની તેમની પ્રીતિ અત્યંત સાચી હતી, તે મોહ નહોતો, માણસમાં જે શિવ છે તે શિવને જ એ સતીએ સંપૂર્ણપણે આત્મસમર્પણ કર્યું હતું. આ માણસના અંતર-કૈલાસ-વાસી શિવને જ જે પોતાના સ્વામીરૂપે મેળવવા માગે છે તેની સાધના જેવી કઠિન સાધના બીજી કોની હોય?

એક દિવસ સ્વયં મહેશ્વર છૂપે વેશે તપપરાયણ સતીની પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને બોલ્યા હતા, હે સાધ્વી, તું જેને માટે તપસ્યા કરે છે, તે શું તારા જેવી સુંદરીની આટઆટલી તપસ્યાને યોગ્ય છે? તે તો દરિદ્ર છે, વૃદ્ધ છે, કદ્રૂપો છે, તેના આચાર અદ્‌ભૂત છે. તપસ્વિનીએ ક્રોધપૂર્વક કહ્યું હતું, તું જે કહે છે તે બધું જ સાચું હશે, તો પણ તેમને વિશે જ મારું સમસ્ત મન 'ભાવૈકરસ' બનીને સ્થિર થયું છે.

શિવને વિશે જ જે સતીનું મન ભાવનો રસ પામ્યું છે તે શું બાહ્ય ધન, યૌવન, રૂપ અને આચારમાં તૃપ્તિ ખોળી શકે? ભગિની નિવેદિતાનું મન તે અનન્ય દુર્લભ સુગભીર ભાવના રસથી સદા પૂર્ણ હતું. એટલા માટે જ તેઓ દરિદ્રમાં ઈશ્વરને જોવા પામ્યાં હતાં, અને બહારથી જેનામાં સૌંદર્યનો અભાવ જોઈને રૂચિવિલાસીઓ ઘૃણાપૂર્વક દૂર ચાલ્યા જાય છે તેમના જ રૂપથી મુગ્ધ થઈને તેમણે તેમને જ કંઠે પોતાના અમર જીવનની શુભ્ર વરમાળા પહેરાવી હતી.

આપણે આપણી આંખ સામે સતીની આ જે તપસ્યા જોઈ છે તેનાથી આપણી શ્રદ્ધાની જડતા દૂર થઈ જાય તો સારું—માણસની અંદર શિવ રહેલા છે, દરિદ્રની જીર્ણ કુટિરમાં અને હલકા વર્ણના ઉપેક્ષિત ફળિયામાં પણ તેમનો દેવલોક વ્યાપેલો છે, અને જે માણસ સમસ્ત દારિદ્ર્ય, નિરૂપતા, અને કદાચારના બાહ્ય આવરણને ભેદીને આ પરમ ઐશ્વર્યમય પરમ સુંદરને ભાવની દિવ્ય દૃષ્ટિથી એક વાર જોવા પામ્યો છે, તે માણસના આ અંતરતમ આત્માને પુત્રથી પ્રિય માનીને વધાવી લે છે* તે ભયને વટી જાય છે, સ્વાર્થને જીતી જાય છે, આરામને તુચ્છ ગણે છે, સંસ્કારનાં બંધનને તોડી નાખે છે, અને પોતાની જાત તરફ ક્ષણભર પણ નજર સુદ્ધાં કરતો નથી.

---

* तदेदत् प्रेयः पुत्रात प्रेयोवित्तात् प्रेयोऽन्यस्मात् सर्वस्मात् अन्तरतर यदयमात्मा ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાત્મા ગાંધી

ભારતવર્ષ એક સંપૂર્ણ ભૌગોલિક મૂર્તિ છે. એના પૂર્વ છેડાથી પશ્ચિમ છેડા સુધી અને ઉત્તરે હિમાલયથી દક્ષિણમાં કન્યાકુમારી સુધી જે એક સંપૂર્ણતા રહેલી છે તેની છબિ અંતરમાં ગ્રહણ કરવાની ઇચ્છા દેશમાં પ્રાચીન કાળમાં હતી, એવું જોવામાં આવે છે. જે વેરવિખેર થઈ ગયું હતું તેને એક સ્થળે એકઠું કરી, એક કરી જોવાનો પ્રયત્ન, મહાભારતમાં ખૂબ સ્પષ્ટ ભાવે જાગ્રત જોવામાં આવે છે. તે જ પ્રમાણે ભારતવર્ષના ભૌગોલિક સ્વરૂપને અંતરમાં અનુભવવા માટે પણ એક અનુષ્ઠાન હતું અને તે તીર્થ-ભ્રમણ. દેશના છેક પૂર્વના છેડાથી છેક પશ્ચિમના છેડા સુધી અને હિમાલયથી સમુદ્ર સુધી સર્વત્ર એનાં પવિત્ર પીઠસ્થાનો રહેલાં છે, ત્યાં તીર્થ સ્થપાતાં એક પ્રકારની ભક્તિની ઐક્યજાળ વડે સમસ્ત ભારતવર્ષને મનની અંદર ગ્રહણ કરવાનો સહેલો ઉપાય ઉત્પન્ન થયો છે.

ભારતવર્ષ એક વિશાળ દેશ છે, એને સંપૂર્ણ રીતે મનમાં ગ્રહણ કરવો, પ્રાચીન કાળમાં શક્ય નહોતું. આજે સર્વે કરીને, નકશા દોરીને, ભૂગોળનાં વર્ણનો રચીને ભારતવર્ષની કલ્પના મનમાં મનમાં ખડી કરવાનું સહેલું થયું છે, તેવું પ્રાચીન કાળમાં હતું નહિ. એક રીતે તે સારું જ હતું. જે વસ્તુ સહેલાઈથી મળે છે તેની છાપ મનમાં ઊંડી પડતી નથી. તેથી કષ્ટ વેઠીને ભારત–પરિક્રમા દ્વારા જે અનુભવ મળતો તે ઊંડો હતો અને મનમાંથી સહેજે દૂર થતો નહોતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાભારતની વચમાં ગીતા પ્રાચીનના તે સમન્વય તત્ત્વને ઉજાળી રહી છે. કુરુક્ષેત્રના કેન્દ્રમાં એ જે થોડી દાર્શનિક આલોચના આવે છે, તેને કાવ્યની દૃષ્ટિએ અસંગત કહી શકાય; એમ પણ કહી શકાય કે મૂળ મહાભારતમાં એ નહોતી. પાછળથી જેમણે એ દાખલ કરી છે તેમને ખબર હતી કે, ઉદાર કાવ્યપરિધિમાં, ભારતની ચિત્ત-ભૂમિમાં એ તત્ત્વચર્ચાની અવતારણ કરવાની જરૂર હતી. સમસ્ત ભારતવર્ષને અંતરથી અને બહારથી પામવાનો પ્રયાસ ધર્માનુષ્ઠાનનો જ ભાગ હતો. મહાભારત વાંચવું એ આપણા દેશમાં ધર્મકાર્ય ગણાયું હતું તે કેવળ તત્ત્વની દૃષ્ટિએ નહિ, દેશને સમજવાને માટે પણ એ કરવાની જરૂર છે. અને, તીર્થયાત્રીઓએ પણ સતત ઘૂમી ઘૂમીને દેશને સ્પર્શ કરતાં કરતાં, અત્યંત અંતરંગ ભાવે ક્રમશઃ એનું ઐક્ય મનમાં અનુભવવાનો પ્રયત્ન કર્યો છે.

આ થઈ પુરાતન સમયની વાત.

પુરાતન સમય પલટાઈ ગયો છે. આજકાલ દેશના લોકો પોતાના પ્રાદેશિક ખૂણામાં સંકુચિતતામાં બંધાઈ રહેતા નથી. સંસ્કાર અને લોકાચારની જાળથી આપણે જકડાયેલા છીએ, પણ મહાભારતના વિશાળ ક્ષેત્રમાં એક પ્રકારની મુક્તિની આબોહવા રહેલી છે. એ મહા કાવ્યના વિરાટ પ્રાંગણમાં મનસ્તત્ત્વના કેટલા બધા પ્રયોગો છે! જેને આપણે સાધારણ રીતે નિંદનીય કહીએ છીએ તેને પણ અહીં સ્થાન મળ્યું છે. જો આપણું મન તૈયાર હોય તો અપરાધ દોષ બધું અતિક્રમીને મહાભારતનો સંદેશ સાંભળી શકાય એમ છે. મહાભારતમાં એક ઉદાત્ત બોધ રહેલો છે; તે નાસ્તિવાચી નથી, અસ્તિવાચી છે, એટલે કે તેમાં એક 'હ'કાર રહેલો છે. મોટા મોટા વીરપુરુષો પોતાના માહાત્મ્યના ગૌરવથી ઊંચે માથે ઊભા છે. તેમનામાં પણ દોષ ત્રુટિ રહેલાં છે, પરંતુ તે સર્વ દોષત્રુટિઓને આત્મસાત્ કરીને જ તેઓ મોટા થયેલા છે. માણસનો યથાર્થ ન્યાય તોળવાનો આ મહાન બોધ આપણે મહાભારતમાંથી પામીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે આપણો સંબંધ થયો ત્યાર પછીથી બીજા પણ કેટલાક ચિંતનીય વિષયો આવી પડયા છે, જે પહેલાં નહોતા. પ્રાચીનકાળમાં ભારતમાં આપણે જોઈએ છીએ કે જેઓ સ્વભાવથી અને કાર્યથી અલગ હતા તેમને અલગ અલગ શ્રેણીમાં વહેંચી દેવામાં આવ્યા હતા. આમ છતાં, ભાગલા પાડયા છતાં એક પ્રકારનું ઐકય સાધવાનો પ્રયત્ન જોવામાં આવતો હતો. એકાએક પશ્ચિમનું સિંહદ્વાર ભેદીને શત્રુનું આગમન થયું. આર્યોએ એ માર્ગે થઈને જ આવીને એક દિવસ પંચસિંધુને તીરે વસાહત સ્થાપી હતી, અને ત્યારપછી વિંધ્યાચળ ઓળંગીને ધીમે ધીમે આખા ભારતવર્ષમાં પોતે ફેલાઈ ગયા હતા. ભારત તે વખતે ગાંધાર વગેરે સીમા પરના પ્રદેશો સુદ્ધાં એક સમગ્ર સંસ્કૃતિથી વીંટાયેલો હોવાને લીધે તેને બહારના આઘાત લાગ્યા નહોતા. ત્યારપછી એક સમયે બહારથી સંઘાત આવ્યો. એ સંઘાત વિદેશી હતો. તેમની સંસ્કૃતિ અલગ હતી. તેઓ જ્યારે આવ્યા ત્યારે માલૂમ પડયું કે આપણે એકત્ર હતા, છતાં એક થયા નહોતા, તેથી સમસ્ત ભારતવર્ષમાં વિદેશીના આક્રમણનું પૂર ફરી વળ્યું. ત્યારથી માંડીને આપણા દિવસો દુઃખ અને અપમાનની ગ્લાનિમાં વીતે છે. વિદેશી આક્રમણનો લાભ લઈને એકબીજા સાથે ભેગા મળીને કોઈએ પોતાની સત્તા વિસ્તારી, તો કોઈએ પોતાની સ્વતંત્રતા સાચવવા માટે અલગ અલગ જગ્યાએ વિદેશીઓને રોકવાના છૂટક છૂટક પ્રયત્નો કર્યા. પણ કશાથી સફળતા ન મળી. રાજપુતાનામાં, મહારાષ્ટ્રમાં, બંગાળમાં લાંબો વખત સુધી યુદ્ધ શાંત ન પડયાં, એનું કારણ એ કે, આપણો દેશ જેવડો મોટો છે તેવડું મોટું ઐકય થવા પામ્યું નહોતું; દુર્ભાગ્યમાંથી પસાર થતાં થતાં આપણે બહુ શતાબ્દીઓ પછી અનુભવ પામ્યા. આ અનૈકયને કારણે વિદેશી આક્રમણનો માર્ગ મોકળો થયો. પાસેના શત્રુઓ પછી સમુદ્ર પારથી વિદેશી શત્રુઓ પોતાનાં વેપારી જહાજો લઈને ઉપરાઉપરી આવી પહોંચ્યા; પોર્ટુગીઝ આવ્યા, વલંદા આવ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રેંચ આવ્યા, અંગ્રેજ આવ્યા, બધાએ આવીને જોરથી ધક્કા માર્યા. તેમણે જોઈ લીધું કે એવી કોઈ વાડ નથી જે ટપી જતાં મુશ્કેલી પડે. આપણી સંપત્તિ, પૂંજી બધું જ આપણે આપી દેવા લાગ્યા. આપણી વિદ્યાબુદ્ધિ ક્ષીણ થઈ ગઈ. ચિત્તની દૃષ્ટિએ આપણે પૂંજી વગરના ખાલી થઈ ગયા. એ જ પ્રમાણે બહારની કંગાલિયત અંતરને પણ કંગાળ બનાવી દે છે.

આવા ખરાબ સમયમાં આપણા સાધક પુરુષોના મનમાં જે વિચારનો ઉદય થયો હતો તે પરમાર્થ ઉપર નજર રાખીને ભારતના સ્વાતંત્ર્યને ઉદ્‌બોધિત કરવાના એક આધ્યાત્મિક પ્રયત્નનો હતો. ત્યારથી આપણું સમગ્ર મન પરમાર્થિક પુણ્ય કમાવા તરફ વળી ગયું છે. જ્યાં શિક્ષણનો અભાવ હતો અને ખરેખરું દૈન્ય હતું ત્યાં આપણી પાર્થિવ સંપત્તિ પહોંચી શકી નહિ. પારમાર્થિક પૂંજીના લોભે જે પાર્થિવ પૂંજી ખરચીએ છીએ તે મહંત, પંડા વગેરેના ગર્વ-ફૂલ્યા જઠરમાં જઈને હોમાય છે. એથી ભારતને ક્ષતિ થાય છે, લાભ નથી થતો.

વિપુલ ભારતવર્ષના વિરાટ જનસમાજમાં બીજી એક શ્રેણીના લોકો છે, જેઓ જપ તપ ધ્યાન ધારણા કરવા ખાતર માણસનો ત્યાગ કરીને, દારિદ્ર અને દુ:ખના હાથમાં સંસારને છોડી દઈને ચાલ્યા જાય છે. એ અસંખ્ય ઉદાસીન મંડળીના એ મુક્તિકામીઓને અન્ન તો એમણે જ પૂરું પાડ્યું છે જેમને એ લોકો મોહગ્રસ્ત અને સંસારાસક્ત માને છે. એક વખતે કોઈ એક ગામમાં એવા સંન્યાસી સાથે મારો ભેટો થયો હતો. મેં તેમને કહ્યું હતું, 'ગામમાં દુષ્કર્મ કરનાર, દુ:ખી, પીડાગ્રસ્ત જેઓ છે, તેમને માટે તમે લોકો કેમ કશું કરતા નથી?' મારો આ પ્રશ્ન સાંભળીને તેઓ નવાઈ પામ્યા હતા અને ચિડાઈ ગયા હતા. તેમણે કહ્યું હતું, "શું! જેઓ સંસારના મોહમાં સપડાયેલા છે, તેની ચિંતા મારે કરવાની! હું તો સાધક રહ્યો, વિશુદ્ધ આનંદને ખાતર એ સંસારનો ત્યાગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને આવ્યો છું, અને હવે પાછો તેની જંજાળમાં પડું!" આ શબ્દો જેમણે ઉચ્ચાર્યાં હતા તેમને અને તેમના જેવા બીજા બધા સંસારની સ્પૃહા વગરના ઉદાસીનોને બોલાવીને પૂછવાનું મન થાય છે કે, તેમના ગોળમટોળ દેહની સુંવાળી ચકચકીત કાંતિ કોને આભારી છે? જેમને એઓ પાપી અને હીન ગણીને છોડીને આવ્યા છે તે સંસારી લોકોએ જ એમને અન્ન પૂરું પાડયું છે. પરલોક તરફ જ સતત દૃષ્ટિ રાખવાને લીધે એટલી બધી શક્તિનો દુર્વ્યય થયો છે, કે કંઈ કહેવાની વાત નહિ. અનેક સૈકાઓ થયાં ભારતવર્ષમાં આ નબળાઈ ચાલતી આવી છે, એની જે સજા, તે આ લોકના વિધાતાએ આપણને કરી છે. તેમણે આપણને હુકમ ફરમાવીને મોકલ્યા છે કે સેવા દ્વારા આ સંસારને ઉપયોગી થજો. તે હુકમનો આપણે અનાદર કર્યો છે એટલે સજા ભોગવવી જ પડવાની.

આજકાલ યુરોપમાં સ્વાતંત્ર્ય સ્થાપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ઈટાલીએ એક સમયે વિદેશીઓનો કોળિયો બની ધિક્કારમય જીવન ગાળ્યું હતું: ત્યાર પછી ઈટાલીના ત્યાગી અને વીર પુરુષોએ, મેઝિની અને ગેરિબાલ્ડીએ વિદેશીની અધીનતાની જાળમાંથી છોડાવીને પોતાના દેશને સ્વાતંત્ર્ય અર્પ્યું હતું. અમેરિકાના યુક્ત રાષ્ટ્રમાં પણ લોકોએ સ્વાતંત્ર્યના રક્ષણ માટે કેટલાં દુઃખો વેઠયાં છે, કેટકેટલા પ્રયત્નો કર્યા છે, કેટકેટલાં યુદ્ધો ખેડયાં છે. માણસને મનુષ્યોચિત અધિકાર આપવા માટે પાશ્ચાત્ય દેશોમાં કેટલા બધા માણસોએ પોતાનાં બલિદાન આપ્યાં છે! ભાગલા પાડીને એક બીજાનું જે અપમાન કરવામાં આવે છે, તેની વિરુદ્ધ પશ્ચિમમાં આજે પણ બળવો ચાલી રહ્યો છે. ત્યાંના દેશોને મન આમજનતા માનવ ગૌરવની અધિકારી છે; એટલે સ્વાભાવિક રીતે જ રાજ્યતંત્રના સઘળા અધિકાર આમજનતાને પ્રાપ્ત થયા છે, ત્યાંના કાયદા આગળ ગરીબતવંગરનો, બ્રાહ્મણ-શૂદ્રનો ભેદ નથી. એકતાબદ્ધ થઈને સ્વાતંત્ર્ય સ્થાપવાનું શિક્ષણ આપણે પશ્ચિમના ઇતિહાસમાંથી પામ્યા છીએ. બધા ભારતવાસીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના દેશ ઉપર રાજ્ય ચલાવવાનો અધિકાર પામે, એવી ઇચ્છા સેવતાં આપણે પશ્ચિમ પાસેથી શીખ્યા છીએ. આજ સુધી આપણે પોતપોતાના ગામનો અને પાડોશીઓનો જ વિચાર કરતા હતા, ગામમાં જળાશય અને મંદિર બંધાવીને પોતાને કૃતાર્થ માનતા હતા, અને તે ગામને જ આપણે જન્મભૂમિ કે માતૃભૂમિ કહેતા હતા. ભારતને માતૃભૂમિ તરીકે સ્વીકારવાનો અવકાશ મળ્યો નહોતો. પ્રાદેશિકતાની જાળમાં જકડાઈને અને દુર્બળતાનો ભોગ બનીને આપણે જ્યારે પડયા હતા ત્યારે રાનડે, સુરેન્દ્રનાથ, ગોખલે વગેરે મહાશય પુરુષો આમજનતાને ગૌરવ આપવા માટે આવ્યા હતા. તેમણે આરંભેલી સાધનાને જેઓ પ્રબળ શકિતથી અને દ્રુતવેગથી આશ્ચર્યજનક સિદ્ધિને માર્ગે લઈ ગયા છે, તે મહાત્માનું સ્મરણ કરવા માટે આપણે આજે અહીં ભેગા મળ્યા છીએ—એ પુરુષ તે મહાત્મા ગાંધી.

કદાચ અનેક જણ પૂછશે કે શું એઓ જ પહેલા આવ્યા છે? એમના પહેલાં કોંગ્રેસમાં શું બીજા પણ અનેક માણસોએ કામ કર્યું નહોતું? કામ કર્યું છે, એ સાચું, પરંતુ તેમનાં નામ લેતાં વેંત સમજાય છે કે તેમની હિંમત કેટલી ફિક્કી હતી, તેમનો અવાજ કેટણો ક્ષીણ હતો.

પહેલાંના જમાનામાં કોંગ્રેસીઓ સરકારી તંત્ર આગળ કોઈ વાર આંખ રાતી કરવાનો ખોટો ઢોંગ કરતા. તેઓ એમ માનતા હતા કે કોઈ વાર તીક્ષ્ણ તો કોઈ વાર સુમધુર વાકયબાણ ફેંકીને પોતે મેઝિની–ગેરિબાલ્ડીના સમોવડિયા બની શકશે. તે ક્ષીણ અવાસ્તવ શૌર્યનું આજે અભિમાન લેવા જેવું કશું નથી. આજે જેઓ આવ્યા છે તેઓ રાજકીય સ્વાર્થના કલંકથી મુકત છે. રાજતંત્રનાં અનેક પાપો અને દોષોમાં એક મહાન દોષ જો હોય તો તે આ સ્વાર્થ-પરતાનો. ભલે રાજકીય સ્વાર્થ ગમે તેવડો મોટો સ્વાર્થ હોય, તો યે સ્વાર્થમાં જે ગંદકી રહેલી છે તે તેમાં આવ્યાં વગર રહેતી જ નથી. પોલિટિશ્યનોની એક જાત હોય છે. તેમના આદર્શોનો અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાન આદર્શોનો મેળ ખાતો નથી. તેઓ બેધડક જૂઠાણાં બોલી શકે છે; તેઓ એટલા બધા હિંસક હોય છે કે, પોતાના દેશને સ્વાતંત્ર્ય અપાવવાને બહાને બીજા દેશો કબજે કરવાનો લોભ છોડી શકતા નથી. પશ્ચિમના દેશોમાં એવું જોવામાં આવે છે કે એક તરફ તેઓ દેશને ખાતર પ્રાણ પાથરે છે, અને બીજી તરફ વળી દેશને નામે અનીતિને ઉત્તેજન આપે છે.

પશ્ચિમના દેશોએ એક દિવસ જે મૂશળને જન્મ આપ્યો હતો તેની જ શકિત આજે યુરોપના માથા ઉપર તોળાઈ રહી છે. આજે એવી સ્થિતિ ઊભી થઈ છે કે આજ જતાં આવતી કાલે યુરોપની સંસ્કૃતિ ટકશે કે કેમ એ પણ શંકા પડતી વાત છે. તે લોકો જેને પેટ્રિયોટિઝમ (રાષ્ટ્રપૂજા) કહે છે તે પેટ્રિયોટિઝમ જ તેમને ગરદન મારશે. તે લોકો જ્યારે મરશે ત્યારે બેશક આપણી માફક નિર્જીવપણે નહિ મરે, ભયંકર અગ્નિ ઉત્પન્ન કરીને એક ભીષણ પ્રલયમાં મરશે. આપણમાં પણ અસત્ય પેઠું છે. જેઓ પોલિટિસ્યનની જાતના છે તેમણે પક્ષાપક્ષીનું વિષ ફેલાવ્યું છે. આજે એ પોલિટિક્સમાંથી જ વિદ્યાર્થીઓમાં પણ પક્ષાપક્ષીનું વિષ દાખલ થયું છે. પોલિટિસ્યનો કાર્યાર્થી માણસો હોય છે; તેઓ માને છે કે, કાર્ય સિદ્ધ કરવું હોય તો જૂઠની જરૂર પડે છે. પરંતુ વિધાતાનું વિધાન એવું છે કે એ છળ અને ચાતુરી પકડાયા વગર રહેતાં નથી. પોલિટિસ્યનોની, એ બધા ચતુર વહેવારુ માણસોની આપણે પ્રશંસા ભલે કરીએ. પણ ભકિત તો મહાત્માની જ થઈ શકે, જેઓ સત્યની સાધના કરે છે. જૂઠની સાથે ભળીને તેમણે સત્યની સાર્વભૌમ ધર્મનીતિનો અસ્વીકાર કર્યો નથી. ભારતની યુગસાધનામાં એ એક પરમ સૌભાગ્યની વાત છે. એ એક એવા માણસ છે જેમણે હર હાલતમાં સત્યને માન્યું છે, પછી તેથી તાત્કાલિક સગવડ થતી હોય કે ન થતી હોય; તેમનું દૃષ્ટાંત આપણી આગળ મહાન દૃષ્ટાંત છે. દુનિયામાં સ્વાધીનતા અને સ્વાતંત્ર્યનો ઇતિહાસ રકતની ધારાઓથી કાદવવાળો અને અપહરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને લૂંટારુવૃત્તિથી કલંકિત જોવામાં આવે છે. પરંતુ એકબીજાને માર્યા વગર, હત્યાકાંડનો આશરો લીધા વગર પણ સ્વાધીનતા મેળવી શકાય એવો માર્ગ તેમણે બતાવ્યો છે. દેશને નામે લોકો ચોરી કરે છે, વિજ્ઞાન લૂંટારુવૃત્તિ ચલાવે છે. દેશને નામે એ લોકો આજે ગર્વ કરે છે, તે ગર્વ કંઈ ટકવાનો નથી. આપણામાં એવા માણસો ખૂબ ઓછા છે જેઓ મનમાંથી હિંસાને દૂર કરી જોઈ શકે. એ હિંસા-વૃત્તિને સ્વીકાર્યા વગર પણ આપણે જયી થઈશું એ વાત આપણે માનીએ છીએ ખરા? મહાત્મા જો લડવૈયા હોત અથવા લડાઈ કરત તો આજે આપણે તેમને આમ સ્મરણ કરત નહિ. કારણ, લડાઈ કરનાર વીર પુરુષ અને મોટા મોટા સેનાપતિઓ તો પૃથ્વીમાં અનેક જન્મ્યા છે. માણસનું યુદ્ધ ધર્મયુદ્ધ હોય છે, નૈતિક યુદ્ધ હોય છે. ધર્મયુદ્ધમાં પણ નિષ્ઠુરતા હોય છે, તે ગીતા અને મહાભારતમાં જોવા પામીએ છીએ. તેમાં બાહુબળને પણ સ્થાન છે કે નહિ. એ વિશે શાસ્ત્રચર્ચા મારે ઉપાડવી નથી. પણ મરશું પણ મારશું નહિ, અને એ રીતે જ જયી થઈશું એવું જે આ એક અનુશાસન છે, તે એક બહુ મોટી વાત છે, એક સંદેશ છે. એ ચતુરાઈ અથવા કામ કાઢી લેવાની દુનિયાદારીની સલાહ નથી. ધર્મયુદ્ધ બાહ્ય વિજય મેળવવા માટે નથી, હારી જઈને પણ વિજયી થવા માટે છે. અધર્મયુદ્ધમાં મરવું તેનું નામ મરવું. ધર્મયુદ્ધમાં મર્યા પછી પણ બાકી રહે છે; હારને વટાવ્યા પછી જીત ઊભી હોય છે, મૃત્યુને વટાવ્યા પછી અમૃત. જેમણે આ વસ્તુનો પોતાના જીવનમાં અનુભવ કરીને સ્વીકાર કર્યો છે, તેમની વાત સાંભળ્યા વિના આપણો છૂટકો નથી.

એના મૂળમાં શિક્ષણની એક પરંપરા રહેલી છે. યુરોપમાં આપણે સ્વાધીનતાનું કલુષિત અને સ્વદેશપૂજાનું ઝેરીરૂપ જોવા પામીએ છીએ. બેશક શરૂઆતમાં તેમને ઘણાં ફળ મળ્યાં છે, અનેક આશ્ચર્ય પ્રાપ્ત થયાં છે. એ પશ્ચિમના દેશોએ ખ્રિસ્તી ધર્મનો કેવળ મોઢે મોઢેથી સ્વીકાર કર્યો છે. ખ્રિસ્તી ધર્મમાં માનવપ્રેમનું મહાન ઉદાહરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે, ભગવાને મનુષ્ય બનીને મનુષ્યના દેહમાં જેટલાં દુઃખ પાપ હોય છે તે બધાં પોતાના દેહ ઉપર સ્વીકારી લઈને માણસને બચાવ્યો હતો— આ ઇહલોકમાં જ, પરલોકમાં નહિ. જે સૌથી દરિદ્ર હોય તેને વસ્ત્ર આપવાં જોઈએ, જે ભૂખ્યા હોય તેને અન્ન આપવું જોઈએ, એ વસ્તુ ખ્રિસ્તી ધર્મમાં જેટલા સ્પષ્ટપણે કહેલી છે તેટલી બીજે ક્યાંય નથી.

મહાત્માજીને એવા એક ખ્રિસ્તી સાધક મળી ગયા હતા જેઓ હમેશાં માનવના ન્યાય્ય અધિકારોના માર્ગમાં રહેલી બાધાઓને દૂર કરવા મથતા હતા. સૌભાગ્યવશાત્ તે યુરોપીય ઋષિ ટોલ્સ્ટૉય પાસેથી મહાત્મા ગાંધી ખ્રિસ્તી ધર્મનો અહિંસાનો સંદેશ યથાર્થ રૂપે પામ્યા હતા. બીજી સૌભાગ્યની વાત એ છે કે એ સંદેશ એવા એક પુરુષનો હતો જેમણે સંસારના જાતજાતના અનુભવોને પરિણામે આ અહિંસાનું તત્ત્વ પોતાના ચારિત્રમાં પ્રગટ કર્યું હતું. મિશનરી અથવા ધંધાદારી પ્રચારકની પાસેથી માનવપ્રેમના ગોખેલાં સૂત્રો તેમને સાંભળવાં પડ્યાં નહોતાં. ખ્રિસ્તના સંદેશનું આ મહાન દાન આપણને મળવાની જરૂર હતી. મધ્યયુગમાં મુસલમાનો પાસેથી પણ આપણે એક દાન પામ્યા છીએ. દાદૂ, કબીર, રજ્જબ વગેરે સાધુઓ એવો પ્રચાર કરી ગયા હતા કે, જે નિર્મળ છે, જે મુક્ત છે, જે આત્માની શ્રેષ્ઠ વસ્તુ છે, તે બંધ બારણાંના મંદિરમાં કૃત્રિમ અધિકારી વિશેષને માટે પહેરા હેઠળ રાખવાનું નથી; તે તો કોઈ પણ જાતના ભેદ વગર સર્વ માનવની સંપત્તિ છે. યુગે યુગે એમ જ બને છે. જેઓ મહાપુરુષ હોય છે તેઓ આખી પૃથ્વીના દાનને પોતાના માહાત્મ્ય-દ્વારા જ ગ્રહણ કરે છે, અને ગ્રહણ કરવા દ્વારા તેને સાચું બનાવી દે છે. પોતાના માહાત્મ્ય વડે જ પૃથુરાજાએ પૃથ્વીનું દોહન કર્યું હતું—રત્નો મેળવવા માટે. જેઓ શ્રેષ્ઠ પુરુષ હોય છે તેઓ બધા ધર્મ, ઇતિહાસ અને નીતિમાંથી પૃથ્વીનું શ્રેષ્ઠ દાન ગ્રહણ કરે છે.

ખ્રિસ્તના સંદેશની શ્રેષ્ઠ નીતિ એમ કહે છે કે, જેઓ નમ્ર હોય છે તેઓ જ જયી થાય છે; અને ખ્રિસ્તી પ્રજાઓ કહે છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિષ્ઠુર ઉદ્ધતાઈ દ્વારા જય પામી શકાય છે. આ બેમાંથી કોણ જયી થશે તે ચોક્કસપણે જાણી શકાયું નથી. પરંતુ ઉદાહરણ રૂપે એવું જોવામાં આવે છે કે ઉદ્ધતાઈને પરિણામે યુરોપમાં ભયંકર મહામારી પ્રવર્તી રહી છે. મહાત્માજીએ નમ્ર અહિંસક નીતિ સ્વીકારી છે, અને ચારે દિશામાં તેમનો વિજય ફેલાતો જાય છે. તેમણે જે નીતિને પોતાના આખા જીવન વડે સિદ્ધ કરી છે, તે નીતિને આપણે સ્વીકારવી જ પડશે—આપણે સંપૂર્ણપણે અપનાવી શકીએ કે ન શકીએ એ જુદી વાત છે. આપણા અંતરમાં અને આચરણમાં ષડ્રિપુઓનો અને પાપનો સંગ્રામ ચાલ્યા કરે છે, તેમ છતાં પણ સત્યવ્રત મહાત્માની પાસેથી પુણ્યની તપસ્યાની દીક્ષા લેવી પડશે. આજનો દિવસ યાદગાર દિવસ છે, કારણ સમસ્ત ભારતમાં રાજકીય મુક્તિની દીક્ષા અને સત્યની દીક્ષા આમજનતાને મન એક વસ્તુ બની ગઈ છે.

શાંતિનિકેતન; ૧૬ મી આશ્વિન, ૧૩૪૪

[૨]

અલૌકિક પુરુષો કેવળ વર્તમાન કાળના જ નથી હોતા. વર્તમાનની ભૂમિકામાં સમાવવા જતાં તેમને ઘણા નાના બનાવી દેવા પડે છે, એમ કરીને આપણે બૃહત્કાળની દૃષ્ટિએ જે શાશ્વત મૂર્તિ પ્રગટ થાય છે તેને વામણી બનાવી દઈએ છીએ. આપણા ક્ષણિક પ્રયોજનના આદર્શમાં જ તેમનું મહત્ત્વ સંપૂર્ણ સમાઈ જાય છે એમ માનીએ છીએ. આદર્શના ગજથી જ તેમના મહત્ત્વનો સંપૂર્ણપણે વિચાર કરીએ છીએ. મહાકાળના પટ ઉપર જે છબિ અંકિત થાય છે તેમાંથી વિધાતા દૈનદિન જીવનના આત્મવિરોધ અને આત્મખંડનની અનિવાર્ય કુટિલ અને વિચ્છિન્ન રેખાઓ ભૂંસી નાખે છે, જે આકસ્મિક અને ક્ષણકાલીન હોય છે તેને વિલીન કરી દે છે, આપણા જેઓ પ્રણમ્ય હોય છે તેમની એક સંહત સંપૂર્ણ મૂર્તિ સંસારમાં નિરંતર બની રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે ભારતવર્ષમાં જે રાજકીય વિરોધ છે તે આવતી કાલે કદાચ નહિ રહે. સામયિક અભિપ્રાયો સમયના પ્રવાહમાં ક્યાંના ક્યાં લુપ્ત થઈ જશે. ધારો કે આપણી રાજકીય સાધના સફળ થઈ; બાહ્ય દૃષ્ટિએ જોતાં કશી કામના કરવાની રહી નથી, ભારતવર્ષ મુક્તિ પામ્યું—તેમ છતાં પણ આજના દિવસના ઇતિહાસનો કોઈક આવિર્ભાવ ધૂળના આકર્ષણને ટાળીને પોતાનું માથું ઊંચું કરશે, તે જ ખાસ જોવા જેવો હશે. એ દૃષ્ટિએ જ્યારે જોવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે સમજાય છે કે, આજે જેમને કારણે આપણે આનંદ કરીએ છીએ તેમનું સ્થાન ક્યાં છે, તેમની વિશેષતા શામાં છે. કેવળ રાજનૈતિક પ્રયોજનની સિદ્ધિના મૂલ્યનું આરોપણ કરી આપણે તેમને નહિ જોઈએ, જે દૃઢ શક્તિના બળથી તેમણે આજે સમગ્ર ભારતવર્ષને પ્રબળપણે સચેતન બનાવ્યો છે, તે શક્તિનો મહિમા આપણે સમજીશું. સમસ્ત દેશના હૈયા ઉપર રહેલી જડત્વની શિલાને હલાવી દેનાર એ શક્તિ પ્રચંડ છે; થોડા વર્ષોના ગાળામાં ભારતવર્ષનું જાણે રૂપાંતર જન્માંતર થઈ ગયું, એમના આગમન પહેલાં દેશ ભયથી ઘેરાયલો હતો, સંકોચથી અભિભૂત હતો, કેવળ પારકાની મહેરબાની માટે કાકલૂદી અને કાલાવાલા, તથા રગેરગમાં પોતા ઉપરની અનાસ્થાનું દૈન્ય હતું,

ભારતવર્ષની બહારથી જેઓ કેવળ આગંતુક હતા તેમનો જ પ્રભાવ પ્રબળ બને, અને દેશના આખા ઇતિહાસમાં યુગોયુગ વ્યાપેલી ભારતની પ્રાણધારા, ચિત્તધારા જ મ્લાન બને, કેમ જાણે તે જ આકસ્મિક ન હોય, એના જેવી દુર્દશા બીજી શી હોઈ શકે? સેવા-દ્વારા, જ્ઞાનદ્વારા, મૈત્રીદ્વારા દેશને ઘનિષ્ટભાવે સમજવાની સગવડ ન રહેતાં સાચે જ આપણે પરદેશી બની ગયા છીએ; રાજ્યકર્તાઓની શિક્ષણપ્રણાલી, રાજ્યવ્યવસ્થા, તેમની તલવાર, બંદૂક એ બધાને લીધે ભારતમાં તેઓ જ મુખ્ય બની બેઠા અને આપણે જ ગૌણ બની ગયા—મોહાભિભૂત મનથી આ વાત સ્વીકારી લઈને થોડા સમય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં સુધી આપણે બધા તામસિકતાથી જડબુદ્ધિ બની ગયા હતા. ઠેકાણે ઠેકાણે લોકમાન્ય તિલક જેવા કેટલાક હિંમતબાજ પુરુષોએ પ્રાણને હોડમાં મૂકી જડતાને આઘાત કર્યા છે, અને આત્મશ્રદ્ધાના આદર્શને જાગ્રત કરવાના કાર્યનાં વ્રત લીધાં છે, પરંતુ કાર્યક્ષેત્રમાં એ આદર્શનો વિપુલભાવે, પ્રબળભાવે પ્રયોગ તો કર્યો મહાત્મા ગાંધીએ. ભારતવર્ષની આગવી પ્રતિભાની અંતરમાં ઉપલબ્ધિ કરીને તેઓ અસામાન્ય તપસ્યાના તેજથી નવા યુગના નિર્માણ--કાર્યમાં મંડી પડ્યા, આપણા દેશમાં આત્મ-આવિર્ભાવની ભયહીન યાત્રા આટઆટલે સમયે યથાયોગ્ય રૂપે શરૂ થઈ.

અત્યાર સુધી આપણી બુજદિલી ઉપર કિલ્લો ચણીને વિદેશી વણિકરાજે સામ્રાજ્યવાદનો વેપાર ચલાવ્યો છે. અસ્ત્રશસ્ત્ર, લાવલશ્કર વગેરેને બરાબર ઊભા રહેવાની જગા મળત નહિ, જો આપણી દુર્બળતાએ તેને આશ્રય ન આપ્યો હોત તો. પરાભવનું સૌથી મોટું સાધન આપણે પોતાની અંદર જ પૂરું પાડ્યું છે. આ આપણા આત્મકૃત પરાભવમાંથી મુક્તિ અપાવી મહાત્માજીએ,---નવવીર્યના અનુભવનાં પૂર તેમણે ભરતવર્ષમાં વહેવડાવ્યાં. આજે રાજ્યકર્તાઓ આપણી સાથે ફેંસલો કરવા તૈયાર થયા છે, કારણ, તેમના પરશાસન-તંત્રના ઊંડામાં ઊંડા પાયા ડગી ગયા છે, જેનો આધાર આપણી વીર્યહીનતા ઉપર હતો. આપણે અનાયાસે આજે જગતસમાજમાં આપણું સ્થાન હક્કથી માગીએ છીએ.

એટલે આજે આપણે સમજવું જોઈએ કે જે માણસે વિલાયત જઈને રાઉંડટેબલ કૉન્ફરન્સમાં તર્કયુદ્ધમાં ભાગ લીધો હતો, જેઓ ખાદી અને રેંટિયાનો પ્રચાર કરે છે, જેઓ પ્રચલિત ચિકિત્સા-શાસ્ત્રમાં, વૈજ્ઞાનિક ગ્રંથોમાં માને છે કે માનતા નથી,—એ બધા મતામત અને કાર્યપદ્ધતિમાં જ એ મહાપુરુષને મર્યાદિત કરીને આપણે ન જોઈએ. જે બધી સામયિક બાબતમાં તેઓ સંડોવાયેલા છે, તેમાં તેમની ભૂલ પણ થવા સંભવ છે; તેને વિશે ચર્ચા પણ થઈ શકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ એ બાહ્ય છે. તેમણે પોતે વારંવાર કબૂલ કર્યું છે કે મારી ભૂલ થઈ છે, વખતના બદલાવા સાથે તેમને મત બદલવા પડ્યા છે. પણ આ જે અવિચલ નિષ્ઠાએ તેમના સમસ્ત જીવનને અચલ પ્રતિષ્ઠ બનાવી મૂક્યું છે, આ જે અપરાજેય સંકલ્પશક્તિ એ તેમની સહજાત છે, કર્ણના સહજાત કવચની જેમ, એ શક્તિનો આવિર્ભાવ માનવ-ઇતિહાસની ચિરસ્થાયી સંપત્તિ છે. પ્રયોજનમય સંસારમાં નિત્ય પરિવર્તનની ધારા વહી રહી છે, પરંતુ સર્વ પ્રયોજનને અતિક્રમીને જે મહાજીવનનો મહિમા આજે આપણી આગળ પ્રગટ થયો છે, તેને વિષે જ આપણે શ્રદ્ધા કરતાં શીખીએ.

મહાત્માજીના જીવનનું આ તેજ આજે સમગ્ર દેશમાં સંચારિત થયું છે, આપણી મ્લાનતાને દૂર કરી દે છે, તેમની એ તેજોદીપ્ત સાધક-મૂર્તિ જ મહાકાલના આસન ઉપર અધિકાર જમાવી રહી છે, બાધાવિપત્તિને તેમણે ગણકારી નથી. પોતાની ભૂલોએ તેમને વામણા બનાવ્યા નથી, સામાયિક ઉત્તેજનમાં રહેવા છતાં યે તેની ઉપર રહેનારું તેમનું મન અપ્રમત્ત છે. આ વિપુલ ચિત્તશક્તિના જેઓ આધાર છે, તેમને જ આજે આપણે નમસ્કાર કરીએ.

છેવટે મારે એટલું કહેવાનું છે કે, પૂર્વજોની પુનરાવૃત્તિ કરવી મનુષ્યનો ધર્મ નથી. જીવજંતુઓ પોતાના જીર્ણ ટેવના ઘરને વળગી રહે છે, માણસ યુગે યુગે નવી નવી સૃષ્ટિમાં આત્માને પ્રગટ કરે છે. પુરાતન સંસ્કાર કદી તેને બાંધી રાખી શકતા નથી. મહાત્માજીએ ભારતવર્ષની બહુ યુગવ્યાપી અંધતા અને મૂઢ આચારની વિરુદ્ધ જે વિદ્રોહ એક દિશાએથી જગાડ્યો છે તેને બધી દિશાએથી પ્રબળ બનાવી દેવો એ જ આપણી સાધના હો. જાતિભેદ, ધર્મવિરોધ, અને મૂઢ સંસ્કારવમળમાં જ્યાંસુધી આપણે ભમ્યા કરીશું ત્યાંસુધી કોની તાકાત છે કે આપણને મુક્તિ અપાવે? કેવળ મતની સંખ્યા અને એકબીજાના હકનો ઝીણો હિસાબ ગણી ગણીને કોઈ પણ પ્રજા દુર્દશા-માંથી ઉદ્ધાર પામતી નથી. જે પ્રજાનો સામાજિક પાયો બાધા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વિરોધોથી છિન્નભિન્ન થઈ ગયો છે, જેઓ પંચાંગનો ટોપલે-ટોપલા કચરો ઉપાડતા ફરે છે, વિચારશક્તિહીન મૂઢ ચિત્તથી વિશેષ ક્ષણના વિશેષ જળથી પુરુષાનુક્રમિક પ્રક્ષાલન કરવા દોડે છે, જેઓ આત્મબુદ્ધિ અને આત્મશક્તિની અવમાનનાને આપ્તકાર્યનું નામ આપી આદરથી પોષે છે, તેઓ કદી એવી સાધનાને સ્થાયી અને ગંભીરભાવે વહન કરી શકતા નથી, જે સાધના અંદરનાં અને બહારનાં પરદાસતાનાં બંધનો છેદી નાખી શકે છે, જે સ્વાધીનતાની મુશ્કેલ જવાબદારીનું બધા શત્રુઓના હાથમાંથી દૃઢ શક્તિથી રક્ષણ કરી શકે છે. આપણે યાદ રાખવું જોઈએ કે બહારના શત્રુ સાથે સંગ્રામ કરવામાં ધર્મની એટલી જરૂર પડતી નથી, પોતાના અંતરના શત્રુ સાથે યુદ્ધ કરવામાં જ મનુષ્યત્વની આખરી પરીક્ષા રહેલી છે. આજે જેમના પ્રત્યે આપણે શ્રદ્ધા નિવેદન કરીએ છીએ, તેઓ એ પરીક્ષામાં જયી નીવડેલા છે. તેમની પાસેથી એ વિકટ સંગ્રામમાં જયી થવાની સાધના જો દેશ ન સ્વીકારે, તો આજે આપણાં પ્રશંસાનાં વચનો સંપૂર્ણ વ્યર્થ બનશે. આપણી સાધના આજે હજી શરૂ થઈ છે. આપણી સામે દુર્ગમ માર્ગ પડેલો છે.

[૩]

[હરિજનોને હિંદુસમાજમાં ગણાવવા માટે ગાંધીજીએ કરેલા ઉપવાસ પ્રસંગે કરેલું પ્રવચન: ૫ મી આશ્વિન ૧૯૩૯ (ઈ. સ. ૧૯૩૨)]

યુગે યુગે દૈવયોગે આ સંસારમાં મહાન પુરુષોનું આગમન થાય છે. હમેશાં તેમનાં દર્શન મળતાં નથી પણ જ્યારે મળે ત્યારે તે આપણું સૌભાગ્ય ગણવું જોઈએ. આજે દુઃખનો પાર નથી; કેટલું પીડન, કેટલું દૈન્ય, કેટલા રોગ શોક તાપ આપણે રોજ રોજ સહન કરીએ છીએ; દુઃખના ડુંગરા ખડકાયા છે. તેમ છતાં સૌ દુઃખોને ઢાંકી દીધાં છે આજે એક આનંદે. જે ધરતી ઉપર આપણે જીવીએ છીએ, ફરીએ છીએ, તે ધરતી ઉપર જ એક મહા-પુરુષ, જેમનો જોટો નથી, તેમણે ભારતવર્ષમાં જન્મ લીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ મહાપુરુષ હોય છે તેઓ જ્યારે આવે છે ત્યારે આપણે તેમને બરાબર ઓળખી શકતા નથી. કારણ, આપણાં મન ભીરુ અને અસ્વચ્છ હોય છે, સ્વભાવ શિથિલ હોય છે, અભ્યાસ દુર્બળ હોય છે. આપણા મનમાં તે સ્વાભાવિક શક્તિ નથી હોતી જેને લીધે આપણે મહત્‌ને સંપૂર્ણપણે સમજી શકીએ, સ્વીકારી શકીએ. વારંવાર એવું બન્યું છે, કે જેઓ સૌથી મહાન છે તેમને જ આપણે સૌથી દૂર નાખી મૂક્યા છે.

જેઓ જ્ઞાની, ગુણી, કઠોર તપસ્વી હોય છે, તેમને સમજવા એ સહેલું નથી: કારણ, આપણાં જ્ઞાન, બુદ્ધિ, સંસ્કારનો તેમની સાથે મેળ ખાતો નથી. પણ એક વસ્તુ સમજવામાં મુશ્કેલી પડતી નથી, અને તે પ્રેમ. જે મહાપુરુષ પ્રેમદ્વારા પોતાનો પરિચય આપે છે, તેમને આપણા પ્રેમ વડે આપણે એક રીતે સમજી શકીએ છીએ. તેથી જ ભારતવર્ષમાં આજે એક આશ્ચર્યજનક ઘટના બનવા પામી છે તેવી હંમેશાં બનતી નથી. અત્યારે હવે સમજાય છે કે જેઓ આપણી વચ્ચે આવ્યા છે તેઓ અત્યંત ઉચ્ચ છે, અત્યંત મહાન છે, તેમ છતાં આપણે બધા સમજ્યા છીએ કે 'તેઓ મારા છે.' તેમના પ્રેમમાં ઉચ્ચનીચનો ભેદ નથી, મૂર્ખવિદ્વાનનો ભેદ નથી, ધનીદરિદ્રનો ભેદ નથી. તેમણે પોત્તાનો પ્રેમ સહુમાં સમાન ભાવે વહેંચ્યો છે. તેમણે કહ્યું છે, સૌનું મંગળ થાઓ. એમણે જે કહ્યું છે તે કેવળ શબ્દો વડે નથી કહ્યું, દુઃખની વેદના વડે કહ્યું છે. કેટલી પીડા કેટલી વેદના તેમણે સહી છે! તેમના જીવનનો ઇતિહાસ દુઃખનો ઇતિહાસ છે. તેમણે દુઃખ અને અપમાન કેવળ ભારતવર્ષમાં જ સહ્યાં છે એમ નથી, દક્ષિણ આફ્રિકામાં કેટકેટલો માર ખાઈને તેઓ મૃત્યુને કાંઠે પહોંચ્યા હતા. તેઓ જે દુઃખ વેઠે છે તે પોતાના વિષયસુખ માટે નથી વેઠતા, સ્વાર્થને માટે નથી વેઠતા, સૌના ભલા માટે વેઠે છે. એમણે આટઆટલો માર ખાધો છે, પણ સામે એક શબ્દ પણ કદી કહ્યો નથી, ક્રોધ કર્યો નથી. બધા આઘાત માથું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરી ઝીલી લીધા છે. શત્રુઓ એમની ધીરજ અને મોટાઈ જોઈને આશ્ચર્યચકિત થઈ જાય છે. તેમનો સંકલ્પ સિદ્ધ થયો, પણ કોઈ પ્રકારની જોરજબરદસ્તીથી નહિ. ત્યાગ વડે, દુઃખ વડે, તપસ્યા વડે તેઓ વિજયી થયા છે. એવા એ પુરુષ આ જ ભારતવર્ષના દુઃખનો બોજો પોતાના દુઃખને જોરે ઠેલવા માટે પ્રગટ થયા છે.

તમે બધાંએ તેમને જોયા છે કે નહિ, તેની મને ખબર નથી. કોઈ કોઈને તેમને જોવાનું સૌભાગ્ય મળ્યું હશે. પરંતુ તેમને ઓળખે છે તો બધા જ, આખું ભારતવર્ષ તેમને ઓળખે છે. તમે બધા જાણો છો કે આખું ભારતવર્ષ તેમની કેવી ભક્તિ કરે છે; તેણે તેમને એક નામ આપ્યું છેઃ મહાત્મા. આશ્ચર્યની વાત છે, શી રીતે ઓળખ્યા! મહાત્મા તો ઘણાને કહેવામાં આવે છે, પણ તેનો કશો અર્થ નથી હોતો. પરંતુ આ મહાપુરુષને મહાત્મા કહેવામાં આવ્યા છે તેનો અર્થ છે. જેમનો આત્મા મોટો હોય તે જ મહાત્મા, જેમનો આત્મા નાનો હોય, વિષયોમાં બદ્ધ હોય, ધનદોલત-ઘરસંસારની ચિંતાથી જેમનું મન ઘેરાયેલું હોય તેઓ દીનાત્મા; મહાત્મા તો તે જ જેણે સૌનાં સુખદુઃખને પોતાનાં કરી લીધાં છે, સૌના ભલાને જે પોતાનું ભલું માને છે. કારણ, સૌના હૃદયમાં તેમનું સ્થાન છે, તેમના હૃદયમાં સૌનું સ્થાન છે. આપણા શાસ્ત્રોમાં ઈશ્વરને મહાત્મા કહેલો છે. મર્ત્યલોકમાં એવો દિવ્ય પ્રેમ, એવા પ્રેમનું ઐશ્વર્ય ભાગ્યે જ મળે છે. એવો પ્રેમ જેમનામાં પ્રગટ થયો છે તેમને આપણે એકંદરે એવી રીતે સમજીએ છીએ કે તેઓ હૃદયપૂર્વક સૌને ચાહે છે. પરંતુ આપણે તેમને સંપૂર્ણપણે સમજી શકતા નથી, બરાબર ઓળખતાં જરા મુશ્કેલી પડે છે. કારણ આપણું મન વાંકું થઈ ગયું છે. સત્યનો સ્વીકાર કરતાં આપણામાં ભીરુતા, દ્વિધા, સંશય જાગે છે. વગર મહેનતે જે માની શકીએ છીએ તેટલાંને જ માનીએ છીએ, જે મુશ્કેલ હોય છે તેને એક બાજુએ ખસેડી મૂકીએ છીએ. તેમના સૌથી મોટા સત્યને આપણે ન લઈ શક્યા. અહીં જ આપણે તેમને માર્યા. તેઓ આવ્યા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછા ગયા, પણ છેવટ સુધી આપણે તેમનો સ્વીકાર કરી ન શક્યા.

ખ્રિસ્તી ધર્મશાસ્ત્રમાં આપણે વાંચ્યું છે કે આચારનિષ્ઠ યહૂદીઓએ ઈસુ ખ્રિસ્તને શત્રુ ગણીને મારી નાખ્યા હતા. પણ માર શું કેવળ શારીરિક જ હોય છે? જેઓ પોતાના પ્રાણ વડે કલ્યાણનો માર્ગ શોધવા આવે છે તેમના માર્ગમાં વિઘ્નો નાખવાં એ પણ શું માર નથી? સૌથી મોટો માર એ જ છે. કેવી અસહ્ય વેદના અનુભવ્યા પછી તેઓ આજે મૃત્યુવ્રત લઈને બેઠા છે. તે વ્રતને જો આપણે સ્વીકારી ન લઈએ તો શું આપણે તેમને માર્યા નહિ ગણાય? આપણાં નાનાં નાનાં મનની સંકુચિતતા, ભીરુતા શું આજ લજ્જા નહિ પામે? આપણે શું તેમની તે વેદના આપણા મર્મમાં બરાબર અનુભવી શકીશું નહિ? તેમનું દાન શું આપણે ગ્રહણ કરી શકીશું નહિ? શું આપણમાં એટલી બધી સંકુચિતતા, એટલી બધી ભીરુતા છે? એ ભીરુતાનું દૃષ્ટાંત તેમનામાં તો ક્યાંય જોવામાં આવતું નથી. તેમનામાં તો હિમ્મતનો પાર નથી; મૃત્યુને પણ તેઓ તુચ્છ ગણે છે. કઠોર કારાગાર તેની બધી લોખંડી જંજીરો વડે પણ તેમની ઇચ્છાને રૂંધી શક્યું નથી. એવા એ પુરુષ આજે આપણી વચ્ચે આવ્યા છે. આપણે જો ભયથી પાછા પડીશું તો આપણી શરમનો કોઈ પાર નહિ રહે. તેમણે આજે મૃત્યુવ્રત સ્વીકાર્યું છે, નાના મોટાને એક કરવા માટે. તેમની એ હિંમત, તેમની એ શક્તિ આપણી બુદ્ધિમાં અને કાર્યમાં સંચાર પામો. આજે આપણે મુક્તકંઠે બોલી શકીએ તો સારું કે 'તમો જશો નહિ, અમે તમારું વ્રત સ્વીકારીએ છીએ.' એટલું જો આપણે ન કરી શકીએ, આવડા મોટા જીવનને વ્યર્થ જવા દઈએ, તો એના કરતાં મોટો સર્વનાશ બીજો શો હોઈ શકે?

આપણે એમ કહીએ છીએ કે, પરદેશીઓ આપણા દુશ્મન છે. તેના કરતાં પણ મોટો દુશ્મન આપણા હાડમાં રહેલો છે. તે છે આપણી ભીરુતા. તે ભીરુતા ઉપર જય મેળવવા માટે વિધાતાએ મહાત્માજીના જીવનદ્વારા આપણને શક્તિ મોકલી આપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પોતાના અભય વડે આપણા ભયને હરવા આવ્યા છે. તેમને તેમના એ દાન સોતા શું આપણે પાછા કાઢીશું ? એ કૌપીન-ધારી આપણે બારણે બારણે ટકોરા મારતા ફર્યા છે, તેમણે આપણને ચેતવ્યા છે કે ક્યાંથી આપણા ઉપર આફત ઊતરવાનો સંભવ છે. માણુસ જ્યાં માણુસનું અપમાન કરે છે, ત્યાં માણુસના ભગવાન વિમુખ બની જાય છે. સેંકડો વર્ષો સુધી માણુસ પ્રત્યે અપમાનનું વિષ આપણે ભારતવર્ષની શિરાએ શિરામાં વહેવડાવ્યા કર્યું છે. સેંકડો નતમસ્તકો ઉપર હીનતાનો અસહ્ય બોજો લાદ્યા કર્યો છે; તેના જ ભારથી આજ આખો દેશ કલાંત અને દુર્બળ થઈ પડ્યો છે, તે પાપને લીધે આજે આપણે ટટાર ઊભા રહી શકતા નથી. આપણા ચાલવાના રસ્તામાં ડગલે ને પગલે કાદવનાં ખાબડાં આપણે તૈયાર કરી રાખ્યાં છે; તેમાં જ આપણા સૌભાગ્યનો મોટો ભાગ ડૂબતો જાય છે. એક ભાઈએ બીજા ભાઈને કપાળે પોતાને હાથે કલંકનો કાદવ ચોપડ્યો છે. એ પાપ મહાત્માથી સહન ન થયું.

સમસ્ત અંતઃકરણ વડે તેમની વાણી સાંભળો. તેમના સંકલ્પનું જોર કેવું પ્રચંડ છે તેનો અનુભવ કરો. આજે તે તપસ્વીએ ઉપવાસ શરૂ કર્યા છે. દિવસોના દિવસ સુધી તેઓ અન્ન નહિ લે. તમો તેમને અન્ન નહિ આપો ? તેમનો સંદેશ ઝીલવો એ જ તેમનું અન્ન છે. તે વડે તેમને બચાવવા પડશે. આપણે અનેક અપરાધ કર્યા છે, પાપના ગંજ ખડકાયા છે. ભાઈની સાથે દાસના જેવું, પશુના જેવું વર્તન રાખ્યું છે. તે અપમાને આપણને આખી પૃથ્વીમાં ક્ષુદ્ર, હલકા બનાવી દીધા છે. જો આપણે તેમને ઘટતું સન્માન આપ્યું હોત તો આજ આપણી આટલી દુર્દશા થઈ ન હોત. પૃથ્વીના બીજા બધા સમાજને લોકો માન આપે છે, તેનાથી ડરે છે, કારણ, તેઓ પરસ્પર ઐક્યના બંધનથી બંધાયેલા છે. આપણા આ હિંદુ સમાજને આઘાત કરવામાં, એનું અપમાન કરવામાં કોઈને કશો ભય લાગતો નથી. એનો પુરાવો અનેકવાર મળી ચૂક્યો છે. શાને જોરે તેઓ આટલી હિંમત કરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે વાત આપણે એક ક્ષણ પણ ભૂલવી ન જોઈએ.

જે સન્માન મહાત્માજી સૌને આપવા ઇચ્છે છે, તે સન્માન આપણે સૌને આપીશું. જે નહિ આપી શકે તેને ધિક્કાર હજો. ભાઈને ભાઈ તરીકે સ્વીકારવામાં જે સમાજ વિઘ્ન નાખે છે, તે જર્જર સમાજને ધિક્કાર હજો. સૌથી વધુ ભીરુતા ત્યારે પ્રગટ થાય છે જ્યારે સત્યને ઓળખ્યા છતાં આપણે તેને માની શકતા નથી. તે ભીરુતાની ક્ષમા મળતી નથી.

આપણા દેશ ઉપર લાંબા સમયથી અભિશાપ ઊતરેલો છે. તેને માટે એક જણ પ્રાયશ્ચિત્ત કરવા બેઠા છે. તે પ્રાયશ્ચિત્તમાં સૌએ સામેલ થવું પડશે, અને એ મિલનરૂપે જ આપણું ચિરમિલન શરૂ થશે. મૃત્યુના વિશાળ પાત્રમાં તેમણે પોતાનું પ્રાયશ્ચિત્ત આપણા સૌની સામે ધરી દીધું છે, આપણા હાથ આગળ લંબાવી દીધું છે. સૌ એનો સ્વીકાર કરો, પાપનું ક્ષાલન કરો, મંગળ થશે. તેમની છેવટની વાણી આજ હું તમને સંભળાવવા આવ્યો છું. તેઓ દૂર છે છતાં દૂર નથી. તેઓ આપણા અંતરમાં જ છે.

જો તેમને આપણે ખાતર જીવન આપવું પડ્યું, તો પરિતાપનો પાર નહિ રહે. આપણાં માથાં નીચાં થઈ જશે. તેમણે આપણી પાસે જે ઇચ્છ્યું છે તે દુષ્કર દુઃસાધ્ય વ્રત છે. પરંતુ તેના કરતાંયે દુઃસાધ્ય કાર્ય તેમણે કર્યાં છે, તેના કરતાં પણ કઠિન છે તેમનું વ્રત. તેમનું દીધેલું વ્રત હિંમતપૂર્વક આપણે સ્વીકારી શકીએ તો સારું. આપણે જેનાથી ડરીએ છીએ તે કશું નથી, તે માયા છે, મિથ્યા છે. તે સત્ય નથી; આપણે તેને નહિ માનીએ; આજે બધા ભેગા થઈને બોલો કે અમો તે મિથ્યાને નહિ માનીએ. બોલો, આજે સંપૂર્ણ હૃદયપૂર્વક બોલો કે ભય શાનો? તેઓ બધા ભય હરી લઈને બેઠા છે. મૃત્યુભય ઉપર તેમણે જય મેળવ્યો છે. આજે આપણને કોઈ પણ પ્રકારનો ભય ન રહેવો જોઈએ. લોકભય, રાજભય, સમાજભય, કશાથી આપણે સંકુચિત નહિ થઈએ. તેમને માર્ગે તેમના અનુગામી થઈને ચાલીશું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનો પરાભવ નહિ થવા દઈએ. આખી પૃથ્વી આજ જોઈ રહી છે. જેમના મનમાં લાગણી નથી તેઓ મશ્કરી કરે છે. આવી મોટી ઘટના સાચે જ મશ્કરીરૂપ બની જશે, જો આપણા ઉપર તેની કશી અસર ન થઈ તો. જો તેમની શક્તિનો અગ્નિ આપણા સૌના મનમાં ભભૂકી ઊઠશે, જો આપણે બધા બોલી શકીશું કે 'હે તપસ્વી, તમારો જય થાઓ, તમારી તપસ્યા સાર્થક થાઓ' તો આખી પૃથ્વી આજે વિસ્મય પામશે. એ જયધ્વનિ સમુદ્રના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચશે; સૌ કોઈ કહેશે કે સત્યની વાણી અમોઘ છે. ભારતવર્ષ ધન્ય બનશે. આજે પણ જે આવી મોટી સફળતામાં વિઘ્નો નાખશે, તે અત્યંત હેય ગણાશે; તેને ભયના માર્યા તમે માનશો તો તેના કરતાં પણ હેય તમે બનશો.

તે તપસ્વીનો જય થાઓ, જેઓ અત્યારે મૃત્યુને સામે લઈને, ભગવાનને અંતરમાં પધરાવીને, સમસ્ત હૃદયના પ્રેમને ઉજ્જવળ રીતે પેટવીને બેઠા છે. તમો સૌ તેમનો જયધ્વનિ કરો, તમારો કંઠધ્વનિ તેમના આસન સુધી પહોંચવા દો. બોલો, તમને અમે સ્વીકાર્યા છે, તમારા સત્યને અમે સ્વીકાર્યું છે.

હું શું કહી શકવાનો હતો ? મારી ભાષામાં જોર ક્યાં છે ! તેઓ જે ભાષા બોલે છે તે કાને સાંભળવાની નથી, પ્રાણે સાંભળવાની છે; માણસની તે ચરમ ભાષા, જરૂર તમારા અંતરમાં પહોંચી છે.

આપણું સૌથી મોટું સૌભાગ્ય પારકો પોતાનો થાય તે છે, અને સૌથી મોટી વિપત્તિ પોતીકો પારકો થાય તે છે. ઇચ્છાપૂર્વક જેમને જેમને આપણે ખોયા હતા, તેમને આજે ઇચ્છાપૂર્વક પાછા બોલાવો; અપરાધનો અંત આવો, અમંગળ દૂર થઈ જાઓ. માણસને ગૌરવ દઈને આપણે મનુષ્યત્વનો અધિકાર સગૌરવ પ્રાપ્ત કરીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી શ્રદ્ધાનંદ

આપણા દેશમાં જેઓ સત્યનું વ્રત લેવાના અધિકારી હોય, અને તે વ્રતને પ્રાણને ભોગે પાળવાની જેમનામાં શક્તિ હોય એવા માણસોની સંખ્યા અલ્પ છે માટે જ દેશની આવી દુર્દશા છે. જ્યાં આવું ચિત્તદૈન્ય પ્રવર્તતું હોય ત્યાં સ્વામી શ્રદ્ધાનંદના જેવા આવા મોટા વીરનું આવું મૃત્યુ કેટલું શોકજનક છે તે કહેવાની જરૂર નથી. એમાં એક વાત એ રહેલી છે કે તેમનું મૃત્યુ ગમે તેટલું શોકજનક હોય, તોપણ તે મૃત્યુથી તેમના પ્રાણ, તેમનું ચરિત્ર તેટલું જ મહાન બન્યું છે. વારંવાર ઇતિહાસમાં એવું જોવામાં આવે છે કે પોતાના સર્વસ્વનો ભોગ આપીને જેઓ કલ્યાણવ્રતને સ્વીકારે છે તેમના લલાટે અપમાન અને અપમૃત્યુ આ રીતે જયતિલક કરે છે. મહાપુરુષો આવે છે તે પ્રાણને મૃત્યુ ઉપર પણ વિજયી કરવા, સત્યને જીવનની સામગ્રી બનાવી દેવા. આપણા ખોરાકમાં પ્રાણ આપવાની જે સામગ્રી રહેલી છે તે વાયુમાં પણ હોય છે, વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં પણ હોય છે. પણ જ્યાંસુધી તે વનસ્પતિમાં અને પ્રાણીમાં સજીવ આકાર ધારણ ન કરે ત્યાંસુધી તે પ્રાણને પોષી ન શકે. સત્યને પણ એ વાત લાગુ પડે છે. કેવળ વાક્યની હવામાંથી ખેંચી લઈને તેને જીવનમાં દાખલ કરવાની શક્તિ કેટલા માણસોમાં હોય છે? સત્યને જાણે તો છે ઘણા, પણ તેને માને છે તે, જે વિશેષ શક્તિમાન હોય છે. પ્રાણને ભોગે તેને માનીને જ આપણે સત્યને સર્વ મનુષ્યોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવી દઈએ છીએ. આ માનવાની શક્તિ જ મોટી વસ્તુ છે. એ શક્તિરૂપી સંપત્તિ જેઓ સમાજને અર્પે છે તેમનું દાન મહામૂલું હોય છે. સત્ય પ્રત્યેની એવી નિષ્ઠાનો આદર્શ શ્રદ્ધાનંદ આ દુર્બળ દેશને આપતા ગયા છે. પોતાની સાધનાના પરિચય માટે જે નામ તેમણે સ્વીકાર્યું હતું તે સાર્થક થયું. સત્ય ઉપર તેમણે શ્રદ્ધા રાખી હતી. એ શ્રદ્ધામાં સર્જનશક્તિ રહેલી છે. તે શક્તિદ્વારા પોતાની સાધના મૂર્તિમંત કરીને તેને તેઓ સજીવ કરી ગયા છે. તેથી તેમના મૃત્યુએ પણ પ્રકાશરૂપ બની જઈને તેમની શ્રદ્ધાની તે ભયહીન, ક્ષય-હીન, ક્લાન્તિહીન અમૃત છબિને ઉજ્જ્વળ રીતે પ્રકાશિત કરી છે. સત્ય પ્રત્યેના શ્રદ્ધાના આ ભૂમાનંદને તેમના ચરિત્રમાં આજે આપણે સાર્થકરૂપે જોઈ શકીએ તો કેવું સારું! એ સાર્થકતા બાહ્ય પરિણામમાં રહેલી નથી, પોતાની જ અકૃત્રિમ વાસ્તવિકતામાં રહેલી છે.

અપઘાતનો આ આઘાત માત્ર મહાપુરુષો જ સહી શકે છે, માત્ર તેમને મન જ એનો કશો અર્થ હોતો નથી. જેઓ મરણને ક્ષુદ્ર સ્વાર્થથી પર બનાવી શક્યા હોય છે તેઓ જીવતાંજીવત જ અમૃત લોકમાં પહોંચી ગયા હોય છે. પરંતુ મૃત્યુનો ગુપ્તચર કંઈ શ્રદ્ધાનંદનું આવરદા લઈને જ ઓછો પાછો જવાનો છે? ધર્મ-વિદ્રોહી ધર્માંધતાને ખભે ચડી રક્તકલુષિત જે બીભત્સતાને શહેરના રસ્તે રસ્તે તેણે ફેલાવી હતી તે આપણે થોડા સમય પહેલાં જ, જોઈ છે. તેણે જેમનો નાશ કર્યો છે તેમનું તો કશું જ બાકી રહ્યું નથી. તેમનું મૃત્ય તો આત્યંતિક મૃત્યુ છે, તેમની ક્ષતિ ચરમ ક્ષતિ છે.

તેમના ઘરમાં સંતાનહીન માતાના રુદનને કોઈ સાંત્વન નથી. વિધવાના દુ:ખને કોઈ શાંતિ નથી. આ જે નિષ્ઠુરતા જે સર્વ કંઈને નિ:શેષપૂર્વક ચિતાભસ્મમાં મેળવી દે છે, તે સહન થઈ શકે એમ નથી. જેઓ દુર્બળ સ્વલ્પપ્રાણ છે, જેમને આપણે આમજનતા કહીએ છીએ, તેઓ આવી મોટી હિંસાનો બોજો શી રીતે ઉઠાવશે? અત્યારે આપણે જોઈએ છીએ કે યમરાજનું સિંહદ્વાર ખૂલ્યું છે, ફરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડોશીપડોશી વચ્ચે હત્યાની હરીફાઈ શરૂ થઈ છે. એનું દુઃખ કોણ સહન કરશે ?

વિધાતા જ્યારે દુઃખને આપણી પાસે મોકલે છે ત્યારે તે એક પ્રશ્ન લઈને આવે છે. તે આપણને પૂછે છે કે તમે મને કેવી રીતે ગ્રહણ કરશો. વિપદ આવે જ નહિ એવું તો બને જ નહિ—સંકટનો સમય આવે છે, તત્કાળ ઉદ્ધારનો ઉપાય હોતો નથી, પરંતુ કેવી રીતે આપણે વિપત્તિનો ઉપયોગ કરીએ છીએ તેના ઉપર જ આ પ્રશ્નના સાચા ઉત્તરનો આધાર રહે છે. આ જે પાપે કાળા સ્વરૂપે દેખા દીધી, તેના ભયથી આપણે ડરી જઈશું, કે તેની આગળ માથું નમાવીશું ? કે પછી તે પાપની સામે પાપ ખડું કરીશું ? મૃત્યુના આઘાત ઉપર, દુઃખના આઘાત ઉપર ષડ્‌રિપુની ઉન્મત્તતાને જાગ્રત કરીશું ! બાળકના આચરણમાં એવું જોવામાં આવે છે કે તે જ્યારે પછડાય છે ત્યારે ભોંયને મારે છે. જેમ જેમ ભોંયને મારે છે તેમ તેમ ભોંય માર પાછો વાળે છે. એ બાળકનો ધર્મ છે. પણ કોઈ પ્રૌઢ માણસને ઠેસ વાગે છે તો તે વિચાર કરે છે કે બાધા ક્યાં છે ? બાધા જો હોય તો તેને ઓળંગી જવી અને દૂર કરવી જોઈએ. હમેશાં એવું જોવામાં આવે છે કે બહારથી અચાનક આઘાત થતાં માણસની બાળકબુદ્ધિ પાછી જાગી ઊઠે છે. ત્યારે તે માને છે કે ધૈર્ય ધરવું એ જ કાયરતા છે, ક્રોધ પ્રગટ કરવો એમાં જ પૌરુષ છે. આજના સમયમાં કુદરતી રીતે જ ક્રોધ ઉત્પન્ન થવાનો, એ વાત હું સ્વીકારું છું. માનવધર્મ આપણે એકદમ છોડી શકતા નથી. પરંતુ ક્રોધથી જો આપણે જિતાઈ જઈએ તો પણ માનવધર્મ નથી. આગ લાગીને આખો મહોલ્લો લાચારીમાં બળીને ભસ્મ થઈ જાય ત્યારે આગની ભયંકરતા વિશે ચર્ચા કરવી વૃથા છે. તે વખતે જો દોષ કોઈને દેવો જ હોય તો આગને તો ન જ દેવો જોઈએ. વિપત્તિનાં કારણ તો સઘળે જ હોય છે, તેના પ્રતિકારનો ઉપાય જેઓ તૈયાર રાખતા નથી તેમનો જ દોષ ગણાય. જેમનાં ઘર બળી ગયાં હોય તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જો એમ કહે કે કૂવો ખોદી રાખ્યો નહોતો તે દોષની સજા મળી, તો ભવિષ્યમાં તેમનાં ઘર બળવાની આશંકા ઓછી થાય. આપણે પણ આજે એમ જ કહેવું પડશે. દોષના મૂળનો વિચાર કરવો પડશે. આ સાંભળીને કદાચ લોકો કહેશે કે ના, આ સારું નથી લાગતું, એકાદ મોટો પ્રલય મચાવી શકીએ તો કંઈક સાંત્વન મળે.

ભારતવર્ષના વતનીઓનાં બે મોટા ભાગ છે: હિંદુ અને મુસલમાન. જો આપણે એમ વિચાર કરીએ કે મુસલમાનોનો ઇન્કાર કરીને તેમને એક બાજુએ હડસેલી મૂકવાથી જ દેશનાં બધાં મંગલકાર્યો સફળ થશે, તો તે ભારે ભૂલ થશે. છાપરાંની પાંચ વળીને સ્વીકારીએ, બાકીની ત્રણનો ઇન્કાર કરીએ, એ ચીડનાં વચન હોઈ શકે, પણ છાપરું સાચવવા માટે ડહાપણનાં વચન નથી. આપણું સૌથી મોટું અમંગળ, સૌથી મોટી દુર્ગતિ ત્યારે થાય છે, જ્યારે માણસ માણસની પાસે રહેતો હોય છે તેમ છતાં પરસ્પર વચ્ચે સંબંધ હોતો નથી અથવા તે સંબંધ વિકૃત હોય છે. પરદેશીઓના રાજ્યમાં રાજ્યના અધિકારીઓની સાથે આપણો એક પ્રકારનો બાહ્ય સંબંધ હોય છે. તેમ છતાં આંતરિક સંબંધ હોતો નથી. પરદેશી અમલમાં એ જ વસ્તુ આપણને સૌથી વિશેષ પીડા કરે છે. સામે જઈને સંબંધ બાંધવામાં દુર્બળતા અને અપમાન રહેલું છે. પરદેશી રાજ્યને જો આ વાત લાગુ પડતી હોય તો સ્વદેશી માણસોને તો એ વાત કેટલી વધુ લાગુ પડે! એક જ દેશમાં પાસેપાસે રહેવાનું, છતાં એકબીજા સાથે હૃદયનો સંબંધ નહિ, કદાચ કામ પૂરતો હોય—એમાં જ છિદ્ર રહેલું છે—છિદ્ર નહિ, કલિનું સિંહદ્વાર. બે પડોશીઓ વચ્ચે જ્યાં આટલું બધું અંતર હોય ત્યાં જ અમંગળનું જયતોરણ ગગનભેદી બનીને ખડું થાય છે. આપણા દેશમાં જ્યારે જ્યારે કલ્યાણની રથયાત્રાના રથને બધાએ મળીને ખેંચવાનો પ્રયત્ન કર્યો છે,—કોંગ્રેસ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા—ત્યારે ત્યારે તે રથ ક્યાં આવીને અટકી જાય છે, ભાંગી પડે છે? જ્યાં ખાડાઓ હજારો વર્ષથી મોં ફાડીને પડેલા છે ત્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા દેશમાં જ્યારે સ્વદેશીની ચળવળ શરૂ થઈ હતી ત્યારે હું તેમાં હતો. મુસલમાનોએ તે વખતે તેમાં સાથ આપ્યો નહોતો, તેઓ વિરુદ્ધ હતા. લોકનાયકોમાંથી કોઈ કોઈ તે વખતે ક્રોધે ભરાઈને બોલ્યા હતા કે એમનો એકદમ ઇન્કાર કરી દો. જાણું છું કે એમણે સાથ આપ્યો નહોતો. પણ શા માટે નહોતો આપ્યો ? તે વખતે બંગાળના હિંદુઓમાં એવું પ્રબળ ઐક્ય થયું હતું કે આશ્ચર્ય ગણાય. પણ, આવો મોટો જુસ્સો કેવળ હિંદુઓમાં જ પુરાઈ રહ્યો. મુસલમાન સમાજને અડયો સુધ્ધાં નહિ! તે દિવસે પણ આપણે શીખ્યા નહિ. પરસ્પર વચ્ચેના ખાડાને આપણે સમાજને નામે ઊંડો બનાવતા રાખ્યો છે. તેને જાળવી રાખીને કૂદકો મારી તેને ટપી જવો પડશે એવો આગ્રહ નહિ ચાલે. કદાચ કોઈ એમ કહેશે કે એ ખાડો તો સનાતન કાળથી ચાલતો આવ્યો છે, પરંતુ આજે તેમાં જેની ચિકિત્સા કરતાં મુશ્કેલી પડે એવું જે તોફાન જાગ્યું છે તે નવું છે, માટે આજના જમાનાના કોઈ ભૂતે આપણી ગરદન ભાંગવાનું ગુપ્ત કારસ્તું કર્યું છે, એમાં ખાડાનો કશો દોષ નથી, એ તો બ્રહ્માના અંગૂઠાના દાબથી ઉત્પન્ન થયેલો છે. પણ આપણે એક વાત યાદ રાખવી જોઈશે કે ભાંગેલી ગાડીને જ્યારે તબેલામાં રાખી મૂકવામાં આવે છે ત્યારે કશો ઉપદ્રવ થતો નથી. તેમાં બાળકો રમી શકે, એટલું જ નહિ બપોરે વિશ્રામ પણ કરી શકાય. પણ જે ઘડીએ તેને ખેંચવા જઈએ તે ઘડીએ તેના સાંધા, તૂટેલા ભાગો અથડાવા માંડે છે. જ્યારે આપણે ચાલતા નહોતા ત્યારે રાષ્ટ્રસાધનાને માર્ગે આપણે અડખેપડખે રહ્યા હતા, ગામનાં કામો બજાવ્યાં હતાં, તે વખતે આપણને હેલા લાગ્યા નહોતા. મેં જ્યારે મારી જમીનદારીની કચેરીમાં પહેલવહેલો પ્રવેશ કર્યો ત્યારે એક દહાડો મેં જોયું તો મારા મુનીમે તેમના બેઠકખાનામાં એક ઠેકાણે જાજમ થોડી ઉપાડી રાખી હતી. મેં જ્યારે પૂછ્યું કે આમ કેમ, ત્યારે મને જવાબ મળ્યો, જે સંમાન્ય મુસલમાન પ્રજાજનો બેઠક-ખાનામાં પ્રવેશ કરવાનો અધિકાર પામે છે તેમને માટે એ વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એક પાટ ઉપર બેસાડવા પણ જોઈએ, અને છતાં તેમને સમજાવવું જોઈએ કે અમે અલગ છીએ આ પ્રથા તો ઘણા સમયથી ચાલી આવી હતી. મુસલમાનો એને સ્વીકારતા આવ્યા છે, હિંદુઓ પણ સ્વીકારતા આવ્યા છે. જાજમ ઉપાડી લીધેલી જગ્યાએ મુસલમાનો બેસતા આવ્યા છે. ત્યાર પછી એક દહાડો આપણે તેમને બોલાવીને કહ્યું, આપણે ભાઈઓ છીએ, તમારે પણ અમારી સાથે નુકસાન વેઠવાં પડશે, કારાવાસ અને મૃત્યુને માર્ગે ચાલવું પડશે. ત્યારે અચાનક જોઈએ છીએ તો બીજો પક્ષ લાલચટક નવી ફેઝ પહેરીને કહે છે, આપણે અલગ છીએ. આપણે નવાઈ પામીને કહીએ છીએ, રાષ્ટ્રના કાર્યમાં પરસ્પર પાસે આવીને ઊભા રહેવામાં બાધા ક્યાં છે? બાધા, પેલા જાજમ ઉપાડી લીધેલા આસનની લાંબા સમયની મોટી ફાટમાં રહેલી છે. એ નાની વસ્તુ નથી. તેમાં અકૂલ, અતલ કાળાંપાણી રહેલાં છે. ભાષણના મંચ ઉપર ઊભા રહીને ઘાંટા પાડીને બૂમ પાડીએ એટલે કંઈ તેને તરી નહિ જવાય.

આજે રાષ્ટ્રશક્તિ જાગ્રત થઈ છે માટે જ બધા ભેદો, બધી ફાટફૂટ, ખુલ્લાં થઈ ગયાં છે, એટલા માટે જ આપણે માર ખાઈએ છીએ. એ માર અનેક રૂપે આવે છે—પરંતુ આજે આ મહાપુરુષના મૃત્યુમાં એણે મોટે સ્વરૂપે દેખા દીધી છે. મહાપુરુષો એ મારને છાતી ઉપર ઝીલી લઈને એની આત્યંતિક બીભત્સતાનો પરિચય આપે છે. તેને લીધે જ આપણને ભાન થાય છે. આ જે ભાન આવ્યું છે એ શુભ અવસરને રિપુને વશ વર્તીને વેડફી નાંખીશું કે પછી શુભબુદ્ધિદાતા ઈશ્વરને પ્રાર્થના કરીશું કે જ્યાં જ્યાં અમે ભેદ ઊભા કર્યા છે ત્યાં ત્યાં અમે પાપની વેદી રચી છે, તેમાંથી અમને બચાવો!

પાપે આવે રુદ્ર વેશે દેખા દીધી છે એ એક રીતે સારું થયું છે. આજે આપણો વિચાર કર્યા વગર છૂટકો નથી કે શી રીતે એનો સદાને માટે પરાભવ કરી શકાય. એવો પ્રશ્ન કદાચ ઊઠે કે તત્કાળ આપણે શો ઉપાય કરીશું? એકાએક આ પ્રશ્નનો પાકો ઉત્તર આપવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલી મારામાં શકિત નથી. પ્રયોગો શરૂ કરીશું તો ધીમે ધીમે તે ઉપાય એક દિવસ આપણને મળશે જ. આજે એ પ્રયોગની શરૂઆત કરવાની જરૂર છે. આજે એ જોવું જોઈશે કે આપણા હિંદુ સમાજમાં ક્યાં કયું છિદ્ર રહેલું છે, કયું પાપ રહેલું છે, અને અત્યંત નિષ્ઠુર રીતે તેના ઉપર આક્રમણ કરવું જોઈશે. એ ઉદ્દેશ્યને મનમાં રાખીને હિંદુ સમાજને આહ્વાન આપવું પડશે; કહેવું પડશે કે આપણે પીડાયા છીએ, લજ્જા પામ્યા છીએ, તે બહારના આઘાતને કારણે નહિ, પણ આપણી અંદરના પાપને કારણે. આવો, આજે તે પાપ દૂર કરવા માટે સૌ ભેગા થઈએ. આપણે માટે એ બહુ સહેલી વાત નથી. કારણ, અંતરમાં લાંબા કાળની રીઢી થયેલી ભેદબુદ્ધિ રહેલી છે, અને બહાર પણ લાંબા કાળની ચણેલી કઠિન ભેદની દીવાલ રહેલી છે. મુસલમાન જ્યારે કોઈ કામને માટે મુસલમાન સમાજને હાકલ કરે છે ત્યારે તેને કોઈ બાધા નડતી નથી—એક ઇશ્વરને નામે **अल्लाहो अकब्बर** કહીને તે પુકારે છે. અને આજે આપણે જ્યારે હાકલ કરીશું કે હિંદુઓ આવો, ત્યારે કોણ આવશે? આપણામાં કેટલા બધા નાના નાના પક્ષો, કેટલા બધા વાડાઓ, કેટલી બધી પ્રાદેશિકતા રહેલી છે—એ આફતો આપણા ઉપર ગુજરી ગઈ છે, પણ આપણે ક્યાં એકત્ર થયા છીએ? બહારથી જ્યારે પહેલો આઘાત લઈને આવ્યો મહંમદ ઘોરી, ત્યારે હિંદુઓ તે ઝઝૂમતી આફતને વખતે પણ એકત્ર થયા નહોતા. ત્યાર પછી જ્યારે મંદિર પછી મંદિર ભાંગવા લાગ્યાં, દેવમૂર્તિઓ ખંડિત થવા લાગી ત્યારે તેઓ લડયા, પણ છિન્નભિન્નભાવે યુદ્ધ કરીને મરી ગયા. ત્યારે પણ એકત્ર થઈ ન શકયા. આપણે ખંડિત હતા માટે જ માર ખાધો છે, એ વાત આપણે જમાને જમાને સાબીત કરી છે. કોઈ કોઈવાર ઇતિહાસ ઉઘાડીને બીજી રીતના પુરાવા મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ ખરા; કહીએ છીએ કે શીખ લોકોએ તો એક વાર એ બાધા દૂર કરી હતી. શીખોએ બાધા દૂર કરી હતી તે શીખ ધર્મદ્વારા જ કરી હતી. પંજાબના કોણ જાણે ક્યાંના જાટ, ક્યાંની કોણ જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી જાતિઓ શીખ ધર્મના આહ્વાનથી એકત્ર થઈ શકી હતી; અને (પરધર્મીઓને) અટકાવી પણ શકી હતી; ધર્મનું રક્ષણ કરવા ખાતર પણ એક થઈને ઉભા રહ્યા હતા. શિવાજીએ એક વાર ધર્મ-રાજ્યની સ્થાપનાનો પાયો નાખ્યો હતો. તેમનામાં જે અસાધારણ શક્તિ હતી તેનાથી તેઓ મરાઠા જાતિને એકત્ર કરી શક્યા હતા. તે એકત્રિત શક્તિએ ભારતને બેજાર બેજાર કરી મૂક્યું હતું. ઘોડાની સાથે ઘોડેસવારનો જ્યારે મેળ થાય છે ત્યારે તે કદી ઘોડા ઉપરથી પડતો નથી; શિવાજીના તરફથી તે સમયે જેઓ લડયા હતા તેઓની સાથે શિવાજીનો એવો મેળ થયો હતો. પાછળથી તે મેળ રહ્યો નહિ, પેશવાઓના મનમાં અને આચરણમાં ભેદબુદ્ધિએ અને પૃથક્ પૃથક્ સ્વાર્થબુદ્ધિએ તીવ્ર બનીને ક્ષણકાલીન રાષ્ટ્રબંધનના ટુકડેટુકડા કરી નાખ્યા. મારું કહેવાનું એ છે કે આપણી અંદર આ જે પાપને આપણે પોષી રાખ્યું છે એનાથી શું કેવળ આપણું જ અકલ્યાણ થાય છે, એ પાપને લીધે શું આપણે આપણા પડોશીઓ પ્રત્યે અન્યાય કરતા નથી, તેમનામાં હિંસા જગાડતા નથી? જે દુર્બળ હોય છે તે જ પ્રબળને લોભાવીને પાપને માર્ગે ખેંચી લાવે છે. પાપનો મુખ્ય વાસ દુર્બળોમાં હોય છે. એટલે જો મુસલમાનો મારતા હોય અને આપણે પડયા પડયા માર ખાતા હોઈએ તો સમજવું કે આપણી દુર્બળતાને કારણ જ એ સંભવિત બન્યું છે. આપણે પોતાને ખાતર તેમજ આપણા પડોશીઓને ખાતર આપણે પોતાની દુર્બળતા દૂર કરવી પડશે. આપણે પડોશીઓને અપીલ કરી શકીએ કે તમે ક્રૂર થશો નહિ, તમે સારા થાઓ, નરહત્યા ઉપર કોઈ પણ ધર્મનો પાયો હોઈ શકે નહિ—પરંતુ એ અપીલ તો દુર્બળનું રુદન છે. વાતાવરણમાં જ્યારે હવા હલકી થઈ જાય છે ત્યારે જેમ આપોઆપ વાવાઝોડું થાય છે, ધર્મની આણ દઈને કોઈ તેને રોકી શકતું નથી, તેમ દુર્બળતા પોષ્યા કરી હોય તો આપોઆપ જ અત્યાચાર આવે છે,—કોઈ તેને રોકી શકતું નથી. થોડા સમય માટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદાચ કંઈક કામસર પરસ્પર કૃત્રિમ મિત્રતાના બંધનથી બંધાઈએ, પણ તે કાયમ રહેતું નથી. જે જમીનમાં કાંટાનાં ઝાડ ઊગે છે તે જમીનને જ્યાંસુધી સાફ કરવામાં ન આવે ત્યાંસુધી કશાં ફળ થતાં નથી.

પોતાનાં માણસોને પણ જેણે પરાયા કરી મૂક્યા છે, પારકા સાથે પણ જેને આત્મીયતા નથી, તેનો ઘાટે આવીને બેઠો છે, તેને ઘર ક્યાંથી હોય? અને તેનો શ્વાસ પણ કેટલી ઘડી ચાલશે? આજે આપણે માટે પશ્ચાત્તાપનો દિવસ છે—આજે આપણે અપરાધ ધોઈ નાખવા પડશે. જો આપણે ખરેખરું પ્રાયશ્ચિત્ત કરીશું તો જ શત્રુ આપણા મિત્ર થશે, રુદ્ર આપણા ઉપર પ્રસન્ન થશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં ચારિત્રાત્મક પ્રકાશનો

૧. મહારાજ થયા પહેલાં :

લે૦ બબલભાઇ મહેતા

શ્રી રવિશંકર મહારાજના તરુણ જીવનની કથા.

કિં. ૨-૯-૦ ટ. ખ. ૦-૪-૦

૨. રવિશંકર મહારાજ :

લે. બબલભાઇ મહેતા

એમના આજસુધીના જીવનની પ્રમાણભૂત કથા. શ્રી કાલેલકર પ્રસ્તાવનામાં લખે છે: " આ જીવનચરિત્રની રામાયણ, મહાભારત કે બાયબલના જેવી કદર થશે....દુનિયાના લોકો તો આ ચોપડીનું એક પ્રેરકગ્રંથ તરીકે સ્વાગત કરશે.

કિં. ૫-૮-૦ ટ. ખ. ૦-૯-૦

૩. ફ્રાન્સની રણચંડી :

લે. ગોવિંદરાવ ભાગવત

પ્રજાબંધુ લખે છે : દુનિયાના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ વીરકુમારી જોન ઓફ આર્કની જીવનકથાનું આ પુસ્તક સરળ ભાષામાં તથા વાચકોને માહિતી સાથે કથારસ મળે અને વૃત્તિ આંદોલિત થાય એવી શૈલિથી લખાયું છે. સામાન્ય ભણેલાં સ્ત્રીપુરુષો તે વાંચીને સમજી શકે.

કિં. ૨-૦-૦ ટ. ખ. ૦-૪-૦

૪. ભારતની વીરાંગનાઓ :

લે. રામનારાયણ ના. પાઠક

રાણકદેવી, પદ્મિની, ચાંદ સુલતાના, ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ અને અહલ્યાબાઈ એ પાંચ નારીરત્નોના જીવન પ્રસંગોથી આલેખાયેલી ટૂંકી જીવનરેખાઓ.

કિં. ૧-૪-૦ ટ. ખ. ૦-૩-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારાં અન્ય પ્રકાશનો

પહેલો સેટ

1. ગલબા શિયાળનાં પરાક્રમો ભાગ ૧
2. ગલબા શિયાળનાં પરાક્રમો ભાગ ૨
3. ગલબા શિયાળનાં પરાક્રમો ભાગ ૩
4. ગલબા શિયાળનાં પરાક્રમો ભાગ ૪
5. ગલબાની હુર......રે
6. બડેકાનની બહાદુરી

બીજો સેટ

1. છબીલી બિલ્લી
2. ભામટા બાપા
3. ભચરિયા લાલ
4. લાડુની જાત્રા
5. બાબો બકરો
6. બૂચલો ગધેડો

ત્રીજો સેટ

૧	હિતોપદેશની બાલવાતો	૨–૪–૦
૨	ગલગલિયાં	૨–૦–૦
૩	પૂનમિયો ભગત	૨–૪–૦

ચોથો સેટ

૧	બગડો ને તગડો	૨–૦–૦
૨	લાલો ને વાલો	૨–૪–૦
૩	શેલડિયો સિપાઈ	૨–૪–૯

દરેક સેટમાં પૃષ્ઠ સંખ્યા ૪૫૦; સવાસો જેટલાં ચિત્રો,
દરેક સેટની કિંમત પાંચ રૂપિયા; ટપાલ ખર્ચ નવ આના.

હૈમન્તી લે. રવીન્દ્રનાથ ઠાકુર
નારીજીવનનાં પ્રશ્નો વિશેની સાત વાર્તાઓનું પુસ્તક
કિં. ૨–૦–૦ ટ. ખ. ૦–૪–૦

મા–દીકરો લે. રવીન્દ્રનાથ ઠાકુર
માનવજીવનના પ્રશ્નો ચર્ચતી સાત વાર્તાઓનું પુસ્તક
કિં. ૨–૦–૦ ટ. ખ. ૦–૪–૦

મૃગરાજ લે. રમણલાલ સોની
પશુપંખી જીવનની સળંગ વાર્તા કિં. ૨–૦–૦ ટ ખ. ૦–૪–૦

ગુજરાતની લોકમાતાઓ લે. શિવશંકર શુકલ
ગુજરાતની નદીઓની સાંસ્કારિક તેમજ ભૌગોલિક કથાઓ.
કિંમત ૨–૪–૦ ટ. ખ. ૦–૪–૦

ચારિત્રપૂજા લે. રવીન્દ્રનાથ ઠાકુર
ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, રામમોહનરાય, મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુર, ભગિની નિવેદિતા, મહાત્મા ગાંધી અને સ્વામી શ્રદ્ધાનંદ એ છ વિભુતિઓના જીવન વિશે આલોચનાત્મક નિબંધો, કિં. ૨–૪–૦ ટ. ખ. ૦–૮–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar